

# ધર્મી ધમ્મિલકુમાર

સંપાદક.

મુનિશ્રી. રત્નપ્રભવિજયજી. મ.

શ્રી ધર્મનાથાય નમઃ
શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ
"નમોનમઃ શ્રી ગુરુનેમિસૂરયે"

# "ધર્મી–ધમ્મિલકુમાર"

સંપાદક
પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી
મ. સા.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ
શ્રી રત્નપ્રભવિજયજી મ. સા.

☆ પ્રકાશક ☆

શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. જૈનસંઘ
પાલડી અમદાવાદ–૭


| | |
|---|---|
| વીર સંવત ૨૫૦૯ | વિ. સંવત–૨૦૪૦ આસોવદ અમાસ |

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક દિન તથા
શાસન સમ્રાટ–પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા. સ્વર્ગવાસ દિન.........
કારતકસુદ–૧, શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાનદિન

# અનુક્રમણિકા


| | | પેજ |
|---|---|---|
| ૧. | શ્રેષ્ઠ અભયદાન | ૧ થી ૧૦ |
| ૨. | સુરેન્દ્રદત્ત અને રાજપુત્ર | ૧૧ |
| ૩. | ભાવિ દંપતિની સમસ્યા | ૨૨ |
| ૪. | કુલટા–સુરૂપા | ૩૧ |
| ૫. | ધર્મ ભૂલેલી સુભદ્રાને શિક્ષા | ૪૭ |
| ૬. | ચરિત્ર નાયકનો જન્મ | ૬૧ |
| ૭. | યોગીને ભોગી બનાવ્યો | ૮૦ |
| ૮. | "હાથનાં કર્યા હૈયે વાગ્યાં" | ૮૯ |
| ૯. | આત્મકારક–ગુણવર્મા | ૧૨૮ |
| ૧૦. | અગલદત્ત–ધમ્મિલ | ૧૭૩ |
| ૧૧. | ધમ્મિલ ભોગ–વિલાસમાં | ૨૦૭ |
| ૧૨. | શીયળનું તેજ | ૨૨૦ |
| ૧૩. | ધમ્મિલનો વિપુલ સંસાર | ૨૬૨ |
| ૧૪. | સંયમના પંથે ચરિત્ર નાયક | ૩૦૭ |


[સંપાદક સ્વાધીન–ગ્રંથ]


મુદ્રક : શ્રી કૃષ્ણ પ્રિન્ટર્સ, એ/૭ વાસુપૂજ્ય ચેમ્બર્સ આશ્રમરોડ, અમદાવાદ


"શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો તે બદલે શ્રી સંઘની સાક્ષીએ હાર્દિક મિચ્છામિ દુક્કડં."

**કિંમત રૂા. ૧૮–૦૦**

# સૌજન્યતા-સહાયતા

**શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના જ્ઞાન ખાતામાંથી રૂા. ૨૦૦૦૦**

૧૫૦) શ્રી છોટાલાલ લલ્લુભાઈ બારૈયાવાળા
૧૦૧) એક સદ્ગૃહસ્થ
૧૦૦) શ્રી રાજેન્દ્રભાઈ ઠાકોરભાઈ જેસીંગભાઈ
૧૦૦) શ્રી તારાબેન જયંતિલાલ મફતલાલ દલાલ
૧૦૧) શ્રી પોપટલાલ અમથાલાલ શાહ હા. રસીકભાઈ
૧૦૧) શ્રી પ્રબોધભાઈ મણીલાલ મર્ચન્ટ
૧૦૧) યુ. એન. મહેતા
ચંદુલાલ ન્હાલચંદ શાહ
૭૭) નવીનચંદ નગીનદાસ શાહ
૫૦) અજીતભાઈ નેમચંદ ફોજદાર
૫૦) હસમુખલાલ અમીચંદ શાહ (ઈડરવાળા)
૨૫) પાનાચંદભાઈ જેચંદભાઈ રંગવર્ષા
૨૫) મણીલાલ જેઠાભાઈ શાહ
૨૫) રતીલાલ પાનાચંદ પરીખ પરીવાર
૨૫) ચીમનલાલ મંગળદાસ શાહ
૧૧) કાંતિભાઈ જશરાજભાઈ
૧૧) પ્રવીણભાઈ નેમચંદભાઈ શાહ

# પ્રકાશકીય બે બોલ

શ્રી ધર્મનાથ પો. હે. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન, નગર જૈનસંઘ અમદાવાદ પાલડી વિસ્તારમાં જૈનોના વિપુલ સમુદાયથી તેમ શ્રી ધર્મનાથ ભગવંતની છત્રછાયામાં આનંદ મંગલ પૂર્વક ધર્મ આરાધના કરે છે. સં.૨૦૪૦ ના ચાતુર્માસાર્થે શ્રી સંઘની આગ્રહ ભરી વિનંતિનો સ્વીકાર કરી શાસન સમ્રાટ પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ૦ સા. ના પટ્ટધર પ૦ પૂ૦ આચાર્ય દેવ શ્રી વિજય વિજ્ઞાન સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. મુનિ શ્રી રત્નપ્રભવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી ચન્દ્રગુપ્ત વિજયજી મ. સસ્વાગત શ્રી જૈનનગરના સંઘના આંગણે પધાર્યા. ચાતુર્માસ દરમ્યાન તપ જપ આરાધના પૂર્વક દરરોજ પૂ. મુનિશ્રી ધર્મ બિન્દુ ગ્રંથ ઉપર રોચક શૈલીમાં પ્રવચનો આપતા હતા. પર્યુષણ પર્વાધિરાજની આરાધના ઉપજ આદિ સારું થયેલ છે તેમજ પૂ. મુનિશ્રીએ નાગજી ભૂદરજી પોળમાં બિરાજમાન પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય કીર્તિચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ની સાનિધ્યમાં પૂજ્યશ્રીની પરમ કૃપાથી શ્રી સૂયગડાંગ સૂત્રના યોગોદ્વહન સુખશાતા પૂર્વક કરેલ હતા.

પૂ. મુનિ શ્રી જુના અપ્રાપ્ય ગ્રંથોને તેમજ ભગવાનની અપૂર્વ ભક્તિ સ્વરૂપ શ્રી ભક્તામર સ્તોત્ર સાર્થ ચોથી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે. ધમ્મિલ કુમાર ગ્રન્થનાં મૂળ કર્તા શ્રીમાન પૂ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ. સાહેબ સંવત ૧૪૫૬ના અરસામાં થયેલ છે. તે પદ્ય સ્વરૂપે સં. ૧૯૮૬માં વિઠ્ઠલજી હીરાલાલ લાલને શ્લોક પૂર્વક છપાવેલ તેનો આધાર, તથા પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. સા ના અધ્યાત્મસાર. જ્ઞાનસાર, તથા પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ. સા ના ગ્રન્થ વીતરાગ સ્તોત્ર, અન્ય વૈરાગ્ય ભાવના, શુભ વિજયજી મ.ની બાર વ્રતમાં ચોથાવ્રતની પૂજાનો આધાર રાખી ધમ્મિલકુમારનો ગ્રન્થ તૈયાર કરી અમોને પ્રેરણા કરી. જે પ્રેરણાથી અમો શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘે જ્ઞાનખાતામાંથી રૂા. ૨૦૦૦૦ અંકે વીસહજારનો સદ્વ્યય કર્યો છે. મુનિ શ્રી ઘણો પરિશ્રમ પુરુષાર્થ પ્રકાશનમાં કરી રહ્યા હોય છે.

આ પુસ્તક શ્રી કૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસમાં શ્રી નટવરભાઈ તથા શ્રી ગુલાબભાઈએ સારી દેખરેખ પૂર્વક છાપી આપેલ છે. તેમજ પ્રુફ સંશોધનમાં પૂ. મુનિશ્રી ચન્દ્રગુપ્ત વિજયજી મ. સારી મહેનત કરી છે પ્રુફમેટર તૈયાર કરવામાં શ્રી ચંદુલાલ ખેમચંદ પરીખે પણ સારો ઉદ્યમ કરેલ છે. ટાઇટલ ચિત્ર પંકજકુમાર મણીલાલ શાહ કરોળીવાળાએ તૈયાર કરેલ છે.

**શ્રી ધર્મનાથ પો. હે. જૈન નગર શ્વે મૂ. જૈન સંઘ**

# આમુખ

ધમ્મિલ ચરિત્ર કાવ્ય (સંસ્કૃત) ના રચયિતા કવિવર પૂ. આચાર્ય શ્રી જયશેખર સૂરિએ સંવત ૧૩૯૬થી ૧૪૭૨ની આસપાસમાં સંસ્કૃત ગુજરાતી સાહિત્યમાં ઘણા ઘણા ગ્રન્થોનું પ્રદાન કર્યું. છે. ઉપદેશ ચિંતામણી, પ્રબોધ ચિંતામણી ધમ્મિલ ચરિત્રકાવ્ય આદિ ૧૪ લગભગ તથા અન્ય કૃતિઓ સંસ્કૃતમાં ગુજરાતીમાં કરેલ છે. તેના તથા અન્ય ગ્રંથોના આધારે તથા અવસરોચિત ઉપદેશ દ્વારા અમારા શ્રી સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન પૂ. મુનિ શ્રી રત્નપ્રભવિજયજી મ. સાહેબે આ કથા પોતાની આગવી શૈલીમાં સુંદર રીતે ગુજરાતી ભાષામાં કંડારી છે. તે પ્રકાશન કરવાનો અપૂર્વ લાભ શ્રી જૈનનગર જૈન સંઘે લીધો છે, મહાન પુરુષોના ગ્રન્થોના આધાર રાખી જૈન શાસનમાં જૈન શાસનને સમર્પિત બનેલા એ મહાપુરુષોનું ચરિત્ર કથન, લેખન, વાંચન, આપણને જરૂર આજે નહિં તો કાલે મહાન બનાવનાર છે. ધર્મી ધમ્મિલ કુમાર દયા ધર્મના પ્રભાવે સ્વઆત્મા સ્વનું સર્જન કરે છે. પૂર્વનું પ્રારબ્ધ તેમજ સંકટાદિને ધૈર્યતાદિ પુર્વક સહન કરવાની, અમોઘ સમભાવ પૂર્વકની શક્તિ એ આપણને ધર્મે શૂરવીર બનવાનું જણાવે છે. પૂ. મુનિશ્રીએ ઘણા ઘણા ગ્રંથોનું સંપાદન કરેલ છે. ભાવિમાં ભવિતવ્યતા

નાઆધારે શ્રી મહાપ્રભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર તથા શ્રી વૈરાગ્ય કલ્પલતા ગ્રંથનું સંપાદન કરવાની ભાવના ધરાવે છે.

આ ચરિત્રનાયક ધમ્મિલ્લ કુમારના ગ્રંથમાં દરેક દરેક પ્રકરણમાં સ્વ જીવનને પ્રગતિના પંથે લઇ જવાય તે સમજાશે. મુનિશ્રી સ્પષ્ટવક્તા તેમજ તેમની વ્યાખ્યાન શક્તિ માં બુદ્ધિપ્રભા અચુક જોવા મળશે. સત્ય હંમેશાં અસત્યથી વેગળું હોવા છતાં સત્યને વળગી રહેવાની તેઓની હર હંમેશની તૈયારી છે, મુનિરાજશ્રીનાપ્રવચનો સાંભળવાથી આત્મા આત્મગત ગુણો પ્રગટાવવા શું શું કરવું જોઇએ એ સમજાય છે એ સરળ શબ્દોમાં સુંદર સમજાવટ કરે છે. આપણા શ્રી જૈનશાસનના સાધુભગવંતો જ્ઞાનનો પ્રચાર, જ્ઞાન પ્રકાશન જ્ઞાનાભ્યાસ કરી જગતના જીવોને ધર્મ પમાડે છે એ કોઇ નાની સૂની વાત નથી. મહત્ત્વ પૂર્ણ એ જણાવે છે કે વીતરાગ કથિત જ્ઞાનની પરબ ઘણી વિશાળ છે. એ પરબમાં પાણી અગાધ છે. તેનું કોઇ માપ નથી.

એ જ્ઞાનામૃત રુપી પાણી જે પી શકે છે તે પીવડાવી શકે છે. જેને તે પીવાની ભાવના હશે તે જ વાસ્તવિક તે પાણીનો સ્વાદ ચાખી શકશે આવી જ્ઞાનામૃતની વિશાલ પરબમાંથી સ્વ જીવનના આત્મ કલ્યાણાર્થે થોડું પણ પાણી પામી કલ્યાણ સાધીએ. મુનિ શ્રી એકવાર બોલતા હતા કે,

વાણીયાની નાત જેવી કોઇ નાત નહિં
વીતરાગની વાણી જેવી કોઈ વાણી નહિં.
જૈનશાસન જેવું અજોડ કોઇ શાસન નહિં.
જૈન સાધુ જેવા જગતમાં કોઇ સાધુ નહિં.

વાડીલાલ જીવાભાઇ ચોકસી

| શુદ્ધિ | અશુદ્ધિ | પેજ | લીટી |
|---|---|---|---|
| જાય | જાથ | ૫૭ | ૧૯ |
| યાચકોને | વાચકોને | ૮૧ | ૩ |
| ભાવનાઓને | વેશ્યાઓને | ૮૫ | ૧૮ |
| રાજા | સજા | ૧૨૮ | ૧૬ |
| આવી | આવવી | ૧૮૨ | ૧૯ |
| તારી | તારા | ૨૩૦ | ૮ |
| દવ | દૈવ | ૨૩૨ | ૨૩ |
| વેપાર | વેમાર | ૨૬૯ | ૨૪ |

**શાસન સમ્રાટ્-પ. પૂ. આચાર્ય**
**મહારાજાધિરાજ શ્રી વિજય**
**નેમિસૂરીશ્વરજી મહારાજા**
**સદા જયવંતા રહો**

卐

ॐ ह्रीँ अर्हं नमः

## "नमो नमः श्री गुरुनेमिसूरये"

## "धर्मी—धम्मिलकुमार"—

### १. श्रेष्ठ अभयदान—

जीवा : सुखेच्छव : सर्वे, सुखं धर्मात्प्रजायते ।
जीवनं तस्य कारुण्यं, प्राहुः स्तन्यं शिशोरिव ॥

સર્વે જીવો સુખના અભિલાષી હોય છે, તે સુખ ધર્મથી પ્રાપ્ત થાય છે. તેમજ બાળકનું જીવન સ્તનપાન છે તેમ ધર્મનું મૂલ દયા છે. એ સમજ પ્રાપ્ત કરવાની જરૂર છે- યથા મૌલિ: : પ્રતિકેષુ, હૃષીકેષુ યથેક્ષણં ।

યથાસુરેન્દ્રઃ સાલેષુ, વિશાલેષુ યથા નભઃ ।
યથા હરિરમર્ત્યેષુ, મર્ત્યેષુ ચ યથા નૃપઃ ।
દયા ધર્મસ્તથા ધર્મ, કૃત્યેષુ સ્યાત્પુરસ્સર : ।

અનંત ઉપકારી, પરમતારક, દેવાધિદેવ પરમાત્માના વરદ મુખેથી નીકળતી. કલ્યાણકારી દેશનાના પ્રબળ પ્રભાવે જગતના જીવો ધર્મ સાંભળી સમજી ધર્મ માર્ગના અનુયાયીઓ પ્રાણના ભોગે દયાધર્મ (અભયદાન) ને કયારે પણ વીસરતા નથી, ધર્મમાં દયા પ્રધાન છે. દયા વિનાના ધર્મની કોઈજ મહત્તા નથી. પ પૂ. પંડિતવર્ય શ્રી વીર વિજયજી મહારાજા પંચકલ્યાણક પૂજામાં દર્શાવે છે કે 'દયાધર્મ કા મૂલ હૈ, કયા કાન ફૂંકાયા, જીવદયા ન હુ જાનતે, તપ ફોગટ માયા,' તે સ્વરૂપથી જ્ઞાનીઓ ઉપરના શ્લોકમાં જણાવે

છે કે શરીરના અવયવોમાં જેમ મસ્તક, પાંચે ઇન્દ્રિયોમાં ચક્ષુ, વૃક્ષોને વિષે કલ્પવૃક્ષ, વિસ્તૃત પદાર્થોમાં આકાશ દેવોમાં ઇન્દ્ર, મનુષ્યોમાં રાજા, તેમ સર્વધર્મ કર્તવ્યમાં દયા મુખ્ય પ્રધાન છે, માટે જૈનેતર દર્શન કહે છે કે

'દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન
તુલસીદયા ન છોડીએ, જબલગ ઘટમેં પ્રાણ''

સર્વશાસ્ત્રોમાં દયાને પ્રધાનતા અપાયેલી છે. તે દયા પારમાર્થિક દૃષ્ટિએ-બાહ્ય દૃષ્ટિએ સુખને પણ આપનાર છે. આત્મવત્ સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પશ્યતિ' પોતાના જ આત્માની જેમ અનંતાનંત આત્માને સુખ જોઇએ, પણ દુઃખ ન જોઇએ એવું સમજીએ તો પ્રાણીમાત્રને આપણાં તરફ થી અંશ માત્ર અભાવ કે દુર્ભાવ ન થાય, શત્રુતા ઉત્પન્ન ન થાય. પૂર્વભવના કર્મસંયોગે બનેલો શત્રુ પણ મિત્ર બન્યા સિવાય રહે નહિં. અહિંસા પરમો ધર્મ એ સૂત્ર જગતના પ્રાણી માત્ર માટે સર્જાયેલું છે. તે સૂત્રને આત્મસાત્ કરવામાં આવે તો આત્મા આત્મગત ગુણો પ્રાપ્ત કર્યા સિવાય રહે નહિં.

અઢાર દેશના કુમારપાલ મહારાજા જ્યારથી આર્હત્ ધર્મ પામ્યા. તેમાં તેઓ તે ધર્મને સમર્પિત બન્યા. સ્વયં પરમાર્હત્ બન્યા....એ....ક્યારે....કે અઢારે દેશમાં જીવદયા નું પ્રતિપાલન કર્યું. અને કરાવ્યું જનાવર તિર્યંચો પણ અણગળ પાણી ન પીતાં તો મનુષ્યોની તો શું વાત કરવી. તે મહારાજાના શાસનમાં જીવહિંસાનું નામ ન હતું ત્યારે તે મહાપુરુષ ૧૪ વર્ષના ટૂંકા ગાળામાં ધર્મ અવબોધ

પામી આત્મગત કેળવી આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થં-કરના પ્રથમ ગણધર બની સ્વધામ મોક્ષગતિને પામશે. તેમાં મુખ્ય પ્રધાન સ્વરૂપ જીવદયાના ધર્મનું બળ સમન્વિત છે. "Live and Let Live"

'જીવો અને જીવવા દો.' આ વર્તમાનની પ્રજા–જનતા પણ પોકાર કરે છે. પણ એ ક્યારે સાર્થક થાય કે સ્વાર્થ ખાતર કે પોતાની કાર્ય સિદ્ધિ અંગે પારકાને પીડા ન અપાય, પરઆત્માને દુઃખ કે હાનિ ન થાય, તો જીવન જીવી જણાય અને શાંતિથી જીવી શકો. અને જીવાડી શકો.

નરસિંહ મહેતાએ કાવ્યમાં જણાવ્યું કે વૈષ્ણવ કહેતાં ઈશ્વરનો ભક્ત કોણ કહેવાય "વૈષ્ણવ જન તો તેને રે કહીએ-

જે પીડ પરાઈ જાણે રે" પણ આજે વર્તમાનમાં તો લગભગ એવું જોવા, જાણવા, મળે છે કે જે પરપીડા આપે રે, જૈનધર્મને પ્રરૂપનારા અનંતજ્ઞાની અનંત ઉપકારી તો સમજાવી ગયા. અરે તે તારકે દર્શાવેલ શાસ્ત્રજ્ઞાનનો વિપુલ ભંડાર સમજાવે છે કે અહિંસા વિના મોક્ષ નથી. દ્રવ્યથી અહિંસા તેમ ભાવથી અહિંસા, ઉભય પ્રકારે તે ધર્મનું પાલન કરવું અવશ્ય જરૂરી છે. ભાવ અહિંસક બન્યા સિવાય કેવળ જ્ઞાનની પ્રાપ્તિ ન જ થાય, ભાવ અહિંસક બનવા માટે દ્રવ્ય અહિંસક બનવું જ જરૂરી છે. દ્રવ્ય અહિંસક એટલે જીવમાત્રની પૂર્ણ દયા પાળવી એટલે કે ઈરિયાવહી સૂત્રના અનુસારે જીવન જીવવા માટે અગાધ પુરૂષાર્થ થઇ જાય તો ભાવ અહિંસક એટલે કે ક્રોધ–માન માયા લોભાદિ (જે ઘાતિ કર્મથી મુક્ત બનવા દેતા નથી અર્થાત્ કેવળ

જ્ઞાન માટે પ્રતિબંધક છે) થી મુક્ત બને અથવા મુક્ત બનવા પુરૂષાર્થ આદરે,

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોની આપણા દેહ, સુખ. જીભ લાલસા, રસના ભૌતિક સુખાદિ માટે કેવી ભયંકર વિરાધના થાય છે તે વિચારવાની જરૂર છે. દા.ત. પાન ખાવાની કુટેવ વાળાને ખબર નથી કે અજ્ઞાન અવસ્થાના પ્રભાવે એકેન્દ્રિય જીવનાં દેહને કચડી રહ્યો છું પણ જ્યારે તે આત્મા સબળ બનશે અને પાન ખાનાર નિર્બળ બનશે ત્યારે તે આપણને ચક્રવર્ત્તિ વ્યાજ સહિત કચડશે ત્યારે આપણું શું થશે ? અરે મહાનુભાવો, ભાગ્યશાળી સમજીઓ જે અનંત ઉપકારી તારકે આપણા એકાંત હિત માટે માર્ગ બતલાવ્યો કે અભક્ષ્ય અનંતકાય ત્યાજ્ય છે. છતાં જીહ્વા-ન્દ્રિયની રસનાને આધીન બનેલા અનંતા જીવોના કલેવરને ભીંસી નાંખે છે પણ જ્યારે તે અનંતા સબળ બનીને આપણને ભીંસમાં લેશે ત્યારે હે આત્મન તારુ શું થશે. તેનો વિચાર કર્યો ?

ભૂતકાળ અહિંસક જણાતો હતો ત્યારે આજે આ વર્તમાનમાં ભયંકર હિંસક કતલખાનાઓ, મત્સ્યાદિ ઉદ્યોગો, વાંદરા ઉછેર આદિ ભયંકર હિંસાના કારણે જીવો સન્માર્ગ ને ચૂકી ગયા, સન્માર્ગ ભૂલી ગયા, અરાજક્તા ઉભી થઇ અને પરિણામે વૈર-ઝેરના કારણો વધતા જવાના ભવાંતરમાં તેના કટુવિપાકો ભોગવવાનો સમય આવી ઉભો રહેશે, માટે હિંસા ત્યાજ્ય છે, અહિંસા જ આદરણીય છે.

સ્વ શરીરની શોભા પર પદાર્થથી પુદગલના આધારે

જે વધારવામાં આવે છે તે શોભા ક્યાં સુધી, તેના વર્તમાન તથા ભાવિ પરિણામનો વિચાર કરવાની તક મલતી નથી, મેળવતા નથી. તેમાં મુખ્ય કારણ સમજાય છે કે દેહને કેમે કરીને સુંદર સુશોભિત બનાવવો એ નિર્ણયનો ભાવિ પરિણામનો વિચાર નથી કર્યો.

જમાનાવાદને અનુસરનારા પાપના માર્ગને, હિંસાને, હિંસક પ્રવૃત્તિને, હિંસાથી સર્જાયેલી સામગ્રીનો જે ઉપભોગ કરે છે તે આત્માઓ અહિંસા પ્રધાન એવા તારકના ધર્મને સમજ્યા નથી. માટે જ ધર્મ વિમુખ છે.

ફેશન પરાયણતાની વૃત્તિ વધારે આકાર લઈ રહી છે. હિંસાત્મક વસ્તુઓની વપરાશ જમાનાના નામે કુદકે ને ભૂસકે વધી રહી છે, આપણી ઘણી ઘણી બ્હેનોને ખબર તો હશે કે 'જે પર્સ, ચંપલ વિ. સુંવાળા જ ગમે તેની પાછળ કેટલાંય મૂંગા પ્રાણીઓની ભીષણ કત્લેઆમ થાય છે. (મનુષ્ય) વ્યક્તિ હિંસા, અહિંસાને જાણી શકે તો જ હિંસાનો ત્યાગ કરી અહિંસાનો આરાધક બની મોક્ષ માર્ગનો આરાધક બને.

આ વર્તમાનમાં દેહની સુખ સગવડો કરતાં એક ભયંકર અજ્ઞાનતા પરાકાષ્ટા પર પહોંચી રહી જે છે તે ફક્ત **શરીરની ટાપટીપતા.**

સવારમાં પથારીમાંથી ઉઠતાં આત્માને ભૂલી જઈ, પરમાત્માને ભૂલીને અરીસા સામે ઉભા રહી દેહની શોભા જોવા માંડશે. આપણાં પાપોદયના પાપે ધર્મપ્રવૃત્તિ, ધર્મ પ્રવર્તક ગુરૂનો ઉપદેશ આપણી સમક્ષ ધરવા છતાં આપણે

આજે પાશ્ચાત્ય સંસ્કૃતિની વિકૃતિથી અંજાઇ આંધળી દોટ મૂકી રહ્યા છીએ. બાહ્ય ડેકોરેશન ગમે તેટલા થાય પણ કૃત્રિમતા એ કૃત્રિમતા જ રહે છે.

સમાજ પુરુષ પ્રધાન હોવા છતાં પુરુષોએ વર્ચસ્વ સાચવી ન રાખ્યું. જેથી વધતો જતો સડો અટકાવી પણ શક્તા નથી. વધુ તો કરૂણ કથની સાથે ભારપૂર્વક જણાવવું પડે કે પુરુષો સ્ત્રીઓને બહેકાવે છે. પુરુષોને સૌંદર્ય ગમે છે એટલે વધારે ને વધારે પ્રોત્સાહન આપે છે પરિણામે બહેન દીકરીઓની પરિસ્થિતિ વધુ હાનિકારક રૂપે બગડતી જાય છે. જેના પરિણામે સૌ જુએ છે.

આપણી બહેનો બ્યુટી પાર્લરની મુલાકાતો લે છે. આજે વેપારીઓ પણ એવા બનેલા છે કે બહેનોને પોતાનો દેહ શણગારવા જાત જાત ભાત ભાતની સાધન સામગ્રી લાવી આપે છે. પણ એ સામગ્રીનું સર્જન કેવી રીતે થયું તે કોઈ જાણે છે ? લિપસ્ટીક આઇ બ્રૌ, આઇલાઇનર બ્લીચીંગ વિગેરેમાં જે કેમીકલ્સ વપરાય છે તેનાથી મૂળ ચામડી ખરાબ થાય છે. સસલાની હૃદય દ્રવિત થઇ જાય તેવી કારમી ચીસો સંભળાય તેવી હિંસક પ્રવૃત્તિમાંથી લિપસ્ટીક બને છે. તેનાથી હોઠ કાળા બને તેમ કેન્સર થવાનો સંભવ પણ ખરો ! આ સિવાય અનેક બાબતોમાં આજનો વર્ગ હિંસકમય સાધનો–હિંસાથી સર્જેલા સાધનોનો ઉપયોગ જે થાય છે. તે હિંસાથી મુક્ત બનવાની ઘણી જ જરૂર છે. અજ્ઞાનતાદિના કારણે દ્રવ્ય હિંસામાં રાચેલો આત્મા ભાવહિંસા તરફ જઇ રહ્યો છે–જેથી તેના

ભવાંતરના પરિભ્રમણની સંખ્યા વધતી જાય છે માટે જ દ્રવ્યહિંસાથી પ્રથમ મુક્તિ મેળવો તેનાથી બાહ્ય અને આત્મિક ઘણા ઘણા લાભો શાસ્ત્રકારોએ જણાવ્યા છે.

દયા ધર્મના પ્રભાવે શરીર નિરોગી બને, ભાગ્ય, સૌભાગ્ય રૂપ રાજ્યાદિક સંપત્તિઓ આદિ મળે તેમ અંતિમ મોક્ષ પણ મળ્યા સિવાય રહે નહિ, પ્રાણના ભોગે પણ પર રક્ષણ થાય તો ઘણું પ્રશંસનીય કહેવાય છેવટે સ્વાર્થ માટે પર રક્ષણના બદલે પરભક્ષણ કહેતાં પરને તકલીફ; પરને પીડા, પરનું ખાવુ એ ત્યાજ્ય કરીને જીવન જીવી શિષ્ટ પુરુષોનાં મુખે આપણે પ્રશંસનીય બનીએ એવી દ્રવ્ય દયા ભાવદયાનું આચરણ થાય એવી દૃષ્ટિ રાખવી જરૂરી છે.

જે આ પુસ્તકના મુખ્ય પાત્ર ચરિત્ર નાયક ધમ્મિલ કુમાર છે તે દયા ધર્મના આધારે દયા ધર્મના પુનિત પ્રભાવે અગ્રિમ પદ સુધી મંઝિલ કાપતા જશે. અને ક્રમે કરીને તે મહાન્ ભવ્યાત્મા મોક્ષના ભોક્તા બનશે મોક્ષના ભોક્તા બનવાની ભાવનાવાળાએ દ્રવ્ય તથા ભાવદયાનું આરાધન કરવું જોઇએ. અર્થાત હિંસાથી મુક્ત બનવું જોઇએ.

જૈન દર્શનની વિશિષ્ઠતા એ છે કે આ દર્શને ઘણા અમૂલ્ય શબ્દો આપ્યા છે તેમાં 'સામાયિક' પણ એક મહા-મૂલો શબ્દ છે. આ એક વૈજ્ઞાનિક શબ્દ પણ છે. અને સાથે સાથે વૈજ્ઞાનિક ક્રિયા છે. આવી ક્રિયા કોઈ ધર્મ પાસે નથી,

સ્વયંનું સ્વયં પરીક્ષણ કરવા માટે અને સ્વયંના

આત્માને સંપૂર્ણ જોવાની અને સમજવાની વાત તે યોગ છે, પ્રેક્ષા-ધ્યાન છે.

મનુષ્ય દર્શન અને જ્ઞાનની આરાધના કરે પણ ચારિત્ર્ય ગ્રહણ ન કરે તો મનુષ્ય આત્માની નજીક જઈ શક્તો નથી. મુક્તિ પ્રતિ ગતિ કરી શક્તો નથી.

ઉપાશ્રયો અને મંદિરોમાં ખૂબ તપ અને આરાધના થતી જોવા મળે છે. પણ આ તપ અને આરાધનામાં સમજ ઓછી જોવા મળે છે. સમજણપૂર્વકની આરાધના મનુષ્યને શાંતિ અને સમતા દ્વારા સમાધિ તરફ લઈ જાય છે.

કેટલાક લોકો કહે છે કે ઉપવાસ એ તો શરીર પર કરવામાં આવતો અત્યાચાર છે. પણ આ વાત ખોટી છે, વૈજ્ઞાનિક રીતે પણ ખોટી છે. ઉપવાસ તો એક આવશ્યક છે. ઉપવાસ એટલે આત્માની નજીક બેસવાનો પ્રારંભ, ઉપવાસ એટલે આદમીના ચિત્તની પ્રસન્નતા, ન બોલવાનો, ન સાંભળવાનો, અને ન વિચારવાનો આનંદ એટલે ઉપવાસ, તનની સાધના માટે ઉપવાસ જરૂરી છે.

તનની સાધના પછી મનુષ્ય મનની સાધના કરે તો મનુષ્યનો બેડો પાર થઈ જાય. મનને દૃઢ કરવામાં આવે તો દુનિયાની એક પણ વસ્તુ એવી નથી કે જે છૂટી ના શકે ? ચારિત્ર્ય નિર્માણ માટે પણ આ ખૂબ જરૂરી છે. આ અંગે યુવકોને દિશા બતાવવી પડશે, માર્ગદર્શન પૂરું પાડવું પડશે તો યુવકો જરૂર સમજશે.

મનની ભાવનાઓ અનેક જગ્યાએ ભટકે છે. આ શક્તિને કેન્દ્રિત કરવામાં આવે તો આત્મામાં રહેલી શક્તિ

પ્રગટે. તન અને મનની સાધના દ્વારા મનુષ્ય સ્વયંને જાણી શકે છે. આત્મા કેવલ્ય પ્રાપ્ત કરી શકે.

જ્યારે આપણે માળા કે કોઈ ધાર્મિક ક્રિયા કરવા બેસીએ છીએ ત્યારે દુનિયાભરના વિચારો આપણા મનમાં ચાલે છે. મન ચારેબાજુ ભટકયા કરે છે. આ ભટકાવને રોકવા જોઈએ અને તે માટે પ્રેક્ષા, ધ્યાન, કાયોત્સર્ગ વગેરે ખૂબ જરૂરી છે.

જૈનધમમા પ્રતિક્રમણનું ખૂબ મહત્ત્વ છે. પ્રતિક્રમણ એટલે જ્યાં સુધી ગયો છું ત્યાંથી હું પાછો આવું છું. એટલે પાપથી પાછા હઠવાની ક્રિયા, શરીર મનને સાધવાની ક્રિયા છે. આ પ્રક્રિયા એટલે પ્રતિક્રમણ અને પ્રતિક્રમણ એટલે આત્મદર્શન.

જૈન ધર્મ એ કોઇ માત્ર જૈન જાતિનો ઈજારો નથી આ તો વિશ્વધર્મ છે. તન, મન અને ઇન્દ્રીયો પર સંયમ મેળવે તે જૈન. વિશ્વવ્યાપી નવકારમંત્ર પર જૈનોનો ટ્રેડ-માર્ક લાગ્યો. આ મંત્રમાં કોઈ ઠેકાણે જૈન શબ્દ પણ આવતો નથી કે આ મંત્ર માત્ર જૈનો માટે છે એવું પણ કોઇ ઠેકાણે લખ્યું નથી.

મૌનની પણ એક પરિભાષા છે, મૌનનો આનંદ પણ અનોખો હોય છે. મૌન એટલે જ આત્મામાં લીન થઇ જવું. મૌન એટલે જ આત્માને સમજવાનો પ્રયત્ન કરવો.

મનુષ્યની કમજોરી એ છે કે તે વિકારોને દબાયેલા રાખે છે. શ્રી ભગવાન મહાવીર સ્વામીની તપશ્ચર્યાને યાદ

કરો. કેટકેટલા ઉપસર્ગો તેમણે હસતે મુખે સહન કર્યા. કેટલી આંધી અને ઉપાધિ આવી તો પણ તેઓ મેરૂપર્વતની જેમ અચળ રહ્યા. મનની મક્કમતા વિકારોની આંધીથી ડગતી નથી. મનને સાધવા પ્રયત્ન કરવો.

આજે મનુષ્ય તનાવમાં જીવી રહ્યો છે, મનુષ્યને કોઇ ઠેકાણે શાંતિ દેખાતી નથી. રઘવાયાની જેમ ચારે બાજુ તે ફર્યા કરે છે. તેથી મનુષ્યને અનેક રોગો થાય છે. બધા રોગો નાબૂદ કરવા હોય અને તનાવમાંથી છૂટકારો મેળવવો હોય તો મનુષ્યે ઇચ્છાઓ ઓછી રાખવી પડશે અને વૃત્તિઓને છોડવી પડશે.

તન અને મનની સાધના દ્વારા ધર્મની સાચી સમજ આવી શકે છે. આખરે આદમીને આદમી બનાવે તે ધર્મ. ખુદને જાણે તે ખુદા. અંદરના આત્માને જાણે તે વીતરાગ

---

- ધર્મ સંસારના પરિભ્રમણથી થાકેલા જીવનનું વિરામ સ્થાન છે.
- ધર્મ જન્મ મરણના બંધનથી મુક્ત કરાવનાર અમોઘ સાધન છે.
- ધર્મ. ધર્માનુરાગી જીવનનું રક્ષણ કરે છે.

---

## ૨. સુરેન્દ્રદત્ત અને રાજપૂત્ર

જંબુદ્વીપમાં ૧૯૦ ખંડો પૈકી ઋદ્ધિ સિદ્ધિથી ભરેલો એવો અત્યંત મનોહર છ ખંડ પ્રમાણ ભરત ક્ષેત્ર છે. તેમાં અત્યંત સુંદર અને ધનધાન્યથી ભરપુર એવો મગધ નામે દેશ છે. તેમાં સુખ સંપત્તિથી ભરપુર એવું કુશાગ્ર-પુર નામે મહાનગર છે. ઈંદ્રપુરીને પણ ઝાંખી પાડી દે એવી અત્યંત સુંદર સુશોભિત અને કલાના ઉત્તમોત્તમ ભંડાર સમી આ નગરી છે. એક બીજાથી ચડે એવા આલીશાન–બંગલા–મહેલાતો અને હવેલીઓ શોભી રહી છે. ઠેર ઠેર જિન–મંદિરો સુવર્ણકુંભથી ઝળાંહળાં થઈ રહ્યા છે. શાળા–મહાશાળા બાગ–બગીચા સ્વચ્છ રસ્તાઓ–રાજમાર્ગો તેમાં ઠેર ઠેર લતામંડપ શહેરની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં છે.

લોકો પણ ભલાં–ભોળા–સીધાં–સાદા અને સરળ પ્રકૃતિ વાળા હતાં. ધર્મ પ્રત્યે અત્યંત ભાવના શીલ હતાં. વેપાર અને વાણિજયથી ભરપૂર એવી આ નગરીમાં ધનની છોળો ઉડતી હતી લક્ષ્મીદેવીની અસીમ કૃપા વર્ષતી હતી. નગરના લોકો સુખચેનથી રહેતાં હતાં.

આ નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. તે સૂર્ય જેવો મહા તેજસ્વી–બળવાન અને ગુણવાન પણ હતો. અનેક રાજાઓને જીતીને ખંડીયા બનાવ્યા હતા. છતાં તેમની સાથે મિત્ર–ભાવ રાખતો હતો. રાજ્યમાં સર્વત્ર સુખ સમૃદ્ધિ અને આનંદ હતો. રાજના ભંડાર ભરપૂર

હતાં. રાજા દાન કરતો. સ્વભાવે ભલો હતો એટલે લક્ષ્મી સદા ત્યાં રહેતી.

રણસંગ્રામમાં કદી પીછેહઠ કરતો જ નહિ. મહાબલી હતો છતાં ભાગતાં શત્રુને કદી મારતો નહિ પરંતુ સાહૃદયથી અભયદાન આપતો. જેથી સમગ્ર ખંડમાં તેની કીર્તિ ફેલાઇ હતી. જીવનમાં સાદાઈ અને સદાચાર હતો. જેથી એના દુશ્મનો પણ મિત્રો બની જતાં.

એ રાજાને અત્યંત સ્વરૂપવાન, શીલવાન અને ગુણવાન પત્નિ હતી તેનું નામ હતું ધારિણી, ખૂબ જ મૃદુ સ્વરે તે બોલતી ત્યારે અમૃત ઝરતું. અત્યંત સૌંદર્યવાન, ગજગામીની અને હરિણાક્ષી ધારીણી રાણી–રાજાને અતિ પ્રિય હતી. આમ આ રાજા–રાણીનું જોડલું પરસ્પર પ્રેમથી યુક્ત હતું.

સમય જતાં તે રાણીને અત્યંત સ્વરૂપવાન કામદેવ સરખો પુત્ર થયો. તે આબેહુબ તેના પિતાની જ પ્રતિકૃતિ જેવો હતો. રાજા–રાણી પુત્રને જોઈ આનંદથી દિવસો પસાર કરતાં હતાં.

તે નગરમાં અનેક ધનપતિઓ હતાં. તે પૈકી સમુદ્રદત્ત નામનો શ્રેષ્ઠિ ધર્મવાન–દયાવાન અને ધનવાન હતો. અનેક ભિક્ષુકોને રોજ દાન કરતો. ધર્મધ્યાનમાં પણ મોખરે રહેતો. દેવગુરૂ ધર્મની ભક્તિમાં લીન રહેતો અને ગુરૂજનોના સદા તેના ઉપર આશીર્વાદ હતાં. નગરની મધ્યમાં શેઠની મોટી હવેલી હતી. અન્ય શ્રેષ્ઠિઓના મકાન કરતાં અનેક રીતે ચઢિયાતી–સુશોભિત અને સુંદર હતી. લક્ષ્મીદેવીની

અસીમ કૃપા હતી. દોમ દોમ સાહ્યબીથી ભરપૂર હોવા છતાં લક્ષ્મીનો મદ ન હતો.

આ શેઠની પત્નિનું નામ સુભદ્રા હતું. સુભદ્રા ખૂબ જ સ્વરૂપવાન હતી છતાં પતિ પ્રત્યે ભક્તિભાવવાળી અને મધુ-ભાષિની હતી. સરળ અને ધર્મિષ્ઠ હતી. જેથી લોકોમાં પણ તેની વાહવાહ થતી. તેમ છતાં કદી અભિમાન કરતી નહિ. શેઠ સુભદ્રા પ્રત્યે ખૂબજ પ્રેમભાવ રાખતો. તેમ સુભદ્રા વિનયથી વર્તતી અને પતિ પાસે દાસી ભાવે વર્તતી હતી.

શેઠ-શેઠાણી ધર્મધ્યાનમાં જીવન પસાર કરી રહ્યાં હતાં. સમગ્ર સૃષ્ટિનું સુખ આવીને મલ્યું હતું. પરંતુ એક પુત્રની ખામી હતી. તે સુભદ્રાને કંટકની જેમ ખુંચતી હતી. સંસારના સુખો ભોગવતાં સમય પસાર કરી રહ્યાં હતાં. પતિવ્રતા ધર્મનું પાલન કરતી હતી.

એકદા સુભદ્રા રાત્રિ સમયે પોતાના ખંડમાં સૂઇ રહી હતી. રાત્રિના પાછલા પહોરે સ્વપ્નમાં સફેદ હાથી ઉપર બેઠેલા ઇંદ્રના દર્શન થયાં. તેમજ ઇંદ્ર દેવે તેને કહ્યું—"હે પતિવ્રતા કોમલાંગી, તને લક્ષ્મીવાન અને ગુણવંતો બુદ્ધિવાન પુત્ર થશે."

આ સાંભળીને સુભદ્રા એકદમ બેઠી થઇ ગઈ. અને મનમાં નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી. ઇષ્ટદેવને પ્રાર્થના કરીને બોલી. હે દેવ, 'મારું સ્વપ્નું સાચું કરો.' ત્યારબાદ તે પતિના ખંડમાં ગઈ. પતિને હળવેથી મધુર શબ્દોથી જગાડીને સ્વપ્ન વિષે વાત કરી અને સ્વપ્નના

ફળ વિષે પૂછયું. પતિએ કહ્યું- હે પ્રિયે, તારી કુક્ષિએ મહા તેજસ્વી પુત્ર રત્ન સાંપડશે.

આ સાંભળી સુભદ્રા ખૂબ રાજી રાજી થઈ ગઈ. કઈ સ્ત્રી આવું સ્વપ્ન ફળ સાંભળી રાજી ન થાય? સુભદ્રા અતિ આનંદમાં આવી ધર્મધ્યાન કરવામાં પોતાના દિવસો વિતાવવા લાગી. દેવની વાણી કદાપિ મિથ્યા થતી નથી એ રીતે સમય જતાં સુભદ્રા ગર્ભવતી થઈ, તે સુભદ્રા સાતે ક્ષેત્રોમાં વિપુલદાન કરવા પૂર્વક. ધર્મધ્યાન-દાન-પૂજા-સેવા કરવામાં સમય પસાર કરવા લાગી. હૈયામાં આનંદ છલકાય છે. શેઠ પણ પત્નિને રાજી રાખવા તમામ પ્રયત્નો કરે છે. શેઠના હૈયામાં પણ અનહદ આનંદ છે. સમય જતાં પૂરા દિવસે સુભદ્રાએ પુત્ર-રત્નનો જન્મ આપ્યો. પુત્રના જન્મ સમયના ગ્રહો અત્યંત ઉંચના હતાં- કેન્દ્રીય ગ્રહો ઉંચના હોવાથી પૂર્વનો પુણ્યોદય પ્રગટ થવાનો જાણે સંકેત કરતા હોય તેવા શ્રેષ્ઠ ગજ કેશરી, રાજયોગ, બુદ્ધિવંત બને એવા સારાં ગ્રહો હતાં. શેઠ પણ આ સમાચાર જાણી આનંદવિભોર બની ગયાં.

સુંદર આકૃતિવાળા પુત્રની નાળ જમીનમાં દાટવા જતાં જમીન ખોદતાં ધનનાં ભરેલા ચરુઓ મલી આવ્યાં. આ જોઈ શેઠ તો રાજીના રેડ થઇ ગયાં. ખરેખર, આ પુત્ર મહા ભાગ્યશાલી હોવો જોઈએ. જેનાં જન્મની સાથે જ અઢળક ધનનો ભંડાર મલ્યો છે. ધનનો ભંડાર ખોલાવતાં તેમાં એક અત્યંત તેજસ્વી અને પ્રકાશ આપતો મોટો મણિ દેખાયો. આ મણિ કઈ જાતનો, કેવા પ્રભાવવાળો અને

કેવો ફળદાયક હશે ? તેવો વિચાર કરતાં કરતાં શેઠે તે મણિ હાથમાં લીધો–તેની સાથે એક શ્લોક લખેલો પત્ર પણ મલ્યો. અત્યંત આતુરતા પૂર્વક શેઠે તે મણિ હાથમાં લઈને પત્રમાં લખેલ શ્લોક વાંચવા લાગ્યા. તેમાં લખ્યું હતું કે આ મણિના સ્પર્શ માત્રથી પવિત્ર થયેલ પાણી પીવાથી ગમે તેવો બુદ્ધિ વગરનો માણસ પણ મહા વિદ્વાન બની જાય છે. પશુ જેવો માનવી પણ બૃહસ્પતિ સરખો વિદ્વાન બની જાય છે. એ નિઃશંક છે.

શેઠ વિચારે છે. કે અહો ! શું આ બાળકનું મહા ભાગ્ય છે ? ખરેખર ઇન્દ્રમહારાજાએ સ્વપ્નમાં કહેલ વાત આજે સત્ય બની રહી છે. ધન ચરૂઓ દ્વારા ઢગલાબંધ મલ્યું અને બુદ્ધિ આ મણિ દ્વારા અપરંપાર મલી ગઈ છે. ખરેખર તો હું મહાભાગ્યવાન્ છું કે મારે ઘેર આવા પુત્રરત્નની પધરામણી થઈ છે.

નવજાત બાળકના પગલે મને લક્ષ્મીના ભંડાર મલ્યા છે તો આ ધન પુત્રના જન્મોત્સવ દ્વારા વાપરી નાંખવું જોઇએ. ગરીબોને–ભિક્ષુકોને દાન કરું. ધર્મકાર્યોમાં–જિનાલયોમાં તેમજ અન્ય ધાર્મિક ક્ષેત્રે આ સઘળું ધન વાપરવું શ્રેષ્ઠ છે. ધન તો વાપરતાં ઢગલાબંધ મળવાનું જ છે. પરંતુ સૌના આશીર્વચનો દ્વારા પુત્રનું દીર્ધાયુ જ મારે તો જોઇએ છે.

એમ વિચારી પુત્રનો જન્મોત્સવ કર્યો. અઢળક દ્રવ્ય વાપર્યું. જિન મંદિરોમાં–જ્ઞાનશાળામાં, દાન–શાળામાં, બાલ શાળામાં ગરીબ ભિક્ષુકોને જમાડયાં. પાણીની માફક દાનમાં

પૈસા વાપર્યા. નગરના રાજાને પણ આ પ્રસંગે બોલાવ્યા અને તેમનું સન્માન કરી સાચાં મોતીનો થાળ ભેટ ધર્યો. રાજા પણ ખુશ થઇ ગયો. ઘેર ઘેર મિઠાઇ વહેંચી નગરમાં આનંદ વર્તાઈ ગયો.

જૈન દેરાસરમાં અટઠાઇ મહોત્સવ કરવા પૂર્વક અભય દાનાદિ કાર્યો કર્યાં. ભવ્ય અંગ રચના-પ્રભાવનાદિથી જિન ભક્તિમય મહોત્સવ ઉજવ્યો. અને ધનનો સદુપયોગ કર્યો. સાધર્મિક ભક્તિ કરી. સાધુસંતોની પણ સેવા કરી. સર્વત્ર આનંદ મંગલ વર્તાઇ રહ્યા.

સારા દિવસે અને સારા મુહૂર્તે બાળકનું નામ કરણ કરતાં કુંભરાશિ પ્રમાણે બાળકનું નામ સુરેન્દ્રદત્ત પાડ-વામાં આવ્યું. આ દિવસે પણ અબાલ વૃદ્ધને મિઠાઈ વહેંચી. આમ સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. સમય જતાં ધીરે ધીરે બાળક મોટો થવા લાગ્યો. સુભદ્રા તથા શેઠ પુત્રને હાથમાંથી નીચે મૂકતાં જ નથી. તેને રમાડવામાં જ મશગુલ રહે છે. પુત્ર દિવસે ન વધે તેટલો રાત્રે અને રાત્રે ન વધે તેટલો દિવસે વધવા લાગ્યો. દિવસો જતાં કાંઇ વાર લાગે છે? પુત્ર પાંચ વર્ષનો થયો. હવે તેને કોઈ સારા શિક્ષકને જોઇ વિદ્યાભ્યાસ કરાવવો જોઇએ તેથી વિશ્વભૂતિ જેવા મહાવિદ્વાનને ત્યાં અભ્યાસાર્થે મૂક્યો-

સુરેન્દ્રદત્ત મહાબુદ્ધિશાળી હતો. ટુંક સમયમાંજ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી પારંગત બની ગયો. બીજા-ઓને જે સમજવું મુશ્કેલ લાગતું તે ખૂબજ સહેલાઇથી તે તૈયાર કરી શકતો. કોઇપણ શાસ્ત્ર સમજવું તેના માટે

મુશ્કેલ નહતું તેની બુદ્ધિ અત્યંત કુશાગ્ર હતી. જેથી નગરમાં તેના વખાણ થવા લાગ્યા.

વિશ્વભૂતિ મહાવિદ્વાન ગુરૂ હતાં તેથી રાજાનો પુત્ર નામે અમિત્રદમન પણ સુરેન્દ્રદત્તની સાથે જ અભ્યાસ કરતો હતો. તેમજ તેમના નગરમાં સાગર નામે એક શ્રેષ્ઠિ રહેતા હતાં. અત્યંત ધનવાન અને ગુણવાન તરીકે નગરમાં તેમની નામના હતી. તેમને સત્યભામા નામે પત્નિ હતી અને કમળના જેવી આંખોવાળી અત્યંત સુંદર લાવણ્યવતી પુત્રી સુભદ્રા નામે હતી. નાનપણથી કલા અને વિદ્યા પ્રત્યે પ્રેમવાળી હતી. તે પણ આ બંન્ને કુમારો સાથે વિશ્વભૂતિ પાસે વિદ્યાભ્યાસ કરતી હતી.

અભ્યાસમાં સુરેન્દ્રદત્ત અને સુભદ્રા હોંશિયાર હતા અને રાજકુમાર અલ્પબુદ્ધિવાળો હોવાથી ભણવામાં પાછળ રહી જતો. ગુરૂજી ખૂબજ કાળજી પૂર્વક અને શાંતચિત્તે રાજપુત્રને સમજાવતાં અને રાજપુત્રની પાછળ ઘણો સમય આપતાં છતાં તે સુરેન્દ્રદત્તની સાથે થઇ શક્તો નહિ. જ્યારે શ્રેષ્ઠિપુત્રી સુભદ્રા બુદ્ધિવાન હોવાથી સુરેન્દ્રદત્તની સાથે જ અભ્યાસમાં રહેતી.

વિશ્વભૂતિની શાળામાં બીજા અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં. ગુરૂજી બધાંને સરખા ગણી સમાન રીતે ભણાવતાં. એક દિવસ ગુરૂજીએ સર્વ વિદ્યાર્થીઓની પરીક્ષા કરવાનું વિચાર્યું અને શાળામાંના સર્વ વિદ્યાર્થીઓને પૂછ્યું–હે બુદ્ધિમાન બાળકો ! મારા સવાલનો જવાબ આપો કે

'જે કોઇ વ્યક્તિ રાજાને પોતાના બન્ને પગ વડે મારે તો તેને શું શિક્ષા કરવી જોઇએ ?'

અલ્પબુદ્ધિવાળા વિદ્યાર્થીઓ બોલ્યાં કે– તેને મારી નાંખવો જોઇએ. કોઈ કહે તેના બે પગ કાપી નાંખવા જોઇએ. કોઈ કહે તેને ભયંકર સજા થવી જોઇએ. ત્યારે સુરેન્દ્રદત્ત બોલ્યો કે– ભાઇઓ, આ તમે શું બોલો છો ? ગુરૂજીનો પ્રશ્ન બરાબર સમજો, વિચારો અને પછી બોલો મારા મતે તો જે રાજાને પગથી મારે છે. તેની પૂજા કરવી જોઇએ. નગરજનોએ તેને માન આપી ભક્તિ કરવી જોઇએ. આ સાંભળીને સૌ વિદ્યાર્થીઓ તેની મશ્કરી કરતાં હસવા લાગ્યાં ચારે બાજુ કોલાહલ થઈ રહ્યો. અને પૂછવા લાગ્યા. હે બુદ્ધિશાળી, અમને સમજાવતો ખરો કે કઈ રીતે પૂજવા લાયક કહેવાય ? તારી વાત અમારા મગજમાં સહેજે ઉતરતી નથી. તમારી વાત મનાય તેમ નથી.

ત્યારે સુરેન્દ્રદત્ત બોલ્યો ભાઇઓ, જરા શાંતિ રાખો. સાંભળો ફણીધર નાગની ફણા ઉપર રહેલો મણિ લેવાની કોણ ઇચ્છા કરે ? સિંહની કેશવાળી ખેંચવાની કોણ હિંમ્મત કરે ? કોઇજ નહિં. તો કયો એવો મૂર્ખ માનવી રાજાને પગથી મારવાની ઇચ્છા કરે ? કોઇજ નહિં. પરંતુ રાજાના ખોળામાં રમતો રાજપુત્ર પ્રેમપૂર્વક કુદાકૂદ કરે છે. મૂછના વાળ પણ ખેંચે છે અને પગેથી લાતો પણ મારે છે. એક રાજપુત્ર સિવાય બીજા કોઈની તાકાત નથી કે તેમ કરે.

હવે તમે જ કહો કે તે પગથી મારનાર રાજપુત્રને શું શિક્ષા કરવી જોઇએ ? તેને મારવો કે પૂજવો જોઇએ ?

સૌ બોલી ઊઠયા કે પૂજવો જોઇએ. આ રીતે પોતાની બુદ્ધિનો પ્રકાશ પાડયો. ગુરૂજી ખૂબજ રાજી થયાં. પોતે આપેલ જ્ઞાનનો ખરેખર ઉત્તમ ઉપયોગ કર્યો છે. પોતે કરેલ શ્રમ નકામો નથી ગયો જેથી આનંદ થયો. આ સવાલનો જવાબ સાંભળી સુભદ્રા પણ સુરેન્દ્રને પ્રેમપૂર્વક અને માનપૂર્વક જોઈ રહી અને રાજપુત્ર કે જે જવાબ આપી શકયો ન હતો તે શરમથી નીચું જોઈ રહ્યો.

હવે બીજી બાજુ ગુરૂજી વિચારે છે કે આ સુરેંદ્ર મને ખૂબજ માન આપે છે. સેવા કરે છે. વિનય અને વિવેકથી નમ્ર છે. મારી વિદ્યા પચાવી છે. પિતા કરતાં પણ વિશેષ માને છે. માટે તેના કલ્યાણ માટે હું વિધિ-પૂર્વક દેવપૂજા કરું એમ વિચારી ગુરૂજી પ્રાણાયામ દ્વારા દેહશુદ્ધિ કરી દેવીની પૂજા કરવાં બેઠાં.

દેવીની પૂજામાં કમળની જરૂર હોવાથી ગુરૂજી બોલ્યા કે– હે બુદ્ધિવાનો! સોનેરી પદ્મની માળા લાવો. બધાં બાળકો દોડયા, કોઈ માળીની દુકાનેથી તો કોઈ તળાવ-માંથી લાવી માળા બનાવી લાવ્યા અને ગુરૂજીને આપી. સુરેન્દ્રનું ભલું કરવા ઇચ્છતાં ગુરૂજીએ તેમની પૂજા આગળ ચલાવી. દેવને કમળના ફૂલો અર્પણ કરવા લાગ્યાં.

એટલામાં ટુંકી બુદ્ધિવાળો રાજપુત્ર રાજ મહેલમાંથી સુવર્ણ જેવા રંગવાળી પદ્મમાલા નામની દાસીને લઈને આવી પહોંચ્યો અને ગુરૂજીને કહ્યું હે ગુરૂજી! હું પદ્મ-માલાને લઇ આવ્યો છું.

ગુરૂજી ગુસ્સે થઇ ગયા અને પૂછયું કે શું કહ્યું અને શું લાવ્યો ? ત્યારે રાજપુત્રે ચોખવટ કરી કે હે ગુરૂજી ! હું જે સમજ્યો તે લાવ્યો છું. ગુરૂજી ખૂબજ ખીન્ન થયાં અને વિચારે છે કે આ રાજપુત્ર તદ્દન બુદ્ધિ વગરનો જ છે. આનામાં સમજણ કયારે આવશે ? એટલુંય વિચારતો નથી કે દેવપૂજાના શુભ અવસરમાં આવી હલકી હાંસીની શું જરૂર હોય ! ભણાવી ભણાવીને મેં મારું ગળું છોલી નાંખ્યું પણ આનામાં બુદ્ધિ આવી જ નહિ !

સુરેન્દ્રના કલ્યાણ માટે દેવની પૂજા કરી રહ્યો છું. એવે સમયે આ નીચ દાસી નજરે પડી જેથી મને લાગે છે કે આ સુરેન્દ્રદત્ત મહાલક્ષ્મીવાન બની ગયા પછી કોઇ નીચ સ્રીથી અત્યંત પીડા પામશે. તેવો અભિપ્રાય બાંધ્યો. ગુરૂજીએ ફરી સ્નાન કરી પવિત્ર થઇ ફરી પૂજા કરવા લાગ્યા.

પોતાની સાથે અન્ય વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તેઓ રાજપુત્રને મૂર્ખ સમજી મશ્કરી કરતાં હતાં. અને અને સુભદ્રાથી પણ હાંસી પામેલા રાજપુત્રે વિચાર્યું કે અહો ! પૂર્વજન્મમાં મેં એવા તે શું પાપ કર્યા હશે કે મારી આ સ્થિતિ થઇ ! મને વિદ્યા ચડતી જ નથી ? મારી સાથે અભ્યાસ કરતાં આ સર્વ વિદ્યાર્થીઓ શાસ્ત્રોના જાણકાર થઈ ગયાં અને માત્ર હું એકજ કોરી પાટી જેવો રહી ગયો ! બે હાથ જોડીને મનોમન બોલી રહ્યા હે સરસ્વતી દેવી ! તું અન્ય વિદ્યાર્થીઓ પ્રત્યે તુષ્ટ છે અને મારા પ્રત્યે કેમ તુષ્ટ નથી ? મારા પ્રત્યે નારાજ કેમ ? મારો શું ગુનો

છે ? આવો ભેદભાવ કેમ રાખો છો તે મને નથી સમજાતુ શું હું તમારો બાળક નથી ? શું તું મારી માતા નથી ? માને મન તો સર્વ બાળક સરખાં હોવા જોઇએ.

આવે વખતે સુરેન્દ્રદત્ત તેની પાસે આવીને પૂછે છે કે ભાઇ, તું કેમ ઉદાસ છે, રાજપુત્રે સઘળી વાત કરી. સુરેન્દ્રદત્ત કહે ભાઈ, તું ચિંતા ન કરીશ, ચાલ મારી સાથે હું તને સરસ્વતી માતા પ્રસન્ન કરાવી આપું છું. જેથી તું પણ અમારા જેવો વિદ્વાન બની જશે.

---

- ધર્મ, વિષય-વાસના રક્ત જીવોને લાલબત્તી સમાન છે.
- ધર્મ, મૃત્યુ સમયે સાચું શરણ છે.
- ધર્મ, કષાય-દોષથી પડતા જીવને માટે બંધન છે.
- ધર્મ, માતા તુલ્ય પ્રેમપૂર્ણ જન્મસ્થાન છે.

---

# ૩ ભાવિ દંપતિની સમસ્યા

સુરેન્દ્રદત્તે પોતાની પાસેના મણિને પવિત્ર જળમાં સ્નાન કરાવીને રાજપુત્રને કહ્યુ ભાઇ સરસ્વતી દેવી તને પ્રસન્ન થયાં છે, લે આ જળનું પાન કર, હું માનું છું કે પસ્તાવાથી અને આત્મનિંદાથી તારું જ્ઞાનાવરણીય કર્મ બળીને ખાક થઈ ગયું છે. આ સાંભળી રાજપુત્ર તે જળ પી ગયો. તેનાથી તેને માનસિક સંતોષ થયો.

હવે જાણે તેનો પુનર્જન્મ થયો હોય, સૂર્યનો પ્રકાશ અંતરમાં પથરાયો હોય તેમ લાગ્યું. સર્વશાસ્ત્રો વિદ્યાઓ આપોઆપ તેના હૃદયમાં પ્રગટી ઊઠી. તે આનંદ વિભોર થઇ ગયો અને સુરેન્દ્રદત્તનો ઉપકાર માનવા લાગ્યો. હે મિત્ર તે મારા ઉપર પરમ ઉપકાર કર્યો છે, મને આંધળાને આંખો આપી છે તે હું શી રીતે ભૂલી શકું ? તેમજ તેનો બદલો પણ હું વાળી શકીશ કે કેમ તેની શંકા છે.

પરંતુ હું જ્યારે હું રાજગાદી પર બેસીશ. એટલે કે રાજા બનીશ ત્યારે અવશ્ય તને યાદ કરી નગરશેઠની પદવી આપીને ઋણ અદા કરીશ આમ બંન્ને મિત્રો બની રહ્યાં. સમય જતાં સૌ બાળકો યથાશક્તિ વિદ્યા ગ્રહણ કરીને પોતપોતાને ઘેર ગયાં.

ગુરૂપાસે ભણી ગણીને વિદ્વાન બનેલી સુભદ્રા યૌવન અવસ્થાને પામી આવી ગુણિયલ વિદ્વાન, સૌંદર્યવતી પુત્રી માટે યોગ્ય પતિ મેળવવા તેના પિતા ચિંતામાં પડયા અને શોધ કરવા લાગ્યા આ જોઇને સુભદ્રા બોલી હે

પિતાજી ! આપ મારી ચિંતામાં સુખેથી જમતાં નથી. શાંતિથી ઊંઘતા પણ નથી. પરંતુ એ બાબતમાં આપે કોઇજ ચિંતા કરવાની જરૂર નથી. સમય આવે હું મારી જાતેજ યોગ્ય વર બતાવીશ. તમે શાંતિથી સુખમાં રહો. આથી સાગર શેઠની ચિંતા ઓછી થઇ. પોતાની પુત્રી સમજુ અને શાણી છે. વિદ્વાન છે એટલે મારે ચિંતા કરવાની કોઇ જરૂર નથી એમ વિચારી નિશ્ચિત બની સમય પસાર કરવા લાગ્યા. પુત્રી પણ નિર્દોષ ભાવે પોતાની સહેલીઓ સાથે આનંદથી દિવસો નિર્ગમન કરવા લાગી.

એટલામાં વસંતઋતુ આવી. નગરના લોકો ક્રીડા કરવાની ઇચ્છાથી વનમાં ગયા. એક બાજુ સુરેન્દ્રદત્ત પોતાના મિત્રો સાથે બગીચામાં આવ્યો છે. બીજી બાજુ સુભદ્રા પણ પોતાની સહેલીઓ સાથે અહીં આવી છે.

આ નંદનવન સરખાં ઉદ્યાનમાં સુરેન્દ્રદત્ત તેના મિત્રો સાથે ખૂબજ આનંદવિનોદ કર્યો હિંચોળે હિંચ્યા જળમાં સ્નાન કર્યું અને રમતો રમ્યાં થાકીને એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠો. નજીકમાં સુંદર સ્વરે ગવાતુ સંગીત સાંભળી આનંદ પામ્યો. એવામાં એક મિત્ર સુરેન્દ્રદત્તને કહ્યું હે મિત્ર, તારા માટે સુંદર અને સુગંધીમય પુષ્પોનો હાર બનાવવા ફૂલો વીણવા હું ગયો હતો ત્યાં સાગરશેઠની રૂપરૂપના અંબાર સમી સાક્ષાત લક્ષ્મી જ જોઈલો એવી નવયુવાન અને મસ્તાની પુત્રી સુભદ્રાને ત્યાં મેં જોઇ.

અહાહા ! શું વિધાતાએ રૂપ આપ્યું છે ? શું એની અણિયાળી આંખો છે. પરવાળા જેવાં હોઠ છે દાડમની

કળી જેવા દાંત છે ખરેખર તો હું એનું વર્ણન કરવાને શક્તિમાન નથી.

તે તેની બહેનપણીઓ સાથે અહીં આવેલી છે, સરખી સહેલીઓ હસી મજાક કરી રહી હતી. જે મેં કાનોકાન સાંભળી છે એક સહેલી પૂછે છે કે હે સખી આટલું રૂપ છે, આટલી જુવાની છે આટલી સુંદર કાયા છે તો હજુ સુધી કુંવારી કેમ રહી છું ? યૌવન અને રૂપ એકેયમાં કોઇ ખામી નથી.

તને ખબર છે કે આટલી ઉંમરે તું અપરણીત હોઇને સમાજમાં વાતો થાય. બાપની પણ ચિંતા વધે છે હા, કદાચ તને સંસાર પ્રત્યેનો મોહ ના હોય તો પછી દિક્ષા શા માટે લેતી નથી ! કુંવારી કન્યા તો બાપનો ભારો કહેવાય, કુંવારા રહેવું અને સમાજમાં રહેવું એ સ્ત્રીઓ માટે અયોગ્ય કહેવાય, લોકો હજાર જાતની વાતો કરે, બોલે તેનુ મોં બંધ કરી શકાય ? "ન બંધ થાય."

સુભદ્રા કહે હે સખીઓ ! તમારી વાત તદ્દન ખરી અને યોગ્ય છે. હું પણ યોગ્ય છે. હું પણ યોગ્ય પતિ મેળવવા ઝંખુ છું. દરેક સ્ત્રી પતિ મેળવવા જરૂર તડપતી હોય છે પરંતુ યોગ્ય પતિ માટે તો તપશ્ચર્યા કરવી પડે છે ! સમાજના લોકો તો અજ્ઞાની છે અને ફાવે તેમ બોલી શકે છે. પણ તેથી આપણે વગર વિચાર્યું કોઇપણ પગલું ભરવું ન જોઇએ. આપણા સમાજમાં સ્ત્રી પોતાના જીવન દરમ્યાન માત્ર એક પુરૂષને પરણી શકે છે. જ્યારે પુરૂષ અનેક વખત પરણી શકે છે માટે સ્ત્રીએ વધુ સાવધ રહેવાની જરૂર છે.

સ્ત્રી જો યોગ્ય પતિ ન પામે તો તેનું જીવતર ઝેર સમાન બની રહે છે, કોઈ પ્રકારનું સુખ મળતું નથી, અને જીવન ભર નિસાસા નાંખી જીવતર પુરૂં કરવું પડે છે. મારે એ રીતે રહેવું નથી તેથી જ આજ સુધી કુંવારી રહી છું. મારા માબાપને મારી ચિંતા અવશ્ય હોય અને એ પણ હું જાણુ છું પરંતુ હું શું કરું મને યોગ્ય વર મળતો નથી ત્યારે સખીઓ પુછે છે કે હે બહેન તારે કેવો વર જોઈએ તે તો જરા કહે રૂપાળો જોઈએ, વિદ્વાન જોઈએ, બહાદુર જોઈએ કે ધર્મવાન જોઈએ?

સુભદ્રા બોલી-કે જે મારા ચાર સવાલના બરાબર જવાબ આપી શકે તેને પરણુવા હું તૈયાર છું. એ સિવાય બીજાને હું પરણીશ નહિં. એ મારો અફલ નિર્ણય છે.

સખીઓ કહે—તારા સવાલ કેવા છે તે તો અમને કહે?

સુકૃતસ્યાત્ર કિં સારં, કિં સારં નરજન્મન:।
વિદ્યાયાશ્ચાપિ કિં સારં, કિં સારં શર્મણાં પુન:॥

સુભદ્રા કહે—(૧) જગતમાં પુણ્યનો સાર શું?
(૨) મનુષ્ય જન્મનો સાર શું?
(૩) વિદ્યાનો સાર શું? અને
(૪) સુખનો સાર શું?

જે કોઇ વ્યક્તિ ઉપરના મારા ચારેય સવાલનો જવાબ સાચો અને સંતોષકારક આપશે તેને હું પરણીશ.

આ મુજબ મિત્રે સુરેન્દ્રદત્તને વાત કરી તેમજ કહ્યું કે આ વાત ઝાડની ઓથે ઊભા ઊભા સાંભળી છે પણ તેમનામાંથી કોઈએ મને જોયેલ પણ નથી. તેમની આ

ગુપ્તવાત તમારા હિત માટે તમને જણાવવા માટે આવ્યો છું. હવે શું કરવુ તે તમારે જોવાનુ મેં મારી ફરજ બજાવી.

મહાવિદ્વાન અને બુદ્ધિશાળી સુરેન્દ્રદત્તે તરત જ તે ચાર પ્રશ્નોના જવાબ આપતો શ્લોક તૈયાર કરી નાંખ્યો અને એક પત્રમાં લખી અને સુભદ્રાના ઘર ભણી જતાંના રસ્તે એક મોટા ઝાડની ડાળીએ તરત જ નજર પડે એ રીતે લબડાવ્યો, અને ગુપચુપ ત્યાંથી અદ્રશ્ય થઇ ગયો.

સુકૃતસ્ય કૃપા સારં, સત્કર્મ નરજન્મન : ।
વિદ્યાયાસ્તત્વધી : સારં, સંતોષ : શર્મણાં પુન : ।।

સંધ્યાકાળ થઇ ગયો સહુ પોતપોતાના ઘરભણી જવા લાગ્યા. તેવી રીતે સુભદ્રા પણ પોતાની સહેલીઓ સાથે મઝા માણી ઘર તરફ જવા લાગી, આનંદ અને ગમ્મત કરતી તે પેલા મોટા વૃક્ષ પાસેથી પસાર થઇ રહી હતી. તેવામાં તેની નજર પેલા પત્ર ઉપર પડી, તેણે તેની સહેલીને પૂછયું જો તો પેલો પત્ર લબડી રહ્યો છે તે શું છે? એક સહેલી દોડીને ગઈ અને તે પત્ર લઇ આવી અને સુભદ્રાને હાથમાં આપ્યો. જોતાં જ અચંબો પામી.

સુભદ્રાએ તે પત્ર હાથમાં લીધો અને તેમાં લખેલો શ્લોક વાંચ્યો. તે મહાવિદુષી હતી એટલે સમજતાં બહુ વાર ન લાગી. ફરી ફરીને તેણીએ તે શ્લોક વાંચ્યો તેમાં તેના ચારે પ્રશ્નોના સાચા જવાબ મળી ગયાં હતાં– પુણ્યનો સાર છે દયા, મનુષ્ય જન્મનો સાર છે સત્કાર્ય, વિદ્યાનો સાર છે. તત્વ બુદ્ધિ અને સુખનો સાર છે સંતોષ– આમ પોતાના અંતરમાંથી જન્મેલા પ્રશ્નોના સંપૂર્ણ રીતે સાચા

જવાબ મલી જવાથી તેણી અત્યંત હર્ષ પામી અને આનંદ વિભોર બની નાચવા લાગી

પોતાની સખીઓને કહેવા લાગી કે અહો ! પ્રભુએ મારા ઉપર ખૂબજ કૃપા વર્ષાવી છે· આજનો દિવસ મારા માટે આનંદનો છે. મને મારા સવાલના જવાબો મલી ગયાં છે એટલે મને પતિ મલ્યા જેટલો અનહદ આનંદ છે. જે મારા હૈયામાં પણ સમાતો નથી. પરંતુ મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે મારા હૈયામાં રહેલા પ્રશ્નોના જવાબ અહીં શી રીતે મલ્યાં ? તેમજ આ જવાબ લખી મૂકનાર ને મારે શી રીતે ઓળખવો ? ક્યાં શોધવા જવું ? મને કાંઈ સમજ પડતી નથી એમ બોલી પેલો પત્ર ફરી બારીકાઈથી જોવા લાગી.

એકદમ સુભદ્રા બોલી ઊઠી– અરે ! આ અક્ષરો તો મારા પરિચિત વ્યક્તિના છે. હું ઓળખી ગઇ. અરે ! હવે મને કોઈ ચિંતા નથી. બસ મનમાન્યો મનનો મોરલો મલી ગયો. સખીઓ ! નાચો ગાવ અને આનંદો મારી સાથે અભ્યાસ કરતાં સાગરશેઠના સુપુત્ર સુરેન્દ્રદત્તના આ અક્ષરો છે. જે મહાવિદ્વાન–સુંદર અને શક્તિશાળી છે, પરંતુ તેને ઓળખી જવા છતાં મારા મનમાં શંકા છે કે મારી માફક તે મને પ્રશ્નો કરશે તો ? હું તો તેની પાસે મંદબુદ્ધિવાળી ગણાઉં તો શી રીતે જવાબ આપી શકીશ ? અને જો હું જવાબ આપવામાં નિષ્ફળ જઈશ તો તે મને પોતાની પત્નિ તરીકે સ્વીકારશે નહિં. હવે હું શું કરું ? મને મારા વિવાહમાં વિઘ્નો દેખાય છે તેથી તેના હૈયામાં

ન કલ્પી શકાય એવો ઉલ્કાપાત મચી રહ્યો. ઈશ્વરની ઈચ્છા હશે તેમ થશે એમ સમજી ઉતાવળે પગલે ઘર તરફ ચાલવા લાગી.

નગરમાં પ્રવેશતાં નજીકમાં જિનમંદિર જોવામાં આવ્યું તેથી તેણી મંદિરમાં ગઇ. હૃદયમાં ચાલતું તોફાન શાંત કરવા જિનેશ્વર દેવને સ્તુતિ કરી અને બોલી હે દેવાધિદેવ તુંજ મારો પિતા છે-માતા છે- મિત્ર છે અને સ્વામિ પણ તુંજ છે. હું અત્યારે મહા મુશ્કેલીમાં આવી પડી છું મારું રક્ષણ કરો અને માર્ગ દેખાડો, હે જિનેશ્વર મને બચાવો! મારો સ્વામી મને પ્રશ્ન કરે તો તેના જવાબ આપવાની મને શક્તિ આપો! આપ તો મારા માબાપથી અધિક છો- તો શું પુત્રી ઉપર આટલી પણ દયા નહિં કરો? એમ બોલી રડતાં રડતાં જિનેશ્વર દેવના દરબારમાં ઢળી પડી. આળોટતી રડતી રહી.

જિન-મંદિરના અધિષ્ટાયક દેવોએ સુભદ્રાની ભક્તિ જોઈ અને તેમને દયા આવી એટલે કહ્યું- બેટી, ગભરાઇશ નહિં. બધું સારું થઈ રહેશે. આથી સુભદ્રા તેજ સમયે અરિહંત પરમાત્માને દેવ તરીકે અને સુરેન્દ્રદત્તને પતિદેવ તરીકે હૈયામાં સ્થાપી ઘેર ગઈ.

સખીઓ દ્વારા પિતાને આની જાણ કરી. અને સુરેન્દ્રદત્ત સાથે લગ્ન કરવાની વાત કહી. આવો સુંદર-વિદ્વાન અને કુળવાન જમાઈને પસંદ કરવા બદલ તેના પિતા બહુ ખુશ થઈ ગયાં. ખરેખર મારી પુત્રીની પસંદગી અત્યંત સુંદર છે.

થોડા સમયમાં સુભદ્રાના પિતાએ નગરના આગેવાન એવા કેટલાંક પુરુષોને સુરેન્દ્રદત્તના ઘેર મોકલ્યાં અને જાણ કરી કે સાગર શેઠ તેમની સુભદ્રા નામે પુત્રી જે અત્યંત સ્વરૂપવાન- તેજસ્વી વિદ્વાન છે તે આપના પુત્ર સુરેન્દ્રદત્તને આપવા માંગે છે. તો તેનો તમે સ્વીકાર કરી અમને આભારી કરશો.

આ બધી વાત સાંભળીને સમુદ્રદત્ત બોલ્યો કે–ભાઈઓ, આ તો સોનામાં સુગંધ મળી. અમને આવી સુંદર–વિદ્વાન કન્યા મળી તે અમારૂં અહો ભાગ્ય છે. ખરેખર વિધાતાએ જે નિર્માણ કરેલું હોય છે તેમાં કોઈ પણ વ્યક્તિ મીનમેખ ફેર કરી શક્તો નથી. આ રીતે સમુદ્રદત્ત તેમનું માંગુ સ્વીકારવા જાય છે. ત્યાં સુરેન્દ્રદત્ત બોલ્યો હે પિતાજી ! જરા થોભો. અને શાંતિથી સાંભળો સંસારમાં મા–બાપ તો બે વ્યક્તિઓને જોડીને દૂર થઈ જાય છે. પછી જીવન તો તેમણે વિતાવવાનું હોય છે. ભાગ્ય હોય તોજ સારી ગુણવાન સમજુ–લજ્જાવંત–વિનય વિવેકી અને ધૈર્યવાળી પત્નિ મળે છે. માનવી પોતાના સુખ માટે સ્ત્રીને પરણે છે. પરંતુ જો તે સ્ત્રી નગુણી નિવડે તો જીવન બરબાદ કરી નાંખે છે. ઝેર કરી નાંખે છે.

લગ્નની વાત સૌને સાંભળવી ગમે છે પરંતુ જ્યારે ખુરાહાલ થાય છે ત્યારે પેટ ભરીને પસ્તાવું પડે છે. મનસ્વી ઉદ્ધત અને કુલટા સ્ત્રી મલી જાય તો પુરૂષને ભમાવી દે છે. બહાર–જે પુરૂષ મોટો અમલદાર હોય, જેનો હુકમ

અનેક માણસો માથે ચડાવે છે, જેની હાજરી માત્રથી અનેક લોકો થથરે છે એવો માનવી જ્યારે ઘેર આવે છે. ત્યારે કુભાર્યાથી ડરતાં ડરતાં રહેવું પડે છે. આવું કોને ગમે ? સોનું પણ પરીક્ષા કર્યા વિના ખરીદાય નહિં તો સ્રીની બાબતમાં પરીક્ષા કર્યા વિના કેમ લેવાય ?

હે પિતાજી ! હું આપની પાસે બાળક છું આપની આજ્ઞા મારે માનવી જ જોઈએ. આપ વડીલ છો છતાં મારી એક નમ્ર વિનંતિ છે કે મારી પસંદગી (પરીક્ષા કર્યા પછીની) મુજબ જ આપ સામા પક્ષને જવાબ આપશો. અત્યંત આનંદમાં આવી જઈ એકદમ સ્વીકાર ન કરશો. પાછળથી પસ્તાવું પડે એવું મારે કરવું નથી. કુભાર્યાથી હંમેશા કંકાશ–કકળાટ જ મળે છે અને તે અંતમાં સર્વ નાશમાં પરિણમે છે. આ અંગે હું એક દ્રષ્ટાંત આપું છું તે સાંભળીને પછી વિચાર કરી આગળ વધશો.

---

- ધર્મ, ભવસમુદ્રમાં તરવાને નાવ સમાન છે.
- ધર્મ, સંસારના ત્રિવિધ તાપરૂપી દાવાનળમાં સીતળ જળ સમાન છે.
- ધર્મ, જીવન વિમુખતારૂપી વનમાં રખડતા જીવનો ભોમિયો છે.
- ધર્મ, વાસનાયુક્ત સંતપ્ત જીવો માટે ચંદન સમાન છે.

---

## ૪. કુલટા સુરૂપા

આ જંબુદ્વિપમાં– ભરતનામે એક અત્યંત આશ્ચર્ય-કારક ખંડમાં સ્ત્રીપુરૂષો હાથી-ઘોડા રત્નોનો ભંડાર છે. તેમાં મગધ નામે દેશ છે અને તેમાં વારાણસી નામે નગરી છે જ્યાં મહાબલ નામે મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો.

નગરમાં કે રાજયમાં–શત્રુઓનો કોઇ ભય નથી. ધન ધાન્યની કોઇ કમી નથી. ઘી દૂધની નદીઓ વહે છે. સર્વત્ર સુખ અને શાંતિ વર્તાય છે. હાથી–ઘોડા રથ અને પાલખીઓ સર્વત્ર નજરે પડે છે એક એક ચઢિયાતી હવેલી અને બંગલાઓ છે. વિશાળ રાજમાર્ગો છે. પથિકને શાંતિ માટે બંન્ને બાજુ ઝાડની કતાર છે. પાણીના હોજ કુંવારા ચારે બાજુ ઉડી રહ્યા છે.

એવા આ નગરમાં અનેક ધનપતિઓ રહેતાં હતા, તેમાં સહુથી વધારે ધનિક અને શિરોમણી સરખો યશોધર નામ એક શેઠ રહેતાં હતાં. જેના ઉપર રાજાની કૃપાદ્રષ્ટિ હતી. તે શેઠને એક અત્યંત સૌંદર્યવાન મનોરમા નામે પત્નિ હતી પતિ–પત્નિ પરસ્પર ખુબજ પ્રેમ રાખતાં. ઘેર નોકર–ચાકર બંગલા–વાહન હતાં. કોઇ વાતની ખામી ન હતી. સંસારના સુખો ભોગવતા બંન્ને આંનંદથી દિવસો પસાર કરી રહ્યાં હતાં. પરંતુ મનોરમાના હૈયામાં થોડી નિરાશા રહેતી તેથી શેઠે તે વિષે પૂછતાં મનોરમાએ કહ્યું અરે ! મારે વળી દુઃખ કેવું ? પરંતુ એક વાત કહેવાની છે કે ઉંમર વધતી જાય છે છતાં મારો ખોળો હજુ ખાલી છે એની ચિંતા છે.

પતિએ કહ્યું કે હે પ્રિયે, મનને ઇશ્વરમાં જોડી દે અને ધર્મધ્યાન કર. પુણ્યના પ્રભાવે તારી મનોકામના જરૂર પૂર્ણ થશે. અને ત્યારબાદ બંન્ને પતિ-પત્નિ ધર્મ પરાયણ બની રહ્યાં સમય જતાં પુણ્ય પ્રભાવે તેમને ત્યાં પુત્ર જન્મ થયો અને તેનું નામ ધર્મદત્ત રાખવામાં આવ્યું.

ઉંમર લાયક થતા પિતાએ ભણાવી-ગણાવીને ધંધાનું જ્ઞાન આપ્યું. તેમજ શ્રી શેષ શેઠની અત્યંત લાવણ્યવતી પુત્રી સુરૂપા સાથે તેને પરણાવ્યો ત્યારબાદ ધર્મદત્ત હંમેશા સુરૂપાની પાસેજ પડી રહેતો અને ધંધામાં લક્ષ આપતો નહિં-છતાં બાપ કાંઇ બોલતો નહિં તેની સ્ત્રી સાથે રાગ રંગમાં પડી રહી મોજ મજાહ કરવામાં દિવસો પસાર કરતો.

એક દિવસ ધર્મદત્ત શહેરના બજારમાં ચાલ્યો જતો હતો. ઉત્તમ વસ્ત્રો વડે શોભતો હતો અલંકારો અને આભુષણો ચળકતાં હતાં અત્તરથી મહેંકી રહ્યાં હતાં તેના વસ્ત્રો, સ્વરૂપવાન પણ હતોજ તેથી રસ્તે જતાં કેટલાંક લોકો કહેવા લાગ્યા કે- અહો ! શું નસીબવંતો છે ! કેટલો સુખી અને શ્રીમંત છે ! દેવતાઓથી પણ અધિક સુખ ભોગવી રહ્યો છે. સુખ તેને છોડતું નથી.

તો વળી કેટલાંક લોકો બોલતાં કે બાપની ભેગી કરેલી મિલ્કત અક્કમીંની માફક ઉડાવે છે. કમાવું પડે તો ખબર પડે કે કેવી રીતે લક્ષ્મી મળે છે. ધન્ય છે એના પિતાને કે આવી રીતે પુત્રનું ખર્ચાળું જીવન મુંગા મોઢે સહન કરે છે. આવી અનેક પ્રકારની લોકોની વાણી સાંભળી તે મનમાં બિચારે છે કે લોકો મારી નિંદા કરે છે તે

સત્ય છે. ખરેખર સમજવું જોઇએ કે પિતાનું ઉપાર્જન કરેલુ ધન ઉંમરલાયક થયાં પછી પુત્રે ઉડાવવું એ વ્યાજબી નથી. મારા માટે તે શોભતું નથી.

આથી ધર્મદત્ત ઘેર આવી પિતાને કહેવા લાગ્યો કે હે પિતાજી ! હું હવે નાનો નથી ઉંમર લાયક થઇ ગયો છું. પિતાએ ભેગુ કરેલું ધન વાપરવું તેના કરતાં બાહુ બલે મેળવેલું ધન વાપરવું જોઇએ અને તે માટે હું દૂર દૂર દેશાંતર જવાની તીવ્ર ઇચ્છાવાળો છું માટે મને રજા આપો. પિતાએ ખૂબ ખૂબ સમજાવ્યો છતાં ન માન્યું અને હઠ પકડી ત્યારે અનિચ્છાએ પણ મંજૂરી આપી.

દૂર દેશાવર જવા માટે ધર્મદત્ત તૈયારી કરવા લાગ્યો અને સર્વ સરંજામ ભેગો કરવા અનેક લોકોનો સહકાર લીધો. આ જોઇને સુરૂપાએ કહ્યું કે હે સ્વામીનાથ ! હું આપની સાથે જ આવીશ. ધર્મદત્તે તેને ખૂબખૂબ સમજાવી કે તું ઘેર રહે, માતાપિતાની સેવા કરજે. હું ટુંક સમયમાં પાછો આવી જઇશ તું અત્યંત ફુલ જેવી સુકોમળ છે. પરદેશ ખેડવા એ કાંઇ સહેલું નથી પરદેશના માણસો બહુ લુચ્ચા હોય છે અને તું સાવ ભોળી છું માટે આગ્રહ કરીશ નહિ. છતાં સુરૂપા ન માની તો તેના સાસુ સસરાએ ખૂબ ખૂબ સમજાવી પણ માની નહિં, ન છૂટકે અને કદાગ્રહને વશ થઇને ધર્મદત્તને પત્નિને સાથે લેવી પડી અને શુભ શકુન જોઇ દેશાવરનાં પ્રવાસે નીકળી પડયો.

જરૂરી માલ-સામાન, માણસોનો કાફલો અને પત્નિને લઇને દેશાવરના પ્રવાસે નીકળી પડયો શરૂઆતમાં પત્નિને

કારણે મુશ્કેલીઓ તો પડવા લાગી છતાં પ્રવાસ ચાલુ રાખ્યો. આગળ જતાં રસ્તામાં મહાબુદ્ધિશાળી વરરૂચિ નામે બ્રાહ્મણનો ભેટો થયો. સજ્જન માણસ જણાતા તેમની સાથે લીધો, અને વાતચીત કરતાં તેમની મિત્રતા થવાથી પોતાની સાથે રથમાં બેસાડયો.

એક દિવસ ધર્મદત્તે એક વાર્તા પૂછી ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હે ભાઇ ! કથામાં રસ પડયો છે તો મફત ના સાંભળવી જોઇએ. તું તો ધનપતિ છે અને હું ગરીબ બ્રાહ્મણ છું જો તું મને પાંચ સો સોના મહોર આપે તો હું તને ઉત્તમ પ્રકારની ઉપદેશ ભરેલી કથા કહું. ધર્મદત્તે તરતજ પાંચસો સોના મહોરો આપી ત્યારે તે બ્રાહ્મણે ટુંકી કથા કહી- કે પોતાનું હિત ઇચ્છનારે દુર્જનની સોબત (સહવાસ) કરવી નહિં ધર્મદત્તે કહ્યું- બસ ? આટલું જ. બ્રાહ્મણ કહે- આ કથા અત્યંત ઉપકારી છે.

ધર્મદત્તે કહ્યું- અરે ! મને બનાવીને સોનામહોરો પડાવી લીધી.

બ્રાહ્મણ કહે- ભાઈ! આવી સોનાની શિખામણ, પૈસા આપતાં પણ ના મળે. વિશેષ જાણવું હોય તો બીજી હજાર સોનામહોરો આપ. અને સાંભળ.

ધર્મદત્તે એક હજાર સોનામહોરો આપી ત્યારે બ્રાહ્મણે હિતશિખામણ આપી કે હે ભાઈ, બુદ્ધિશાળીએ સ્ત્રીનો કદી વિશ્વાસ કરવો નહિં. મારી બંને શિખામણ કે ઉપદેશ હૃદયમાં રાખીશ તો કદી દુઃખી થઇશ નહિં.

ધર્મદત્તે વિચાર્યું કે ખરેખર આ બ્રાહ્મણ ખૂબજ

લોભી લાગે છે. મને છેતરીને સોનામહોરો લઈ ગયો છે. હવે વધુ છેતરાવું નથી. મારું પૂર્વભવનું દેણું હશે તે ચૂકતે થઇ ગયું માનીશ.

આગળ જતાં શ્રીપુરનગર આવ્યું. નગરની બહાર ડેરાતંબુ નાખી પડાવ કર્યો અને સાથે આવેલા સર્વ માણસોને આરામ કરવા જણાવ્યું. સાથે આવેલ પેલો બ્રાહ્મણ વરરૂચિ આ નગરમાં પોતાનું ઘર હોઇને ત્યાં ચાલ્યો ગયો અને કહેતો ગયો કે તું મારો મિત્ર છે. એટલે સંકટ સમયે મને જરૂર સંભાળજે.

આપણી મિત્રતાની યાદગીરી રૂપે હું તને આ યવો આપું છું તે સ્વીકારી લે. તેમજ જાણી લે કે આ યવો મંત્રોદ્વારા પવિત્ર થયેલાં છે. જેથી વાવીને જલનું સિંચન કરીશ કે તરતજ ઊગી નીકળશે પરંતુ આ વિષે તારે કોઇને પણ વાત કરવી નહિં. બ્રાહ્મણને વિદાય કરી ધર્મદત્તે આ યવો પોતાની પત્નિને મૂકવા આપ્યાં.

ત્યારબાદ નિત્યક્રિયા પતાવી આ શ્રેષ્ઠિપુત્ર ધર્મદત્ત નજરાણું લઇ હર્ષથી રાજદરબારમાં ગયો. છડીદારે રાજવીને જાણ કરી કે હે સ્વામી ! કોઇ પરદેશી શ્રેષ્ઠિ ભેટણું લઇને આપને મળવા માટે બહાર ઉભો છે. રાજાએ દરબારમાં પ્રેમપૂર્વક બોલાવી માન આપ્યું. શ્રેષ્ઠિએ નજરાણાનો થાળ રાજાના પગમાં મૂકયો અને પોતાના આસને બેઠો. બન્ને વચ્ચે સારો એવો વાર્તાલાપ થયો શ્રેષ્ઠિની મીઠી વાણી સાંભળી રાજા બહુ ખુશ થયો અને લાવેલા માલનું દાણ (જકાત) માફ કરી અને કહ્યું કે હે શ્રેષ્ઠિ,

આપ જ્યાં સુધી અમારા નગરમાં રહો. ત્યાંસુધી હંમેશા મારી સભામાં આવજો. તેમજ તેમને રહેવા માટે ત્રણ મજલાનો સુંદર મહેલ કાઢી આપ્યો. રાજા રીઝે તો ઘણું ઘણું આપે છે અને રૂઠે તો બધું જ પડાવી લે છે.

રાજાએ આપેલા મહેલમાં રહી ધર્મદત્ત વેપાર કરવા લાગ્યો રોજની મોટી લેવડદેવડ થતી જોઈ ગંગદત્ત નામના એક દુષ્ટ બ્રાહ્મણે ધર્મદત્ત સાથે મિત્રતા બાંધી. લોકોએ ધર્મદત્તને ચેતવ્યો કે ભાઈ, આ બ્રાહ્મણ મિત્રતા કરવા જેવો નથી છતાં કોઈનું માન્યું નહિં. દિવસે દિવસે તે દુષ્ટ માણસ તેની સાથે ગાઢ મિત્રતા કરવા લાગ્યો. તેના બંગલે આવતો જતો પણ થયો. મહા કપટી ગંગદત્ત સુરૂપાને જોઈ તેના પ્રેમમાં પડયો અને ધર્મદત્તની ગેરહાજરીમાં બંગલે આવવા લાગ્યો અને સુરૂપા સાથે હાસ્ય ક્રીડા વિનોદ વગેરે કરવા લાગ્યો ઘણા લોકોએ ધર્મદત્તને આ બધી વાત કરી પણ તે કોઈની વાત માનતો નહિં, સજ્જનો સર્વને સજ્જન તરીકે જ જુએ છે.

સુરૂપા ગંગદત્ત પ્રત્યે આકર્ષાઈ હતી વળી કામના બોજામાં ધર્મદત્તને સમય પણ મળતો ન હતો તેથી ગંગદત્ત સાથે હસી-ખુશી માનવા લાગી. કપટી ગંગદત્ત ધીરે ધીરે આગળ વધતો ગયો અને સુરૂપા સાથે ભોગ-વિલાસ ભોગવતો થયો સુરૂપાને ખૂબ ગમતું. આ વૃત્તાંત પણ લોક મુખે ધર્મદત્તે સાંભળ્યો છતાં કોઈનુંય સાચું માનતો નહિં. મને મારા મિત્ર પર અને પત્નિ પર વિશ્વાસ છે. લોકોને અમારી મિત્રતા અને સ્નેહ ઉપર ઈર્ષા આવે છે. એટલે

મને ખોટી રીતે ઉશ્કેરણી કરે છે. અમારી મિત્રતા તોડાવવા માટે જ લોકો મને ભંભેરણી કરે છે. હું ગાંડો નથી કે લોકોની વાત સાચી માની લઉં.

એકદા ગંગદત્ત મિત્રની ગેરહાજરીમાં તેને બંગલે આવી તેની સ્ત્રી સુરૂપા સાથે રંગ-રાગ અને મોજ-શોખ કરી રહ્યો હતો. સુરૂપા તો ઉન્મત્ત યૌવન હતી તેને રાજી કરીને ગંગદત્તે પોતાની કરી લીધી હતી તેની સાથે પ્રેમથી વાત કરવા લાગ્યો હે પ્રિયે! જો ધર્મદત્ત આવવાનો ડર ન હોય તો કેવી મઝા પડે? સુખેથી નિર્ભય પણે રંગ-રાગ ઉડાવી શકાય, અને ભોગવિલાસ કરી શકાય પરંતુ જો ધર્મદત્તને મારી નાંખવામાં આવે અગર તો અહીં આવતો રોકી શકાય એવી યોજના શોધી રહ્યો છું.

સુરૂપા કહે- તમારી વાત બરાબર છે. તેમજ કરવું જોઈએ જેથી આપણે મનફાવે તે રીતે ભોગ વિલાસનું સુખ માણી શકીએ. હું તમને સાથ આપવા તૈયાર છું. આપણા માર્ગમા નડતરરૂપ કાંટો કાઢી નાંખવો જોઈએ. પછી તો હું છું અને તમે છો. મનમાન્યા ભોગ ભોગવીશું અને મઝા કરીશું ત્યારબાદ ગંગદત્ત શેઠની સાથે દરરોજ હરવા ફરવા લાગ્યો મીઠી મીઠી વાતો કરી શેઠને ખુશ કરતો જેથી શેઠને તેના પ્રત્યે સહેજ પણ શંકા ન આવે. ધર્મદત્તની સાથે રાજસભામાં પણ જવા લાગ્યો.

એક દિવસ રાજા દરબાર ભરીને બેઠાં હતાં. ધર્મદત્ત અને ગંગદત્ત પણ હાજર હતાં. ત્યારે રાજાએ પૂછ્યું હે ધર્મદત્ત શ્રેષ્ઠિ! તમે તો રહ્યા શાહ સોદાગર-દેશ વિદેશ

ફરનારા-પૃથ્વી ઉપર ફરતાં કોઈ જગાએ કાંઇક આશ્ચર્ય પામીએ એવું કાંઇ જોયું છે? ત્યારે ધર્મદત્ત કહે હે સ્વામી નજરબંધી અને હાથ ચાલાકીના તો ઘણા ખેલ જોયાં એમાં અમને કોઈ આશ્ચર્ય થતું નથી પરંતુ મારી પાસે પલ્લવ સરખાં જવ છે કે જે વાવો-ઉપર પાણીનું સિંચન કરો કે તરત જ ઊગી નીકળે છે. આ વસ્તુ સાચી છે કે નહિં તે જોવાનું રાજાને મન થયું સભાજનોને પણ આશ્ચર્ય થયું. હૈયામાં બળી રહેલી આગના-પ્રભાવથી બળતો. ગંગદત્ત માથું ધુણાવતા બોલી ઊઠયો **'અશકય'** આ 'વાત તદ્દન ખોટ્ટી છે, હું માનવા તૈયાર નથી. આ ધર્મદત્ત આપણને સૌને મૂર્ખ બનાવે છે.

ચાલો, હું આપણા રાજાજીની સાક્ષીએ સર્વ સભાજનોની સાક્ષીએ કહું છું કે જો ધર્મદત્ત બોલ્યા મુજબ સાબિત કરી બતાવે તો તમામ મિલ્કત હું હારી જાઉં અને જો તે ખોટો સાબિત થાય તો તેના ઘરમાંથી મારા બે હાથો વડે પકડીને લઉં તે ચીજ મને આપી દેવી બોલો છે કબુલ? શરતમાં બંને મંજુર થયા.

ધર્ગદત્તે કહ્યું કબુલ, આવતી કાલે સવારે રાજસભામાં હું સૌની સાક્ષીએ કરી બતાવીશ એમ કહી તે બજારમાં ગયો, તે જાણતો હતો કે જવ મારા ઘરમાંજ છે. મારે શા માટે ચિંતા કરવી પડે? એમ સમજી પોતાના ધંધામાં કામે બેસી ગયો. દરમ્યાન પેલો લુચ્ચો લફંગો વિકારી ગંગદત્ત સુરૂપા પાસે પહોંચી ગયો અને પ્રેમપૂર્વક

પેલા યવો માંગ્યા. સુરૂપા ગંગદત્તમાં આસક્ત હતી એટલે નવા યવો મૂકી સાચા યવો ગંગદત્તને આપી દીધાં. રાજ-સભામાં બનેલી તમામ વાત સુરૂપાને કહી સંભળાવી, સુરૂપા રાજી થઇને કહેવા લાગી હે પ્રિય ગંગદત્ત, બે હાથે પકડીને મને જ લઈ જજે. અન્ય ધનમાં મોહ રાખીશ નહિ ત્યારબાદ ગંગદત્ત પોતાને ઘેર ચાલ્યો ગયો.

સાંજે ધર્મદત્તે ઘેર આવી રાજસભામાં બનેલી સર્વ હકીકત સુરૂપાને કહી ત્યારે સુરૂપા હૃદયમાં કપટ રાખતી બોલી ઉઠી, હે સ્વામીનાથ, આ શું કર્યું ? ગંગદત્ત કદાચ મને જ બે હાથે પકડીને લઇ જશે તો તેને કોણ રોકનાર છે ? હું શું કરીશ ? હે પ્રભુ ! હું શા માટે જીવતી રહી ! આવું જોવા ? સ્ત્રી ચરિત્ર પારખવું કઠિન છે.

સુરૂપાનું ધ્યાન ઘરના કોઈ કામમાં નહોતું (માત્ર યારના વિચારોમાં મદોન્મત્ત બની રહ્યું હતું) તે જોઈ ધર્મદત્ત શાંત્વન આપતા બોલ્યો હે પ્રિયે ! તું શા માટે ગભરાય છે ? ગંગદત્ત મારો મિત્ર છે અને તે કદાપિ આવું કાર્ય ના કરે, વિશ્વાસ રાખ. આ સાંભળી ઉપરથી આનંદ બતાવતી અને હૃદયમાં ગંગદત્તના જ વિચારો કરતી ભોગ સુખના સ્વપ્નાઓ જોતી રાત વિતાવવા લાગી. ક્યારે સવાર પડે તેની રાહ જોઇ રહી !

બીજે દિવસે વહેલી સવારે ઊઠી નિત્યક્રિયા પતાવી પત્નિ પાસેથી મૂકવા આપેલા યવો લઈ ધર્મદત્ત રાજદ્વારે પહોંચ્યો. પોતાને વિશ્વાસ હતો કે પોતે સાચો છે એટલે તેના ચહેરા ઉપર આનંદ જણાતો હતો.

ધર્મદત્ત અને ગંગદત્ત રાજસભામાં આવીને બેઠાં. ધર્મદત્ત પોતાના યવો કાઢીને માટી છાંદેલા પૃથ્વીતલ ઉપર યવ વાવીને પાણી સિંચવા લાગ્યો. સૌ સભાજનો એકી નજરે જોઇ રહ્યાં છે. વારંવાર પાણી સિંચવા છતાં યવો ન ઉગ્યા તે ન જ ઉગ્યા તેથી ધર્મદત્તને પરસેવો પરસેવો થઇ ગયો. ગૂઢગંભીર વિચારમાં ડૂબી ગયો.

ગંગદત્ત બોલ્યો—હે મહારાજ ! આ ધર્મદત્ત આપને તથા સભાજનોને ઉલ્લુ બનાવી રહ્યો હતો—આજે ખુલ્લો પડી ગયો છે. અમારી શરતમાં તે હારી ગયો છે અને હું જીતી ગયો છું માટે આપની સાક્ષીમાં જે નિર્ણય કર્યો હતો. તે પ્રમાણે મને રાજન, આપ અપાવો એવી મારી શુભેચ્છા છે.

રાજા કહે—ભાઇ ગંગદત્ત ! ભલે તને આવતી કાલે નક્કી કરી તારી જીતના બદલામાં માંગેલ ચીજ અપાવીશ અને ત્યારબાદ હું ભોજન કરીશ અને તે દરમ્યાન ધર્મ-દત્ત આપમેળે તારી માંગેલ વસ્તુ આપી દે તો પછી કોઈ પ્રશ્ન રહેતો નથી.

રાજસભામાંથી બંન્ને બહાર નીકળ્યાં. ધર્મદત્ત તો ખોટો પડી જવાથી, ગભરાટમાં પડી ગયો હતો તેથી તે બારોબાર વરરૂચિને ત્યાં પહોંચી ગયો. વરરૂચિએ ગભરાટનું કારણ પૂછયું તો ધર્મદત્ત રડતાં રડતાં સર્વ હકીકત કહી સંભળાવી. વરરૂચિ બોલ્યો હે મિત્ર, મારા યવ કદી ખોટાં ન પડે, પરંતુ મને લાગે છે કે તારી પત્નિએ એ યવ જરૂર બદલી નાંખેલા હોવા જોઇએ. તેના ઊંડાણમાં જતાં

મને લાગે છે કે તારી સ્ત્રી વ્યભિચારીણી હોવી જોઇએ. હવે તને યાદ આવે છે મારી એ શિખામણો-દુર્જનનો સંગ કરવો નહિ અને સ્ત્રીમાં વિશ્વાસ રાખવો નહિ જે તું તદ્દન ભૂલી જ ગયો હોય તેમ લાગે છે, તેથી જ આ પરિસ્થિતિ ઊભી થઈ છે. છતાં તું ગભરાઇશ નહિં,

ધર્મદત્ત કહે-હે વરરૂચિજી ! મારી સ્ત્રી અત્યંત પવિત્ર છે. ખરેખર ગંગાજલ જેવી પવિત્ર છે, એ શીલવંતી માટે ગમેતેમ બોલવું એ મને યોગ્ય નથી લાગતું.

વરરૂચિ કહે—હે વત્સ ! સજ્જનોએ જેનું નામ પણ લેવા જેવું નથી એવો નાલાયક તારો મિત્ર ગંગદત્ત છે. અને ઉપરથી જુઠો પ્રેમ બતાવનારી તારી સ્ત્રી કુલટા છે. પાપીણી છે. તું બહુ ભલો છે, તું સ્ત્રી ચરિત્ર જાણતો નથી. હું જ તને તારી પત્નિનું ચરિત્ર દેખાડીશ ત્યારે તું સાચું માનીશ.

વરરૂચિએ સમજાવ્યું કે રાજા ન્યાય કરવા કાલે સવારે તારા ઘેર આવશે તે પહેલાં થોડીવારે તારી પત્નિને કાંઇક ચીજ લાવવાના બહાને માળીયા ઉપર ચડાવજે તેણી ઉપર ચડી જાય કે તરત જ નીસરણી લઇને બાજુ ઉપર મૂકી દેજે. અને તારી સ્ત્રીને માળીયામાં રહેવા દેજે. ગમે તેટલી વિનંતિ કરે પણ રાજાજી ન્યાય કરે તે પહેલાં નીચે ઉતરે નહિ તે ધ્યાન રાખજે.

બીજે દિવસે ગંગદત્તે રાજાને વિનંતિ કરી કે હે નાથ ! આપ સાક્ષી છો છતાં મને શરત પ્રમાણે મળ્યું નથી. ધર્મદત્ત મારો મિત્ર હોઇ તેની પાસે હું માંગી

શકતો નથી માટે આપ અપાવો તો મળે. એવામાં ધર્મદત્તે આવી વિનયપૂર્વક પ્રણામ કરી કહ્યુ હે સ્વામી ! મારા જેવા ગરીબનું ઘર પવિત્ર કરો અને ગંગદત્તને તેની જોઇતી ચીજ અપાવી મને આભારી કરો !

રાજા—સભાજનો અને નગરજનો કૌતુકથી ધર્મદત્તને ઘેર ગયાં. રાજાજી પધારે છે એટલે ધર્મદત્ત સૌથી પ્રથમ દોડતો તૈયારી કરવા ઘેર ગયો. રાજા માટે આસનો બિછાવ્યાં અને સુરૂપાને કહ્યું કે માળીયામાંથી આ સિંહાસન ઊતારી દે. સુરૂપાના હૈયામાં તો આનંદ છે કે આજે ગંગદત્ત મને સ્વીકારશે. પતિના હુકમ મુજબ સિંહાસન લેવા સુરૂપા ઉપર ચઢી કે તરત જ ધર્મદત્તે તે નિસરણી ઊઠાવીને દૂર મૂકી દીધી.

સુરૂપા નીચે આવવા માટે પતિને કહે છે કે મજાક શા માટે કરો છો ! છેલ્લે કકળાટ કરવા લાગી છતાં ધર્મદત્તને કોઇજ અસર થઈ નહિ એટલે નિરાશ થઇને બેસી ગઇ.

એટલામાં જ રાજા તથા નગરજનો આવી પહોંચ્યા. ધર્મદત્તે સ્વાગત કર્યું બધાં અંદર આવવા લાગ્યા. રાજાની સાથે સાથે બુદ્ધિશાળી મહાવિદ્વાન એવા વરરૂચિ પણ હાજર હતાં. ત્યારે ધર્મદત્ત બોલ્યો–હે મિત્ર ગંગદત્ત ! જે વસ્તુ તને ગમે તે બે હાથે પકડીને લઈ જા,

ગંગદત્તને તો સુરૂપા જોઈતી હતી પરંતુ તે ક્યાંય દેખાતી ન હતી તેથી ચારે બાજુ ફાંફા મારવા લાગ્યો પણ પોતાની પ્રાણપ્રિયા સુરૂપા ક્યાંય દેખાતી ન હતી. ઉપર

મજલા ઉપર બેઠી બેઠી સુરૂપા આ સઘળું જોઇ રહી હતી ગંગદત્તની મુંઝવણ તે સમજી ગઈ એટલે ખોટી ખોટી ઉધરસ ખાવા લાગી. આથી ગંગદતની નજર તેણી તરફ પડી. સુરૂપાને નીચે લઇ આવવા બાજુમાં પડેલી નિસરણી બે હાથે પકડી તેને યોગ્ય જગાએ મૂકવા જાય છે કે તરત જ વરરૂચિના સમજાવ્યા મુજબ શ્રેષ્ઠિ બોલી ઊઠયો. બસ ઊભા રહો આ નીસરણીને તે તારા બે હાથો વડે પકડી છે હવે છોડીશ નહિ. અહીં તારુ માગણું પુરૂં થઇ જાય છે. રાજાજી અને સભાજનો પણ અહીં હાજર જ છે.

ધર્મદત્ત બોલ્યો હે સભાજનો ! નગરજનો ! સાંભળો મારે ત્યાં અહીં સુવર્ણની પેટીઓ છે. રત્નોના ભંડાર છે અને એવું એવું બીજું ઘણું છે પરંતુ મારા આ મિત્રની નજર તો ફક્ત આ નીસરણીમાં જ પડેલી હોઇ બે હાથે પકડી છે તો હું રાજીખુશીથી તેને લઇ જવાની રજા આપું છું. આ શબ્દોના સાક્ષી રાજાજી પણ છે.

નગરજનો સૌ રાજી રાજી થઇ ગયા. અને બોલી ઊઠયા કે એનેજ લાયક છે તમારી વાત તદ્દન વ્યાજબી છે આમ કહી સૌ તે લફંગાની મશ્કરી કરવા લાગ્યા. અને ખરેખર એ હાંસીને લાયક જ હતો.

ત્યારબાદ ધર્મદતે રાજાજી સમક્ષ તેનો (ગંગદતનો) દુષ્ટ ઇરાદો જાહેર કર્યો. વિષય લંપટ અને દુરાચારી ગંગદત્તની બીજી અનેક વાતો જાહેર થઈ આથી રાજાએ ગુસ્સે થઇને ગંગદત્તને દેશનિકાલ કર્યો. સુરૂપાને નીચે ઉતારી તેનું

નાક કાપી કાઢી મૂકી અંતે કર્મતણી ગતિ ન્યારી એ ન્યાયે સુરૂપા મરીને દુર્ગતિમાં પહોંચી ગઇ,

સ્ત્રીનું ચરિત્ર જાણીને સ્ત્રીથી ઉત્પન્ન થયેલ દુઃખમય પરિસ્થિતિમાં મુઝવણ અનુભવતા ધર્મદત્તને વરરૂચિએ કહ્યું કે હે મિત્ર ! સોનામહોરો લઈને તને શીખામણ આપી હતી. જેની તને કોઇ કિંમત ન હતી પરંતુ આજે તું બન્નેથી ઠગાયો ત્યારે સમજ પડી કે નીચ અને દુર્ગુણી માણસની સોબતથી સજ્જન માણસને પણ પસ્તાવું પડે છે.

ચારિત્ર્યવિનાની સ્ત્રીના સંગથી મહાપુરૂષો પણ કલા રહિત થાય છે જો તેવી સ્ત્રીઓને તજવામાં ન આવે તો તે અનેક અનર્થો સર્જનારી થાય છે. એવી સ્ત્રી એ પાપોનું મૂળ છે. સ્ત્રીનું સર્જન કરનાર સર્જનહાર ખુદ પણ સ્ત્રી હૃદયને પામી શક્યા નથી સ્ત્રીઓને તજીદેનાર સાધુ મુનિ-રાજને ધન્ય છે.

આવીરીતે વરરૂચિના સોનેરી વચનો સાંભળીને ધર્મ-દત્તના હૈયામા વૈરાગ્યની ભાવના જાગૃત થઇ સંસાર પ્રત્યે તિરસ્કાર અને નફરત જાગ્યાં અને તેથી કંટાળીને પોતાની સર્વ સંપતિ સાતે ક્ષેત્રોમાં વાપરી નાંખી સંસારરૂપી પિંજરને ભાંગીને ભૂકકો કરી નાખ્યો અને ત્યાંથી છૂટીને પૂ. સુમતિ વિજય નામના ગુરૂની પાસે દિક્ષા ગ્રહણ કરી. અગિયાર અંગોનો ઉત્તમોત્તમ અભ્યાસ કર્યો. અને ત્યારબાદ પૃથ્વી ઉપર એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતા પોતાની જન્મભૂમિ વારાણસી નગરમાં આવ્યાં.

મુનિના દર્શનાર્થે હજારો ભાવિકો આવ્યાં. તેમને પ્રતિ

બોધ કરવા મુનિરાજે એક વ્યાખ્યાન આપ્યું. હે મહાનુભાવો આ સંસાર અસાર છે. કોઇ કોઇનું કોઈ નથી. જેવું કરશો તેવું જ પામશો ધનદોલત અને મહેલાતો બધું જ અહીં મૂકીને એક દિવસ ખાલી હાથે ચાલ્યા જવાનું છે. જવાનું નક્કી છે તો જે સાથે આવે તેવું છે તેને માટે વિચારતા નથી અને જે સાથે આવવાનું નથી એને માટે તરખાટ મચાવી રહ્યા છો ભગવાન મહાવીરના અનુયાયીઓને આ શોભે છે ખરૂં ? આમ ઉપદેશ દ્વારા જૈન ધર્મનું સામ્રાજ્ય વિસ્તારવા લાગ્યા.

ઘણા સમયથી પુત્ર અને પુત્રવધુના વિયોગથી ઝુરતા યશોધર શેઠ અને મનોરમા શેઠાણી મુનિને વંદન કરવા આવ્યા. માતાપિતાએ પુત્રને ઓળખ્યો નહિ પણ પુત્રે તેમને ઓળખી લીધા. મુનિએ ઓળખાણ આપ્યા વિનાજ પૂછયું હે શેઠજી ! આપ આટલા બધાં દુઃખી કેમ છો ? શેઠે પોતાની બધી જ વાત કહી સંભળાવી. મુનિ કહે છે કે હે મહાનુભાવ ! સંસારમાં મિથ્યા મોહ રાખીને બેઠાં છો. કોનો પુત્ર અને કોના પિતા ! સંસારમાં કોઇ કોઇનું કોઈ નથી. પૂર્વજન્મના કોઇ ઋણાનુબંધી કર્મે પિતા–પુત્ર, માતા–પુત્રી કે ભાઇ–બહેન રૂપે સંસારમાં જન્મ પામે છે. મરી ગયા પછી કોણ કયાં જાય છે તેની ખબર પણ પડતી નથી માટે ખોટો મોહ છોડી ને જિનેશ્વર દેવની સેવા કરો. ધર્મધ્યાન યથા શક્તિ કરો અને જીવતર સાર્થક કરો.

આટલું સમજાવતાં છતાં તમારૂ મન પુત્ર પ્રત્યે પાગલ બનતુ હોય તો પછી મનેજ તમારો પુત્ર ધર્મદત્ત માની

લો આ સાંભળી બારીકાઇથી નિરીક્ષણ કરતા સમજાયું કે આ મુનિરાજ જ મારા પુત્ર છે અને તે જાણીને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યાં. મુનિએ શાન્ત્વન આપ્યું અને સમજાવ્યું કે હવે તમારી આ ઉંમરે મોહ કરવા જેવું નથી હવે તો ધર્મપ્રત્યે મોહ કરવો જરૂરી છે. ધન નાશ પામે છે. સ્ત્રીઓ દુઃખનું કારણ છે. ભોગો રોગના ઘર છે અને કુટુંબ પણ સ્વાર્થથી ભરેલું છે માટે તે છોડી ધર્મના માર્ગે આગળ વધો.

જુઓ આ હું તમારો પુત્ર છું દૂર દેશથી ત્રણ રત્નો સાથે સંયમી બનીને આવેલો છું. તો શું તમોને હર્ષ થતો નથી ! આમ પૂબજ સમજ આપી મનને હળવું કર્યું. મુનિની વાણી સાંભળીને વૈરાગ્ય પ્રાપ્ત થયો અને માતાપિતાએ બન્નેએ દિક્ષા ગ્રહણ કરી. ઉપકારી વરરુચિની હિતશિક્ષાના પ્રભાવે સંસારી મટી યોગી બનવા માટે સંસાર ત્યાગી સંયમી બન્યો.

ઉત્તમ ચારિત્ર્ય પાળી કર્મોને ખપાવી મોક્ષ પામ્યા. આ છે દુરાચારી સ્ત્રીનું વૃત્તાંત માટેજ બુદ્ધિવાન માનવીઓ કન્યાની પરીક્ષા કર્યા વિના પસંદગી કરતાં નથી.

o

**છોડવા જેવો સંસાર’—મેળવવા જેવો મોક્ષ’**

- o ધર્મ, દરિદ્રતા, સંતાપ આદિ દુઃખોને હરનાર છે.
- o ધર્મ વડે જગતનાં સુખો પ્રાપ્ત થાય છે.
- o ધર્મ વડે માનવી મહાન ગણાયો છે.
- o ધર્મ વડે જગત ટક્યું છે.

## ૫. ધર્મ ભૂલેલી સુભદ્રાને શિક્ષા

સુરેન્દ્રદત્તે કહેલું વૃત્તાંત સૌએ સાંભળ્યું અને પછી તે બોલ્યો. બુદ્ધિશાળી અને સમજુ માણસો પરીક્ષા કર્યા વિના આ કાર્યમાં આગળ વધતાં નથી. જેથી કરીને પાછળથી પસ્તાવું ન પડે. હવે મારી બાબતમાં કહું કે જે કન્યા મારા ચાર પ્રશ્નોનો જવાબ આપી શકશે તેની સાથે જ હું લગ્ન કરીશ.

મારા પ્રશ્નો નીચે મુજબ છે (૧) નિશ્ચયથી સ્નેહી કોણ ? (૨) નિરંતર પ્રકાશ કયો ? (૩) સર્વોત્તમ લાભ કયો અને (૪) અવિનશ્વર રૂપ કયું ?

સમુદ્રદત્ત પુત્રને સમજાવે છે કે બેટા ! તું ખોટી જીદ મૂકી છે. આવા કામમાં વિલંબ કરવાથી પરિણામ સારું આવતું નથી. સાગર શેઠ સમાન માણસ, સુભદ્રા જેવી વ્યવહાર કુશળ અને વિદ્વાન કન્યા અને આવા સ્વજનો સામેથી આવી મળે છે એ તારું ભાગ્ય છે. ફરી ફરીને આવો સુવર્ણ અવસર નહિ આવે, મારું કહ્યું માનીજા.

સુરેન્દ્રદત્ત કહે હે પિતાજી ! મારો નિર્ણય અફર છે મારા સવાલનો જવાબ મળશે ત્યારે જ અને તે કન્યા સાથે જ હું લગ્ન કરીશ. ખોટી ચિંતા કરવાનું છોડી દો. સર્જનહારે મને ઘડયો છે તો તેની સાથે તેની પત્નિ બને એવું પાત્ર પણ જરૂર ઘડયું હશે.

મન ફાવે તેમ બોલવું, મન ફાવે તે ખાવું પીવું,

મનફાવે ત્યાં બેસવું ઊઠવું એ બધું બાળકને શોભે પરંતુ યુવાન માણસને શોભે નહિં. મારું હિત હું બરાબર સમજી શકું છું માટે આપે જરાપણ ચિંતા કરવી નહિં. બળાત્કારે કે કમને કરાવેલ વિવાહનું પરીણામ સારું આવતું નથી. આવું સાંભળી સાગર શેઠ તરફથી જણાવેલ માણસો એમની મેળેજ પાછા ચાલ્યા ગયાં અને શેઠજીને બધી વાત કહી. તેના પ્રશ્નો પણ કહ્યાં.

તે વખતે બારણાની પાછળ છુપી રીતે સુભદ્રા સાંભળવા માટે ઊભી હતી તેણે આ પ્રશ્નો સાંભળ્યાં સખીઓ પાસે જઇને બોલી ઊઠી કે પહેલેથી જ જાણતી હતી કે આવું બનશે અને તે સાચું પડ્યું હવે હું શું કરું ? એમ બોલતી રડવા લાગી. તેના પુણ્યયોગે એ સમયે જૈન મંદિરની અધિષ્ઠાયક દેવીઓની આકાશવાણી થઈ. કે બેટા ! તું સહેજ પણ ચિંતા ન કરીશ. અમે તારી પડખે ઊભા છીએ અમે માર્ગ કાઢી આપીશું.

આ સાંભળી સુભદ્રા આનંદમાં આવી ગઈ અને દેવનો ઉપકાર માનવા લાગી. હે દેવ ! તમારો ઉપકાર હું કદી ભૂલીશ નહિં. અને તરતજ દેવોએ તેને શિખવી રાખ્યો હોય તેમ સુરેન્દ્રદત્તના પ્રશ્નોના જવાબરૂપે શ્લોક બોલી ઊઠી.

નિશ્ચલસ્નેહલો ધર્મ : શ્ચિત્પ્રકાશ : નિરંતર :
વિદ્યા સર્વોત્તમો લાભ : શીલં રૂપમવિશ્નસં ’

અહો ! નિશ્ચલ સ્નેહવાળો તો ધર્મજ છે. નિરંતર પ્રકાશ આપનારું તો જ્ઞાન જ છે. સર્વોત્તમ લાભ તો વિદ્યાજ છે અને અવિનશ્વર રૂપ તો શીલ જ છે.

આમ વારંવાર બોલતી બોલતી આનંદથી કૂદવા લાગી પછી તે શ્લોક લખીને સુભદ્રાએ પોતાની સહેલી મારફતે પોતાના પિતાજીને મોકલ્યો. સાગર શેઠ તો બહુ ખુશ થઈ ગયાં અને તેમણે તે સમુદ્રદત્ત શેઠને મોકલ્યો પિતા પાસે બેઠેલા સુરેન્દ્રદત્તે આ શ્લોક વાંચ્યો અને રાજી રાજી થઇ ગયો.

સુરેન્દ્રદત્ત વિચારે છે કે અહો! આ કન્યા ખરેખર બહુ બુદ્ધિશાળી હોવી જોઇએ. તેના જવાબો અને તે પણ શ્લોક દ્વારા જાણીને સહુકોઇને આનંદ થાય તેમ છે. સુભદ્રા સમજુ અને શાણી હોવી જોઇએ. ગુણોનો ભંડાર લાગે છે આવી કન્યાને મેળવી હું મારી જાતને ભાગ્યવાન માનું છું. અને તરતજ તેણે પોતાના પિતાને વિવાહની સંમતિ આપી દીધી. પિતા પણ ખુશ થયાં અને તેની જાણ સાગર શેઠને કરવામાં આવી સર્વત્ર આનંદ મંગલ વર્તાઈ રહ્યો. સુભદ્રા પણ પોતાના મનોરથો સિદ્ધ થવાથી આનંદ પામી

કંકાવટીમાં કંકુ ઘોળાયા અને બંન્ને ઘેર સ્ત્રીઓ વિવાહના મંગલ ગીતો ગાવા લાગી. અને નજીકના દિવસોમાં લગ્ન લેવાયા. ખૂબજ ધામધુમથી વાજતે ગાજતે લગ્ન થયાં. સાગરશેઠ અને મનોરમા શેઠાણીએ ખૂબ મોટો કરિયાવર કર્યો અને અઢળક ધન આપ્યુ' અનો ઉત્તમ પત્નિ મળવાથી સુરેન્દ્રદત્ત પોતાની જાતને જગતમાં સર્વથી શ્રેષ્ઠ માનવા લાગ્યો અનો દેવોના કરતાં સવિશેષ પ્રકારના સુખ ભોગવવા લાગ્યો, બંન્નો વિદ્વાન હતા. પરસ્પર પ્રિતી વાળા હતાં એટલે તેમના આનંદની અવધિ નહોતી.

લગ્ન પછી પરસ્પર પ્રેમ–ક્રીડા આનંદ વિનોદ અને મોજમજાહ કરવામાં સુખના દિવસો વહી રહ્યા અને લગ્ન જીવનનો આનંદ માણવામાં મશગુલ બની એક બીજામાં તન્મય બની ગયાં. સુભદ્રા પતિના પ્રેમરૂપી મહાસાગરમાં ડૂબી ગઇ હતી. તેણી કુંવારીકા હતી ત્યારે જિન મંદિરમાં જિનેશ્વરદેવની સાક્ષીએ જે નિયમ લીધો હતો તે પણ ભૂલી ગઈ. એ છે મોહદશાનું એ સામ્રાજ્ય.

સંસારમાં એવું જ બને સુખમાં સાંભળે સોની અને દુઃખમાં સાંભળે ભગવાન. સંસારસુખના મોહમાં પડેલ માનવીને બીજું કશું જ યાદ આવતું નથી. અરે પોતાના જ ઘરમાં રહેલી જિનેશ્વર દેવની પ્રતિમાના દર્શન કરવાનું પણ યાદ રહેતું નથી. અહો ! ભોગલોલુપ જીવોની કેવી અવદશા! **ભોગ એ રોગનું ઘર છે.** ભોગના સુખો ભોગવનારની તૃષ્ણા કદીયે છીપાતી નથી પરંતુ સંચય કરેલા પુણ્યનો નાશ થાય છે એવું સમજાવનારને અહીં સાંભળનાર નથી.

બીજી બાજુ સમુદ્રદત્ત શેઠ વિચારે છે–અહો ! બાલપણ ગયું–યુવાની ગઇ અને ઘડપણ આવી પહોંચ્યું છે. જીવનમાં ખૂબ લક્ષ્મી કમાયો. વાપરી અને પુત્ર માટે રાખી. હવે જીવનમાં ધર્મ કરવાનો સમય આવી પહોંચ્યો છે. જીંદગીનો કોઇ ભરોસો નથી યમરાજાનું તેડું કયારે આવશે તેની કોઈને ખબર નથી. થોડા દિવસની મુસાફરીએ જનાર માનવી તેની તૈયારી કરે છે અને ભાતું પણ સાથે લઇ જાય છે. જ્યારે પરલોકની લાંબી અને કાયમી મુસાફરીએ

જનાર માનવીએ ધર્મ રૂપી ભાતું બાંધી લેવું' જ જોઇએ.

હાટ હવેલી હેમ હીરા, અહીં બધું એ રહી જશે.
કાચી કાયા કુંપળ જેવી, પલકમાં પલટાઇ જશે.
ધર્મહીન ઓ જીવડા, પરલોક જાતાં શું થશે.
તાતને વળી માતભ્રાતા, કુટુંબ સહુ અહીં રહી જશે,

સામાન્ય શત્રુના ભયથી માણસ સુખે ઊંઘી શક્તો પણ નથી જ્યારે મૃત્યુરૂપી મહાન શત્રુ સામે ઊભો હોવા છતાં મુઢ માણસો નિશ્ચિંત બની બેઠા છે.

સુખ–વૈભવ–ધન–કંચન અને કામીની, કુટુંબ અને પરિવાર બધું છોડીને એક દિવસ પરલોક જવાનું જ છે નામ તેનો નાશ અવશ્ય છે જ. તો સંસારનો મોહ રાખી ગમારની માફક સંસારમાં પડયા રહેવું મને શોભતું નથી.

પુત્ર મોટો થઈ ગયો છે. લગ્નપણ કરી આપ્યાં છે. સંસારનો બધો જ ભાર ઉપાડવાને સમર્થ છે. માટે હવે આ તમામ વસ્તુ તેને સોંપી નિવૃત્તિ લઇ. અરિહંત ભગવાનના મોક્ષમાર્ગની સીડી સમી દિક્ષા લઈ આત્માનું કલ્યાણ કરીશ.

જૈન કુલમાં જન્મેલાને તક મળતાં સંયમ લીધા સિવાય રહે જ નહિં, સંયમ લીધા સિવાય પરલોક જવામાં મનમાને નહિં.' કમ્મેશૂરા એ ધમ્મેશૂરા' બને, તે માટે ગાઢ પુરુષાર્થ પણ અરિહંતના માર્ગને અનુસરીને કરે છે.

થોડા સમય પછી પુત્રને પોતાના મનની વાત સમજાવી વ્યાપારનો કારોબાર અને ઘરની જવાબદારી પુત્રને

અર્પણ કરી ભાગવતી દિક્ષા અંગીકાર કરી. અનેક પ્રકારની આકરી તપશ્ચર્યા આત્મ સાધના સાધતાં સમાધિપૂર્વક મૃત્યુ પામી ઈન્દ્રલોકમાં ગયા.

સુરેન્દ્રદત્તની સાથે અભ્યાસ કરનાર રાજપુત્ર અમિત્રદમન પિતાના મૃત્યુ બાદ રાજગાદીએ આવ્યો અને સારી રીતે રાજ્ય ચલાવતો હતો. પોતાની પ્રતિજ્ઞા તે ભૂલ્યો ન હતો તેથી તરત જ સુરેન્દ્રદત્તને બોલાવી ખૂબજ માનથી ઠાઠમાઠથી નગરશેઠની પદવી આપી. રાજાની અનહદ કૃપા હોવા છતાં સુરેન્દ્રદત્ત કોઈને પણ અન્યાય કરતો નહિં.

આ બાજુ પતિના અત્યંત પ્રેમને પાત્ર બનેલી સુભદ્રા તો ભોગ—વિલાસ અને આનંદ-વિનોદમાંજ દિવસો ગુજારે છે ધર્મ-કાર્ય પણ યાદ આવતાં નથી. એક દેવી જેવું મંગલમય જીવન ગુજારે છે. સુખ સાહ્યબીનો કોઈ પાર નથી અને હવે તો નગરશેઠની પત્નિ બની. માન—મરતબો અને મોભો વધી ગયાં પછી ધર્મ ક્યાંથી યાદ આવે!

ખરે વખતે મદદ કરનારા પેલા જિન મંદિરના વ્યંતર દેવો વિચારે છે કે અહો! આ સુભદ્રા! કેવી સ્વાર્થી નીવડી? આપણને કે નિયમને યાદ કરતી જ નથી જિનેશ્વરદેવની કૃપાથી તેણીનું કામ બની ગયું. હવે ભોગ—વિલાસમાં પડી ગઈ છે. જાણે નવો જન્મ લઇ ને સુખમાં પડી હોય તેમ તે પોતાનું વચન ભૂલી ગઇ છે. જિનેશ્વર દેવની પૂજાસેવા કરવાનું તો ઠીક પણ દર્શન કે નમસ્કાર પણ કરતી નથી. કેટલી કપટી! કેવી સ્વાર્થી! આપણે પુત્રી સમજીને તેને મદદ કરી જેથી આ લગ્ન થઇ શક્યા પરંતુ

હવે પ્રમાદી થઇ ગઇ છે તો કાંઇક શિક્ષા કરવી જ જોઇએ એ સિવાય એની શાન ઠેકાણે નહિં આવે. આમ વિચારી સર્વેએ ભેગાં મલી તેણી ગર્ભધારણ ન કરી શકે તેમ કર્યું.

દુનિયામાં કોઈ એવી ચીજ નહોતી કે જે સુભદ્રાના ઘરમાં ન હોય. માત્ર એક બાળકની જ ખોટ હતી. લગ્નકાળને ઘણો સમય વિતવાં છતાં આ ખોટ પૂરાતી નહિં. તેની તેના મનમાં સતત ચિંતા હતી.

એક દિવસ વહેલી સવારે એક બાઇ શેરીમાં કચરો વાળી રહી હતી તે સુભદ્રાની નજરે પડી. તે બાઈના ખભે એક બાળક, કેડમાં બીજું બાળક અને આંગળીએ ત્રીજું બાળક જોઈ તેણી મનમાં બબડવા લાગી. અહો ! જેને જોઇએ છે તેને ત્યાં નથી અને નથી જોઈતાં એને ત્યાં ઢગલાં છે. હે વિધિ ! આમ કેમ ? ખાવાનું છે ત્યાં ખાનાર નથી અને ખાવા નથી ત્યાં ઢગલાં છે ? હે વિધિ, તારે ત્યાં ન્યાય છે ખરો ? મને એક ફળ આપતાં તને શું થાય છે ? મેં તારું શું બગાડયું છે ?

જલ વગરનું સરોવર નથી શોભતું, ધજા વિનાનું મંદિર નથી શોભતું, સિપાઈ વગરનું સૈન્ય નથી શોભતું, ન્યાય વગરનો રાજા નથી શોભતો, ચંદ્ર વિનાની રાત્રિ નથી શોભતી, આંખો વગરનું મુખ નથી શોભતું, હાર વગર વૃક્ષ-સ્થળ નથી શોભતું તેવી રીતે પુત્ર વિના મારૂં ઘર પણ નથી શોભતું.

એવા વિચારોમાં બળી રહી હતી. ઉના ઉના નિશ્વાસો નાંખતી અંતરમાં સળગતી ચિંતાની ચિતામાં બેઠી હતી.

એવામાં રાજસભામાંથી ઘેર આવેલ શેઠે તેણીને ઉદાસ જોઈ તેથી તેઓ પણ દુઃખી થતાં બોલ્યા. હે પ્રિયે ! આજે તું કેમ આટલી બધી ચિંતામાં છે ? શું થયું છે તને ? રોજ આનંદમાં મગ્ન થઇ હસતી રમતી હતી અને આજે એકા એક તને શું થઈ ગયુ છે ? તું બોલતી ચાલતી કેમ નથી ?

જે હોય તે મને કહે. જેથી મને કંઈક સમજ પડે. મને જણાવી તારું હૈયું હળવું કર. અને મને તારા દુઃખમાં ભાગીદાર બનાવ. એટલે સુભદ્રા એકદમ રડી પડી. અને બોલી કે આપને શું ! રાજદરબારમાં બેસો, બજારે બેસો અને આનંદમાં રહો. દુઃખ તો અમારા શિરેજ લખાયેલું છે. પરભવમાં પાપ કર્યા હશે એટલે ભોગવવું જ પડેને ? મારા દુઃખનો ઉપાય દેવો પણ કરી શક્તાં નથી તો તમને કહીને શા માટે દુઃખી કરું ? તેમ છતાં પતિના અતિઆ-ગ્રહથી કહ્યું કે ઉંમર વધતી જાય છે છતાં મારે ખોળે બાળ નથી ! બધાં જ સુખો છે. છતાં બાળક વગર બધું જ નકામું છે !

શ્રુતમાં પણ કહ્યું છે કે પુત્ર વગરના માણસનો આ ભવ તો નકામો જાય છે પણ પરભવ પણ કલ્યાણ કારી થતો નથી. એટલે પુત્ર વિના આપણાં બંન્નેનું જીવન નકામું છે. ગમે તેટલું ધન ભેગું કરો પણ આપણી પાછળ વાપર-નાર કોણ છે ? આપણી અનિચ્છા છતાં બીજાઓ ભોગવશે.

આપણા લગ્ન થયા ને ઘણો સમય થઈ ગયો છતાં મારી ગોદ ખાલી રહી છે. તેનું મને બહુ દુઃખ છે. હવે મને સંસારના કોઈ સુખમાં રસ રહ્યો નથી. મને કાંઇજ ગમતું નથી.

સુભદ્રાની આવી હૈયાવરાળ સાંભળી શેઠ પોતે મનમાં ખૂબ દુઃખી થયાં છતાં તેણીને હિંમત આપવા બોલ્યો. હે પ્રિયે ! તારી વાત તદ્દન ખરી છે. તારા હૃદયનો સંતાપ હું સમજી શકું છું. પરંતુ જે કાર્ય ભાગ્યાધીન છે તેમાં મનુષ્ય શું કરી શકે ? તેમ છતાં મારાથી બનતા તમામ પ્રયાસ કરીશ. તું કોઇ ચિંતા ન કરીશ હું મંત્રતંત્ર વગેરે તમામ પ્રયત્ન કરી ઇચ્છિત તને જરૂર મળી રહેશે. ત્યાર-બાદ શેઠે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા. મંત્ર–તંત્ર અને દોરા–ધાગાના ઉપાયો કર્યા. પત્થર એટલા દેવ કર્યા પણ કોઇ ઈલાજ કામમાં આવ્યો નહિં.

એવામાં યુગંધર નામના એક મહાજ્ઞાની મુનિરાજની વિહાર કરતા કરતા તે નગરમાં પધરામણી થઈ. થોકે થોક લોકો મુનિને વંદન કરવા જતાં જોઇને સુરેન્દ્રદત્ત અને સુભદ્રા પણ ગયાં–ત્યાં જઇને ત્રિકાળજ્ઞાની એવા મુનિરાજને હર્ષપૂર્વક વંદન કર્યા અને તેમની અમૃતઝરતી વાણી સાંભળવા બેઠાં.

મુનિરાજ કહે — હે મહાનુભાવો ! અનેક ભવમાં ભમતાં ભમતાં આ મનુષ્યભવ મહામુલો તમને મળ્યો છે. જે દેવોને પણ દુર્લભ છે. આવો અમુલ્ય જન્મ મળ્યા પછી જે ધર્મની આરાધના કરતો નથી, તે મહામૂર્ખ છે. હાથમાં આવેલ રત્ન ગુમાવનાર મુઢગમાર છે. તેનું જીવન વ્યર્થ છે. ધર્મરૂપી રસનું પાન કરનારને સર્વકાર્યમાં સિદ્ધિ મળે છે. કલ્પવૃક્ષ સમો આ જૈનધર્મ છે. તેનું મૂળ સમ્ય-કત્વ છે. દયા એ થડ છે. દાન વગેરે રૂપી ડાળીઓ છે.

સંપદા રૂપી પાંદડા છે. કીર્તિ રૂપી ફુલ છે. અને મોક્ષ એ ફળ છે. અજ્ઞાનના અંધારામાં પડેલાં જીવો આ વૃક્ષને જાણવા છતાં દૂર રહે છે. તેઓ મહામૂર્ખ છે.

મૂળ વાત છે મનની...મનને તમે કાયાની જે ક્રિયામાં એકાગ્ર બનાવી દેશોએ ક્રિયાની તાકાત વધી જશે....પછી તે ક્રિયા ધર્મની હોય કે પાપની હોય !.... ધર્મક્રિયામાં એકાકાર બની ગયેલું મન સદગતિઓની પરંપરા સર્જી દેશે ? જ્યારે પાપક્રિયામાં તદાકાર બની ગયેલું મન જાલિમ દુર્ગતિઓ લમણે ઝીંકશે !

પેલા કવિએ ગાયેલી એક કડી યાદ આવે છે....

નામ ચોખો રૂપ ચોકખુ ઉજ્જવળ એનું રૂપ
કંકૂ સાથે મેળ કરીને કંઇક નમાવ્યા ભૂપ
મગની સાથે મેળ કરીને ચોખો થયો બદનામ
રંગ ખોયો, રૂપ ખોયું, લોકે પાડ્યું ખીચડી નામ...

ચોખાના દાણાઓ કંકૂમાં ભળે તો કેટલાય રાજા મહારાજાઓને નમાવી દે...પણ એ જ ચોખાના દાણાઓ જો મગની સાથે ભળે તો પોતાના રૂપ-રંગ તમામને ખોઈ બેસે....અને લોકો તેને ખીચડી કહીને વગોવે....

બસ આ જ વાત લાગુ પડે છે મનને માટે....કંકૂ જેવી ધર્મક્રિયાઓ સાથે જો મન ભળે તો અનેક આત્માઓને પૂજ્ય એવા સિદ્ધ પદને તે પામી જાય છે અને જો મગના દાણાઓ જેવી પાપક્રિયાઓ સાથે આ મન ભળે તો તે બદનામ થયા વિના નથી રહેતું ! માત્ર મનને માટે

જ નહિ, મળેલી તમામ સામગ્રીઓ માટેનો આ અફર કાયદો છે. તમે એ સામગ્રીઓને કંઇ બાજુવાળો છો તેના આધારે એ સામગ્રીઓની તારકતામારકતાનો નિર્ણય થઇ જશે !

શાસ્ત્રકારો કહે છે ને કે 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા, આશ્રવના તમામ સ્થાનો સંવરના બની શકે છે તેમ સંવરના તમામ સ્થાનો આશ્રવના બની શકે છે...

ગરમાગરમ ચાની તપેલીનું ઢાંકણું ખૂલી જતા એ તપેલીને ઢાંકવા માટે મહેનત તો ધર્મી અને અધર્મી બન્ને કરે છતાં એ બન્નેના કર્મબંધનમાં ભારે તફાવત !... ધર્માત્મા તપેલી પર એટલા માટે ઢાંકણું મૂકે કે ગરમા ગરમ ચાની વરાળ બહાર નીકળતા એ તપેલીની બરાબર ઉપર કોઇ ઉડતા જીવો જતા હોય તો એ વરાળની ગરમી થી સીધા તપેલીમાં પડે...અને ખલાસ થઈ જાય ! આવું કાંઇ ન બને માટે ધર્મી આત્મા એ તપેલી પર ઢાંકણું મૂકે !

જ્યારે એવી જીવદયાની પરિણતિ વિનાનો આત્મા આ ખુલ્લી તપેલી પર ઢાંકણું એટલા માટે મૂકે કે ગરમા ગરમ ચા ઠરી ન જાય. ઠરી જાય તો ચા પીવાની મજા બગડી જાય...એ મજા ઊભી રહે માટે એ તપેલીનું ઢાંકણું ઢાંકે !

**ધર્માત્માને માથે મોટી જવાબદારી છે...એનો વ્યવસ્થિત જીવન વ્યવહાર અનેક આત્માઓને ધર્મના માર્ગે જોડી**

શકે છે તો એનો અવ્યવસ્થિત જીવન વ્યવહાર અનેક આત્માઓને ધર્મના માર્ગથી ભ્રષ્ટ પણ કરી દે છે...આવી ગંભીર જવાબદારી ધર્માત્માના શિરે છે...અને એટલે જ તેણે જીવનના પ્રત્યેક વ્યવહારમાં સાવધાની રાખવાની છે...

અહિંયાં આપણી વાત એટલી જ છે સૌ પોતપોતાના અધિકારને વિચારે!...અનધિકૃત ચેષ્ટામાંથી પોતાની જાતને હટાવી લે!

ધર્મરત્ન પ્રકરણકાર મહર્ષિ ફરમાવે છે કે ભિખારીને મોટે ભાગે ચિંતામણિ રત્ન મળતું નથી...અને કદાચ મળી જાય તો ય જ્યાં સુધી એ રત્નની તાકાતનો ખ્યાલ ન આવે ત્યાં સુધી એ રત્ન પણ જોઇએ તેવું લાભદાયી બનતું નથી...પેલી કહેવત આવે છે ને કે

'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે
મત્સ્ય ભોગી બગલો મુક્તાફળ દેખી ચંચૂ ના ભરે'

અધિકાર વિના–પાત્રતા વિના ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થઈ જાય તો ય તેનાથી કોઇ અર્થ સરતો નથી. કારણ કે મત્સ્ય ભોગી બગલો મુક્તાફળ પામે તો ય કરે શું...તેને તો માછલામાં જ રસ હોય છે...એટલે એક અપેક્ષાએ એમ કહી શકાય કે વસ્તુ કરતાં તો એ વસ્તુ કોની પાસે આવે છે તેના આધારે લાભ–નુકશાનનો નિર્ણય થાય છે.

ગાય ઘાસ ખાય છતાં તેમાંથી દૂધ બનાવે...
સાપ દૂધ પીએ છતાં તેમાંથી ઝેર બનાવે...

લાયક અને નાલાયક વચ્ચેનો તફાવત ગાય અને સાપ વચ્ચેના તફાવત જેવો છે...એક જણ નબળી ચીજનું

ય સાર્થકમાં રૂપાંતર કરે...બીજો સુંદર ચીજનું ય નુકશાનકારીમાં રૂપાંતર કરે...અને એટલા જ માટે અનંતકાળે પણ પ્રાપ્ત એવું ધર્મરત્ન કેટલાક વિરલ જીવોને જ લાભદાયી બની શકે છે બાકી મોટા ભાગના જીવો તો આ ધર્મરત્નની પ્રાપ્તિ થવા છતાં પણ તેને ન ઓળખી શકવાના કારણે એ ધર્મરત્નને વ્યર્થ ગુમાવી બેસે છે...

મુનિરાજનું વ્યાખ્યાન સાંભળી સહુ નગરજનો પોત પોતાને ઘેર જવા વિદાય થયા બાદ સુરેન્દ્રદત્ત મુનિના પગમાં પડી વંદન કરી સ્તુતિ કરવા લાગ્યો અને બોલ્યો હે મુનિરાજ ? અમારા લોકોના દુઃખોનો નાશ કરનાર આપ સિવાય અન્ય કોઇ જ નથી. ખરેખર પૂર્વજન્મના કોઈ પુણ્યના ઉદયે મને આપનો ભેટો થયો અને હું કૃતાર્થ થયો છું.

હે દેવ ! મને સંસારના તમામ સુખો મળ્યાં છે. માત્ર એક પુત્રની ખામી છે. આપ તો અનેક વિદ્યાના જાણકાર છો તો મારા ઉપર થોડી કૃપા કરી દુઃખીયાનું દુઃખ દૂર કરો. સંસારી સંસારની વાત કરે.

મુનિરાજ કહે શેઠજી ! સંસાર વધારવાની વાત અમે કહી શકીએ નહિ અમે તો ધર્મ વધારવાની વાત જ કરીએ. અમે સંસાર છોડી દીધો છે તો તેની વાત કરવી એ અમારા માટે તો મહાપાપ છે. અમે તમને શાન્ત્વન જરૂર આપીએ અમારી શિખામણ સંસારના દુઃખોમાંથી તમને છોડાવવાની જ હોય બંધન વધારવાની વાત ન હોય.

હૃદયમાં ભેદ રાખીને, કરી મોહબ્બત સંસારથી,
થઇ નહિ આશ પણ પૂરી, પછી પસ્તાય તો પણ શું !

સંતાનની વાત જવા દે પરંતુ જો સંસારથી વિરક્ત થઇ પ્રયત્નપૂર્વક ધર્મ કરે તો જીવન સાર્થક થશે. આવતો ભવ પણ સુધરી જશે. માનવીને શું જોઇએ છે? સુખ સુખના સાધનો, જે પૂર્વજન્મના પુણ્યના પરિણામે મળે છે. સુખ ભોગવી લેશો તો પૂર્વજન્મનું ઉપાર્જન કરેલુ પુણ્ય પુરુ થશે પછી શું ? તેનો વિચાર કર્યો છે ! જરા શાંતચિત્તે વિચારો એ પુણ્ય વાપરતા શીખો કે જેથી વધુને વધુ પુણ્ય ઉપાર્જન કરી શકો.

જે કાર્યમાં દેવ દેવીઓનું કાંઈ ચાલતુ નથી. જ્યાં તમામ પ્રકારના ઉદ્યમો નિષ્ફળ જાય છે. જે મંત્ર તંત્રથી પણ સાધી શકાતુ નથી તે બધુ જ માત્ર ધર્મથી સાધી શકાય છે. બાવળ વાવીને કેરીની આશા રાખવી વ્યર્થ છે.

**ધર્મે જય તથા પુણ્યથી પાપ ક્ષય, પાપથી સુખ ક્ષય. માટે વિચાર કરો.**

---

- ધર્મ, માનવતા ભર્યા જીવનનું મૂળ છે.
- ધર્મ, પ્રભુના હૃદયનો મર્મ છે.
- ધર્મ વડે સત્ય, સદાચાર, સંપત્તિ, સંતોષ ટકે છે.
- ધર્મ, જીવનની સંકીર્ણતા દૂર કરી ભાવનાને વિસ્તીર્ણ કરે છે.
- ધર્મ, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થતાની ભાવના છે.

# ૬. ચરિત્ર નાયકનો જન્મ

વ્યાપાર વિના ધન ના મળે, વાદળ વિના વરસાદ ના મળે, ભોજન વિના ભૂખ ના મટે તેમ પુણ્ય વિના સુખ મળતુ નથી. જિનેશ્વર દેવની સેવા-પૂજા ગુરૂની ભક્તિ ગરીબ અનાથોને દાન, જપ અને તપ એ જગતના તમામ દુઃખોને તોડી નાખનારા છે. માટે ધર્મ કરો ધર્મ કરો ધર્મના કાર્યમાં સમર્પિત બનો, સમર્પિત બન્યા સિવાય કાર્ય સિદ્ધિ થતી નથી.

ખેતરમાં ગમે તેટલો સારામાં સારો વરસાદ પડે... ખેડુતે એ ખેતરમાં બીયારણ પણ સારામાં સારુ નાખ્યું હોય તો ય તેમાં પાક સારો ઊતરે જ એવો કોઇ નિયમ નહિ...કારણકે સારા પાક માટે જે ધરતીમાં બીજ નાંખ. વાનાં છે એ ધરતી નરમ હોવી જ જોઇએ અને એટલા માટે તો વરસાદ આવતા પહેલાં અને બીજ નાંખતા પહેલાં ખેડુત આખા ખેતરને ખેડી નાખે છે અને ખેતરની ધરતીને પોચી નરમ બનાવી દે છે.

આ જ વાત સાધનાના જીવનમાં લાગુ પડે છે... આત્માને પહેલા કૂણો નરમ બનાવો પછી જ તમામ ધર્મારાધનાઓ સફળ બનશે...અનાદિકાળથી આ આત્મા કઠોર જ રહ્યો છે...કોમળતાને તેણે અપનાવી જ નથી...અને તેથી જ અનેક પ્રકારના શુભ યોગોને આરાધવા છતાં જોઇએ તેવું નક્કર પરિણામ તેના જીવનમાં આવ્યું નથી...

તમે પથ્થરને જોયો છે ! તપેલીમાં એક પથ્થરને મૂકો પછી બીજા પથ્થરને તપેલીમાં મૂકવા જાઓ...પહેલેથી જ તપેલીમાં રહેલો પથ્થર બીજા પથ્થરને પોતાનામાં પ્રવેશવા નહિં દે...જ્યારે પથ્થરની જગ્યાએ તપેલીમાં એ તપેલીમાં થીજેલું ઘી મૂકો...અને પછી તેમાં પથ્થર મૂકો...થીજેલું ઘી પથ્થરને ધીમે ધીમે પોતાનામાં પ્રવેશવા દેશે.. થીજેલા ઘીની જગ્યાએ તમે તપેલીમાં તેલ ભરો અને પછી તેમાં પથ્થર મૂકો...ઘી કરતાં તેલ વધુ ઝડપથી પથ્થરને પોતાનામાં પ્રવેશવા દેશે...તેલની જગ્યાએ તપેલીમાં પાણી વધુ ઝડપથી પથ્થરને પોતાનામાં સમાવી લેશે...

આ બતાવે છે કે કઠોર ચીજ પોતાનામાં કઠોરને સમાવી શકતી નથી...કઠોરને સમાવવા માટે કોમળ બનવું અનિવાર્ય છે...તો જગતના જીવો ગમે તેવા કઠોર બને. તમારે જો તમારા આત્મામાં તેઓને સમાવવા હોય. તેઓ સાથેનો મૈત્રી ભાવ જીવતો અને જાગતો રાખવો હોય તો તમારે કોમળ બન્યે જ છુટકો છે ! હું કહું છું તમારી તાકાત હોય તો પાણી જેવા બની જાઓ... તેમાં પથ્થર મૂકયો નથી અને નીચે પહોંચ્યો જ સમજો એ ય તાકાત ન હોય તો છેવટે તેલ જેવા...ઘી જેવા બની જાઓ...ભલે ધીમે ધીમે પણ પથ્થરને સમાવી તો શકશો ? પરંતુ પથ્થર જેવા તો કયારેય બનશો નહિ... કારણકે એવા કઠોર જીવનમા તમે બીજાને તમારામાં સમાવી નહિ શકો...

આ દુનિયામાં ઘણા નિયમો એવા છે કે જે આપણી

બુદ્ધિમાં જલ્દી બેસતા નથી...બાકી વાસ્તવિક્તા તો એ એ છે કે કોમળ અને કઠોરની લડાઇમાં કોમળ જીતે છે અને કઠોર હારે છે...કોમળ ગણાતું પાણી કઠોર ગણાતા પર્વતને તોડી નાખે છે.

કબીરની પેલી કડી યાદ છે?

'રસરિ આવત જાત હૈ સીલ પર પડત નિશાન.
કરત કરત અભ્યાસ કે જડ મતિ હોત સુજાન...

કૂવાના કાંઠે પથ્થરની ગરેડી પર વારંવાર દોરડાઓ આવતા જતાં રહે તો કઠોર એવી પથ્થરની શિલા પણ સમય જતાં ઘસાઈ જાય છે...પાણીની ધાર પણ એક સરખી જો પથ્થર પર પડે તો પથ્થરને તોડી નાંખે છે... બસ. આ જ રીતે શુભ પ્રવૃત્તિઓના સતત અભ્યાસથી કુસંસ્કારોથી વાસિત એવો પણ આત્મા ધીમે ધીમે કૂણો બની જાય છે...

અહિંયા એક વાત ખાસ સમજી રાખજો કે પાણીનો ધોધ એક સાથે પથ્થર પર પડે તો પથ્થર નહિ ઘસાય... પરંતુ રોજેરોજ પાણીની ધાર પથ્થર પર પડશે તો જ પથ્થર ઘસાશે... બસ. એ જ રીતે સાધના કવચિત જ કરી લેવા માત્રથી અનાદિના કુસંસ્કારો નહિ ઘસાય... એ ઘસારો પાડવા માટે તો સાધનનું સાતત્ય જોઇશે... ત્યારે તો સ્તવનમાં આવે છે ને કે 'અવર અનાદિની ચાલ, નિત નિત તજીએ જી...' અનાદિની અવળી ચાલને રોજ રોજ તોડતા જાઓ...

પર્યુષણામાં અઠ્ઠાઈ કરી લીધી... પછી બાકીના ૩૫૨ દિવસમાં ન તપ કરીએ કે ન ત્યાગ કરીએ તો આહાર-સંજ્ઞાનું જોર શી રીતે ઘટે ? એક સાથે દાનમાં લાખ રૂપિયા આપી દીધા પણ ત્યારબાદ છતી શક્તિએ દાનના પ્રસંગો આવવા છતાં જો દાન ન જ કરીએ તો સંગ્રહ-વૃત્તિના કુસંસ્કારો શી રીતે તુટે ? એક દિવસમાં ૮–૧૦ સામાયિકો કરી લીધા બાદ પછી બીજા વરસ ૫૨ સામયિક કરવાનું રાખીએ તો પાપક્રિયાનો આનંદ શી રીતે ઓછો થાય ? એક સાથે ૫–૭ દિવસ સુધી રોજના ૧૦ ૧૦ કલાક સ્વાધ્યાય કરીએ પરંતુ ત્યારબાદ દિવસો સુધી હાથમાં સમ્યક જ્ઞાનનું પુસ્તક લેવાનું પણ ન રાખીએ તો અજ્ઞાનતાના પાપમાં કાપ શી રીતે પડે ?

મુનિરાજની અમી ઝરતી વાણી અને શિખામણ સાંભળી શેઠ બહુ રાજી થયા તેજ સમયે સુભદ્રા શેઠાણીને મુનિના મુખેથી જિનપૂજાની વાત સાંભળીને કન્યાપણામાં કરેલી પ્રતિજ્ઞા યાદ આવી ગઈ. અને મનમાં પસ્તાવો કરવા લાગી અહો ! હું કેવી સ્વાર્થી કે લીધેલી પ્રતિજ્ઞા ભૂલી ગઇ ! સુખ સાહ્યબી રૂપી મદિરાના નશામાં ભાન ભૂલી બેઠી છું દેવનું કરજ અનંતો સંસાર સર્જે છે. એ મને મારી ભૂલ સમજાય છે.

પ્રતિજ્ઞા લઈ મેં પાળી નહિં જેથી મેં જિનેશ્વર ભગવંતની અવજ્ઞા કરી કહેવાય અને તેના કારણે જ મારી કૂખ ખાલી રહી છે. માટે આજે તો જિનેશ્વર દેવના દર્શન કર્યા પહેલાં જમીશ નહિ. તરત જ દેરાસર દર્શન કરવા ગઈ.

ત્યાં પ્રભુની પાસે નાના બાળકની માફક રડી ઉઠી. પોતાની ભૂલ માટે બે હાથ જોડી માફી માંગી અને ભક્તિભાવથી પ્રભુની સેવા કરી. અધિષ્ઠાતા દેવોની પણ માફી માંગી. ત્યારબાદ ઘેર આવી સૌની સાથે જમવા બેઠી.

મુનિના ઉપદેશથી તેજ દિવસથી શેઠે પણ જિનેશ્વર-દેવની પૂજા-સેવા કરવાનું શરૂ કર્યું અને ત્યારબાદ ગુરૂ-દેવના દર્શન પણ કરતો થયો. અને પતિ-પત્નિ બંન્ને પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનીમાળા ગણવા લાગ્યાં. અને તિથિએ આયંબીલ વગેરે તપ પણ કરવા લાગ્યાં. જિન મંદિરમાં અટ્ઠાઈ મહોત્સવ કર્યો આમ તેઓ ગુરૂ દેવની પ્રેરણાથી બંને ધર્મના રાગી થયાં.

સમય જતાં ધર્મના પ્રભાવથી અને દેવોની કૃપાથી સુભદ્રાએ ગર્ભ ધારણ કર્યો. હવે તેણીના આનંદનો પાર રહ્યો નહિં સોળે કળાએ ખીલી ઉઠી. ધર્મના પ્રભાવે મારી મનોકામના પાર પડી છે. આ વાત શરમાતા શરમાતા પતિને કહી સંભળાવી. આ સાંભળી સુરેન્દ્રદત્તના હર્ષનો પાર ન રહ્યો જેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

આ ધર્મનુંજ ફળ છે તેમ સમજી અધિક શ્રદ્ધા સાથે ધર્મ કરવા લાગ્યો જિનમંદિરમાં આંગી રચાવી, સ્નાત્ર ભણાવ્યું અને પ્રભાવના કરી ધર્મમય જીવન ગુજારતા પતિ પત્નિ આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યાં.

સમય જતાં પૂરા દિવસે સુભદ્રાએ પુત્રનો જન્મ આપ્યો.

૫

પુત્ર જન્મની ખુશાલીમાં શેઠે છૂટા હાથે દ્રવ્ય વાપર્યું, ગરીબોને દાન દીધાં. ભિક્ષુકોને અનન્દાન દીધું. બાળકોને મિઠાઈવહેંચી સાધુ-સંતોને ભોજન દીધું. નગરમાં મિઠાઈ વહેંચી જિનમંદિરમાં સ્નાત્રપૂજા કરાવી ભવ્ય આંગી કરાવી. પ્રભાવના પૂર્વક જિનભક્તિ કરે છે.

ત્યારબાદ રાજાના જમણાહાથ જેવા માનીતા નગરશેઠે જન્મ મહોત્સવ ઉજવ્યો અનેક પ્રકારના વાજિંત્રો વગડાવી ખુશી મનાવી. નગરશેઠને ત્યાં પુત્રનો જન્મ થયો છે. એવું સારા નગરે જાણ્યું સૌએ તેનું દીર્ઘાયુ ઇચ્છયું. મુનિરાજના ઉપદેશથી એ પતિપત્નિ ધર્મ કરતાં થયાં અને એ ધર્મના પ્રભાવે જ મારે ઘેર **પુત્રનો જન્મ** થયો છે. એવું વિચારી શેઠે બાળકનું નામ '**ધમ્મિલ**' રાખ્યું

પાંચ પાંચ ધાત્રીઓથી પોષણ પામતો ધમ્મિલ ધીરે ધીરે મોટો થવા લાગ્યો બાળપણની કાલીઘેલી ભાષા મા બાપને આનંદરૂપ બને છે તેમ તે અત્યંત વહાલમાં ઉછેર પામી રહ્યો. દાસ દાસીઓ બાળકને હાથમાંથી નીચે મૂક્તાં નથી. સૌને રમાડવો ગમે એવું સુંદર અને તેજસ્વી એનું મુખ હતું.

ધીરે ધીરે સમય જતાં ઉંમર અને શરીર વધવા લાગ્યા એમ કરતાં ધમ્મિલ પાંચ વર્ષનો થયો વિદ્યા-કલા સંસ્કાર અને જ્ઞાનનો અભ્યાસ કરવા આનંદપૂર્વક એક વિદ્વાન ગુરૂને સોપ્યો આ બાળક તો મહાતેજસ્વી હતો. એટલે ટુંક સમયમાં જ કોઈ પણ મુશ્કેલી વગર સઘળી કલામાં પારંગત થઇ ગયો. પિતાએ વિચાર્યું કે ધાર્મિક

જ્ઞાન વિના બીજા તમામ જ્ઞાન અધૂરા કહેવાય માટે ધાર્મિક જ્ઞાન શિખવા જૈન મુનિરાજ પાસે મૂકયો. અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી તેમાં પણ પ્રવિણ થઇ ગયો. સાધુઓની માફક ખૂબખૂબ સુક્ષ્મ વિચારોમાં પણ બાહોશ બની ગયો

સમય તેનું કામ કર્યા કરે છે. દિવસો પછી દિવસો અને વર્ષો પસાર થવા લાગ્યા ધમ્મિલ બાલ્યાવસ્થામાંથી યૌવનાવસ્થામાં આવી પહોંચ્યો. તેમ છતાં તેનામાં સંસારની માયા કે રંગરાગ પ્રવેશ્યા ન હતાં. સ્ત્રીઓ પ્રત્યે રાગી નહતો તેથી સ્ત્રીઓ સામું કદી જોતો જ નહિં કે આકર્ષાતો પણ નહિં વિકાર તેના હ્રદયમાં પ્રવેશી શક્તો જ નહિં. જ્ઞાની અને વિરાગી જીવ હતો તેથી કામદેવની કોઇ કારી કે કલા કામમાં આવતી નહિં.

માતાપિતા વિચારે છે કે પુત્ર હવે મોટો થયો છે. યુવાન થયો છે વિદ્યાભ્યાસ પૂરો થઇ ગયો છે હવે યોગ્ય કન્યા શોધી પરણાવવો જોઇએ તેથી સુંદર–સંસ્કારી–કુળવાન અને ધર્મિષ્ઠ કન્યા માટે તપાસ કરવા લાગ્યાં.

આ જોઇને ધમ્મિલ કે જે વિવાહ–લગ્ન કરવાની ઇચ્છા ન હોવાથી પિતાજી પાસે આવી બે હાથ જોડી બોલ્યો કે હે પિતાજી ! લગ્ન કરવાની મારી કોઈ ઇચ્છા નથી. હું જે સ્થિતિમાં છું તેમાં મને સંતોષ છે, લગ્ન કરી બંધનમાં પડવા હું માંગતો નથી. પરણીને સંસાર ચલાવવો પડે છે. સંસાર વધારવો પડે છે. સ્ત્રી બાળકોની જવાબદારી ઉઠાવવી પડે છે. લગ્ન જીવન મને પસંદ

નથી. સંસાર એ દાવાનળ છે. તેમાં ફસાવવાની વાત મને મહેરબાની કરી કરશો નહિ.

### [એક વેધક દષ્ટાંત]

એક ભિખારીના ઝૂંપડામાં મહાન સાહિત્યકાર ટોલ્સ્ટોયે પ્રવેશ કર્યો... ભાંગલા તુટલા ખાટલા પર થીંગડા મારેલી ગોદડી હતી... એક બાજુ ભંગાર વાસણો પડયા હતા...

ભિખારીનો ૧૮ વરસની ઉંમરનો છોકરો ઘરમાં હતો.. તે ટોલ્સ્ટોયને ઓળખી ગયો... બંનેની આંખો મળી એટલે તરત જ ટોલ્સ્ટોયે ભિખારીના એ છોકરાને પ્રશ્ન પૂછયો, 'દોસ્ત! તારું ઘર શ્રીમંતનું કે ગરીબનું?

'મારું ઘર શ્રીમંતનું!' છોકરાએ જવાબ આપ્યો... અલ્યા! મગજ ઠેકાણે છે?... ચારેય બાજુ વેરવિખેર પડેલી સામગ્રીઓ જ આ ઘરની ગરીબાઇની ચાડી ખાય છે અને છતાં તું એમ કહે છે. કે 'મારું ઘર શ્રીમંતનું છે...' તારો આ અભિપ્રાય મને સમજાતો નથી...' ટોલ્સ્ટોયે છોકરાને પૂછયું.

'તો સાંભળો મારો અભિપ્રાય...! આ ભાંગલી-તુટલી સામગ્રીઓ મારી ગરીબાઇની ભલે ચાડી ખાતી હોય પરંતુ એ સામગ્રીઓ વચ્ચે અત્યારે આપ ઊભા છો એ ભૂલશો નહિ... ટોલ્સ્ટોય જેવો મહાન સાહિત્યકાર જેના ઘરમાં ઊભો હોય તેનું ઘર ગરીબનું હોઇ શકે જ નહિ! એની હાજરીથી જ એ ઘર શ્રીમંતનું બની જાય છે!... બોલો,

મારો અભિપ્રાય હવે સમજાયો ?' છોકરાએ ટોલ્સ્ટોયને જવાબ આપ્યો...

છોકરાના આ જવાબથી ભારે ખુશ થઈ ગયેલા ટોલ્સ્ટોયે છોકરાનું દારિદ્રય ટાળી જ નાખ્યું !...

આ દૃષ્ટાંત કેટલું જોરદાર છે ? આ દુનિયાનો એક મોટો માણસ પણ જેના ઘરમાં ઊભો રહે તેનું દારિદ્રય જો ટળી જતું હોય તો પછી દેવાધિદેવ ભગવાન શ્રી જિનેશ્વરદેવ જેના મનમંદિરમાં બિરાજમાન થઇ જાય તેનું ભાવદારિદ્રય ટળી જાય તેમાં શું આશ્ચર્ય છે ?

તપાસીએ આપણા જીવનને... ભાવદારિદ્રય ટળ્યું હોય... ઓછું થયું હોય તેવું દેખાય છે ખરું ?... જવાબ જો સંતોષકારક ન હોય તો નક્કી સમજજો કે પરમાત્મા હજી મનમંદિરમાં જે રીતે બિરાજમાન થવા જોઇએ તે રીતે બિરાજમાન થયા નથી...

વર્તમાન જીવનની આપણી મોટામાં મોટી કરુણતા એ છે કે આપણે આપણા એક પણ જીવન વ્યવહારને તપાસવા માંગતા નથી... જે યોજનાઓને અમલમાં મૂકવા માંગીએ છીએ તે યોજના ખરેખર અમલમાં મૂકવા જેવી છે કે નહિ તેની વિચારણા કરવાય આપણી તૈયારી નથી .. અને એટલે જ આપણું ભાવદારિદ્રય ટળતું નથી...

નવા કપડાં લાવવાનું મન થાય એટલે તરત જ વિચારો કે ખરેખર મારે આ કપડાની જરૂર છે ખરી ? .. ઘર બદલવાનો નિર્ણય કરતા પહેલા વિચાર તો કરો કે આ જુની જગ્યા બદલવી શું અનિવાર્ય છે ? મોજશોખના

સાધનો ઘરમાં વસાવતા પહેલાં વિચારો કે શું આની ખરીદી અનિવાર્ય છે ? જિનાજ્ઞા નિષિદ્ધ કોઇપણ પ્રવૃત્તિ કરતા પહેલાં વિચારો કે આ પ્રવૃત્તિ વિના હું શું આ પદાર્થોથી ચલાવી શકું તેમ નથી ?... માત્ર શાન્ત ચિત્તે પાંચ મિનિટ પણ જો આવી વિચારણા પ્રામાણિકપણે કરો તો જીવનમાંથી અઢળક સંકલેશો ઘટયા વિના ન રહે... પણ આટલી ય ફુરસદ કયાં છે ? માટે શાંત ચિત્તે વિચાર કરો.

આજે નજર સામે એવા કેટલાય આત્માઓ દેખાય છે કે જેઓ કયારેક સંયમ સ્વીકારવાની ભાવનામાં રમતા હતા .. કોઇની ઇચ્છા મોટા થઇને દીક્ષા લેવાની હતી... કોઈ પોતાના છોકરાને પરણાવીને દીક્ષા લેવાની વાતો કરતા હતા... કોઇ પત્નની તબિયત સુધર્યા પછી સંયમના માર્ગે જવાની વાતો કરતા હતા .. કોઈ ઘરનું ઘર બંધાવીને દીક્ષા લેવાના વિચારમાં રમતા હતા... આવા વિચારો કરનારા કેટલાય સંયમ-જીવન પામ્યા વિના પરલોકમાં રવાના થઇ ગયા ! તો કેટલાક અત્યારે એમ ને એમ જિંદગી પૂરી કરી રહ્યા છે !... યાદ રાખજો.

સંસાર તમને કયારેય બધી રીતે અનુકૂળ થવાનો જ નથી... કોઇને કોઇ બાબતમાં તો તમારી ફરીયાદ ઊભી જ રહેશે .. કુટુંબ અનુકૂળ હશે તો શરીર સારું નહિં હોય ! શરીર તંદુરસ્ત હશે તો પૈસાની વ્યવસ્થિત સગવડ નહિં હોય ! પૈસાની સગવડ હશે તો રહેવાના ઘરનાં કોઇ ઠેકાણાં નહિ હોય ! રહેવાનું ઘર વ્યવસ્થિત હશે તો ધંધાની ચિંતા સતાવતી હશે !... આવી આવી

અનેકવિધ તકલીફોથી ભરેલો આ સંસાર છે... તકલીફોને દૂર કરીને ધર્મ કરવાનો વિચાર કરવા ગયા તો આ અતિ ઉત્તમ એવું જીવન હારી બેસશો... એ તો તકલી-ફોની અરે પ્રતિકૂળતાઓની વણઝાર વચ્ચે ધર્મ સાધવાની તક ઝડપી લેશો તો જ ધર્મને સાધી શકશો...

સીતાના ભાઈ ભામંડલને અગાસીમાં બેઠા બેઠા વિચાર આવ્યો કે 'હવે આ સઘળાય વિદ્યાધર રાજાઓને જીતીને પછી ચારિત્રના માર્ગે ચાલ્યો જઈશ!' પરંતુ આ વિચાર માત્ર વિચાર જ રહ્યો .. આકાશમાંથી વિજળી પડી સીધી ભામંડલ પર... અને ભામંડલ ચારિત્રજીવન પામ્યા વિના જ પરલોકમાં રવાના થઈ ગયા !

ધર્મ આરાધવો છે ? તો આજે જ કરો શરૂઆત !

જો આજે નહિ તો સમજી રાખજો કયારેય નહિ ! આનાથી ય વધુ કરૂણતા તો એ છે કે પાપની કોઈ ક્રિયા-ઓને વાયદે રાખવા આપણે તૈયાર નથી... એ તમામ ક્રિયાઓને વહેલામાં વહેલી તકે પતાવી દેવા આપણે ખૂબ ઉત્સુક છીએ...

'સિનેમાની ટિકિટ આજની મળતી હોય તો પહેલા નંબરમાં એ જ લાવજો... આજની ન જ મળે તો પછી કાલની લાવજો...' 'રસગુલ્લા આજે જ બનાવો ને ? કાલની વાત કાલે !'... 'રૂપિયા તમે આજે ને આજે જ આપી જજો .. હું કાલ સુધી રાહ જોવા તૈયાર નથી...' વહેલામાં વહેલી તકે હું દુકાન ચાલુ કરી દેવાના વિચા-રમાં છું !' 'જો, આ કપડાં સીવવા તો આપું છું, પણ

અઠવાડિયામાં મળી જવા જોઇએ... નહિ મળે તો પૈસા નહિ મળે સિલાઈના!' 'મકાનનો કબજો વહેલામાં વહેલો ક્યારે મળશે ?'

તપાસી જુઓ, આખા જીવનની તમામ પાપક્રિયાઓને ! એકેયને વાયદે મૂકવાનું મન થાય છે ?... ના... વિચાર આવ્યો કે તરત અમલમાં મૂકી દો...! ખરેખર ! આપણે આત્મઘાતક રસ્તે જઈ રહ્યા છીએ !

રસ્તેથી પસાર થતા ફકીરને રસ્તામાં એક યુવક ભટકાઈ ગયો... બન્નેની આંખ મળી... ફકીરે યુવકને પૂછ્યું, 'ભાઇ ! કયાં જઇ આવ્યો ?'

'બાવાજી ! એ તો હું વિમો ઉતરાવવા ગયો હતો... યુવક બોલ્યો,

'આટલી નાની ઉંમરમાં વિમો ?'

'બાવાજી ! જિંદગીનો શો ભરોસો ? તેમાં ય આજના જમાનાની તો વાત જ કરવા જેવી નથી... કોણ કયારે અડફેટમાં લઈ લેશે તે કહેવાય એવું નથી... ઘરેથી નીકળ્યા પછી ઘરે પાછા પહોંચીએ ત્યારે સાચા ! આવી સ્થિતિમાં અત્યારથી જ વિમો ઉતરાવી લીધો હોય તો વાંધો નહિ ! યુવકે ખુમારી સાથે જવાબ આપ્યો...

આ જવાબ સાંભળીને ફકીર મલકાયો... થોડે સુધી યુવક એ ફકીરની સાથે ને સાથે આડી–અવળી વાતો કરતો ચાલ્યો, પછી ફકીરે પૂછ્યું 'ભાઈ! કાંઇ ધરમ–ધ્યાન કરે ખરો ?' 'ધરમ–ધ્યાન ? આ ઉંમર છે ધરમ–ધ્યાન કરવાની? મસ્ત જુવાની છે... હમણાં તો EAT-DRINK & BE

MARRY... ખાઓ, પીઓ અને જલસા કરો .. પછી ઘરડે ઘડપણે કામ શું કરવાનું છે બીજું ? ફેરવશું શાન્તિથી માળા !... હમણાં તો બાવાજી ! ધરમ–બરમની કોઈ વાત જ ન કરશો !' યુવકે ફકીરને જવાબ આપ્યો...

એકસીડન્ટના જમાનામાં વિમો તરત ઉતરાવવાનો ! અને ધરમ ઘરડે ઘડપણે કરવાનો ! આવા બાલિશ ગણિતમાં જીવનારાઓનો આજે તોટો નથી !

---

આપણે આપણી જાતને તપાસવાની છે કે આપણો નંબર તો આમાં નથી ને ?... આવી નિર્બળ વિચારણાઓના ભોગ બનીને આપણે આપણી જાત સાથે જ છેતરપીંડી તો નથી કરી રહ્યા ને ?... ધર્મને વાયદે રાખવાની વાતો કરનારની સોબતે આપણે તો નથી ચડી ગયા ને ?

સ્ત્રીનો સંગ સુખનો ભંગ કરે છે. કલા અને વિદ્યાનો દયા અને ધર્મનો સુખશાંતિ અને આનંદનો લોપ કરનાર છે

સ્વતંત્રતાને હણનાર એવું લગ્ન જીવન છે, ધર્મ કાર્યમાં પણ અનેક અંતરાય ઉત્પન્ન કરનાર છે. એટલે સંસાર સુખની મને ભુખ નથી વિષય કષાયમાં રસ નથી એટલે હાલ તુરત તો તમે એ માટે વિચાર કરશો નહિ તે માટે તમો અદ્ભૂત દ્દષ્ટાંત સાંભળો. એ ધમ્મિલ–બોલ્યો

ભૂતકાળમાં ભોગપુર નામે એક મોટું નગર હતું તેમાં અરિમર્દન નામે એક મહાબળવાન તેજસ્વી અને લક્ષ્મીવાન રાજા હતો અત્યંત સ્વરૂપવાન અને વિદ્વાન પણ હતો,

તે નગરમાં એક ગોવાળ રહેતો. તે દરરોજ જંગલમાં ઢોર ચરાવવા જતો અને ફુરસદને વખતે એક વિશાળ

ઝાડ નીચે આરામ કરતો. કુદરતી એવું બન્યું કે એક વખત તે એ ઝાડનીચે બેઠો હતો તેવામાં તેના હૈયામાં અજબ પ્રકારની વિદ્યાની સ્ફુરણા થઈ. અને સહસા જ્ઞાન શક્તિ પ્રાપ્ત થઈ.

અભણ ગોવાળીયાનું અજ્ઞાનરૂપી અંધકાર ચાલી જતાં ભાષાના ભંડાર ખૂલી ગયાં અને કવિત્વ શક્તિ પ્રાપ્ત થઇ અને કવિતા રચવા માંડી. અંતરના ઊંડાણમાંથી સીધીજ કવિતા પ્રગટ થવા લાગી.

હવે ગોવાળે ઢોર ચરાવવાનો ધંધો છોડી દીધો અને પોતાની કવિતા રચી રાજાને સંભળાવી ધન-પ્રાપ્ત કરવા વિચાર્યું અને રાજદરબારમાં ગયો. વિદ્વાનો અને કવિઓને પણ સમજવી મુશ્કેલ પડે એવી ઉત્તમ કાવ્ય રચના કરી રાજાની સમક્ષ ગાઇ સંભળાવી. જેમાં ભારોભાર રાજાના વખાણ હતાં રાજા તો બહુ ખુશ થઇ ગયાં. રાજાએ તેને રાખ્યો અને આજીવીકા કરી આપી રહેવાનું સ્થળ આપ્યું અને ધન પણ આપ્યું.

હવે તે ગોવાળને બીજી કોઈ ચિંતા ન રહી. પોતાની ઈચ્છા મુજબ ખાવું-પીવું-હરવું-ફરવું-બેસવું-ઉઠવું મલી ગયું. કોઇ રોક ટોક ના રહી. બધી જ પ્રકારની સ્વતંત્રતા મલી એટલે તે ખૂબ આનંદમાં રહેતો અને દરરોજની પાંચસો ગાથા (કડી)ની કવિતાઓ બનાવવા લાગ્યો.

રાજ દરબારમાં બીજા અનેક કવિઓ મહાકવિઓ-ભાટ ચારણ અને વિદ્વાનો પણ હતા. પરંતુ રાજાએ બધાં પ્રત્યે લક્ષ્ય ઓછું કરી આ ગોવાળીયા કવિ પ્રત્યે ખૂબજ

ચાહના રાખતો અને તેની પાસેજ કવિતા બનાવડાવી સભામાં ગવરાવતો. સભાજનો સૌ તેની રસઝરતી વાણી સાંભળી ડોલી ઊઠતાં અને વાહ વાહ કરતાં !

પેલા મહાકવિ અને વિદ્વાનોને આની ખૂબ ઇર્ષા થતી પણ કરે શું ? મનમાં વિચારે છે કે ખરેખરજ આ માણસે રાજાને વશ કરી લીધો છે.

રાજાને ઉત્તમ કુળવાન કવિઓની કવિતા કરતાં હલકાં એટલે ગોવાળ જેવા માણસોની ખુશામત ભર્યા શબ્દો સાંભળવા ગમે છે. જેવી રીતે કામાંધ પુરૂષોને ખાનદાન ઘરની સ્ત્રીઓ કરતાં. હલકા પ્રકારની દુરાચારી સ્ત્રીઓ વધારે પ્રિય લાગે છે. રાજાની આપણા ઉપર મહેરબાની ઓછી થઈ છે એટલે આપણી આવક પણ ઓછી થઇ ગઇ છે, જેથી દરિદ્રતા ધીરે ધીરે આપણા બારણા તરફ આવી રહી છે. તે માટે આપણે કંઇક કરવું જોઇએ.

આના સંબંધમાં સીધા જ જો કહીશું તો સઘળું ઇર્ષા તરીકે ગણાશે અને માનશે નહિ માટે કોઇ બીજો ઉપાય શોધવો જોઇએ. પછી થોડાજ દિવસોમાં ઉપાય શોધી રાજાને કહેવા લાગ્યા. હે મહારાજા ! આપ ખરેખર નશીબદાર છો કે જેથી કરીને આ નવિન કવિ સામેથી આવીને મળી ગયાં છે. વળી આ ગોવાળ છે એમ સમજીને એને ઉતારી પાડવો ન જોઇએ, ભગવાન શંકર પણ પશુપાલ નામે ઓળખાય જ છે ને ! વળી આ નવા કવિની પ્રાકૃત વાણીમાં અર્થ ચમત્કાર પણ છે જે અમારી સંસ્કૃત વાણીમાં આવી શકતાં નથી. અમારા કરતાં નાનો હોવા

છતાં માનસિકવિનોદ આપનાર કવિ છે. ભાષા ગમે તે હોય પણ સર્જનમાં જે શબ્દરચના અને ચમત્કાર છે. જે ખરેખર વખાણવા લાયક છે.

પરંતુ હે માલિક ! આ નવા કવિરાજ ગુણવાન છે કલાવાન છે અને વિદ્વાન છે પરંતુ એકલાં જ છે. એટલે કે હજુ અપરિણીત છે. આ ઉંમરે એકલા કેમ રહેવાય ? એ પરણે કુટુંબ કબીલો વધે ત્યારેજ આપની કીર્તિ વધશે માટે આપ ગમે તેમ કરીને તેને પરણાવી ઠેકાણે પાડો.

રાજાને સહુની વાત સાચી લાગી એટલે કોઇકની ખૂબ સુંદર કન્યા મેળવીને કવિની અનિચ્છા છતાં પરણાવ્યાં. ધામધુમથી પરણીને પત્નિ સાથે રાજાએ આપેલ રહેઠાણમાં રહેવા લાગ્યાં. હવે કવિ માથે આફત આવી પડી. સ્ત્રી આવી એટલે જરૂરિયાતો વધવા લાગી. આજે ઘી નથી. આજે તેલ નથી આજે ખાંડ નથી. આજે ગોળ નથી એમ સવાર પડે ને રાડારાડી અને ઘાંટા ઘાંટી શરૂ થઇ ગઈ. એટલે કવિના હ્રદયમાં ચીરા પડવા લાગ્યા રાતદિવસ ચિંતામાં રહેવા લાગ્યા. ચિંતા એ ચિતા સમાન છે. અને એ ચિતામાં કવિ બળવા લાગ્યા.

ટુંક સમયમાંજ કવિપત્નિ ગર્ભવતી થઇ એટલે હવે ભવિષ્યમાં થનારા ખર્ચની ચિંતા વધી. પત્નિની તબિયત સાચવવા હવે જાતે ઘરકામમાં મદદ કરવી પડતી. દવા ઔષધનો ખર્ચ કરવો પડતો. અન્ય જરૂરિયાતો વધી ગઈ ભોજન-કપડાંના ખર્ચ વધી ગયાં. આમ કવિની ચિંતામાં અનેકગણો ખર્ચનો વધારો થઈ ગયો. ટુંકા ભવિષ્યમાં

જન્મનાર બાળકના ખર્ચ થશે. પત્નિ અંગેના ખર્ચ કરવા પડે એવી ચિંતામાં કવિ મુંઝાઇ રહ્યાં.

ચિંતામાંને ચિંતામાં કવિની કવિત્વશક્તિ પણ ઓછી થવા લાગી. જે રોજની પાંચસો ગાથા બનાવી શકતા. તે હવે બે ગાથા પણ રચી શક્તા નહિ. જેવી રીતે અમાસના ચંદ્રની શક્તિ કે તેજ હોતું નથી તેવી રીતે હવે ચિંતાતુર આકવિમાં તેમની બુદ્ધિ ઘટી અને નાશ પામી. માત્ર ચિંતારૂપી ચિતાજ જલતી રહી.

એકદા રાજાએ પૂછયું હે કવિરાજ ! હમણાંથી તમને શું થયું છે ? અત્યાર સુધી આપ શીઘ્ર કવિ તરીકે કવિ-તાઓ સંભળાવી મને ખુશ કરતાં હતાં અને લગ્ન પછી ધીરે ધીરે એકદમ બંધ કરી દીધું છે ?

કવિ બોલ્યા હે રાજન્! આપે મારા લગ્ન કરાવીને મને મુઢ માનવી બનાવી દીધો છે. લગ્ન પહેલાં મારી તમામ શક્તિથી હું કાવ્યની રચના કરી શક્તો હતો. લગ્ન પછી મારી અનેક પ્રકારની સાંસારિક જવાબદારીઓ વધી ગઈ છે. સંસારમાં શાંતિ નથી હોતી. બાહ્યદૃષ્ટિએ જે સુખ લાગે છે તે ભ્રમણા છે. બલ્કે ભયંકર દુઃખ અને પાપ જ છે. માત્ર એકજ સ્ત્રી પરણવાથી મારી રોજની પાંચસો ગાથા રચવાની શક્તિ હતી તે હણાઇ ગઇ છે. મારું જીવન બરબાદ થઇ ગયુ છે. મને ખૂબજ પસ્તાવો થાય છે. સ્ત્રીઓથી કલાવિદ્યાનો વિનાશ જ થાય છે.

સ્ત્રીઓના સથવારા ગાઢ રાગના કારણે કલા વિદ્યા

અને બુદ્ધિનો વિનાશ થાય છે એવું જાણ્યા પછી કોઇ પણ માણસ જે સમજુ છે તે લગ્નની લાલસામાં લપટાય નહિ.

ધમ્મિલ કહે હે પિતાજી આટઆટલું જાણવા છતાં પોતાના પગ પર કુહાડો મારવા કોણ તૈયાર થાય? હું લગ્નની ભાવના રાખતો જ નથી મારી એવી કોઇ ઇચ્છા નથી. લગ્ન સંબંધી વાત કરશો નહિં.

સુરેન્દ્રદત્ત કહે–હે પુત્ર! તારી આ વાત બધી જગાએ એક સરખી રીતે લાગુ પડે નહિ. અપવાદ તો હોય જ, માતાપિતાની આશા અને અરમાન હોય, એમના આશીર્વાદ લેવા જોઈએ માબાપને નારાજ કરવા તને શોભે નહિ, યુવાનીના મદમાં મદોન્મત્ત બની છકી ન જાય એ માટે સ્ત્રીરૂપી બંધન જોઈએ જ! કલા વિદ્યા કે બુદ્ધિના નાશ માટે સ્ત્રીને દોષ દેવો એ ખોટું છે. કોઇક વખત તો સ્ત્રીથી પુરૂષની કલામાં વૃદ્ધિ થાય છે. માટે જરા વિચાર કર, સમજ અને અમારી લાગણી અને માંગણી સ્વીકારી અમને આનંદ પમાડ.

વળી સાંભળ–સ્ત્રી જાતે જ કોમળ છે તેથી વિદ્વાનો સુખેથી તેણીની નિંદા કરી શકે છે· પુરૂષની નિંદા કોઈ કરતું નથી. હીમ કુમળા છોડને બાળી શકે છે. વડના ઝાડને નહિ. ધમ્મિલે પિતાની બધી વાત સાંભળી મૌન રહ્યો. પિતાએ માન્યું કે પુત્ર માની ગયો છે એમ સમજી સારા સારા ઘરની નવયુવાન કન્યાઓની માંગણી કરી.

શહેરના શેઠ શાહુકારો—સુરેન્દ્રદત્તની મિત્રતાથી અને

ધમ્મિલની ઉત્તમ કલાઓ—જ્ઞાન વગેરે જોઈ પોતપોતાની પુત્રીઓ ભાગ્યવાન ધમ્મિલને આપવાની ઇચ્છા દર્શાવી. પરંતુ ધમ્મિલે પોતાના મિત્રોદ્વારા કન્યાના કુટુંબીજનોને ખાનગીમાં જાણ કરી કે ધમ્મિલ લગ્ન કરીને પણ મુનિ મહારાજનો સંગ છોડવાનો નથી. આથી પોતાની કન્યા આપવાની ઇચ્છા હતી તે સૌ ફરી ગયાં અને બોલ્યા કે કુંવારી કન્યાને સોવર ને સો ઘર એમ સમજી અન્ય શેઠ શાહુકારના પુત્રો સાથે પરણાવી દીધી. ધમ્મિલ ખૂબ રાજી થયો ટાઢા પાણીએ ખસ ગઈ.

**ઉત્તમતા–વેશ પૈસા વિદ્વતાદિ પર નથી, પરંતુ ઉત્તમ દિલ પર છે.**

---

- ધર્મ, મોક્ષ–મુક્તિનો ધોરી માર્ગ છે.
- ધર્મ, અસતમાંથી સત્‌માં લઈ જાય છે.
- ધર્મ, અંધકારમાંથી પ્રકાશ પ્રત્યે ગમન કરાવે છે.
- ધર્મ, મૃત્યુમાંથી અમરતા પ્રત્યે લઈ જાય છે.
- ધર્મ વડે દીનતા–હીનતા દૂર થાય છે.
- ધર્મ વડે તૃષાતુરની તૃષા છીપે છે.
- ધર્મ વડે અનાથ નાથ બને છે.
- ધર્મ વડે ભોગી યોગી બને છે.
- ધર્મ વડે યોગી કેવલ જ્ઞાની બને છે.

## ૭. યોગીને ભોગી બનાવ્યો

આજ નગરમાં એક ધનવાન દયાવાન અને પુણ્યવાન ધનવસુ નામનો એક શેઠ રહેતો હતો. તેમની પત્નિનું નામ હતું ધનદત્તા તે હંમેશા મીઠા મધુર શબ્દો અને મૃદુ બોલનારી હતી. તેમની પુત્રીનું નામ યશોમતી હતું. પુત્ર કરતાં અધિક રીતે માતાપિતા તેણીને ચાહતાં હતાં.

યુવાવસ્થા પ્રાપ્ત કરતાં પહેલાં સ્ત્રીઓને શોભતી ચોસઠ કળામાં પ્રવિણતા મેળવી ચૂકી હતી. તે ઘણીવાર કહેતી કે આ મારો દેહ સોના જેવો જ છે. પછી સોનાના આભુષણોની શું જરૂર છે? મારે તો ગુણોરૂપી આભુષણો રાખવાના છે. રૂપ કરતાં ગુણ બલવત્તર છે.

તેણીના પિતાએ ધમ્મિલકુમારની પસંદગી કરી અને સુરેન્દ્રદત્તને મલી કબૂલાત કરી લીધી તે અંગે યશોમતી પિતા પાસે આવીને પ્રણામ કરી બોલી કે આપે મારો વિવાહ સુરેન્દ્રદત્તના પુત્ર ધમ્મિલકુમાર સાથે કર્યો છે મને પસંદ છે અને મેં મારા હૃદયમાં તેમને જ સ્વામી તરીકે માની લીધા છે. હવે જો હું ભોગની ઈચ્છાથી બીજો પતિ કરુ તો પાપમાં પડુ. શીલ ભંગ કર્યું કહેવાય. હવે ધમ્મિલ ગમે તેવો હોય પણ મારો તો પતિ જ છે કેમ કે કન્યા એકજવાર આપવામાં આવે છે એ નીતિ છોડી શકું તેમ નથી.

ત્યારબાદ શુભદિને ઘણાજ ધામધુમથી ધમ્મિલ યશોમતીના લગ્ન થયાં, ધમ્મિલ તો માત્ર પિતાની આજ્ઞાથી

જ પરણ્યો હતો. તેના હૈયામાં લગ્નનો કોઇ ઉમળકો કે હોંસ ન હતા. સાસરેથી ઘણું ધન મલ્યું હતું ઘેર પહોંચતા પહેલાંજ રસ્તામાં દરેક વાચકોને દાનમાં આપી દીધું અને ખાલી હાથે ઘેર પહોંચ્યો.

પરણ્યા પછી પત્નિ સાથે કોઇ વાત નહિ. ચર્ચા નહિ આનંદ વિનોદ નહિ, બ્રહ્મચર્યનું પાલન કરી સાધુ ના જેવું જીવન જીવવા લાગ્યો. ધમ્મિલ વિષય સુખને હળાહળ ઝેર સમાન માની તેનાથી દૂર જ રહેવા લાગ્યો. પત્નિને બોલાવતો પણ નહિં. શરીરને જરૂર પૂરતું જ પોષણ મળે એટલોજ આહાર કરતો. રાત્રિએ કે વહેલી પરોઢે શાસ્ત્રો પુસ્તકો અને વ્યાકરણ ગોખવા બેસી જતો. રાતદિવસ અભ્યાસમાંજ ચિત્ત પરોવેલુ રાખે છે. સ્ત્રી તરફ ભૂલથી પણ નજર શુદ્ધાં નાખતો નથી, છતાં યશોમતી મુંગા મોઢે સહન કરે છે.

ત્યારબાદ ચારેક દિવસ પછી યશોમતી પોતાને પિયર ગઇ, તેણીને ચિંતાગ્રસ્ત જોઇને તેની માતાએ કારણ પૂછતાં તેણીએ પતિનો વર્તાવ અને ગૃહસ્થી સંબંધની વિગતવાર માહિતી આપી. આવી વાતો માત્ર સ્ત્રીઓ અંદરો અંદર કરી શકે છે બહાર કરી શકતી નથી.

આ વાત સાંભળી યશોમતીની માતા ધનદત્તાને બહુ જ દુઃખ થયું. આ અંગે કાંઇક ઉપાય કરવા અને જાણ કરવા ધનદત્તા સુભદ્રા પાસે મલવા આવી, અને ધમ્મિલના

પરિણીત જીવનમાં વહેવાર અને વર્તાવ સંબંધી ફરિયાદ કરી નવયુવાન હોવા છતાં હજુ બાળક જેવોજ કેમ છે?

ધનદત્તાની વાત સાંભળી સુભદ્રા બહુ ખેદ પામી અને પતિનો વાંક કાઢવા લાગી, અને બબડવા લાગી. આ છોકરાંને શી રીતે સુધારવો? મને તો કાંઇ સમજાતું નથી. પારકી જણી ઘરમાં આવી. તે લોકોમાં તમારી વાત કરશે તો તમે શું કરશો? ઘરની અને અમારી બધાની બેઈજ્જતી થશે. ધમ્મિલ તો હજુ બાળકની માફક જ વર્તે છે સંસાર માંડયા પછી ભોગ વિલાસથી દૂર રહે છે પણ હું શું કરૂં? સાંજે પતિ ઘેર આવતાં હૃદયની બધી વેદના ઠાલવી અને બોલી, તમારો પુત્ર બેપગવાળા પશુ જેવો જ રહ્યો. માત્ર જ્ઞાન અને ધર્મની ઘેલછામાં વેદીઓ બની ગયો છે. જો તમારા પુત્રને શાસ્ત્રો જ ભણાવીને હોંશિયાર બનાવવો હતો તો ધનવસુની પુત્રી સાથે શા માટે પરણાવ્યો? કોઈકની છોકરીની જીંદગી બગાડી? મહેરબાની કરીને સાધુ મુનિઓની સોબત છોડાવી કામ વિલાસ જાણકાર અને સ્ત્રીઓને રીઝવી જાણે એવા કામાભિલાષીની સોભત કરાવો તો કંઈક ઠેકાણે આવી જશે.

ક્રોધથી બળી રહેલી પ્રિયાની ગંભીર વાત સાંભળી સુરેન્દ્રદત્ત શાંતિથી સમજાવવા લાગ્યો, હે પ્રિય? તું અત્યંત ભોળી અને બીન સમજદાર છે. પુત્રે કામને દબાવી રાખેલો છે, તેને છંછેડવાથી કોઇ ફાયદો નથી. તું મૌન રહે બધુંજ એની જાતે ઠેકાણે પડી રહેશે.

આપણે હાથે કરીને પુત્રને ખોટા રસ્તે લઈ જઈશું તો તેનું પરિણામ સારૂં નહિ આવે. થોડી શાંતિ રાખ.

હે પ્રિય? થોડી સમજદારી રાખ, કુસંગથી મેળવેલી ચતુરાઈ સારી નથી. નીચ માણસોની સોબતથી કુળને કલંક લાગતા વાર ન લાગે તું તારો કદાગ્રહ છોડી દે. આપણો પુત્ર નસીબદાર કહેવાય કે જુવાનીમાં જ શાસ્ત્ર અને ધર્મનો રંગ લાગ્યો છે. ધર્માત્મા બની ધર્મી બન્યો છે.

આવી રીતે સમજાવવા છતાં તે માની નહિ અને પોતાનો હઠાગ્રહ ચાલુ જ રાખ્યો. એટલે ન છૂટકે શેઠે વ્યભિચારી પુરૂષોને બોલાવી સમજાવ્યું કે જુઓ આજથી મારો પુત્ર તમને સોંપુ છું. તેને કામકળામાં પ્રવિણ બનાવો. સંસારમાં રસ પડે એવું કરો ત અંગે જે કાંઈ ખર્ચ થશે એ હું આપીશ.

પછી આ લોકો ધમ્મિલની સાથે મિત્રાચારી કરી બહાર લઈ ગયા. જુગાર ખાનામાં નાટક શાળામાં વગેરે અનેક સ્થળોએ ફેરવવા લાગ્યા. સાધુઓની સંગત છોડાવી રંગરાગ અને નાચ ગાન ઉડાવતા સ્થળોએ ફેરવવા લાગ્યા. એક દિવસ તેઓ ધમ્મિલને મોટા ઉદ્યાનમાં લઈ ગયાં અને સમજાવ્યો કે અહીં ફુલ એકઠાં કર અને આ જળાશયમાં હંસની પેઠે ક્રીડા કર.

ધમ્મિલ કહે અરે મૂર્ખો! તમને એટલીય ખબર નથી કે પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે તેમાં ક્રીડા કરવાથી કેટલાં નિરપરાધી જીવોની હત્યા થાય? આ બધું મને પસંદ નથી ત્યારે બધાં ભેગા

મળી ધમ્મિલની ખૂબ મશ્કરી કરી અને કહ્યું અરે ? આવા ધતીંગ તને કોણે સમજાવ્યાં ખરેખર સાધુ મુનિઓએ તને ભરમાવ્યો છે. અમે આવું કશું માનતાં નથી, તને કયાંથી ખબર પડે કે ફુલો ભેગાં કરવા જલક્રીડા કરવી હિંચકા ખાવા સ્ત્રી–નાટક–ગીત–હાસ્ય વગેરે તો યૌવનનો માર્ગ છે. માટે બોલ્યા ચાલ્યા વગર અમે જેમ કરીએ તેમ કર.

આમ તે લોકોની સાથે રહી તેમની માફક વર્તતો થઈ ગયો અને વખત જતાં પાપ પુણ્યની શંકા દૂર થઇ. કોઈપણ માણસને સારા રસ્તે ચડાવવો કઠીન છે પણ પાપના રસ્તે લઇ જવો અત્યંત સરળ છે.

આજ નગરમાં વસંતતિલકા નામે એક વારાંગના રહેતી હતી. નગરના તમામ લોકો જાણતા હતા કે તે ભલભલા માંધાતાને પણ ઘડીના છઠ્ઠાભાગમાં પોતાનો કરી લેતી. તેના રૂપનો જોટો નહોતો. શરીરે મદમસ્ત યૌવના હતી. પરવાળા જેવા લાલ ચટક તેના હોઠ હતાં લાંબા વાળ કાળી નાગણ જેવા લાગતા હતાં. મારકણી આંખો અને ઠસ્સી હતો ભલભલો માનવી તેના સ્મિત પાછળ તેની ચાલ પાછળ તેના નખરા પાછળ લટ્ટુ બની જતો. વળી શરીરે ઝાકમઝોળ થતાં અનેક અલંકારો શોભતા હતા અને નૃત્યકલામાં તેનો કાંઇ જ હરીફ નહોતો.

એક દિવસ પોતાની નૃત્યકલા દેખાડવા તે રાજદરબારમાં ગઇ. અનેક લોકો ધમ્મિલ અને તેના મિત્રો પણ ત્યાં ગયા અનેક યુવાનો પણ હાજર હતાં. રાજસભામાં પોતાની

અને કલાની પરીક્ષા કરવા તેણીએ રાજાને જણાવ્યું. રાજાએ સભામાં જાહેર જનતાને પૂછયું કે તમારામાંથી કોઇ નિપૂણ માણસ આ નૃત્યાંગનાની પરીક્ષા કરે. લોકોએ કહ્યું કે સત્યાસત્યનો ભેદ જાણનાર આ ધમ્મિલ જ છે માટે તેને કહો.

રાજાએ ધમ્મિલને આદેશ કર્યો અને તેની સાથે વસંતતિલકાએ નૃત્યની શરૂ કર્યું નૃત્ય તો અત્યંત સુંદર–હાવભાવ અને અવનવી દેહભંગી જોઇ સૌ ખુશ થઈ ગયાં રબ્બરની માફક અંગમરોડ જોઇ વાહવાહ ! બોલી ઉઠયા ધમ્મિલે આશ્ચર્યથી પોતાનું માથું ધુણાવ્યું એથી રાજાએ ખુશ થઇને નૃત્યાંગનાને ઘણું ધન આપ્યું. નૃત્યાંગના વિચારવા લાગી કે ખરેખર આ ધમ્મિલને કારણે જ મારી કદર થઇ છે. અને રાજાએ આટલું બધું ધન આપ્યું છે. જેથી તે ધમ્મિલ પ્રત્યે રાગ કરવા લાગી તેણીના આંખોના ભાવથી લાગ્યું કે આ સ્ત્રી ધમ્મિલનો આભાર માની રહી છે.

હવે ધમ્મિલ કામક્રીડાને લાયક થઇ ગયો છે. એમ સમજી મિત્રો ધમ્મિલને વેશ્યાઓની ગલીમાં લઇ ગયાં. ત્યારે ધમ્મિલ બોલી ઉઠયો કે સ્ત્રીઓ નાગણ જેવી હોય છે. વેશ્યાઓ શુભ વેશ્યાઓને નાશ કરનારી હોય છે. વેશ્યાઓ બે ક્ષણનું સુખ આપી મહાન દુઃખ આપનારી હોય છે. ઘીની સુગંધીના કારણે ઘીના એક ટીપા પાસે એક કીડી આવી. ઘીમાં લપટાઈ ગઇ. એક, બે, ત્રણ, ચાર એમ કરતાં હજારો કીડીઓ ઘીની ચીકાશમાં લપટાઈ ગઇ. ત્યાંથી પાછી ન વળતાં પ્રાણ રહિત થાય છે તેમ વેશ્યા ગામી

પુરુષો લપટાઇ ગયા બાદ આત્માના ગુણોથી મુક્ત બનતા વાર લાગતી નથી.

જેની આંખમાં અન્ય પુરૂષ અને હૃદયમાં અન્ય પુરૂષ હોય છે જેના વચનમાં જુદું અને વ્યવહારમાં જુદું હોય છે એવી સ્ત્રીઓનો સંગ કોણ ઇચ્છે ? આ ગલીમાં આવનાર સૌ કોઇ વિકારી બની જાય છે. અહીં આવનાર ધનવાન પણ નિર્ધન બની જાય છે. અહીં આવનારનું કોઇ રક્ષણ કરવાને શક્તિમાન નથી ઉત્તમ પુરૂષોએ અહીં એક ક્ષણ માત્ર ઊભું રહેવું યોગ્ય નથી. મિત્રોએ ધમ્મિલને બોલતો રોકી અને કહ્યું અરે મૂર્ખ ! તારી બુદ્ધિ બેર મારી ગઇ લાગે છે. ધમ્મિલને વેશ્યામાં રાગી કરવા કહે છે.

આ અસાર સંસારરૂપી માર્ગમાં ચાલનાર માટે વેશ્યાઓ તો મીઠા પાણીની ટાંકી સમાન ગણાય. પોતાની પત્નિ તો પતિને જ સુખ અને આનંદ આપે છે જ્યારે વેશ્યાઓ તો સમસ્ત પુરૂષોને સુખ અને આનંદ આપે છે. આમ જુઓ તો વેશ્યાઓ સમસ્ત પુરૂષો માટે મહા ઉપકારી છે. આમ સમજાવી ઉશ્કેરી તૈયાર કરી તેની સાથે વસંતતિલકાને ઘેર સૌ ગયા.

પોતાના આવાસમાં સિંહાસન ઉપર બેઠેલી રતિને પણ શરમાવે તેવા રૂપવાળી આછા પાતળાં કપડાંમાં પોતાના યૌવનનું દર્શન કરાવતી અરિસામાં પોતાનું મુખ જોતી બેઠી હતી ધમ્મિલને આવતો જોઇ ઉઠી સામે ગઇ અને પ્રેમપૂર્વક આવકાર આપ્યો અને બોલી ઉઠી મારા ધનભાગ્ય, આપ જેવા મહાનુભાવ મારે આંગણે પધાર્યા છે !

મિત્રોએ હસતાં હસતાં કહ્યું કે તારા પૂર્વ જન્મના પુણ્ય પ્રતાપે આ સુરેન્દ્રદત્ત શેઠનો પુત્ર ધમ્મિલ તારે ત્યાં આવી ચડયો છે. તેને સાચવજે અને તેને સેવી આનંદ આપજે. તારામાં એવો લટ્ટુ (પાગલ) બનાવજે કે જેથી તને છોડીને જાય નહિ આમ ધમ્મિલને સોંપી મિત્રોપતનના માર્ગે મોકલી ચાલ્યા ગયાં.

ત્યારબાદ વસંતતિલકા બોલી હે પ્રાણપ્રિય ! આપે મારું આગણું પાવન કર્યું આપે મારા ઉપર ઘણી કૃપા કરી છે. આપે રાજસભામાં મારી કલાની કિંમત કરી ત્યારથી મને પ્રિય થઈ પડયા છો ત્યારથી હું તમારામાં રાગી થઇ છું અને તમારૂં દર્શન ઝંખતી હતી. સારા નસીબે આપ અહીં આવી ચડયા છો તેનો મને ખૂબ આનંદ છે. હવે આ ઘર અને આ કાયા તમારી જ છે આપ ભોગવો અને મને પાવન કરો.

વસંતતિલકા કહે–હે સ્વામી ! આપ જો મારી વાત માન્ય રાખશો તો તમારો આભાર માનીશ અને નહિં માનો તો હું આપઘાત કરીશ. અને તેનું પાપ તમને લાગશે.

તેણીની આવી વાત સાંભળી ધમ્મિલના હૃદયમાં રહ્યા સહ્યા પણ સદ્‌વિચારો–સાધુતાની અસર નાશ પામી. અને તેણી પ્રત્યે રાગ વાળો થયો. તેણીના સમાગમ અને સહકાર સ્પર્શમાં બધુંજ ભૂલી ગયો. સંસારમાં મઝા છે. એવું લાગ્યું. તેણીના મોહપાશમાં પડી રહ્યા અને ઘેર જવાનું પણ ન સૂઝયું. હવે તો રાત–દિવસ મોજ મજાહ, સુખ ચેન, ગાન–તાન અને સ્રીનો સંગ વ્હાલો લાગ્યો. તે

છોડવાનું તેને મન થતું જ નહિં. ઘરબાર કે માતપિતા યાદ આવતા જ નહિ પત્નિ પણ યાદ આવતી નહિ.

ધમ્મિલને આ વારાંગનાનું એટલું ઘેલું લાગ્યું કે તેના વિના એક પળ રહી શકતો નહિ. તેનો મુલાયમ સ્પર્શ, તેની નાજુક જુવાની તેનું કામણગારુ હાસ્ય મધથી એ મીઠું લાગવા માંડયુ આમ તેના પતનની શરૂઆત થઈ ચૂકી.

મિત્રો વારાંગનાને ત્યાંથી સાંભળીને તમામ વાત ધમ્મિલને ઘેર આવી તેના માતા-પિતાને કહી સંભળાવી. આ સાંભળી તેની માતા સુભદ્રા ખૂબ ખૂબ રાજી થઈ ગઈ. સુરેન્દ્રદત્તને પણ સંતોષ થયો. મિત્રોને યોગ્ય મહેનતાણું આપ્યું. સૌ રાજી થતાં ઘેર ગયા. સુરેન્દ્રદત્ત હવે નિયમીત રીતે રોજ ને રોજ આઠ હજાર સોનામહોરો વેશ્યાને મોકલી આપતો, અને પુત્ર વેશ્યા સાથે ભોગ-વિલાસ ભોગવતો આમ ને આમ ઘણો સમય વહી ગયો. પરંતુ ધમ્મિલ પાછો આવ્યો નહિ.—તે ન જ આવ્યો.

**યોગીને ભોગી બનાવવા કદાપિ પ્રયત્ન કરશો નહિ પણ ભોગીને યોગી બનાવવા માટે પ્રયત્ન કરી પુણ્ય બાંધજો...... ...**

---

- ધર્મ વડે બુદ્ધિ સ્વચ્છ થાય છે.
- ધર્મ વડે જીવન-આત્મ કલ્યાણરૂપ છે.

ધર્મ સંતોનો આત્મા છે, આશ્રય છે.

- ધર્મથી અહમ્ મમનું વિસર્જન થાય છે.

## ૮. "હાથનાં કર્યાં હૈયે વાગ્યાં"

એક દિવસ સુરેન્દ્રદત્ત બેઠો હતો. તેની ડાબી આંખ ફરકતી હતી. તેણે માન્યુ કે પુત્રવિયોગમાં આમને આમ હું મરી જઇશ પરંતુ પુત્રનું મુખ જોવા મળશે કે કેમ તે શંકા છે. આ તો "હાથના કર્યા હૈયે વાગ્યા" જેવું થયું. મેં કર્યું છે એટલે મારેજ ભોગવવાનું છે. આમ હંમેશાં ચિંતામાં રહેતો અને જીવ બાળતો.

આ બાજુ પુત્ર વેશ્યામાં એટલો બધો ઘેલો બની ગયો હતો કે એને વસંતતિલકા સિવાય બીજુ કશું જ દેખાતું ન હતું. વેશ્યા ધમ્મિલને સ્નાન કરાવતી. પ્રેમપૂર્વક જમાડતી અને અનેક રીતે મઝા કરાવતી જેથી તે વેશ્યા-મય બની ગયો હતો. જાણે જીવન અસ્ત ન થયું હોય!

વેશ્યા સાથે સોગઠાબાજી રમતાં ગીતો ગાતાં અને વાદવિવાદ પણ કરતાં. જે ધમ્મિલ સ્રીનું નામ સાંભળીને ભડકતો હતો તેજ આજે વેશ્યાને આધીન થઇ ગયો છે! જે ધમ્મિલ માતા–પિતાને પ્રણામ કર્યા વિના જમતો નહિ. તે આજે તેમના ખબર પણ પૂછતો નથી! જે સાધુ મુનિઓના નિત્ય દર્શન કરતો તેને આજે મુનિનું નામ પણ માથામાં શૂળ જેવું લાગે છે.

ધિક્કાર છે ઇંદ્રિઓની ચપળતાને ?
ધિક્કાર છે સ્રી રસને !
ધિક્કાર છે વિષયના કીડાને !
ધિક્કાર છે યૌવનની વિડંબનાને !

કેટલાક દિવસો પછી પોતાનો પુત્ર હવે સંસારના સુખોમાં રસ લેતો થયો છે તેથી રાજી થતી સુભદ્રાએ પતિને કહ્યું હે સ્વામી !

જે પ્રકારની ચતુરાઈ શીખવવા માટે આપણે ધમ્મિલને મોકલ્યો હતો. તે વેશ્યાને ત્યાં પડી રહે છે. ઘેર આવવાનું નામ પણ લેતો નથી. તેના દર્શન દુર્લભ થઇ ગયાં છે. હવે એના દર્શન વિનાની એક ઘડી મને એક દિવસ સમાન લાગે છે. હવે મારા પુત્રના દર્શન સિવાય હું જીવી શકું તેમ નથી ગમે તેમ કરીને ધમ્મિલને ઘેર બોલાવો.

પિતાએ વિચાર્યું કે ધમ્મિલ ઘેર આવશે નહિં. તેમ છતાં સુભદ્રાના મનની શાંતિ ખાતર નોકરોને તેડવા માટે મોકલ્યા. ત્યાં જઇને કહ્યું હે કુમાર ! તમારા માતાપિતા તમને એકવાર જોવાને ઝંખે છે, માટે જલદી અમારી સાથે ચાલો, અને એમના જીવને શાંન્ત્વન આપો. માતાને શાંતિ આપવી એ ફરજ છે. જિનેશ્વર પ્રભુને પણ માતા પૂજનીય છે માતાએ પુત્ર માટે અનેક દુઃખ વેઠયા હોય છે. તેનો બદલો કદી પણ વળી શકે તેમ હોતો નથી.

ત્યારે ધમ્મિલે નિર્લજ્જ થઇને કહ્યું તમે પાછા જાવ અને તેમને કહેજો કે હું અહીં બેઠાં બેઠાં આપને બે હાથ જોડીને વંદન કરું છું. પુણ્યના યોગે આજે મને જે સ્થળ મલ્યું છે તેને છોડીને ત્યાં આવી શકું તેમ નથી તેમજ કહેજો કે બાલ્યાવસ્થામાં જ માતાની જરૂરિયાત

હોય છે. યૌવનાવસ્થામાં તો સ્ત્રીની જ જરૂર હોય છે. આ સાંભળી નોકરો ખિન્ન વદને પાછા ફર્યા.

નોકરોએ પાછા આવી બધી વાત કરી અને ત્યાં બેઠા બેઠા કરેલા નમસ્કાર કહ્યાં, પુત્રની આવી દુર્દશા થઈ ગઈ જાણીને સુભદ્રા શેઠાણી તો મોટેથી રડી પડ્યાં. સુરેન્દ્ર શેઠે મહાપરાણે સમજાવીને શાંત કર્યા અને બોલ્યા હે પ્રિય તારા કહેવાથી અને તારી ઈચ્છા પૂર્ણ કરવા આપણે પુત્રને વેશ્યાગૃહે મોકલ્યો છે. હવે તે પાછો આવે તેની ઇચ્છા રાખવી યોગ્ય છે? તને ખબર છે કે માછલું જાળ-માંથી છટકી જાય છે. પક્ષી પાશમાંથી બચી શકે છે. હાથી જેવો હાથી પણ બંધન તોડી છૂટી જાય છે પણ સ્ત્રીના પાશમાથી છૂટવું બહુ મુશ્કેલ છે.

જે માણસો કુમતિથી પ્રેરાઇને ભવિષ્યનો વિચાર કર્યા વિના કાર્ય કરે છે તેને અંતે પસ્તાવાનો વખત આવે છે. તે અંગે બ્રાહ્મણનું દૃષ્ટાંત તું સાંભળ (જે સુરેન્દ્ર-દત્ત સુભદ્રાને સંભળાવે છે.)

કોલ્લાક નામ એક ગામ હતું. તે ગામમાં એક ગરીબ બ્રાહ્મણ અને તેની પત્નિ રહેતાં હતાં. તેમને ઘણા બાળકો હતાં પણ ખાવાના સાંસાં હતા. તેમાં સોમિલ નામનો સહુથી નાનો પુત્ર હતો. બાલપણમાંજ તેને અન્ય ગામની બહાર મૂકી આવેલ તેથી પોતે માબાપ વગરનો જ છે એમ સમજી અથડાતો કુટાતો મોટો થયો. ભીખ માંગીને ગુજરાત ચલાવતો. સમય જતાં યુવાન થયો

ભીખ માંગી માંગીને થોડું ધન ભેગું કરી ઝુંપડા

જેવું મકાન બાંધી લગ્ન કર્યા. ધીરે ધીરે તેને ત્યાં એક પછી એક. એમ અનેક બાળકો થયાં. સુખ શાંતિથી જીવન નિર્વાહ કરતો.

એક દિવસ તે વિચાર કરે છે કે મેં ઘણા ઘણા દુઃખો સહન કર્યાં છે. ઈશ્વરે મને થોડું ધન આપ્યું છે. અને અત્યારે પણ મારો ગુજારો સારી રીતે થઇ શકે છે. લક્ષ્મી ચંચળ છે. માટે લોભ કરવો અને લક્ષ્મીને પૂરી રાખવી એ યોગ્ય નથી.

હું એક સારું તળાવ બનાવડાવું જેથી મારું નામ પણ લોકોમાં જાણીતું થઇ શકે. તેમ વિચારી પોતાની જાત-મહેનતથી અને ધન-વાપરીને તળાવ બનાવ્યું. ચોમાસું આવ્યું અને સારો વરસાદ થયો. તળાવ છેક કિનારા સુધી ભરાઈ ગયું. તે જોઇને તેને લાગ્યું કે કિનારે વૃક્ષો હોય તો તળાવ શોભે. તેથી તેણે તળાવની પાળ ફરતાં અનેક વૃક્ષો વાવ્યા અને જાત-મહેનત કરી તેનું બરાબર રક્ષણ કરી ઉછેર્યાં. ટુંક સમયમાં વૃક્ષોથી તળાવ શોભી રહ્યું. હવે તેણે વિચાર્યું કે એક મંદિર હોય તો અતિશય શોભે. પોતાની શક્તિ મુજબ નાનું એવું મંદિર બનાવી પોતાના ઇષ્ટદેવની મૂર્તિ સ્થાપન કરી. નિયમીત પૂજા-સેવા કરતો અને સવાર સાંજ આરતી કરતો જેથી લોકોમાં તે જાણીતો થયો. આ બ્રાહ્મણ આ મંદિરના દેવને દર વર્ષે એક બકરાનો ભોગ ધરતો, અજ્ઞાન બ્રાહ્મણ સમજતાં કે આથી દેવ રાજી થશે. ખરેખર મિથ્યા દ્રષ્ટિવાળાના દિલમાં દયા લાવવી ક્યાંથી ?

સમય જતાં બ્રાહ્મણ વૃદ્ધ થયો અને મરતાં મરતાં

પોતાના પુત્રોને બકરાના બલિદાનની વાત સમજાવી મરીને તિર્યંચ યોનીમાં ગયો. પાપીઓની ગતિ આવીજ થાય.

તેના મૃત્યુ પછી તેના પુત્રો પિતાના ઉપદેશ મુજબ દરવર્ષે એક બકરાનું બલિદાન ચડાવતા અને મીજબાની કરી આનંદ માનતા. પેલો બ્રાહ્મણ સોમિલ મરીને તિર્યંચ ગતિમાં બકરાનો જ અવતાર પામેલ હતો. થોડા દિવસો પછી બલિદાનનો દિવસ આવતો હતો તેથી સૌ બકરો શોધવા નીકળ્યાં. ફરતાં ફરતાં એક વાડામાં ખાઈ પીને રૃષ્ટ પુષ્ટ થયેલો એક બકરો જોયો. સૌએ તેની પસંદગી કરી તેથી તેને ખરીદી ઘેર લાવી બાંધ્યો. પુત્રોને કયાં ખબર હતી કે આ તેમનો પિતા છે ! બકરાને પોતાનું ઘર–તળાવ–મંદિર જોઈ પોતાનો પૂર્વજન્મ યાદ આવ્યો અરે ! આ પુત્રો તો મારૂં બલિદાન ચડાવશે ! મને મારી નાંખશે ! પણ હું શું કરૂ ? મને વાચા નથી. ખરેખર દરેક જીવને પોતાનો જીવ વહાલો હોય છે. નિર્દોષ જીવની હત્યાથી તો પાપજ થાય. એવી સમજ અત્યારે પડી.

હવે બલિદાનનો દિવસ આવી પહોંચ્યો. તેનાં પુત્રો અને બીજા અન્ય બ્રાહ્મણો તેની આજુબાજુ ઊભા રહી મંત્રોચ્ચાર કરી રહ્યાં. સ્ત્રીઓ મધુર ગીતો ગાવા લાગી, અનેક વાજિંત્રો અને ધ્વનિ થવા લાગ્યા. બકરાને કંકુનો સારો ચાંલ્લો કરી દોરીથી બાંધીને ગામ બહાર વધ–સ્થાને લઈ જવા લાગ્યા.

## "ખાડો ખોદે તે પડે"

બકરો સમજી ગયો કે હવે મારું મૃત્યુ આવી રહ્યું

છે અને તે નક્કી જ છે. આ ક્રુર લોકો મને જીવતો છોડ-વાના નથી એટલે કરૂણ સ્વરે પોકાર કરવા લાગ્યો. એ સમયે એક ઝાડનીચે એક સાધુ બેઠેલા હતા. બકરાને જોયો અને બોલ્યા કે હે બકરા! આ ઘર! આ તળાવ બનાવ-નાર તું છે આ વૃક્ષો તેં રોપ્યાં છે અને આ મંદિર પણ તેં જ બનાવ્યું છે. આ બલિદાનનો રિવાજ પણ તેં શરૂ કર્યો છે. આવી શિખામણ પણ તેં જ તારા પુત્રોનો આપી છે. તારા કર્યા તારે ભોગવવાના આવ્યા છે ત્યારે વૃથા બેં બેં શા માટે કરે છે?

આ સાંભળી બકરો તરતજ શાંત થઇ ગયો અને નીચું જોઇને સરળતાથી ચાલવા લાગ્યો. બ્રાહ્મણોને આશ્ચર્ય થયું તેથી તેઓ પૂછવા લાગ્યા કે હે મુનિ! તમે શું કહ્યું કે તેથી આ બકરો તરત જ શાંત થઈ સરળતાથી ચાલ્યો.

આથી મુનિએ બકરાને કહેલ તે વાત ફરીથી બ્રાહ્મ-ણોને કરી અને તેનો પૂર્વભવ જણાવ્યો, આ સાંભળી જાતિમદ વાળા બ્રાહ્મણો તો એકદમ ગુસ્સે થઇ ગયા અને અને કહેવા લાગ્યા કે ભાઇ! અમારા પિતા તો મહાપુણ્ય શાળી હતાં મરીને દેવલોકમાં ગયાં છે. તું સમજ્યા વગર અને જાણ્યા વગર ગમે તેમ કેમ બોલે છે? આના કરતાં ચૂપ રહેતો સારૂં. અમારા પિતાએ અનેક બકરાને મંત્રબળે કરીને દેવલોકમાં મોકલ્યા છે. તેની તને શું ખબર પડે!

મુનિ શાંત ચિત્તે બોલ્યા! ભાઇઓ! તમે જે બોલી રહ્યા છો તે તમારૂં અજ્ઞાન છે. અમે મુનિઓ જીવ જાય તો પણ કદી જુઠું ના બોલીએ. તમે જરા શાંતિ રાખો.

આ બકરોજ તમારા મનનું સમાધાન કરી કોણ સાચું છે તે સાબિત કરી આપશે.

જુઓ આ બકરાને જાતિ–સ્મરણ જ્ઞાન થયું છે. તેને બાંધેલી દોરી છોડી નાંખો તો તે તરતજ પોતાના ઘરમાં જઈ જ્યાં ધન દાટેલું છે. તે જગા તમને બતાવશે અને તમને ધન મળે પછી તો મારૂં કહ્યું સાચું છે એમ માનશોને ?

બ્રાહ્મણોએ બકરાને છૂટો કર્યો તે પોતાના ઘેર ગયો અને જ્યાં ધન દાટી રાખેલું તે જગાએ જઇ જમીન ખોદવા લાગ્યો પુત્રોએ ત્યાં ખોદયું અને દાટેલું ધન મલ્યું તેથી સૌ રાજી રાજી થઇ ગયાં અને મુનિ પાસે આવીને પોતાના અપરાધ બદલ ક્ષમા માંગવા લાગ્યાં.

મુનિએ તેમને દયા ધર્મ સમજાવ્યો. જગતમાં દરેક જીવને જીવવું ગમે છે કોઇને મરવું ગમતું નથી. અબોલ જીવોને મારવાથી અનંતુ પાપ થાય છે. કેટલાંક દેવો જીવ-હિંસા કરાવે છે. તેમાં તેમને બે ઘડી આનંદ થાય છે. પરંતુ અન્યનો જીવ જાય છે. જીવહિંસા પાપોના કારણ-રૂપ છે. જે નીચ પુરૂષો ધર્મને નામે જીવ–હત્યા કરે છે. કરાવે છે. તેઓ મહાપાપ કરી રહ્યા છે. અજ્ઞાન રૂપી અંધારામાં સત્ય સાંપડવું મુશ્કેલ છે.

મુનિની અમૃતરૂપી વાણી સાંભળીને બ્રાહ્મણો આનંદ પામ્યા અને જૈન–ધર્મ અંગીકાર કર્યો. બકરાને છૂટો મુકી દીધો અને તમામ પ્રાણીઓને અભયદાન આપ્યું.

પોતે કરેલ કાર્ય પોતાને ભોગવવાનું આવ્યું ત્યારે સત્ય સમજાયું. મુનિ મહારાજ મલ્યા ન હોત તો શું થાત ?

માટે હે પ્રિયે ! આપણે જાતેજ પુત્રને ખોટા માર્ગે મોકલ્યો છે. અને હવે રડવું તે નકામું છે. આતો માથું મુંડાવ્યા પછી મુહૂર્ત પુછવા જેવું થયું. [સુરેન્દ્રદત્તે જણાવ્યું]

સુભદ્રા કહે કે સ્વામી ! આવું બોલી મને વધારે દુઃખી શા માટે કરો છો ? મને ક્યાં આવી ખબર હતી કે પુત્ર આવો થઇ જશે ! સુરેન્દ્રદત્ત કહે હે પ્રિયે ! આમ ખોટું ન લગાડીશ. આમાં મારો કે તારો કોઇનોય દોષ નથી. પૂર્વેના કરેલા કર્મોજ આ બધું કરાવે છે, બુદ્ધિવાન માણસો ભલે વિચારીને પગલું ભરે પરંતુ કાર્યની સિદ્ધિ તો કર્મ મુજબજ થાય છે. હું તો સારા માટે કરવા ગયો અને થઇ ગયું ઊંધુ પણ શું થાય ? ધાર્યું કોઈનુંય થતું નથી. બધુંજ કાર્ય-કર્મને અનુસાર થાય છે માટે શોક કરવો નકામો છે. હું કરું હું કરું એજ અજ્ઞાનતા,

**શકટનો ભાર જેમ શ્વાન તાણે.**

શાસ્ત્રોનો જાણનાર જ્યોતિષનો જાણનાર પૂરો વિચાર કરી ને કાર્ય કરનાર પણ વિધાતાની રમત જાણી શકતા નથી, જે થવાનું છે. તે થવાનું તેને કોઇ રોકી શકનાર નથી કે ફેરવી શકનાર નથી. જેવું કર્યું હોય તેવુંજ પામવાનું છે. બાવળ વાવનાર ને કેરી મળતી જ નથી.

કર્મ તણી ગતિ ન્યારી છે ! તેનું એક દ્રષ્ટાંત જુઓ

## 'કટુ કર્મના' પરિપાકો

મગધ નામે એક દેશ છે. જ્યાં ધન-ધાન્યના ઢગલા છે. ગંગા-જમના જેવી નદીઓ ભરપુર રહે છે. ખેતરો પાકથી લચી પડે છે. ઘી દૂધની નદીઓ વહે છે. જ્યાં

દુઃકાળ કદી ડોકાઇ શક્તો પણ નથી. તેમાં સુગ્રામ નામે એક પ્રખ્યાત અને સુંદર ગામ છે. જરૂર કરતાં વિશેષ અનાજ–પાણી ફળ-ફુલ મળતાં જેથી નગરજનો કરતાં પોતે વધુ સુખી છે. એમ જ માનતા.

આવા સમૃદ્ધિવાળા ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ શિવ હતું. તેની પાસે ખાવા અન્ન નહિં. રહેવા ઘર નહોતું અને પહેરવા કપડાં પણ ન હતાં. ભીખ માંગીને પેટ ભરતો, થોડું માંગી માંગીને ભેગું કરી ઘર બનાવ્યું. તેના પુત્રનું નામ સોમદેવ અને પુત્રીનું નામ સોમશર્મા હતું, બાલ્યાવસ્થામાંજ તેમની માતા દેવલોક પામી હતી. મોટે ભાગે ગરીબોને જ અનેક પ્રકારના દુઃખો આવી પડે છે. અને દુઃખો આવે છે. ત્યારે સહસ્ત્રમુખે આવે છે. બ્રાહ્મણ જેમ તેમ કરીને બંન્ને બાળકોને મોટા કરે છે.

ધન મેળવવાની આશાથી બ્રાહ્મણ અનેક પ્રકારના વિચારો કરે છે. શું હું વનમાં જાઉં ? શું હું ખાણ ખોદું ? પરંતુ કાંઇ સુઝતું નથી. એક વખત રસોઇ માટેના લાકડાની જરૂર પડી તેથી તે લેવા જંગલમાં ગયો. ગરીબીમાં કોઈપણ કામ કરતાં શરમ રહેતી નથી. જંગલમાં લાકડા વીણવા આમતેમ ફરતો હતો. તેવામાં દૂર એક યોગીને જોયાં. જો કે આ યોગી એક જાણકાર તરીકે જાણીતા હતા. બ્રાહ્મણ યોગી પાસે જઇ પગમાં પડી પ્રણામ કર્યા.

યોગીએ ખુશ થઇ આશીર્વાદ આપ્યાં કે આયુષ્યવાન

ભવ, પુત્રવાન ભવ, લક્ષ્મીવાન ભવ, બ્રાહ્મણ કહે–હે યોગીરાજ આપના આશીર્વાદથી હું જરૂર સુખી થઈશ એવી મને શ્રદ્ધા છે. ત્યારબાદ તે બ્રાહ્મણ યોગીપાસે આવી વંદન કરતો. અને તેમનું કાર્ય પણ કરતો. જેથી તે બહુ ખુશ રહેતાં. મુનિ (યોગી)ની આજ્ઞાથી તેણે એક મશાલ બનાવી.

એક દિવસ તે યોગી બોલ્યા. બેટા! ચાલ મારી સાથે, આજે તને ધન મેળવવાનો રસ્તો બતાવી દઉં જેથી તારું દારિદ્રય ટળે, અને તે યોગી તેને લઈને ચાલતાં ચાલતાં એક પર્વતની તળેટીમાં પહોચ્યાં. બ્રાહ્મણે યોગીના હાથમાં પુસ્તક હતું તે જોયું તેમાં સર્વ પ્રકારની સુવર્ણ સિદ્ધિ અંગેની વિગત હતી. ભૂતકાળમાં આવી સિદ્ધિઓ હતી.

ધનની આશાથી તે બ્રાહ્મણ અત્યંત કઠીન એવા પર્વત પર યોગીની સાથે ચડવા લાગ્યો. આકરૂં ચડાણ હતું. પગમાં પત્થરો વાગતાં લોહી નિકળવા છતાં આગળ ચાલ્યે જ જતાં હતાં. આશા એક મહાન ચીજ છે. અંતે તેઓ એક મોટી અંધારી ગુફા પાસે આવી પહોંચ્યાં. મહામુશ્કેલીથી તેમાં પ્રવેશ કર્યો. સાથે લાવેલ મશાલ સળગાવી તેના પ્રકાશથી માર્ગ શોધતાં શોધતાં આગળ વધી રહ્યા. અંતે તેઓ એક કુવા પાસે આવી પહોંચ્યા.

નજીકમાં એક મંદિર હતું. તેમાં અનેક તેજસ્વી રત્નોથી પ્રકાશ ઝળહળી રહ્યો હતો. તેમાં તેઓ બંન્ને પ્રવેશ્યા. યોગી બોલ્યો હે બ્રાહ્મણ! આ સુવર્ણ રસ ભરેલ કુવાની માલિક આ દેવી છે. તેમને ખુશ કરીશ તો દેવી પ્રસન્ન થઇ તને સુવર્ણરસ આપશે માટે તું તેમની સેવા કરી તેમને પ્રસન્ન કર.

આથી તે બ્રાહ્મણ નજીકની નદીમાં સ્નાન કરી, બગીચામાંથી અનેક પ્રકારના સુંદર ફૂલો તથા ફુલની માળા બનાવી લાવી દેવીની પૂજા કરી. અત્યંત ભક્તિભાવથી દેવીની આરાધના કરી, અને બેહાથ જોડી પ્રાર્થના કરતાં બોલ્યો હે દેવી ! હું ગરીબ છું, મારા ઉપર કૃપા કરો મારું દુઃખ દૂર કરો. મારી ઉપર અમી દષ્ટિ રાખો.

દેવી તેની પરીક્ષા કરવા બોલી ! હે પુત્ર ? હું તારા ઉપર પ્રસન્ન થઇ છું માટે તું કોઇ પાત્ર ધર. હું તને કંઇક આપવા માંગુ છું. બ્રાહ્મણ પાસે કોઇ પાત્ર તો હતું જ નહિ તેથી બેબાકળો બની વસ્ત્રનો છેડો પાથર્યો. દેવીએ મુઠી ભરીને જવ ફેંકયા. અને અદ્રષ્ય થઇ ગયાં. આ જોઈ બ્રાહ્મણ મનમાં ગુસ્સે થયો અને બબડવાં લાગ્યો. અહો ? આ દેવીની સેવા કરીને મેં પ્રસન્ન કર્યાં. ત્યારે મને શું આપ્યુ ? એક મુઠી જવ ! ખરેખર આ દેવી અત્યંત લોભી લાગે છે,

કેટલે દૂરથી ચાલતો આવું છું અત્યંત પરિશ્રમ કર્યો, અનહદ થાક લાગ્યો છે. પગમાં લોહી નીકળ્યાં છે. તે શું આ જવ માટે જ ! અરેરે ! હું તો ખોટો છેતરાઈ ગયો. કહેવત છે ને કે ડુંગરા દૂરથી રળિયામણા; અને પાસે જાવ એટલે પત્થર જ હોય. આના કરતાં તો હું ભીખ માંગીને પેટ ભરતો હતો તેજ વધારે સારું હતું. હવે અહીં વધારે પડી રહેવું યોગ્ય નથી. એમ વિચારી ગુસ્સામાં પેલા જવો દેવી તરફ ફેંકી દીધા અને બબડયો. લે તારા જવ પાછા ભોંમા ભંડારી રાખજે. મારે

નથી જોઇતા તારી કૃપા નથી જોઇતી હું હતો તેજ સારું હતું.

બ્રાહ્મણના આવા આકરા વચનો સાંભળી દેવી ગુસ્સે થયાં અને બ્રાહ્મણને ત્યાંથી ઉપાડી દૂરદૂર ફેંકી દીધો. આંખો ઉઘાડીને જુએ છે તો ન મળે મંદિર ન મળે યોગી. કોઈ અજાણી જગામાં તે પડેલ હતો. તે ઊભો થવા ગયો ત્યાં વસ્ત્રમાં ચોંટી રહેલા કેટલાક ધારદાર જવો જોયા. બરાબર જોતાં ખબર પડી કે આ જવ તો સોનાના હતાં.

બ્રાહ્મણ પસ્તાવો કરતાં રડવા લાગ્યો. અરેરે ! મેં મૂર્ખાએ દેવીની કૃપાથી મળેલા જવ સામાન્ય જવ સમજી ફેંકી દીધા. હું પાપી છું બુદ્ધિવગરનો છું. જો હું ગુસ્સે થયો ન હોત તો તે દેવી મને જરૂર સુવર્ણ રસ આપતે અને મારું દળદર ફીટી જાત.

કહેવત છેને કે અક્કર્મીનો પડીયો કાણો. તે આનુ નામ લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ત્યારે હું ચાંલ્લો કરવા ગયો. એવું થયુ હવે ગમે તેટલો સંતાપ કરું તો પણ સર્વ નકામું છે. એમ સમજી બ્રાહ્મણ કોઇ એક દિશામાં ચાલતો થયો. પોતાના જીવન પ્રત્યે નફરત અને તિસ્સ્કાર કરતો વિચારે છે કે કોઇ હિંસક પશુ આવીને મને મારી નાંખે તો આ જીંદગીથી છુટું. હવે મને જીવવું પણ ગમતું નથી.

આમ તે ચાલતો જઇ રહ્યો હતો. તેવામાં નજીકમાં ક્યાંક માણસોનો અવાજ સાંભળ્યો. તેથી તે દિશામાં ચાલવા માંડ્યું. થોડે દૂર જતાં કેટલાંક માણસો કોદાળીથી જમીન ખોદતાં જોયાં. તેમની પાસે જઇને પૂછ્યું કે ભાઇઓ

અહીં શું ખોદી રહ્યા છો ! અહીં સુધી દૂર આવી ખોદવાનું પ્રયોજન શું છે ? પેલા લોકો તેને અજાણ્યો માનવી સમજી કહ્યું કે ભાઇ ! આ રોહણાચલ પર્વત છે. તેમાં અસંખ્ય નાના મોટા મણિ તથા રત્નો ભરેલાં છે. આ પર્વતની મેખલાં છે તેથી અહીં ખોદવાથી મહા તેજસ્વી રત્નો મળી શકે તેમ છે.

બ્રાહ્મણે પોતાની સાથેના સોનાના જવ આપીને તેમની પાસેથી એક કોદાળી ખરીદી અને તે પણ સૌની સાથે સાથે ખોદવા લાગ્યો. સખત પરિશ્રમ કરી ઘણાં નાના મોટા મણિ રત્નો મેળવ્યા. હૈયામાં આનંદ આનંદ થઈ રહ્યો. મણિરત્નોના સમુહની એક પોટલી બાંધી. મનમાં શેખચલ્લીની માફક હવાઈ કિલ્લા બાંધતો નવાનવાં તરંગો વિચારતા પોતાના ઘર તરફ જવા નીકળ્યો.

અન્ય ખોદનારાઓ બ્રાહ્મણને માનથી જોતાં તેની પાછળ પાછળ ચાલી નીકળ્યાં. વળી રસ્તામાં ચોર લુંટારાનો ભય પણ હતો અનેક માણસો સાથે હોય તો કોઈને ડર ના રહે. તેથી સૌએ ભેગાં મળી પ્રથમ તો શપથ લીધા કે રસ્તામાં કોઇ કોઇને દગો કરવો નહિ. પરસ્પર એક બીજાને છેતરવા નહિં, ભાઇચારાથી રહેવું અને એક બીજાને મદદ કરવી. આમ નક્કી કરી સૌ ભેગાં ચાલતા થયાં.

ચાલતાં ચાલતાં સાંજ પડી. અંધારું થવા લાગ્યું. સૌ પોતપોતાનું જોખમ સાચવી સંભાળીને સૂઈ ગયાં. બ્રાહ્મણ પણ પોતાની પોટલી માથા નીચે મુકી બેફીકરાઇથી

સૂઇ ગયો. સૌ થાકીને લોથ થઇ ગયાં હતા. એટલે ઘસઘસાટ ઊંઘી રહ્યા હતાં.

વહેલી પરોઢે નજીકની ઝાડીમાં રહેતા કોઈ વાનરે આ પોટલીમાં લાડુ કે કોઈ ખાવાની ચીજ છે તેમ સમજીને ત્યાં આવી ઝડપથી પોટલી લઇને નાસી ગયો. બ્રાહ્મણ ઊઠી ગયો અને રાડો પાડવા લાગ્યો અરે ! ભાઇઓ ઊઠો મને બચાવો ? આ વાનર મારી પોટલી લઇને ભાગી જાય છે. કોઇ બચાવો. આ સાંભળી બધાં જાગી ગયા અને પેલા વાનરની પાછળ દોડયા. **આ કમનશીબ !**

ડરનો માર્યો વાનર એક ઝાડથી બીજે અને બીજેથી ત્રીજે એમ કૂદાકૂદ કરતો અદૃષ્ય થઈ ગયો. બ્રાહ્મણ બિચારો પોક મૂકીને રડવા લાગ્યો. સૌ સાથીદારો તેને આશ્વાસન આપવા લાગ્યા કે હે ભાઇ ! જે બનવાનુ હતું તે બની ગયું. હવે નિરર્થક રડવાથી કાંઈ વળવાનું નથી. ગયેલી વસ્તુ પાછી આવવાની નથી. જેવું આપણુ ભાગ્ય ! વિલાપ કરવાથી શું વળે ! કર્મ પાછળ વળગ્યું છે.

ખરેખર હું જ અભાગ્યો છું. મારું નસીબજ એવું નિર્ધન છે. પછી કોઇનો શું વાંક કાઢવો ? એમ મન મનાવી ભગ્ન હૃદયે પોતાના ઘર તરફ જવા નીકળ્યો. ઘેર જઇને સર્વને પોતાની દુર્દશા અને ભાગ્ય હીનતાની વાત કરી રડવા લાગ્યો. આ જાણી તે ગામના ઠાકોરને દયા આવી. તેને બોલાવી આશ્વાસન આપ્યું. તેમજ તેના ભરણપોષણ માટે એક ખેતર તથા રોહિણી નામે ગાય સોંપી ત્યારે બ્રાહ્મણ શાંત થઈ ગયો.

સમય જતાં ચોમાસું આવ્યું. ભરપૂર વરસાદ થયો. મેઘરાજાની મહેર જોઈ બ્રાહ્મણ રાજી થઇ ગયો. ખેતરમાં ડાંગર વાવી. મબલખ પાક ઊતરશે એવી આશા બંધાણી. હવે મારી ગરીબાઈ અદૃષ્ય થશે. અત્યાર સુધીની જીંદગી દુઃખમાં ગુજારી છે. હવે ઇશ્વરે મારી સામે જોયું છે.

એવામાં સૂર્યગ્રહણનું પર્વ આવ્યું. તેણે વિચાર્યું કે કોઈ નગરમાં જાઉં તો લોકો પાસેથી દાન—દક્ષિણાની સારી એવી રકમ મને મળી જશે. એ જાતે બ્રાહ્મણ હતો એટલે કશું જ જતુ ન કરવું અને દાન દક્ષિણા લેવી એ તો અમારો ધર્મ છે. કોઇ નાનમ નથી.

એમ વિચારી પોતાના પુત્ર પુત્રીને ડાંગરના ખેતરનુ ધ્યાન રાખવા અને ગર્ભિણી રોહિણી ગાયની દેખભાળ રાખ-વાનું કામ સોંપી ટુંક સમયમાં પાછો આવી જઇશ એમ કહી તે લાલચુ બ્રાહ્મણ ધન મેળવવા શહેરમાં ગયો. લોભે લક્ષણ તો જાયને !

ત્યારબાદ એવું બન્યું કે તેના ગામમાં એક નટની ટોળી આવી પહોંચી. પોતાની કલાથી લોકોને આશ્ચર્યચક્તિ કરી દીધા. અનેક હેરત પમાડે તેવા પ્રયોગો કરી બતાવ્યા. લોકોતો ખુશખુશ થઇ ગયા અને વગર માંગ્યે ખૂબખૂબ ધન આપી રાજી કર્યાં. ગામમાં ચોરે ને ચૌટે નટના વખાણ થાય છે.

બ્રાહ્મણ પુત્ર સોમદેવ પણ નટના અંગમરોડના હેરત પમાડે તેવા પ્રયોગો વખતે હાજર હતો. અને લોકોએ છૂટે હાથે ધન આપ્યું તે જોઈ રહ્યો. સોમદેવ વિચારે છે કે

ખરેખર ! આ નટ લોકોની કેવી આગવી અને આકર્ષક કલા છે ? કલાના ચાહકો તો સર્વત્ર હોયજ છે એટલે એમને વગર માંગે જોઇએ તે કરતા વધારે ધન મલીજ રહે છે. જ્યારે મારો બાપ સવારથી સાંજ સુધી ફરી ઠેર ઠેર માંગી માંગીને ભેગું કરે છતાં પેટ પૂરતું પણ મળતું નથી.

અહો ! આ બ્રાહ્મણનો અવતાર છે ! ભીખ માંગીને પેટ ભરવું પડે છે. છતાંય આ પાપી પેટ કદી ભરાતું નથી. ધિક્કાર છે. આ જન્મને ! ધિક્કાર છે. આ કુળ ને ! અને ધિક્કાર છે. આ દરિદ્રતાને ! માટે મારે નાત જાતનો કે ઊંચનીચનો વિચાર કર્યા વગર જેમાં સરળતાથી ધન મળે શાંતિ પૂર્વક જીવી શકાય એ ધંધો સ્વીકારવો જોઇએ. એમાં શરમ શાની ? કુળ-જાતિની પરવા કરવા રહીશ તો જીવન ભર ભીખ માંગીને જીવવું પડશે અને જીવનમાં શાંતિ કે આરામ નહિ મળે. આમ વિચારીને કોઇને પણ પૂછયા વગર કે રજા લીધા વગર નટોની ટોળીમાં ભળી ગયો તે પહેલાં પોતાની બહેન સોમશર્મા કોઇક પૈસાદાર યુવાનને સોંપી અને તેનું તથા ગાયનું અને ખેતરનું રક્ષણ કરવાનું સોંપી દીધું અને ચાલી નીકળ્યો.

પેલા ધનવાન યુવાને સોમશર્માને ખૂબજ મોજમજાહ કરાવી. જે અલ્લડ યુવતી સમજી શકી નહિ. અને સમય જતાં સોમશર્મા ગર્ભવંતી બની પોતાના ખેતરમાં ડાંગર વાવી હતી. પાક પણ સુંદર અને લચી પડેલ હરિયાળું ખેતર કોઇની દેખભાળ વગર ઘાસથી આચ્છાદિત થયું. અને પાક નિષ્ફળ ગયો. ગર્ભીણી રોહિણી ગાય પણ યોગ્ય

પાલન પોષણના અને માવજતના અભાવે સુકાઈ ગઈ. અને મરવા જેવી બની રહી.

આ બાજુ પેલો બ્રાહ્મણ શહેરમાંથી દાન–દક્ષિણા દ્વારા મેળવેલુ થોડું ધન લઈને પાછો ફર્યો. રસ્તામાં વિચાર કરે છે. કે અહો ! મારા ખેતરમાં મબલખ ડાંગર પાકશે. રોહિણી ગાય વિયાશે અને વાછરડી આવશે ઘરમાં ઘી–દૂધ પૂરતા મળી રહેશે પછી મારે કોઈ દુઃખ નહિ રહે. આમને આમ વિચાર કરતાં કરતાં તે પોતાને ઘેર પહોંચ્યો. તો ઘર બંધ જોયું.

અરે ! આમ કેમ ? ઘર બંધ કેમ હશે ? અહીં આજુબાજુ બધું ધૂળ ધૂળ છે. શું અહીં કોઈ રહેતું નથી ? મારો પુત્ર કે પુત્રી દેખાતાં નથી. મારી ગાય દેખાતી નથી. બધુંજ ઉજ્જડ જેવું કેમ છે ? કયાં ગયા બધાં ? બ્રાહ્મણ તો વિચારમાં પડી ગયો કે હવે શું કરૂં ? કોને પૂછું ?

સોમદેવો નટોજાત :, સોમશર્મા ચ ગુર્વિણી,
શાલિવ પ્રસ્તૃણૈશ્છન્નો, ન પ્રસૂતા ચ રોહિણી ।।

નજીકમાં રહેતા કોઈએ તેને બોલાવી બધી વાત કહી કે ભાઈ ! તારો પુત્ર સોમદેવ ઘર છોડીને નટ બની તેમની સાથે ચાલ્યો ગયો છે. તારી પુત્રી સોમશર્મા કોઈ ધનિકથી ગર્ભવંતી છે. તારા ખેતરની કોઈએ દરકાર કરી ન હોવાથી સર્વત્ર ઘાસ ઊગી ગયું. તારી રોહિણી ગાયનો ગર્ભ નાશ પામ્યો છે. અને મરવા પડી છે. આ બધું જ તારી બેદરકારીનું કારણ છે.

આ સાંભળી બ્રાહ્મણ બહુ ખેદ પામ્યો. તેની પોતાની જન્મથી આજસુધીની તમામ વાતો યાદ આવી. કલ્પાંત કરવા લાગ્યો. અને સમાજ, સંસાર અને સગાંસ્નેહીઓથી ત્રાસીને જંગલમાં જઇને એક ઝાડનીચે બેસી છૂટે મોંએ રડી પડયો. જીવન પ્રત્યે નફરત જાગી સંસાર પ્રત્યે અભાવ જાગ્યો.

એજ સમયે કોઈ મુનિ મહારાજે તેને જોયો. પોતાની પાસે બોલાવી શાંતિપૂર્વક પૂછયું કે- ભાઇ ! તું કેમ રડે છે ? શું થયું છે ? રડવાથી કશું વળે નહિં. જે બન્યુ હોય તે કહે.

બ્રાહ્મણે પોતાની આપવીતી કહી સંભળાવી. મુનિએ શાન્ત્વન આપ્યું અને સમજાવ્યો ભાઈ ! હિંમત રાખ રડ નહિં. જે થવાનું છે. તે કદી મિથ્યા થતું જ નથી. રડવાથી કોઇ વળતું નથી. ત્યારબાદ બ્રાહ્મણ શાંત થયો.

કસ્ય લક્ષ્મી સુતા : કસ્ય, કસ્ય વેશ્મતિચિંતય ।
તદેતિ યાતિ ચાત્માય, મેકએવ ભવાદ્ ભવં ॥

મુનિએ ઉપદેશ આપવા માંડયો, હે જીવ ! ખૂબજ શાંતચિત્તે વિચાર કર. કે કોની લક્ષ્મી ? કોનું ઘર ? કોના પુત્રો ? કોની પુત્રી ? કોની પત્નિ ? અરે ! આ સંસાર ક્ષણભંગુર છે. કોઇ કોઈનું કોઇ નથી. આ આત્મા આ સંસારમાં એકલો જ આવ્યો છે. અને એકલોજ જવાનો છે. કોઈ ચીજવસ્તુ સાથે આવવાની નથી.

'કોણ છે મારૂં ને કોણ છે તારૂ, નાહક કરતો મારૂં મારૂં,
જાણીલે જીવડા કોઈ ન તારૂં, આંખ મીંચાતા થાશે અંધારૂ.'

સંસારમાં સગાંઓ સૌ સ્વાર્થ પૂરતા જ છે. એ આંખો મિંચાઇ ગયા પછી કદી કોઇ યાદ પણ કરતું નથી. અજ્ઞાન માનવીઓ મારૂં તારૂં કરીને જીવનભર ક્લેશ–કંકાશ અને અશાંતિ વહોરે છે. અને જન્માંતરે પણ તેના સાથે લઇ જાય છે. અને પરભવ પણ બગાડે છે. માટે કોઈપણ પ્રત્યે કદી રાગ કે દ્વેષ રાખવો નહિ. રાગ–દ્વેષ એ આત્માના દુશ્મન છે. માટે તેને રાખવા નહિ.

અજ્ઞાન અને અંધકારમાં ડૂબેલ માનવીને સાચો રાહ દેખાતો નથી. સ્ત્રી એ સર્વ પાપોનું મૂળ છે. છતાં તેનાં પ્રત્યે અનહદ માયા રાખી વ્યર્થ જીવન બરબાદ કરે છે. સ્ત્રીની અગડાઇ અંગભગી અને મદોન્મત્ત દેહ લાલિત્ય જોઈ ભલભલા પીગળી જાય છે. અને વિષયવાસનામાં પડી નરકની ગતિ પામે છે.

જગતમાં જો કોઇ સત્ય હોય તો પરમ કૃપાળુ જિનેશ્વરદેવ, ગુરૂ મહારાજ અને જિન ધર્મ–તે તમને સત્યના રાહે લઈજશે. જન્મમરણના ફેરામાંથી મુક્તિ અપાવશે તેજ તારણહાર છે. આટઆટલું જાણવા છતાં–અહંકારી માનવી માને છે. કે આ મેં કર્યું છે. આ હું કરું છું. આ હું કરીશ. બધું જ વ્યર્થ છે.

'હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે'

આ જાણીને બ્રાહ્મણ પોતે વિચારે છે. કે અહો ! આટલું જાણ્યા પછી હવે મને લાગે છે. કે ખરેજ હું મૂર્ખ

છું. કર્મ મુજબજ ફળ મળે છે. માનવીનું ધાર્યું કદી કોઇ-નુંજ થતું નથી અને એ માટે પસ્તાવો કરવો કે રડવું નકામું છે. કોઈ પણ કાર્ય કાર્યનું ફળ દેવ આધિન હોય છે તે માટે ઉદાહરણ સાંભળો.

વિંધ્યાચલ નામે એક પર્વત હતો. તેમાં સફેદ શરી-રવાળો એક મહાકાય હાથી રહેતો હતો. આ મહાબળવાન હાથી મદઝરતો હતો. તેના ગંડસ્થળ ઉપર હજારો ભમ-રાઓ હતાં. સુખચેનથી તે આ પર્વત ઉપર રહેતો હતો. અને મનફાવે ત્યાં ફરતો હતો.

એક દિવસ વહેલી સવારે ઊઠી પોતાની સુંઢ ઊંચી કરી આનંદ વ્યક્ત કરવા કીકીયારી કરી. આ સાંભળી અનેક પક્ષીઓ ગભરાઇને પોતાના માળામાંથી ઊડીને ભાગી ગયા. નજીકમાંજ ખળ ખળ વહેતી એક નદી હતી. જળક્રીડા કરવાના આશયથી તે નદી તરફ ગયો. જંગલની ગીચ ઝાડી-માંથી બહાર નીકળ્યો એવામાં એક શિકારી જંગલી પશુનો શિકાર કરવા જંગલમાં જઈ રહ્યો હતો. તેણે આ હાથીને જોયો.

હાથી નદીના જળમાં આનંદથી રમી રહ્યો, સુંઢમાં પાણી ભરીને શરીર ઉપર ઉછાળતો અને મોજ માણતો હતો. શિકારી વિચારે છે. કે ખરેખર હું નસીબદાર છું કે પ્રથમ નજરેજ આવો સુંદર શિકાર મલી ગયો, આવા હાથીને મારવાથી મને મોતીઓનો લાભ થશે. આજે તો લક્ષ્મી સામે ચાલીને મળવા આવી રહી છે.

એમ વિચારીને શિકારીએ ઝેર ચડાવેલું બાણ હાથી તરફ તાક્યું. ધનુષ્યની પણછ ચડાવીને જોર પૂર્વક છોડયું.

એવે વખતે શિકારીની નજર હાથી તરફ હતી. તેથી તેના પગ નીચે મોટું દર હતું તે જોયું નહિં. એજ સમયે પ્રભાતને શિતળ પવન પીવાની ઈચ્છાથી સર્પ બહાર નીકળ્યો અને શિકારીને ડસ્યો. ભયંકર ઝેરી સર્પ હોવાથી અહીં શિકારી પડયો અને નદીમાં હાથીને તીર વાગવાથી હાથી પડયો. શું કુદરતની લીલા છે! શિકારી પોતેજ શિકાર બન્યો.

સર્પ કરડવાથી શિકારીને ઝેર ચડતાંની સાથેજ પડયો. શિકારીના શરીર તળે પેલો સર્પ પણ ચકદાયો અને તે પણ મરણ પામ્યો. એજ વખતે એક વિદ્યાધર આકાશ માર્ગે જઈ રહ્યો હતો. તેણે આ જોયું અને બોલ્યો. હાથીના મનમાં કંઈ હતું. પારધિના મનમાં કંઈ જુદું જ હતું અને સર્પના મનમાં કંઈક અન્ય હતું. વિધિની વિષમતા તો જુઓ? આ સંસારમાં કદી કોઈનું ધાર્યું થતું નથી. ધાર્યું ધણીનું થાય છે. કુદરતના હાથની ચીજ પ્રારબ્ધ વિના મળતી નથી. ખરેખર વિધિ કેટલી નિષ્ઠુર છે? પરંતુ કોઈનો દોષ દેવા કરતાં કર્મનોજ દોષ છે. કર્મ કદી કોઈને છોડતું નથી. માટે ખોટો અફસોસ ન કરવો.

આ મુજબ મુનિએ બ્રાહ્મણને ઉપદેશ આપ્યો. લક્ષ્મી અને સ્ત્રીથી પરેશાન થયેલા તે બ્રાહ્મણે દિક્ષા લીધી અને આકરી તપશ્ચર્યાને અનુસરી કર્મની નિર્જરા કરતો કર્મથી મુક્ત બની મોક્ષમાં ગયો. સુભદ્રા કહે હે પ્રાણનાથ આ શીવ બ્રાહ્મણની કથા સંભળાવી અને કર્મનું ફળ કેવું મળે છે. તે સમજાવ્યું એવીજ રીતે અનેક પ્રકારની વાતો કરતાં કરતાં પતિ–પત્નિ પોતાનું દુઃખ ઓછું કરવા લાગ્યા.

જેવી રીતે ચીભડામાં રહેલ કીડો જે કામ કરે છે. તેવી રીતે માનવીના હૃદયમાં રહેલ કામની લાલસા માનવીના સત્કર્મને કોતરી ખાય છે. તેવીજ રીતે **ધમ્મિલ** પુત્ર તરીકે ઉત્પન્ન થઈ આપણને દુઃખ આપે છે.

પુત્ર વિયોગમાં ઝૂરી ઝુરીને મરવું તે કરતાં તો ઝેર પી ને મરવું સારું, એવું માનતાં થકા વિરહની વેદનામાં તરફડતાં રડી રહ્યાં. તેઓ જે કાર્ય કરતાં હતાં તે પૂર્વકર્મના સંસ્કારથીજ કરતાં પણ મનથી કરતા ન હતા. દુઃખથી કંટાળેલા તેઓ પતિપત્નિ મૃત્યુની ઇચ્છા રાખતાં. રાત્રે ભર ઊંઘમાં પણ તેઓ બોલતાં કે- હે પુત્ર ! મારા વ્હાલા ધમ્મિલ ! તું જલદી પાછો આવ અને અમને શાન્ત્વન આપ. તારા વિયોગમાં અમે તરફડી રહ્યા છીએ. અમારા પ્રત્યે કંઇક તો દયા રાખ. આમ વિરહની વેદનામાં ઝુરી ઝુરીને માતપિતા બન્ને મૃત્યુ પામ્યા.

ત્યારબાદ યશોમતી પોતાના સાસુ-સસરાના મૃત્યુ બાદ એકલી અટુલી તે ઘરમાં હિંમતપૂર્વક રહેવા લાગી અને ઉત્તમ પ્રકારનું શીલ પાળતી રહી. ધર્મધ્યાન કરતી પોતાના જીવનનું કલ્યાણ કરતી.

આ બાજુ **ધમ્મિલ** પોતાના માતપિતાના મૃત્યુના સમાચાર જાણવા છતાં રસ લોલુપ ભમરાની માફક ગણિકામાં વધુને વધુ આશક્તબની વિષયસુખ ભોગવતો રહ્યો. ગણિકાએ પોતાની આગવી કલાથી મદોન્મત્ત જુવાનીની અંગડાઇથી કાયાના કામણ કરી ધમ્મિલને બાંધી રાખ્યો.

આમને આમ બાર બાર વર્ષના વહાણા વાયા છતાં ધમ્મિલને સમય ક્યાં ગયો તેની ખબર પડી જ નહિં.

યશોમતી હતું ત્યાંસુધી નિયમીત રીતે ધન મોકલાવ્યા કરતી પરંતુ ધીરે ધીરે ધન ખૂટી ગયું. જેથી હવે તે સમયસર ધન મોકલી શક્તી નહિં. આમ ધન આવતું બંધ થવાથી કુટણીએ પોતાની દાસીને ધન લેવા ધમ્મિલને ઘેર મોકલી. દાસી ધમ્મિલનું ઘર શોધતી શોધતી તેને ઘેર પહોંચી ગઈ.

તદ્દન જીર્ણ થઇ ગયેલું. દિવાલોમાં ઠેર ઠેર ગાબડા પડેલ ચારે બાજુએ બાવા વળેલા હતા. દર અને ખાડા વાળા ઘરમાં ઉંદરો દોડા દોડ કરતાં એવા ઘરમાં તે ગઈ. ઘરમાં કોઈ ચીજો ન હતી. બારી બારણાં તૂટી ગયેલ હતાં. અવાવરૂ જેવા ઘરમાં પ્રવેશીને જોયું તો ધમ્મિલની પત્નિ યશોમતી દુઃખને ચિંતામાં દુબળી થઇ ગઇ હતી. ચિંતા રૂપી ચિંતામાં તે બાઇ ભર યુવાનીમાં કરમાઇ ગઇ હતી. યશોમતીને જોઇ દાસી બોલી હે ચંદ્રમુખી યશોમતી ! તારા પતિદેવ ધમ્મિલે મને મોકલી છે. તેથી હું અહીં આવી છું.

યશોમતી બોલી મારા પતિએ તને મોકલી છે. એ જાણી મને ખૂબ આનંદ થયો છે. મારા પતિદેવે બીજું કાંઈ કહેવડાવ્યું છે ?

દાસી– કહે હા, બહેન છેલ્લાં કેટલાંક સમયથી તમારા તરફથી ધન મોકલાવ્યું નથી માટે મને લેવા માટે મોકલી છે.

યશોમતી કહે- હે બાઇ ! મારા પતિદેવ ક્ષેમકુશળ

તો છે. ને? એમણે તને જે કાર્ય માટે મોકલી છે. એ મુજબ હું તને આપીશ. પરંતુ હું તને બીજું શું કહું. પૂર્વજન્મમાં મેં પાપ કર્યા હશે જેથી મારા પિતા તુલ્ય સસરાજી અને માતા તુલ્ય સાસુજી તો દેવલોક પામ્યા છે. તેમજ તેમનું ભેગું કરેલું ધન પણ નાશ પામ્યું છે. જેથી હું તમને નિયમીત રીતે ધન મોકલી શકી નથીં.

તું આ મારા કિંમતી આભૂષણો છે. ને લઇ જા, મારે તેની કોઈ જરૂર નથી. મારે માટે તો શીલરૂપી વસ્ત્રોજ ઉત્તમ છે. આ સિવાય હવે બીજું કાંઇ મારી પાસે નથી. શું કરું? આથી અનિચ્છાએ પણ કુટણીના ડરે તે આભૂષણો લઇ દાસી ચાલતી થઇ. અને કુટણી પાસે આવી બધીજ વાત કરી.

વેશ્યા વિચારે છે. કે આટલી ખરાબ પરિસ્થિતિ હોવા છતાં પણ છેલ્લાં રહેલાં આભૂષણો–વસ્ત્રો આપી દે છે! ધન્ય છે. આવી નારીને! ક્યાં હું અને ક્યાં શીલવંતી યશોમતી! આવા પવિત્ર કપડાંને હાથ અડાડવો એ મારે માટે યોગ્ય નથી. તેની પાસે હું કાંઈજ નથી. આમ વિચારી એક હજારને આઠ સોના મહોરો સાથે તે વસ્ત્રો આભૂષણોને તે દાસીની મારફતે પાછા મોકલાવી દીધા. યશોમતીએ તે વસ્ત્રો આભૂષણો પ્રેમપૂર્વક પાછા સ્વીકારી લીધા.

હવે મારો પતિ કોઇકાળે પાછો આવે તેમ લાગતું નથી. છતાં પતિએ હું પતિ વિનાની થઇ ગઇ છું. હું કેવી પાપી છું? સાસુ સસરા ચાલ્યા ગયાં. ધન ચાલ્યું ગયું. અને આ ભરયુવાનીમાં પતિનો વિયોગ થયો. પતિ

વિના એકલી સ્ત્રી નિરાધાર દશામાં આવા નિર્જન મકાનમાં શી રીતે રહી શકે ? પતિના માટે સમગ્ર જીવન સમર્પિત કરવાં છતાં પતિ પોતાના ન થયાં અંતે મનમાં વિચારે છે કે સગાં-સંબંધી અને સ્વજનોની હાજરીમાં મારો હાથ પકડયો હોવા છતાં મને તરછોડીને કેમ ચાલ્યા ગયાં છો ! મારો શું વાંક ગુનો છે ? હું ખાનદાન કુટુંબની સ્ત્રી છું એટલે મર્યાદા છોડી શકતી નથી. નહિંતર હું જાતે વેશ્યાને ઘેર આવીને તમને મનાવી સમજાવીને પાછા લઇ આવતે. તમે મારા હૈયામાં વસો છો છતાં મારી વેદના જાણતા નથી. આ મારું દુર્ભાગ્ય છે. બીજું શું કહું !

ત્યારબાદ યશોમતી પોતાના સસરાનું મકાન વેચી દઇને તેમજ સંસાર સુખથી નિરાશ બનેલી પોતાના પિતાને ત્યાં ગઈ. અને ધર્મધ્યાન કરવામાં દિવસો પસાર કરવા લાગી.

આ બાજુ વેશ્યાએ જાણ્યું કે ધમ્મિલ તરફથી કોઇ ધન મલવાનું નથી. વસંતતિલકાને બોલાવીને કહ્યું હે પુત્રી વેશ્યાઓ કદી કોઇનીય સાથે સાચા હૃદયથી પ્રેમ કરતી હોતી નથી. તે તું જાણવા છતાં ધમ્મિલ સાથે ઘણો વધારે પ્રેમ શા માટે કરે છે. આ તને શોભતું નથી. આપણો વ્યવસાય માત્ર ધન માટે જ હોય છે. અને ધમ્મિલ હવે કાંઈજ આપી શકે તેમ નથી.

આ સાંભળી વસંતતિલકા ગુસ્સે થઇ ગઈ અને બોલી હે માતા ! તું હવે ઘરડી થઇ ગઇ છું એટલે તારી બુદ્ધિ પણ ઘરડી થઇ લાગે છે. જે દેવીઓને કે અપ્સરાઓને મળવો

દુર્લભ છે તેવો ધમ્મિલ અનાયાસે મને મલી ગયો છે તેને છોડવાનું તું મને સમજાવે છે ! કાંઇ સમજ પડે છે કે નહિ. ધમ્મિલ દેખાવે કામદેવ જેવો છે. બુદ્ધિમાં બૃહસ્પતિ જેવો છે. ગંભીર છે અને ઉદાર પણ છે. તેને વગર કારણે છોડી દેવો એ કોઇપણ રીતે યોગ્ય નથી. હું ધમ્મિલને છોડી શકું તેમ નથી.

વેશ્યા અત્યંત ગુસ્સે થઇ ગઇ અને જેમ તેમ રીતે બેફામ કટાક્ષયુક્ત વચનો બોલવા લાગી, હે પુત્રી ! કોઇ પણ દિવસ નહિં અને આજે થયું છે શું ! વડીલોના હુકમનો અનાદર કરવો એ તને યોગ્ય લાગે છે !

હે પુત્રી ! આપણો વેશ્યાનો ધંધોજ એવો છે કે લોકોને રાજી કરવા છતાં પ્રેમ કરવો નહિ. જેમ ભિક્ષુકને લજ્જા હોય નહિ, જેમ પારધિને દયા રાખવી પાલવે નહિ. તેવી રીતે વેશ્યાને પ્રેમ કરવો પાલવે નહિ માટે હવે બીજા કોઇ ધનવાન પુરૂષને શોધી. તેની સાથે વ્યવહાર કર અને આ નિર્ધન ધમ્મિલને વિદાય કર.

આ સાંભળી વસંતતિલકા બોલી હે માતા વડીલોની આજ્ઞા માટે વિચાર કરવો ન ઘટે. તેવીજ રીતે શું હૃદયથી સ્વીકારેલ વ્યક્તિને છોડી દેવી તે શું ઉચીત છે ? ખરેખર તો પ્રેમ કરવો ન જાઇએ પરંતુ ભૂલથી કરી બેઠાં તો તેને કોઇપણ સંજોગોમાં છોડી શકાય જ નહિ એજ સાચું છે. આટલા દિવસોથી હું આ ધમ્મિલ સાથે પ્રેમ કરી બેઠી છું. હૃદય આપી દીધું છે. આશા અને અરમાનોના મહેલ ચણાવી બેઠી છું તે હું મારે હાથે કદી નહિ

તોડી શકું. આ ધમ્મિલના ગુણોમાં મારૂં હૃદય પીગળી ગયું છે. તે હવે પછી કદાપી અન્યની સાથે પ્રેમ કરી શકે તેમજ નથી. માટે હવે પછીથી ફરી વાર આવું કદાપિ બોલીશ નહિ. અને જો તું ધમ્મિલને કાઢી મૂકશે તો હું પણ તેની પાછળ ચાલી નીકળીશ. આથી કુટણી થોડા સમય માટે શાંત થઇ ગઇ. અને સમય તો વહી રહ્યો. મનમાં અત્યંત દ્વેષ હોવા છતાં તે ચૂપ રહીને પોતાનું કાર્ય કરવાની તક શોધવા લાગી.

એક દિવસ ઉત્સવ નિમિત્તે સૌ મદ્યપાન કરી આનંદથી નૃત્ય કરતાં હતાં. વેશ્યાએ વસંતતિલકા અને બીજી વેશ્યાઓને પણ ખૂબજ મદ્યપાન કરાવ્યું. મદ્યના નશામાં સૌ આમતેમ ફરતી, ગમેતેમ બોલતી. તોફાન મસ્તી કરવા લાગી. એજ સમયે ધમ્મિલને બોલાવીને કહેવા લાગી. હે મહાનુભાવ ? અમારા ઘરમાં રહેવા છતાં તું દારૂ પીતો નથી એથી મને દુઃખ થાય છે. આ નિર્દોષ ચીજ નો એકવાર સ્વાદ કર પછી ખબર પડશે અરે ? ભગવાન કૃષ્ણ અને શંકર જેવા પણ પ્રેમથી પીતા આ ચીજ તો ખરેખર બળને વધારનારી અને શરીરની કાંતિ વધારનારી છે. કમલમાં રહેનારી લક્ષ્મી પણ મદ્યને તિરસ્કારતી નથી. ચૌદ રત્નોમાં મદ્યની ગણતરી થાય છે. માટે તું પ્રેમથી સ્વીકાર. આવું સાંભળીને ધમ્મિલે પણ તેનું સેવન કર્યું અને પરિણામે ઘેનમાં બેહોશ થઈને પડી રહ્યો.

જે સમયની તે કુટણી રાહ જોઇ રહી હતી તે સમય આવી પહોંચ્યો અને સંધ્યા સમયે દાસીઓ મારફતે

ધમ્મિલ નગરની બહાર ફેંકાઈ ગયો. બેહોશ અવસ્થામાં હતો તેથી તેને કાંઈ સમજ પડી નહિ અને આખી રાત ધૂળમાં આળોટતો પડી રહ્યો સવાર પડી. લોકોની અવરજવર ચાલુ થઈ ગઇ. જિનમંદિરોમાં મંગળ વાજિંત્રોના અવાજ અને શંખનાદ સંભળાવા લાગ્યા. સૂર્યોદય થયો અને ધીરે ધીરે તેના કિરણોએ ધમ્મિલને જગાડયો.

નશો ઉતરી ગયો હતો. ધમ્મિલ વિચારે છે કે હું ક્યાં છું ! મારી વસંતતિલકા ક્યાં ગઈ? અને મારો પલંગ ક્યાં છે? મારૂં મહેલ જેવું મકાન ક્યાં ગયું ? આ બધું શું છે? ધીરે ધીરે તેને બધુંજ સમજાયું.

કરી સોબત કુછંદીની, કહ્યું કોઇનું ન માન્યું.
કરી બરબાદી જીવનની, પછી પસ્તાય તો પણ શું ?

ખરેખર મને નિર્ધન સમજીને કુટણીએ આ રીતે મને ત્યાગી દીધો છે. મેં તેમને કેટલું બધુ ધન આપ્યું. પ્રેમ આપ્યો. છતાં બધું વ્યર્થ, વેશ્યાનો કદી વિશ્વાસ કરાય જ નહિં. કપટી પ્રેમ રચી ધન પડાવી લઇ ભિખારી બનાવી છોડી દેનાર વેશ્યાની પાછળ જીવન કે ધન બરબાદ કરવું એ યોગ્ય નથી જ.

હતી લક્ષ્મી ઘણી પાસે, લીધી ના ભાળ સ્વજનોની
ગઈ લક્ષ્મી થયો ખાલી, પછી પસ્તાય તો પણ શું ?

અરેરે ? હું કેવો પાપી ? નગરના અગ્રણી એવા સુરેન્દ્રદત્ત શેઠને ત્યાં જન્મી પાપોના પડીકા સમાન વેશ્યાના ખોટા પ્રેમમાં આંધળો બની સર્વસ્વ ગુમાવી બેઠો ! ધિક્કાર છે મને ! જૈન ધર્મ પાળનાર એવો હું દારૂનું સેવન

કરી આ પવિત્ર દેહને બદનામ કર્યો ! હું કેમ જીવતો રહ્યો ? સ્ત્રીના વચન અને ચંચળતામાં શા કારણે લોભાયો.

ખરેખર આપણા જૈન સાધુ મુનિઓને ધન્ય છે. તેઓ કેવું ઉત્તમ પ્રકારનું ચારિત્ર્ય પાળે છે અને સ્ત્રીના વચનો કે ચંચળતા કશું જ તેમને કરી શકતાં નથી. આજે મારી આંખો ખુલી ગઈ છે "જાગ્યા ત્યારથી સવાર" જીંદગીમાં ફરી કદીયે વેશ્યાના શબ્દોથી કે ચંચળતાથી લોભાઈશ નહિ. આજથી આ મારો નિર્ણય છે એમ વિચારી પોતાના ઘર તરફ વળ્યો. પોતાના ઘરના બારણે આવી ઊભો. ઘર બંધ હતું. અવાવરૂ અને ઉજ્જડ હતું. તે વિચારવા લાગ્યો કે હવે શું કરુ? ક્યાં જાઉં ?

તપાસ કરતાં કોઇ માણસે કહ્યું કે :– ભાઈ! તમે પરદેશી લાગો છો. અહીં સુરેન્દ્રદત્ત અને સુભદ્રા નામે શેઠશેઠાણી રહેતાં હતાં. મોટી ઉંમરે તેમને ત્યાં પુત્ર જન્મ્યો. ખૂબ લાડકોડમાં ઊછેર્યો હતો પણ કર્મયોગે તે પુત્ર વેશ્યાને ઘેર રહેતો થઈ ગયો, માતાપિતાએ અનેકવાર પાછો બોલાવ્યો પણ વેશ્યામાં આસક્ત થયેલ પુત્ર પાછો આવ્યો નહિ. દુઃખમાં દહાડા ગુજારતાં ગુજારતાં તેઓ બંન્ને દેવલોક પામ્યા છે. તેમનું ધન પણ ખલાસ થઇ ગયું. ત્યારબાદ અહીં ધમ્મિલની સ્ત્રી રહેતી હતી પરંતુ યૌવનાવસ્થામાં એકલું રહેવું યોગ્ય ન લાગતાં આ ઘર વેચીને તે બાઈ તેના પિતાને ઘેર ગઈ છે. તેમનો દુષ્ટ પુત્ર હવે ક્યાં છે તેની કોઇને ખબર નથી. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' કુળનો વિનાશ થવાનો હોય ત્યારે જ આવા પુત્રો પાકે. પેટે પડયા પત્થર કહેવાય.

હતાં માતા, પિતા જ્ઞાની, કરી સેવા ન મનમાની,
સમય વિત્યે થઈ ગ્લાની, પછી પસ્તાય તો પણ શું ?

આ બધી વાત સાંભળી ધમ્મિલને ખૂબજ આઘાત લાગ્યો. સારૂ થયું કે તેને ધમ્મિલ તરીકે કોઇએ ઓળખ્યો જ નહિં. નહિતર લોકોની કેવી કેવી વાણી સાંભળવી પડતે. અરેરે ! ધિક્કાર છે મને ! આ આખા નગરમાં મારી આવી હલકી નાલાયકીની વાત થાય છે એ સાંભળવા હું કેમ જીવતો રહ્યો ? મેં પાપીએ જ મારા માતપિતાનો અને ધનનો નાશ કર્યો છે. પતિવ્રતા યશોમતીને પરણીને પણ મેં કોઈ સુખ આપ્યું નથી. ખરેખર તો હું જીવતાં છતાં મુઆ જેવો છું. હવે મારે માટે જીવવું યોગ્ય નથી. આમ વિચારી તે પાછો વળ્યો. અને નગર બહાર નીકળી ચાલતો ચાલતો એક જંગલમાં ગયો અને હાથમાં એક તિક્ષ્ણ હથિયાર લેતો ગયો.

જંગલમાં જઇ એક ઝાડ નીચે ઊભો રહ્યો. અને આપઘાત કરતાં પહેલા ખડકને સંબોધીને બોલ્યો. હે હથિયાર ? તું જો, મારા કારણે માતપિતા ગયા. ધન સ્ત્રી ગયા. ઘરબાર ગયા. વેપાર ગયો અને આબરૂ પણ ગઈ. હવે મારે માટે જીવવા જેવુ કાંઇ જ નથી. માટે હે મિત્ર મૃત્યુને ભેટવાની મારી તીવ્ર ઇચ્છા તું પૂર્ણ કર. એમ કહી તલવાર ઉગામી પોતાનું માથું અને ધડ જુદા કરવા જાય છે ત્યાં વનદેવીએ તલવાર પડાવી લીધી· ત્યારબાદ બળી મરવા ચિતા જલાવી તેમાં પ્રવેશ કરે તે પહેલાં ઠારી નાંખી આમ મરવા માટે અનેક ઉપાયો કર્યા પણ દેવે

બધાંજ ઉપાયો નકામા કરી નાંખ્યા, મનમાં વિચાર કરે છે કે હું મરવા ઇચ્છું છુ અને મૃત્યુ પણ મારાથી દૂર ભાગે છે. એવામાં આકાશવાણી સંભળાણી કે 'હે ધમ્મિલ તું મૃત્યુનું સાહસ કર નહિ' તેથી તેણે વિચાર્યું કે આપ ઘાત કરવો નકામો છે. **'જીવતો નર ભદ્રા પામે'**

જો હું આપઘાત કરીને મરી જઇશ તો મારા આત્માને શાંતિ નહિં મળે. વળી સમાજમાં અને સંસારમાં મારી વાતો થશે. આના કરતાં જો હું જીવતો રહીશ તો કદાચ ગુમાવેલી આબરૂ પાછી મેળવી શકાશે. ભૂતકાળને ભૂલાવી શકીશ. વળી સુરેન્દ્રદત્તના કુળનો વેલો ચાલુ રહેશે. ખરેખર હું મહામૂર્ખ છું. જિન ધર્મ જાણવા છતાં આ માર્ગે જવાનો વિચાર જ કેમ આવે ? હવે તો હું જીવતો રહીશ. ગુમાવેલી લક્ષ્મી અને આબરૂ જરૂર પાછી મેળવીશ. અને જંગલમાંથી તેમ મૃત્યુથી પાછો ફર્યો.

આ બાજું વસંતતિલકા મદ્યનું ઘેન ઉતરતાં જ ધમ્મિલને શોધવા લાગી. પોતાના પ્રિયતમને નહિં જોવાથી વલોપાત કરવા લાગી. અને કુટણીને પૂછવા લાગી. કે હે માતા ! મારો ધમ્મિલ કયાં છે ? ત્યારે કુટણી હસતાં હસતાં બોલી કે– એ નીચની મને શું ખબર ? હું તેનું ધ્યાન રાખવા બેઠી નથી. અને હવે ફરીવાર એના વિષે પૂછીશ નહિં. તેમજ કુટણી કહે છે કે હે પુત્રી ! તું તો બહુ ચતુર છે. એટલે ખોટો પ્રેમ કરવો તને ન શોભે ! તું તો હજુ નવયુવાન છે. સુંદર છે. ખૂબસુરત છે. એટલે હવે તો તેના જેવા બીજા અનેક પુરૂષો તને મળી રહેશે !

વસંતતિલકા સમજી ગઇ કે આ મદ્યોત્સવ કરી મારા ધમ્મિલને મદ્ય પાઇ– બેહોશ કરી આજ કુટણીએ મારા પ્રિયતમને કાઢી મૂકયો છે. હવે હું શું કરૂં ? તેના વિના હું શી રીતે જીવી શકીશ' મારો દેહ માત્ર ધમ્મિલે ભોગ વ્યો છે. અરે તેના સિવાય અન્ય કોઇ તેને ભોગવી શકશે નહિં. હવે જયાંસુધી મને મારો પ્રિયતમ ધમ્મિલ નહિં મળે ત્યાં સુધી તાંબુલ ખાઇશ નહિં અને શરીર ઉપર આભુષણો પહેરીશ નહિ. તેમજ વેણીબંધ છોડવાની નથી.

આવું આકરૂં વ્રત લઈ સતી સ્ત્રીની માફક જીવન ગુજારવા લાગી. કુટણી ઘણું ઘણું સમજાવે છે. પણ વસંતતિલકા માનતીજ નથી અને પ્રિયતમના વિચારોમાંજ રાત દિવસ લીન રહી જીવન વિતાવે છે. કુલીન સ્ત્રી બની વૈરાગી જીવનમાં આનંદ માને છે. અત્યાર સુધી ભોગવેલા સુખની યાદ વાગોળતી રહે છે. આ ઋણાનુંબંધ કહેવાય.

હવે ધમ્મિલ જંગલમાંથી નીકળીને રસ્તામાં આવતા એક મનોહર ઉદ્યાનમાં ગયો. દ્રાક્ષના અનેક માંડવાથી તે બાગ અત્યંત સુશોભિત હતો. વળી અનેક કેળના ઝાડ નીચે કામી લોકો ક્રીડા કરી રહ્યા હતાં. તેમણે લજ્જા અને ભયને વેગળા મૂકયા હતા. અનેક પ્રકારની સુગંધીત ફુલોથી તેનો પમરાટ ચારે બાજુએ ફેલાયેલો હતો. વાતાવરણ ખૂબજ રમણીય અને આલ્હાદક હતું. આ માદક વાતાવરણમાં તેને તેની પ્રિયા યાદ આવવા લાગી. ત્યાંથી આગળ જતાં એક એક સાધુ ઝાડ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલાં જોયાં. તે મુનિ પાસે જઈ તેમની પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યાં.

મુનિએ ધર્મલાભ કહ્યો અને કહ્યું– હે ધમ્મિલ ! આ સંસારમાં લક્ષ્મી મેળવવી સહેલ છે. અત્યંત સ્વરૂપવાન સ્ત્રી મેળવવી સહેલ છે. હાથી–ઘોડા, બંગલા અને વાહનો મેળવવા સહેલ છે. પરંતુ સંસારરૂપી સમુદ્ર તારનારો ધર્મ મેળવવો અત્યંત કઠીન છે. ધર્મ તો ચિંતામણી રત્ન જેવો છે. અને ભયંકર કર્મોનો પણ નાશ કરવા સમર્થ છે. ગુરૂની આજ્ઞા મુજબ જો ધર્મનું આરાધન કરવામાં આવે તો સર્વસ્વની પ્રાપ્તિ થાય છે. પરંતુ વિષયો માનવીને ચલીત કરવામાં અનેરો ભાવ ભજવે છે. કાચા હ્રદયના માનવીઓ મોહને વશ થઈને સંસારરૂપી ચક્રમાં ભમ્યાજ કરે છે. જૈન ધર્મ પામ્યા છતાં જે ધર્મ કરતાં નથી તેઓ ચિંતામણી રત્ન ગુમાવી બેસે છે.

અંધકાર ભર્યા ઓરડામાં દીવાનો પ્રકાશ વસ્તુઓને જણાવે છે. તેમ જ્ઞાન થતાં વસ્તુનું સ્વરૂપ યથાર્થ પણે સમજાય છે. આચરણ ક્રમે ક્રમે આવે છે. જેથી પદાર્થો પ્રત્યે વિકારીભાવો ઉઠતા નથી. પ્રાણી માત્રમાં આત્માની પ્રતીતિ થવી, સૌ પ્રત્યે આત્મભાવ રહેવો, અને શુદ્ધ ભાવમાં ટકવું એ વસ્તુનું–તત્ત્વનું યથાર્થ સ્વરૂપ છે. જ્યાં જ્યાં અન્ય વિકલ્પ કે કલ્પના થાય તે અન્ય ભાવ છે. ક્રમ વડે ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાય છે. પ્રતીતિમાં આવે છે, અનુભવાય છે. તેવું પરમ સમતા રૂપ એ સ્વરૂપ છે તેમાં જ સાચું સુખ છે.

**'ધર્મ'** એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ સંશોધનથી તે પ્રાપ્ત

થાય છે. તે અંતર સંશોધન કોઈ મહાભાગ્યથી સદ્‌ગુરુની કૃપા–અનુગ્રહથી પામે છે.

આત્મા અનંત ગુણ–પર્યાયી છે, તેની શક્તિને ગુણ કહેવામાં આવે છે. તે ગુણ જન્ય પરિણામ તે પર્યાય છે. આત્મા અનંત ધર્મવાળો છે. સહભાવી ધર્મ તે ગુણ અને ક્રમ ભાવી ધર્મ તે પર્યાય છે. તે પર્યાયો પણ અનંત છે, તે પળે પળે ઉપજે છે. અને શમે છે, પાણીના તરંગની જેમ સમજવું હવા આદિના નિમિત્તે પાણીના તરંગો ઉપજે છે. અને શમે છે.

પુદ્‌ગલ જડ ને જડના પર્યાય હોય છે. આત્મામાં ચેતનાદિ અનંતગુણ છે. પુદ્‌ગલને રૂપાદિ અનંત ગુણ હોય છે. આત્માના જ્ઞાન દર્શન રૂપ પર્યાય છે. અને પુદ્‌ગલને વર્ણ રૂપાદિ પર્યાયો છે। આત્મા ચેતનશક્તિ વડે જણાય છે. પુદ્‌ગલ રૂપાદિથી જણાય છે. બંનેની શક્તિરૂપી પર્યાયો બંને દ્રવ્યમાં વ્યાપ્ત રહે છે. અને નિજ દ્રવ્યમાં રહીને ભિન્ન ભિન્ન સ્વરૂપે પરિણમે છે.

## ૦ ધર્માનુરાગીની પારંભની દશા

ધર્માનુરાગી જીવ ધર્મ ક્રિયા સમયે બોલે છે તો ખરો કે હું દેહ નથી, ઘર, નગર, સ્ત્રી, પુત્ર, કલત્ર. મિત્ર વગેરે મારાં નથી. હું આત્મા છું. સહજાનંદી શુદ્ધ સ્વરૂપી છું, અજર છું, અમર છું, જ્ઞાતા–દૃષ્ટા મારું સ્વરૂપ છે. ત્રિકાળ રહેવાવાળો છું, આવું ઘણું નિવેદન પ્રભુ સન્મુખ કરે છે. પણ જો નિમિત્ત વશ કર્મોદયે આત્મધારા ખંડિત થઇ કે અસાવધાન રહ્યો તો એ કહેશે હું અમુક છું.

શ્રીમંત છું. માલિક છું, પિતા છું પુત્ર છું આ ઘર આદિ સ્વજનો મારા છે. હું તેમનો છું અમે ક્યારેય છૂટા પડી શકીએ તેમ નથી. રોગ થતાં કહેશે મારા પેટમાં દુઃખે છે. હું મરી જઇશ આવા વિભાવ પરિણામમાં તે એક રૂપ થઇ જાય છે. વાસના રૂપ વિષય અને કષાયની પીડાથી પીડિત મનુષ્ય મુક્ત થવાનું અનુકૂળ સંયોગોમાં પૂર્વના સુસંસ્કારો વડે કથંચિત વિચારે છે. મુખ્યત્વે તો દુઃખના પ્રસંગે કંઇક વિચારણા કરે છે. વળી દુઃખ દૂર થતાં પાછો દેહ સાથે એકરૂપ થઇ જાય છે. સત્સંગ અને સત્યસંગજ આત્મભાવને ટકાવી રાખે તેવા સાધનો છે. ઇચ્છાઓનો અભાવ તે મોક્ષમાર્ગની ગુરૂચાવી છે. તેમાંથી જન્મ મરણનો અભાવ થઇ પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થાય છે.

### ० કેવો મનુષ્ય સુખ પ્રાપ્ત કરે છે.

જગતના ભૌતિક સુખો મળે યા ના મળે પણ ધર્મ કે જેમાં સરળતા, અન્યતા ઉદારતા, સમાનતા, નિરપેક્ષતા નિઃસ્વાર્થતા, નિરહંકારિતા, સમાયેલા છે. તે જીવો દેહત્યાગ કરવાનું પસંદ કરે છે. પણ ધર્મને છોડતા નથી. આવું સાહસ કરનારા જીવો પૂર્વસંસ્કારોના બળે વર્તમાનમાં ધર્મને જીવીને અનુક્રમે અર્થ અને કામને ગૌણ કરી કે વશ કરી મોક્ષને સાધવા પ્રેરાય છે.

ધર્મને અનુસરનારા જીવો કામને કોઇ પણ પ્રકારની ઇચ્છાઓને સર્વ પ્રકારે આધીન હોતા નથી. સ્ત્રી, પુત્ર, પરિવાર, અનુચર કે સમાજ સાથેનો તેમનો સંબંધ કેવળ આશા, તૃષ્ણા, અપેક્ષા, સ્વાર્થ કે મોહવશ હોતો નથી.

સુખબુદ્ધિ હોવા છતાં તેની ગૌણતા છે. ઇચ્છા કે વાસનાઓ તેને પીડતી નથી. પ્રારબ્ધવશ જે મળે તે અથવા પ્રયત્ન પૂર્વક જે કંઇ મેળવ્યું તેમાં સૌના હિતનું લક્ષ પ્રધાન હોય છે. આમ તે સંસ્કારી આત્માઓ ધર્મને પ્રધાન કરી અર્થ અને કામની આડ પેદાશને ગૌણ કરી મોક્ષ એટલે સાચા સુખ ભણી વર્તે છે. અને સંસાર રહે ત્યાં સુધી દુઃખના કારણો ઉપાર્જન કરતાં નથી.

### ૦ ધર્મસત્તા અને કર્મસત્તાનો ભેદ

માનવદેહ પામીને મનુષ્યમાત્રે કર્મ અને ધર્મનો પરિચય કરવા જેવો છે. કર્મ શું છે. તે જાણ્યા સિવાય કર્મ મુક્તિ અને ધર્મ યુક્તિ સંભવ નથી. અને તો પછી જન્મ મરણના ફેરાથી ટળવા પણું પણ નથી.

જેમાનવ કર્મને કે ધર્મને જાણતો નથી તેની દશા તિર્યંચ જેવી છે. વિચાર શક્તિ રહિત મનવાળા એ જીવો પાસે કોઇ ઉપાય નથી તેઓ કેવળ દેહયાત્રી છે. માનવને બોધ રૂપ વિચાર શક્તિ યુક્ત મન મળ્યું છે. તેથી તે સદ્‌બોધ સ્વજ્ઞાન અને સ્વપુરૂષાર્થ દ્વારા જીવનયાત્રી બની શકે તેવી ઉત્તમ સંભાવના રહી છે.

### ૦ ધર્મથી સુખ

ધર્મ વિના સાચું સુખ પ્રાપ્ત થવું તે અશ્વ શ્રૃંગ જેવી કલ્પના છે.જે સંસારિક સુખના સાધનો વર્તમાનમાં કોઇને ધર્મના પ્રયોજનવગર મળતા દેખાય છે. તેથી માનવ ભૂલથાપ ખાઇ જાય છે. કે ધર્મ વિના પણ સુખ મળે છે. જો તેમજ હોત તો સોનાની ખાણમાં કામ કરતાં ખાણિયાઓ

કરોડપતિ જ થાય પણ તેમ બનતું નથી વળી કરોડપતિ અશુભ યોગે રોડપતિ થતા જોઈએ છીએ. આવા ઉદાહરણો દર્શાવે છે. કે કર્મ એક મહાન સિદ્ધાંત છે. તેને નકારીને કે ધર્મને ઉથાપીને અધ્યાત્મજ્ઞાન કે જીવન શકય નથી. વાસ્તવમાં સંસારી સુખો તે ધર્મની આડ પેદાશ છે. અને સંસારમુક્તિ તે ધર્મની મૂળ પેદાશ છે. માટે હે સુજ્ઞજનો ધર્મ એ સાચું શરણ છે. કર્મોનું મારણ છે. ભવસાગરમાં તારણભૂત છે.

○ હિત શિક્ષા

વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આત્માનો સ્વભાવ–ધર્મ શુદ્ધ, નિત્ય, ચૈતન્યરૂપ જ્ઞાનમય છે. તેને અનંત પ્રકારે શાસ્ત્રમાં વર્ણવ્યો છે. એ ગુણ સ્વભાવમાં રહેવું તે આત્માનો ધર્મ છે. આત્માની નિર્વિકારી દશા તે ધર્મ છે. આત્માર્થે થતી સર્વ ક્રિયા વ્યવહાર રૂપ ધર્મ છે. કર્મની નિવૃત્તિ વડે થાય છે. માટે આત્માને ઓળખો.

આટલી હકીકત સમજાયા પછી હવે જીવને નિર્ણય થાય છે. કે મારે ધર્મ પામવો છે. ધર્મનું આવું નિર્દોષ સાધન ત્યજી સદોષ જીવન જીવવાની મૂઢતા કરવી નથી. આવી નિઃશંક્તા અને નિર્ણય પછી માનવના સાચા જીવનનો પ્રારંભ થાય છે. તે જીવનમાં ચેતાનાની અચિંત્ય શક્તિ પ્રગટ થાય છે. તે ચેતના સિદ્ધોની મહાસત્તાને અનુસરે છે. તે ચેતનાની અનુભૂતિ પછી ભક્તના ઉદ્ગાર કેવા અદ્ભૂત હોય છે. આત્મા આત્માને આત્મા વડે આત્મમાં રહેલી શક્તિ જોશે તો સિદ્ધ અવસ્થા પ્રગટ થશે.

## ૦ પુણ્યોદયનું કોલોરોફોર્મ

દુઃખ અને પાપથી ખદબદતા સંસારથી વૈરાગ્ય કેમ પ્રાપ્ત થતો નથી કારણ કે આપણે બધાંએ પુણ્યોદય નામનું કલોરોફોર્મ સૂંઘી લીધું અને ભાન ગુમાવ્યું છે. એટલે આપણે એમજ માનીએ છીએ કે આવું સુખ કાયમ રહે-વાનું છે, અને દુઃખ કયારે પણ આવવાનું નથી.

પુણ્ય ભોગવી નાંખવું એ વાત અલગ હોવા છતાં પુણ્યનો નશો ચઢે એ ભયંકર વાત છે.

જે આત્માઓને પુણ્યનો ઉદયકાળ હોતો નથી. તે દુઃખી આત્માઓ સંસારથી વિરક્ત થઈ શકતા નથી. કેમ કે તેને આવતી કાલના પુણ્યોદયની બહુ મોટી આશા હોય છે. તેઓ ઝાંઝવાના જળ જેવા પુણ્યોદય પાછળ ખુવાર થાય છે. પણ આ દુઃખી સંસાર છોડવા કદાપિ તૈયાર નથી. ત્યારે જ્ઞાની ક્ષણની પણ રાહ જોયા વિના પુણ્યને પડકાર આપી શાશ્વત સુખને પંથે જાય છે.

મિથ્યામતિને વશ થયેલા બાહ્ય પદાર્થમાં ખોવાઇ જાય છે. લૂંટાઈ જાય છે. આયુષ્ય ઘટે પણ મોહ–પાપ બુદ્ધિ ઘટતી નથી. માટે જ રત્નાકર પચ્ચીસીમાં જણાવ્યું છે, કે.

આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપ બુદ્ધિ નવ ઘટે;
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ ઘટે,
ઔષધ વિષે કરૂં યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાના હું, પાયા વિનાના ઘર ચણું,

જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે. સંખ્યાત ધન છે. અને તૃષ્ણા અનંત છે. ત્યાં સ્વરૂપ સ્મૃતિ સંભવે નહિં પણ જ્યાં જંજાળ અલ્પ છે. અને જિંદગી અપ્રમત્ત છે. તેમજ તૃષ્ણાં અલ્પ છે. અથવા નથી. અને સર્વસિદ્ધિ છે. ત્યાં સ્વરૂપ સ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવુ જ્ઞાનાદિક લક્ષ્મી ભોગવિલાસમાં બાહ્ય પદાર્થમાં ગૂમાવી રહ્યા છીએ. માટે આત્મા તું વિચાર કર.

વિષયોના સુખની આશા રાખવી એ વિષના ભોજન વડે પેટ ભરવા બરાબર છે. વિષયો પ્રથમ સુખ દેખાડીને અનંતુ દુઃખ આપે છે. માટે કદી તેનો વિશ્વાસ કરવો ન જોઇએ. આ સંસારમાં રહી ક્ષણભંગુર ચીજોની પાછળ આંધળી દોટ મૂકવી અને સુખ મેળવવા વ્યર્થ ફાંફા મારવા એ નરી મૂર્ખતા છે. ઘોર અજ્ઞાન છે. આ સંસારમાં બધું જ નાશવંત છે. તેના ઉપર રાગ કે મોહ રાખવો જોઇએ નહિં અને કદાચ એ ચાલ્યા જાય તો તેની પાછળ કોઇ શોક કે ચિંતા કરવી ન જોઇએ. આપણું શું હતું ? શું લઇને આવ્યા હતા અને શું લઇને જવાનું છે ? જે મનુષ્ય જન્મ પામીને ધર્મ ધ્યાન કરતાં નથી. પ્રભુ ભક્તિ કરતાં નથી. જપ તપ અને દાન ધર્મ કરતાં નથી તે ખરેખર મનુષ્ય હોવા છતાં પશુ સમાન છે. ધર્મથીજ તમામ દુઃખોનો અંત આવે છે. ધર્મથી જ સંસાર રૂપી મહાસાગર સહેલાઇથી તરી જવાય છે. અને ધર્મથીજ જન્મો જન્મ ઉન્નતિ મળે છે. તેમજ જન્મ મરણના ફેરાનો અંત આવે છે. માટે ધર્મ કરો હવે ગુણવર્માનું દૃષ્ટાંત જુઓ.

## ૯. આત્મકારક ગુણવર્મા

આ ભરત ક્ષેત્રમાં કુરૂ નામે એક દેશ હતો. તેમાં હસ્તિનાપુર નામે એક સુંદર નગર હતું. ઉત્તમ વર્ણના અને ધાર્મિક તેમજ ધનિક લોકોથી તે સુશોભિત હતું. તે નગરમાં દ્રઢધર્મ નામે રાજા હતો જે મહાબળવાન હતો. શત્રુઓ તેના નામ માત્રથી થરથર કંપી ઊઠતા. તેને અત્યંત સ્વરૂપવાન એવી ચંદ્રાનના નામે રાણી હતી. સ્વર્ગની દેવીઓ અને ઇન્દ્રની અપ્સરાઓ એના રૂપની ઇર્ષા કરતા. રાજારાણી પરસ્પર અત્યંત પ્રેમથી સંસાર સુખ ભોગ. વતાં દિવસો પસાર કરતાં હતાં.

એક દિવસ રાત્રે સ્વપ્નમાં તેણે સિંહ જોયો સમય જતાં તેણી ગર્ભવતી બની અને પૂરા દિવસે સિંહ જેવા પરાક્રમી પુત્રનો જન્મ થયો. ઉગતા સૂર્યની પેઠે બાળકની તેજની આભા વધતી ચાલી તેની વાણીમાં મૃદુતા હતી. તેનું નામ પાડયું 'ગુણવર્મા' બાળપણથી જ તેનામાં નામ પ્રમાણે અનેક ગુણોના દર્શન થતાં.

સમય જતાં દ્રઢધર્મ રાજાએ કોઇ વિદ્વાન ઉપાધ્યાય પાસે અભ્યાસ કરવા મૂકયો. ટુંક સમયમાંજ અનેક શાસ્ત્રોનો અભ્યાસ પરિપૂર્ણ કરી પોતે પણ વિદ્વાન બની ગયો. ત્યાર. બાદ શાસ્ત્રોના અભ્યાસી એવા પ્રધાનપુત્રની સાથે રહી શસ્ત્ર-વિદ્યામાં પણ પ્રવિણ બની ગયો. આમ કરતાં તે બાળપણું છોડી નવયુવાન બની ગયો. આમ યુવાનીનો તરવરાટ–મનોહર રૂપ કાંતિ, શસ્ત્ર શાસ્ત્રોનો જાણકાર બળવાન શક્તિ

શાળી હસમુખો બની જેથી અનેક નવયૌવનાના હૈયાને હચમચાવી મૂકનાર તેમના હૃદયમાં પ્રેમની ભાવના ઉત્પન્ન કરનાર બન્યો અને દુશ્મનોના હૈયામાં ભય ગભરાટ અને બીક ઉત્પન્ન કરનાર બની ગયો.

એક દિવસ રાજા દ્રઢધર્મ દરબાર ભરીને બેઠો હતો. રાજ ને લગતી અનેક સમશ્યાની વાતો ચાલી રહી હતી. રાજકુમાર પણ ત્યાં હાજર હતો. તેવે વખતે છડીદાર આવી એ હાથ જોડી પ્રણામ કરી ખબર આપ્યા કે હે સ્વામી ! શ્રીપુર નગરના શ્રીષેણ રાજાનો એક દૂત આપને મળવા આવેલ છે. આપની આજ્ઞા હોય તો તેને આપની સમક્ષ આવવા દઉં. આપ અનુજ્ઞા આપો.

રાજાએ કહ્યું – શ્રીષેણ રાજાના દૂતને ખૂબ માનભેર મારી પાસે લઈ આવ. છડીદાર રાજાની આજ્ઞા મુજબ તે દૂતને ખૂબ સન્માન પૂર્વક રાજદરબારમાં લઇ આવ્યો.

દૂતે રાજસભામાં આવી ખૂબજ નમ્રપણે નમી બે હાથ જોડીને દ્રઢધર્મ રાજાને અને સભાને પ્રણામ કરી રાજાએ સૂચવેલા આસને જઇને બેઠો.

દ્રઢધર્મ રાજાએ તેમના રાજાની તેમના પરિવારની અને સમગ્ર નગરની સુખાકારી વિષે પૂછયું અને અહીં કઈ કાર્ય સિદ્ધિ કરવા આવેલ છે ? ત્યારે તે મહાબુદ્ધિશાળી ચતુર અને નમ્ર દૂતે જણાવ્યું.

હે મહારાજા ! હે સર્વોત્તમ મહાપુરૂષ ! અમારા રાજાને ત્યાં જાણે જમીનમાંથી જન્મી ન હોય તેવી નાગકન્યા

સમી એક પુત્રી છે. તેનું નામ કનકવતી છે. રૂપ તો રતિને શરમાવે તેવું છે. શાસ્ત્રોમાં સંગીતમાં અને સ્ત્રીઓને લાયક તમામ વિદ્યામાં પારંગત છે. તેમ છતાં હું તેણીના વધારે વખાણ કરવા અસમર્થ છું એકની એક પુત્રી હોવાથી અને યૌવન અવસ્થાને પહોંચી ગઇ હોવાથી તેને યોગ્ય વરની શોધ કરવામાં અમારા રાજા ચિંતામાં પડી ગયા છે.

ખરેખરજ વિધાતાએ એવું સર્જન કર્યું છે કે તેને લાયક વર કહેવાને કોઇ મનુષ્ય સમર્થ નથી. જો કે જેણે તેણીનું સર્જન કર્યું છે તેને યોગ્ય વરનું પણ સર્જન તો કર્યુંજ હશેને! પરંતુ તે કાંઇ શોધવા જતાં મળે તેમ લાગતું નથી. જેથી કરીને તેણીને માટે સ્વયંવર કરવોજ શ્રેષ્ઠ છે જેથી કરીને યોગ્ય વર મળી જાય. આમ વિચારી અમારા રાજાએ સ્વયંવરની યોજના કરી છે.

સ્વયંવરનો મંડપ હજારો કારીગરો બેસાડી ઉત્તમ પ્રકારની યોજના કરાવી છે. મંડપને ચાર ચાર કલાત્મક કમાનવાળા દરવાજા મુકાવ્યા છે, રાજા મહારાજાઓને બેસવા માટે સોનાના કોતરણીવાળા દેદિપ્યમાન સિંહાસનો મૂકાવ્યા છે. તેની ઉપર સુવર્ણકળશ અને ધજાઓ મૂકી છે. મંડપની જમીન સ્ફટીકની બનાવડાવી છે. અનેક કલાત્મક સ્તંભો મૂકી તેના ઉપર કોતરણીવાળી અંગભંગીથી પુતળીઓ મૂકી. છે. ઉત્તમ કોટીના શણગારથી તે સુશોભિત બન્યો છે.

અમારા રાજાએ ચારે દિશામાં અનેક રાજા મહારાજાઓને દૂતો મારફતે ખાસ આમંત્રણ મોકલાવ્યાં છે.

તે મુજબ મને અહીં આપની પાસે મોકલ્યો છે. લો આ આમંત્રણ પત્રિકા અને આપ જલદીથી શ્રીપુરનગરીએ પધારી અમને આભારી કરો.

દૃઢ ધર્મ રાજાએ વિચાર્યું કે હવે હું ઘરડો થયો છું. આ ઉંમરે પરણવાની ઇચ્છા કરવી એ કોઈપણ રીતે યોગ્ય નથી. માથે ધોળા આવ્યા પછી વિષય વાસનામાં લોલુપી બની લગ્ન કરે છે તેની સમાજમાં સૌ હાંસી કરે છે માટે મારે તે ન ખપે. પણ ત્યાગ માર્ગ ખપે.

કુમાર યુવાન છે. અપ્સરા જેવી સૌંદર્યવાન અને સુકોમળ કન્યા ગુણવર્મા માટે જ યોગ્ય કહેવાય. અમારે તો હવે જંગલમાં કે કોઈ ગુફામાં જઈને ધર્મની આરાધના જ કરવી જોઈએ ઉત્તમ ચારિત્ર્યની ઝંખના કરવી જોઈએ અને ધર્મધ્યાન કરતાં જીવન પૂર્ણ કરવું જોઈએ. તેથી તે સ્વયંવરમાં જવાને પુત્રને તૈયાર કર્યા.

ત્યારબાદ શુભદિને અને ઉત્તમ મુહૂર્તે ગુણવર્માને હાથી ઘોડા, પાલખી, હયદળ. અશ્વદળ અને પાયદળ લઈ વાજતે ગાજતે ધામધુમથી સ્વયંવરમાં જવા પ્રયાણ કરાવ્યું. રસ્તામાં આનંદ વિનોદ કરતો, વિદ્વાનો સાથે ચર્ચા કરતો અને સમજતો માર્ગ કાપતો આગળ જતો રહ્યો. સાંજ પડે ત્યાં તંબુઓ નાંખી પડાવ કરતો અને સવાર થતાં ફરી દડમજલ શરૂ થતી. ટુંક સમયમાં તે શ્રીપુરના પાદરે આવી પહોંચ્યો. નગરમાં રાજાને ત્યાં સમાચાર મોકલાવ્યાં.

શ્રીષેણ રાજાએ ભવ્ય સ્વાગત કર્યું. ઢોલનગારા અને બેન્ડ સાથે નગરમાં પ્રવેશ કરાવ્યો. નગરમાં ચોરે ને ચૌટે,

મકાનના ઝરુખે અને અગાશીએ માનવીઓનાં ટોળા કુમારને જોવા ઉમટયાં. નગરની સ્ત્રીઓએ પુષ્પ વર્ષા કરી પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. નવયૌવનાઓ આવા કામદેવ જેવા અત્યંત સ્વરૂપવાન કુમારને જોઇ મોહપામી તેના વખાણ કરવા લાગી. રાજાએ ગુણવર્માને તથા તેના સકળ પરિવારને એક મહેલમાં ઉતારો આપી તમામ પ્રકારની સુંદર વ્યવસ્થા કરાવી. આવીજ રીતે અન્ય રાજા–મહારાજાઓને આમંત્રણ આપ્યું હતું તેવા સર્વેને મહોત્સવ પૂર્વક ધામ-ધુમથી વાજતે ગાજતે નગર પ્રવેશ કરાવી ઉત્તમ સ્થાનકે ઉતારો આપી તમામ પ્રકારની વ્યવસ્થા કરાવી આપી. સૌ રાજા–મહારાજાઓ આવી ઉત્તમ પ્રકારની આગતા–સ્વાગતા અને મહેમાનગતિ કરી તે જોઇ સૌ રાજી થઇ ગયાં.

વિવાહનો દિવસ નજીક આવતા જાણી રાજકુમારી કનકવતી વિચારે છે કે મારા માટે યોગ્ય વર મેળવવા માટે આ સ્વયંવરની રચના કરી છે. અને અનેક દેશના રાજવીઓ અહીં આવી પણ ગયા છે. આ રાજવીઓ પૈકી મારે લાયક કોણ છે તે મારા પિતા પોતે પણ નક્કી કરી શકયા નથી જેથી આ સ્વયંવર કરવો પડયો છે. પણ હવે હું પોતે કોઈને વિષે કશુંજ જાણતી નથી તો પસંદગી શી રીતે કરી શકીશ !

સ્વયંવર વખતે તો દરેક રાજા એકબીજાથી ચડી-યાતા વસ્ત્રો અને આભુષણો પહેરીને આવશે. તેમની ઉંમર તેમનું રૂપ તો જોઇ શકાશે પરંતુ તેમના ગુણોની ઓળખ બહુ મુશ્કેલ પડશે અને જો ભૂલથી હું કોઇ નિર્ગુણી

વરને પસંદ કરીશ તો સ્વયંવરનો ખર્ચ પણ મારા પિતાને વ્યર્થ જશે. માટે છૂપાવેશે મારે આ તમામ રાજપુત્રોની પરીક્ષા કરવી જરૂરી છે;

પછી તે રાજકુમારી કનકવતી કુમારિકા વેશ બદલીને પોતાની કેટલીક સખીઓ સાથે સર્વ રાજવીઓના ઉતારામાં ફરવા લાગી. કોઇ રાજકુમાર લફંગા જેવો, તો કોઇ બાઘલા જેવો, કોઇ ક્રોધી વિકારી કોઇ અબુધ તો કોઇ ગર્વથી બોલતા જોયા. કુમારી નિરાશ થઈ ગઈ ત્યારબાદ તેઓ સર્વે ગુણવર્માના આવાસે આવી પહોંચ્યા.

ગુણવર્માનું રૂપ તેની નમ્રતા તેની વિદ્વત્તા અને મિત્રો સાથે આનંદ વિનોદ કરતો જોયો. નોકરો પ્રત્યે પણ પ્રેમભાવ દર્શાવતો હતો. તેણે આ કુમારી તથા તેની સખીઓને જોઈ ખૂબ પ્રેમભાવથી આદર સત્કાર કર્યો. રાજકુમારીને આ વર ગમી ગયો. ઘણા રાજકુમારોને જોઇ જોઇને કંટાળેલી કનકવતીને અહીં મન માન્યું. અને પોતાના હૃદયમાં તેને સ્વામી તરીકે સ્થાપીને રાજી થતી ઘેર આવી મનમાન્યો મનનો મોરલો મલી ગયો. તેના હૈયામાં અનોખો આનંદ છવાઈ રહ્યો.

રાજકુમારીએ એક વિશ્વાસુ દાસી મારફતે એક હાર ગુણવર્માને મોકલી કહેવડાવ્યું કે હે કુમાર ! હું મનથી આપને વરી ચુકી છું અને આવતી કાલે સ્વયંવરમાં આપનેજ વરમાળા પહેરાવીશ તો આ માળા સ્વીકારજો.

પરંતુ મારી એક નમ્ર વિનંતિ છે. તે આપ જરૂરથી સ્વીકારશો. લગ્ન બાદ કેટલાક દિવસ સુધી હું બ્રહ્મચર્યનું

પાલન કરીશ. મારી આ માગણીથી મારા પ્રત્યે સહેજે પ્રેમભાવ ઓછો ન કરશો. હું આપને ખરા હૃદયથી ચાહું છું એટલે તમારા સિવાય અન્યને વરવાની નથી. કુમાર વિચારે છે. કે અહો ! આવો સ્નેહ-પ્રેમ ! આવી ફાટફાટ થતી યુવાની ! અને આવી બ્રહ્મચર્યની પ્રાર્થના ! કંઇ નહિ જોઇશું. થઈ પડશે. અને પોતાના ગળામાંથી એક મોટો હાર કાઢીને તે દાસીને આપ્યો અને કહ્યું તમારો હાર અમે સ્વીકાર્યો છે. અને તમારી પુત્રી રાજી રહે તેમ કરીશું. બિલકુલ ચિંતા કરશો નહિં. આ સાંભળી તે દાસી રાજી થઈ પોતાના સ્થાનકે પાછી ફરી અને બધી વાત રાજકુમારીને કહી રાજકુમારી રાજી રાજી તો થઇ ગઇ અને કુમારના વિયોગમાં બળવા લાગી.

બીજે દિવસે વહેલી સવારથી સ્વયંવર મંડપમાં તૈયારીઓ ચાલવા લાગી. દૂતો મારફતે દરેક રાજાઓને મંડપમાં બોલાવવામાં આવ્યા અને તેમની મુકરર કરેલી જગાએ સિંહાસન ઉપર બેસવા આજ્ઞા કરી. એક એકથી ચઢીયાતા અલંકારો અને આભુષણોથી સજ્જ થઇને આવી બેઠાં. દેખાવમાં જાણે કામદેવ બેઠાં હોય તેવાં લાગતાં હતાં પરંતુ જ્યારે ગુણવર્મા આવીને પોતાના સિંહાસને બેઠાં ત્યારે તે સૌથી અધિક શોભતાં હતાં. અન્ય રાજાઓએ તો વરમાળાની અપેક્ષા છોડી દીધી.

આ બાજુ રાજકુમારી નાહી ધોઇ શરીરે સુગંધી લેપ કરીને માથામાં સુગંધીત તેલ નાંખી-વાળની અત્યંત કલામય ગુંથણી કરી તેમાં ફુલમાળા ગોઠવી. અનેક પ્રકારના

અમુલ્ય વસ્ત્રો અને અલંકારો ધારણ કરી રૂપરૂપના અંબાર સમી પાલખીમાં બેસીને ત્યાં આવી પહોંચી. તેની આગળ આગળ તેની સખી હાથમાં વરમાળા લઇને ચાલતી હતી. અને તેની પાછળની સખીઓ તેણીના ગુણગાન કરતી હતી રાજકુમારી સ્વયંવર મંડપમાં આવતાની સાથે સર્વ રાજવીઓની નજર તેના ઉપર પડી. અને તેણીનું રૂપ દેહલાલિત્ય અને સોના સરીખો રંગ જોઈ અંજાઈ ગયા અને વિચારવા લાગ્યા કે આ કન્યા આપણને મલે કે ના મલે એ નસીબની વાત છે. પરંતુ તેણીના દર્શન માત્રથી આટલે દૂર આવવાનો ફેરો તો સફળ થયો છે.

ત્યારબાદ પિતાની આજ્ઞાથી તે હાથમાં વરમાળા લઇને એક પછી એક એમ દરેક રાજાની પાસે થઈને પસાર થતી રહી. તેણીની આગળ આગળ એક પ્રતિહારી રહેતો. તે દરેક દેશના રાજાની ઓળખાણ આપતો અને પાછળ ચાર દાસીઓ હાથમાં પૂજાનો સામાન ભરીને થાળ લઇને ફરતી હતી.

**પ્રતિહારી** પ્રથમ આ માળવાના રાજા મહાશાલ છે. મહાબળવાન અને પ્રતાપી છે. સંતોનું રક્ષણ કરનારા—વિદ્વાનોને પ્રિયદેખાવડા અને સુંદર છે.

— રાજકુમારી આગળ ચાલી —

**પ્રતિહારી** — આ માલવેશ છે. અઢળક લક્ષ્મીના સ્વામી છે. અનેક લડાઇઓમાં જીત મેળવી છે. દુશ્મનો તેમના સામે તરત જ નમી પડે છે. સુંદર દેહ લાલિત્ય છે. અને બાહોશ રાજ કર્તા છે.

— રાજકુમારી આગળ ચાલી —

**પ્રતિહારી** — આ અંગ દેશના સિંહ નામે રાજા છે. અને ખરેખર તે સિંહ જેવાજ છે. મહા પરાક્રમી અને બળવાન છે. સશક્ત શરીર અને તુષ્ટપુષ્ટ યુવાન છે.

— રાજકુમારી આગળ ચાલી —

**પ્રતિહારી** — આ મગધ દેશના મહાબલ નામે રાજા છે. જેની કીર્તિ ભાટ–ચારણો ઠેર ઠેર ગાય છે. આ રાજાએ રાજગૃહી નગરમાં લોકોના ઘર પણ રાજાના ઘર જેવા બનાવી દીધા છે.

— રાજકુમારી આગળ ચાલી —

**પ્રતિહારી** — આ કાશીના રાજા વીરસેન છે. ઘણી કલાઓ પ્રાપ્ત કરી છે. સંગીતના પ્રેમી છે. ભલે રંગે શ્યામ છે. પરંતુ કામણગારા છે.

— રાજકુમારી આગળ ચાલી —

**પ્રતિહારી** — આ સુરાષ્ટ્રના સૂર રાજા છે. દરિયો એમને તમામ જરૂરિયાત પૂરી પાડે છે. અઢળક સંપત્તિના માલિક છે. વળી શત્રુંજય અને ગીરનાર જેવા મહાતીર્થના વારંવાર દર્શન પણ થશે

— રાજકુમારી આગળ ચાલી —

કુંવરી જેની જેની પાસે આવી ઊભી રહેતી ત્યારે તે રાજવી અત્યંત આનંદ પામતો પરંતુ જ્યાં કુંવરી આગળ ચાલવા લાગતી ત્યારે તેઓ ઉદ્વેગ પામતા હતા.

હવે સૌ અનુક્રમે આવેલા ગુણવર્મા પાસે આવીને ઊભાં.

**પ્રતિહારી** — આ કુરુ દેશના રાજવીનો રાજકુમાર છે. ગુણવાન અને બુદ્ધિવાન છે. દ્રઢધર્મ રાજાનો કુળદિપક છે. અનેક શાસ્ત્રો અને શસ્ત્રોનો જાણકાર છે. સ્વરૂપવાન છે. નવયુવાન છે.

હે બુદ્ધિમાન રાજકુમારી ! જો તું સુખી થવા માંગતી હોય તો આ રાજપુત્રને પસંદ કર અને વરમાળા પહેરાવી દે. આટલું સાંભળતા જ કુમારીકા આનંદમાં આવી ગઈ. અને વરમાળા ગુણવર્માના ગળામાં પહેરાવી દીધી. તરતજ આકાશમાંથી તેમના ઉપર પુષ્પવૃષ્ટિ થઈ અને વિદ્યાધરો આકાશમાં બોલવા લાગ્યા છે. અહો ! આ યોગ્ય છે ! આ યોગ્ય છે ! ત્યારબાદ શ્રીષેણરાજાએ સૌની સાક્ષીએ ખૂબજ ધામધુમથી લગ્ન મહોત્સવ કર્યો. અને ગુણવર્મા સાથે કનકવતીના લગ્ન કર્યા. પુત્રીને દાયજામાં હાથી–ઘોડા સુવર્ણાલંકારો આભુષણો અને બીજી અનેક ચીજો ભેટ આપી.

સ્વયંવરમાં હાજરી આપવા અનેક રાજાઓ આવ્યા હતા. તેમને માનભેર સત્કારપૂર્વક વિદાય કર્યા. ગુણવર્મા થોડા દિવસ ત્યાં રહી પોતાની પત્નિને લઇ પોતાના નગર તરફ પાછો વળ્યો. તે વિદાય વખતે રાજપુત્રીને માતાપિતાએ ઘણી ઘણી સારી શિખામણ દીધી.

હે પુત્રી ! પતિ ઘેર પધારે ત્યારે ઉભા થઈને સામે જવું અને તેને આસન આપવું. પતિના સુતા પછી સુવું અને પતિના ઊઠતાં પહેલા જાગવું. પતિનો રાજીપો જાણી કુલાઈ જવું નહિં. પતિ સિવાય અન્ય પુરૂષો સાથે વાત કરવી નહિ. પારકા ઘેર જવું નહિં

મોટેથી બોલવું નહિં કે હસવું નહિં. સાસુ–સસરાની અને પતિની સેવા અર્ચના કરવી. આજ્ઞા માનવી સર્વેની સાથે સલાહ સંપથી રહેવું. કોઇનીય સાથે લડવું–ઝગડવું નહિં. પતિના મિત્રો ઉપર સદ્‌ભાવ રાખવો આ સ્ત્રીનો ધર્મ છે. તે રીતે વર્તજે અને સુખી થજે. અમારા કુલને, નામને શોભાવજે !

ગુણવર્મા પત્નિને લઈ પોતાના નગર હસ્તિનાપુર તરફ જવા નીકળ્યો માર્ગમાં પર્વતો–નદીઓ વગેરે અનેક સ્થળોની પત્નિને ઓળખ આપતો આનંદ–વિનોદ કરતો અને પત્નિને સાથેજ રાખતો, સૈન્ય સાથે દડમજલ કરતાં કરતાં થોડા દિવસોમાં તે હસ્તિનાપુર આવી પહોંચ્યો. નગરબહાર રહી પિતાને સંદેશો કહેવડાવ્યો.

પોતાનો પુત્ર પરણીને આવે છે. મોટો કરિયાવર પણ લાવ્યો છે. તે સાંભળી માતાપિતાનું હૈયું આનંદથી અને ગર્વથી નાચી ઊઠે એ રીતે ખૂબજ ધામધુમથી વાજતે ગાજતે સામૈયું કરવામાં આવ્યું. નગરના લોકો આ પતિ પત્નિની જોડીના વખાણ કરવા લાગ્યા. મોટા માનપાન સહિત રથમાં બેસાડી તેમને નગર પ્રવેશ કરાવ્યો.

હવે રાજકુમાર આનંદ પૂર્વક રહેતો અને પોતે આપેલા વચન પાલન કરવા માટે પત્નિને જુદા જ ઓરડામાં રહેવાની તમામ સગવડ કરાવી આપી. દિવસે કુમાર સાથેને સાથે રાખે છે. અને રાત્રી દરમ્યાન જુદી રાખે છે.

## [ગુણવર્મા વૈતાલ]

હવે એવું બન્યું કે એક દિવસ સૂર્યોદયથી મધ્યાન્હ

સુધી પત્નિ સાથે વિદ્યા ગોષ્ઠી કરી રાજી કરીને બપોરના સમયે પોતાના મહેલમાં આવ્યો. સ્નાન કરી પ્રભુ પૂજા કરી જમવા બેસતો હતો તેવામાં કોઈ યોગી હાથમાં કમંડલ દંડ અને વ્યાઘ્રચર્મ સાથે આવી ચડયો. કુમારે પ્રણામ કરી આવવાનું પ્રયોજન પૂછયું તો યોગી કહે હે કુમાર ! જંગલમાં રહેતાં ભૈરવાચાર્ય મારા ગુરૂદેવ આજે તમોને ત્યાં બોલાવે છે. શા માટે બોલાવે છે. તેની મને કાંઇ ખબર નથી. એમ કહી યોગી પાછો ફર્યો ત્યારે રાજકુમારે કહ્યું કે હે યોગી ! હું પ્રભાતમાં ભૈરવાચાર્યના દર્શનાર્થે આવીશ.

રાજકુમાર ગુણવર્મા વિચારે છે કે આ યોગી કોણ હશે ? તેના ગુરૂ કોણ હશે ? મારું શું કામ હશે ? મને શા માટે ત્યાં બોલાવ્યો હશે ? હું તો તેમને કોઇને પણ ઓળખતો નથી તો તેઓ મારી જ પાસે કેમ આવ્યા હશે ? આખી રાત આજ વિચારોમાં પસાર કરી. સવાર પડી. સૂર્યોદય થયો. રાજકુમાર ઊઠી પ્રભાતનું કાર્ય પરવારી જંગલમાં તે યોગી પાસે ગયો.

જંગલમાં એક ઝાડનીચે પદ્માસન વાળીને બેઠેલાં એક હાથમાં રૂદ્રાક્ષની માળા ગણતાં મસ્તક ઉપર મોટી જટાવાળા ઝીણી આંખોવાળા ભૈરવાચાર્યને વંદન કરી ઉભો રહ્યો. યોગીએ આશીર્વાદ આપ્યા અને પોતાનું વ્યાઘ્રચર્મ કાઢીને કુમારને બેસવા આપ્યું. કુમારે કહ્યું કે આપના આસને બેસવાની મારામાં યોગ્યતા નથી એમ વિનયથી જણાવી અને પોતાના એક દુપટ્ટા ઉપર બેઠો. અને પૂછયું હે યોગીરાજ ! આપે મને કેમ યાદ કર્યો ? મારૂં શું કામ

હતું ? જે હોય તે આપ જણાવી કૃપા કરો. યોગી કહે હે કુમાર ! તું તો અમારા હૃદયમાં બિરાજેલો જ છે. તારી આ મુખમુદ્રા જ તારું જ્ઞાન આચાર વિચાર ધન ઉદારતા શાંતતા અને પરાક્રમની ચાડી ખાય છે. તું પરોપકારી સજ્જન છે. પરોપકારી માણસો જાતે દુઃખ વેઠી લઇને પણ ઉપકાર કરતા હોય છે.

જેવી રીતે સોનું તપાવવાથી અને મોતી વિંધવાથી જગતના માટે આભુષણરૂપ બને છે. ચંદન ઘસવાથી સુગંધી જ મલે છે. શેલડી પીલવાથી અમૃતસરીખો રસ મળે આમ પરોપકારમાં રક્ત થયેલા માણસો પોતાનું દુઃખ કદી ગણકારતા જ નથી. "પરોપકારાય સતાં વિભૂતયઃ ॥

હવે મારી વાત સાંભળ, મારી પાસે મારા સદ્‌ગુરૂજીએ બતાવેલ મંત્ર છે. જે સાધવા માટે મેં આઠ આઠ વર્ષની તપશ્ચર્યા કરી છે. હવે તેની સિદ્ધિનો સમય નજીક આવી રહ્યો છે. માત્ર એકજ રાત્રિ બાકી છે. તે સિદ્ધિ કોઇ મહાહિંમતવાન પુરૂષ ઉપર આધારિત છે. મારી નજરમાં તારા જેવો હિંમતવાન પુરૂષ બીજો કોઇ દેખાતો નથી અને મંત્રસિદ્ધિ ફળે અને તારી કીર્તિ પણ વધે.

ગુણવર્મા કહે હે યોગીજી ! મારા જેવા અલ્પ માનવીના વખાણ કરવાની કોઇ જરૂર નથી. કહો હું ક્યાં-કેવીરીતે-અને કયા સમયે આપના આ કાર્યમાં ઉપયોગી બની રહું ?

યોગી કહે- હે વીર પુરૂષ ! આ કૃષ્ણ ચતુર્દશીને દિવસે પહોર રાત્રિ ગયા પછી તું સ્મશાનમાં આવજે. હું

પણ મારા ત્રણે શિષ્યો ને લઈને ત્યાં આવી જઈશ ત્યારબાદ શું કરવું તે સમજાવીશ.

ગુણવર્મા તેમની આજ્ઞા શિરોમાન્ય કરી નગરમાં ગયો. કૃષ્ણ ચતુર્દશીનો દિવસ આવી પહોંચ્યો. ગુણવર્મા પોતાની દૈનિક-ક્રિયા પતાવીને સાંજના મલ્લ જેવો વેશ ધારણ કરી હાથમાં તલવાર લઈ કોઈને પણ કહ્યા સિવાય ચૂપચાપ ઘરની બહાર નીકળી ભૈરવનાથ યોગીએ કહેલ તે સ્મશાનમાં આવી પહોંચ્યો. યોગીરાજ તો હવનની સાધન સામગ્રી લઈને તેની પહેલાં આવી ગયા હતા. તે યોગીને મળ્યો. ત્યારે યોગી ફરીવાર બોલ્યા કે હે કુમાર! આ મંત્રસિદ્ધિનો આધાર તારા ઉપરજ છે. આ મારા ત્રણે શિષ્યો નકામાં છે. ભીરૂ છે. બીકણ અને ડરપોક છે.

ગુણવર્મા કહે હું અહીં બેઠો છું ત્યાં સુધી તમારે કોઈએ કોઈ પણ વાતનો ડર રાખવો નહિ.

ત્યારબાદ યોગીરાજે ઉત્તર દિશામાં ખુલ્લી તલવાર સાથે કુમારને ઉભા રાખી બાકીની ત્રણે દિશામાં પોતાના શિષ્યોને ઉભા રાખ્યા અને મધ્યમાં કુંડાળું કરી તેમાં માનવીનું મડદું રાખી પોતે ઉભા રહ્યાં. પછી મડદાના મુખમાં અગ્નિ સળગાવી મંત્રોચ્ચાર કરતાં કરતાં કણેરના પુષ્પો અને ગુગળની ગોળીઓથી હોમની ક્રિયા શરૂ કરી ભય પમાડે તેવું વાતાવરણ હતું.

એવામાં અચાનક કાન ફોડી નાખે તેવો ભયંકર અવાજ આવ્યો. પૃથ્વી ફાટી અને તેમાંથી વિકરાળ વેતાલ પ્રગટ થયો. તેને જોઈને ત્રણે શિષ્યો તો ભાગી ગયા. માત્ર

કુમારજી ઉભો રહ્યો. પછી તે વેતાલ યોગી પાસે આવીને મુગદલ ઉગામી ત્રાડ પાડી. અરે ઓ સાધુડા ! મારી ભૂમિમાં કોના બળથી તું સાધના કરી રહ્યો છે? મારી આરાધના કર્યા વગર અન્ય મંત્રની સિદ્ધિ અશકય છે. મારી રજા વગર મારી ભૂમિમાં દાખલ થવાથી મારે તને શિક્ષા કરવી પડશે. આ સાંભળી યોગી ત્રાસ પામતા હતા. એ જોઇને હાથમાં તલવાર રમાડતો ગુણવર્મા બોલ્યો અરે ઓ પ્રેત ! આ યોગીરાજ મારા બળથી મંત્રની સાધના કરે છે. હું ડરપોક નથી. અને તારા વચનોથી ભય પામું તેમ નથી. તારી જો લડવાની ઇચ્છા હોય તો મારી સામે આવી જા. આ તો યોગી છે. તેમને ડરાવવાથી તને શું માનવાનું છે

પ્રેત કહે- અરે ! તું તો હજુ બાળક છે. તારી સાથે લડવું શા કામનું ? પારકાને માટે નકામો મર નહિં. અને મનુષ્યજન્મનું ભૌતિક સુખ ભોગવ.

કુમાર કહે- અરે પ્રેત ! તું મને બાળક સમજી મારી દયા કરીશ નહિં. નાનું પણ સિંહનું બાળ છું. શું સિંહ બાળથી મોટા હાથી ડરતા નથી. ? નાની એવી કુહાડી વિશાળ વૃક્ષનો નાશ નથી કરતું ? બોલ કોણ કોને જીતે છે.

પુણ્ય અને યશ એ પરોપકારનું મનોહર ફળ છે. જ્યારે ધન અને સ્ત્રી ભોગવિલાસના નકામાં ફળ છે. હવે લાંબુ બહુ ભાષણ કર્યા વિના સાંભળ. લડવું હોય તો તૈયાર થઇ જા. શૂરવીર હો તો સામો આવ અને કાયર હો તો ભાગી જા,

કુમાર આવા હિંમતવાળા વચનો સાંભળી તે દેવ

આશ્ચર્ય પામ્યો અને પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થયો અને બોલ્યો હે પુત્ર! તારી હિંમ્મતથી હું ખુશ થયો છું અને તને ઇચ્છીત વર માંગવાનું કહું છું. કુમાર કહે ખરેખર જો આપ રાજી થયા હો તો યોગીને મંત્ર સિદ્ધિ કરી આપો. દેવ કહે તેને તો સિદ્ધિ કરી આપી જ છે. પરંતુ તું કાંઈક માંગ દેવદર્શન નિષ્ફળ ન જવા જોઇએ.

જો એમજ છે. તો હે દેવ! મને કહો કે મારી પત્નિ મારા પ્રત્યે અનહદ પ્રેમવાળી છે. નવયુવાન છે. છતાં શા માટે શીલ ધારણ કરી મને દૂર રાખે છે? અવધિજ્ઞાનના પ્રભાવથી દેવ તેની વાત જાણીને બોલ્યો કે હે કુમાર! અત્યારે સૂર્યોદય થવાની તૈયારી છે. તું જે પૂછે છે તે તરતજ કહી શકાય તેમ નથી પરંતુ તે માટે આ અંજન (યૌગિક અંજન) તું લઈજા. આ અંજનથી તું અદૃશ્ય થઇ શકીશ. કોઇ તને જોઈ શકશે નહિ. આ અંજનના પ્રભાવથી તને તારા પ્રશ્નોનું સમાધાન થઇ જશે. એમ કહી દેવ અંતર્ધ્યાન થઈ ગયા. ત્યારબાદ કુમાર યોગીના ચરણે નમ્યો ત્યારે યોગીએ તેનો ઉપકાર માન્યો. તારી મદદથી જ મારી આઠ વર્ષની મહેનત ફળી અને સિદ્ધિ મળી છે માટે તારો ઉપકાર માનું તેટલો ઓછો છે. તારા ઉપકારના કરજમાંથી હું તને શું આપું?

કુમાર કહે યોગીરાજ આપની કૃપા સિવાય બીજુ કશું જ મારે જોઇતું નથી. એમ કહી પરોઢિએ કુમાર પોતાના આવાસે ગયો. થોડીવાર આરામ કર્યો ત્યાં સૂર્યોદય થઈ ગયો. ઊઠીને કનકવતીને મહેલે જઈ તેણીની સાથે મધુર

વાતો કરતાં કરતાં સમય થઇ ગયો એટલે પોતાને આવાસે આવી નાહીધોઇને પૂજા સેવા કરી સૌની સાથે જમવા બેઠો. જમીને આરામ કરતાં તે વિચારે છે કે ક્યારે રાત્રિ પડે અને હું કનકવતીનું ગુપ્ત રહસ્ય જાણી શકું એમ કરતાં રાત્રિ થઇ.

## (કનકવતી વિદ્યાધર)

રાત્રિનો પ્રથમ પહોર મિત્રો સાથે આનંદ વિનોદમાં ગાળી સૌને વિદાય કરી ગુણવર્મા અંજન આંજી હિમ્મતથી હાથમાં તલવાર લઈને કનકવતીના આવાસે ગયો. અને એક બાજુએ ચુપચાપ બેસી રહ્યો. રાત્રિ આગળ વધતી જતી હતી તેમ છતાં કનકવતી જાગતી હતી અને સખીને પૂછે છે કે કેટલી રાત્રિ ગઈ?

સખી કહે છે આકાશ તરફ જોઇને કે સમય થવા આવ્યો છે મનોહર શુંગાર સજી તૈયાર થઇ જાવ. વિમાન આાવતું જ હશે. અને એ પ્રમાણે અત્યંત મનોહર અલંકાર અને આભુષણો પહેરી આકર્ષક શૃંગાર કરી તૈયાર થઈ ગઇ. આ જોઇને ગુણવર્મા વિચારે છે કે આવી સ્ત્રીઓને ધિક્કાર છે કે જે પતિની આંખમાં ધૂળ નાંખીને અન્યની સાથે ભોગ વિલાસ કરે છે.

મને બ્રહ્મચર્યનું પાલન કરવાનું કહી અંદરખાને કેવા નીચ કાર્યો કરી રહી છે તેનું આજે મને સમજાયું. આ સ્ત્રી આટલી બધી નીચ અને હલકટ હશે તેની મને કલ્પના પણ ન હતી. સ્ત્રીઓના મુખમાં મીઠી વાણી હોય છે. જ્યારે અંતરમા કાંઇજ બીજું જ હોય છે સ્ત્રીઓને કોણ સમજી શકે! આ અંજન મલ્યું તો સાચી હકીકતની જાણ થશે.

આવી દુરાચારીણીને હું અત્યારે જ ખલાસ કરી શકું તેમ છું પણ તેની પાકી ખાતરી કર્યા વગર કોઇપણ પગલું ભરવું એ ઠીક નથી. થોડી વારમાં કનકવતી અગાશી ઉપર ચડીને મંત્રસિદ્ધિ મુજબ એક વિમાન ખેંચી ઉતાર્યું. વિમાન અત્યંત દેદિપ્યમાન અને ધ્વજ પતાકાઓથી શણગારેલું હતું. કનકવતી અને તેની સખી તેમાં બેસી ગયાં. એજ વખતે ગુણવર્મા પણ અદૃશ્યપણે તેમાં બેસી ગયો. તેની કોઇને ખબર પડી નહિ. દૂર દૂર એક જંગલ પાસે આવીને ઊભું રહ્યું. ત્યાં કનકવતી અને તેની સખી ઊતરીને જંગલ તરફ જવા લાગી. ગુણવર્મા અદૃશ્યપણે તેની પાછળ ગયો.

દૂર એક અત્યંત મનોહર જિન-મંદિર જોયું. કોઈ રાજકુમાર જેવા પુરૂષ સાથે ત્રણ સ્ત્રીઓ હતી તેમની સાથે કનકવતી ભળી ગઈ અને જિન-મંદિરમાં જઈ જિનેશ્વર દેવને વંદન કર્યા અને ત્યારબાદ સર્વે રંગમંડપમાં આવ્યા.

વિદ્યાધરોથી વિંટળાયેલો તેમના રાજા જેવો આ વિદ્યાધર સૌથી આગળ બેઠો. ચારે કન્યાઓ પોતે હાજર છે એમ જણાવી મંડપના સ્તંભને પૂતળીઓની માફક અડીને ઊભી રહી. વિદ્યાધરે પ્રભુનું સ્નાત્ર ભણાવ્યું. જિનેશ્વર દેવની અષ્ટપ્રકારી પૂજા કરી અને રંગમંડપમાં આવી પૂછયું- કે આજે નૃત્ય કોણ કરશે ? બીજી કન્યાઓએ કનકવતી સામે આંગળી કરી.

વિદ્યાધરની આજ્ઞાથી કનકવતી ઊઠી અને રંગમંડપમાં નૃત્ય કરવા લાગી અને બીજી કન્યાઓ જાતજાતના વાજિંત્રો

વગાડવા લાગી એ જોઈ વિદ્યાધર આનંદથી માથું હલાવતો હતો.

ગુણવર્મા વિચારે છે કે અહો ! આ નીચ વિદ્યાધરે મારી સ્રીને નટી બનાવી નાચ નચાવે છે ! આ કનકવતી વસ્રોથી ઢંકાએલી રહેતી હોઈ અમારા કુટુંબીજનોએ એનું મુખ પણ જોયું નથી. હું તેનો પતિ હોવા છતાં તેના અંગોપાંગના દર્શન કરી શકયો નથી. અને આ વિદ્યાધર તેણીના તમામ અંગો જોઇને આનંદ માને છે. જે મારી માલીકીની છે. તેને એક ઇશારે નચાવે છે. તેમજ જિન-પૂજા રાત્રિએ કરી શકાયજ નહિ, શાસ્રોમાં મનાઈ છે તેમ છતાં આ મૂર્ખ અને અવિવેકી વિદ્યાધર રાત્રે પૂજા કરે છે. આને શું કહેવું ? મારે તમામ હકીકત જાણવી છે એટલે ચૂપ રહેવું પડે છે નહિતર આ વસ્તુ હુ સહન કરી લેત નહિ.

એટલામાં નૃત્ય કરતી કનકવતીના કંદોરામાંથી સોનાની ઘુઘરી પડી ગઇ. કુમારે હોંશીયારી પૂર્વક ઉપાડી લીધી. તેની કોઇને ખબર પણ પડી નહિં. નૃત્યનો કાર્યક્રમ પતી ગયા પછી કનકવતીને ખબર પડી કે એક ઘુઘરી પડી ગઇ છે. તેથી તે શોધવાલાગી છતાંય જડી નહિં તેથી તેણીએ વિદ્યાધરને ફરિયાદ કરી. વિદ્યાધરે કહ્યું કે અત્યારે ઘણી રાત્રિ વહી ગઈ છે, સમય નથી. હમણાં તો તું પાછી જા, હું તપાસ કરી શોધીને તને પરત કરીશ.

ત્યારબાદ કનકવતી સખી સાથે વિમાનમાં બેસી પાછી ફરી. સાથે ગુણવર્મા પણ અદ્રશ્ય રીતે પાછો આવી ગયો.

ગુણવર્મા પોતાના સ્થાનકે ગયો. અને થોડીવાર

પથારીમાં સૂતો પરંતુ ઊંઘ આવી નહિં. મનમાં વિચારો ચાલ્યા કરે છે કે આ વિદ્યાધર કોણ હશે ? આ કનકવતી તેને શા કારણે વશી ભૂત થઈ મારે તેને પૂરો કરી નાંખવો જ જોઇએ. ત્યારબાદ પેલી સોનાની ઘુઘરી મંત્રી પુત્રને આપી તેને લઇને કુમાર કનકવતીને ઘેર ગયો.

થોડી વાર સુધી મીઠી મીઠી વાતો કરી પત્નિને ખુશ કરી અને પ્રેમથી સોગઠાબાજી રમવા બેઠાં. રમતમાં હોંશિયાર એવા કુમારને કનકવતીએ હરાવ્યો અને ઈનામ માંગવા લાગી. હું જીતી ગઈ છું તેનું ફળ આપો અને હવે રમવા ચાહતા હો તો કંઇક શરત કરો તે સમયે મંત્રીપુત્ર બેઠો હતો. કુમારે મંત્રીપુત્રને કહ્યું તારી પાસે જે કાંઇ હોય તે આપ. મંત્રીપુત્ર કહે ઘુઘરી સિવાય બીજું કાંઈજ નથી.

મિત્ર પાસેથી સોનાની ઘુઘરી લઈ રાજકુમારે કનકવતીને આપી. તે જોઇને ખ્યાલ આવ્યો કે આ તો મારા કટિમેખલાની જ ઘુઘરી છે. એટલે તેણી અત્યંત ગભરાઈ ગઇ. મુંઝાઈ ગઈ. અને બોલી ઊઠી અરે ! હે સ્વામી ! આમાં તમે શું આપ્યું ? આતો મારી ચીજ મને આપી.

કુમાર કહે–હે પ્રિયે ! આ તારી ઘુઘરી કયાં ખરી પડેલી તે કહે ! ત્યારે કનકવતી બોલી હે સ્વામીનાથ ! મને તેની કાંઈ જ ખબર નથી કે યાદ નથી. જો ખબર હોય તો હું જાતેજ લઉં ના લઉં ? તમેજ કહો કે આપને ક્યાંથી મલી.

કુમાર કહે– આ મારો મિત્ર મોટો જ્યોતિષી છે. તેને પૂછી જો. તે તને સાચી વાત જણાવશે એટલે કનકવતી

તેને પૂછે છે કે હે દેવરજી? આ મારી ઘુઘરી ક્યાં પડી ગઇ હતી? અને તે કોને અને ક્યારે જડી તે કહેશો?

મંત્રીપુત્ર કહે-ભાભીજી! પ્રભાતે પ્રશ્ન કુંડલીના આધારે હું જાણીશ અને ત્યારબાદ આપને જણાવીશ. અત્યારે નહિ. એમ કહી સર્વે છૂટા પડયાં. કુમાર પોતાના આવાસે આવી આરામ કરી સ્નાન પૂજા અને દૈનિક કાર્યક્રમ પતાવી જમી પરવારી રાત્રિની રાહ જોતો બેસી રહ્યો.

રાત્રિ આવી. ગઇકાલની માફક કુમાર અંજન આંજી હાથમાં તલવાર લઇ કનકવતીને ઘેર અદ્રષ્ય રીતે બેસી રહ્યો. સમય થતાં પેલું વિમાન આવી પહોંચ્યું અને સૌની સાથે તે પણ ગયો. ગઇકાલની પેઠે તેણી જિન-મંદિરમાં ગઇ. વંદન કરી અન્ય કન્યાઓ સાથે બેઠી.

સ્નાત્ર પૂજા પતી ગયા પછી ખેચરોના સમુહ વચ્ચે પેલો વિદ્યાધર બેઠો. આજે બીજી કન્યાનો વારો હોવાથી તે સ્ત્રી નૃત્ય કરવા લાગી. તે સમયે કનકવતી વીણા વગાડી રહી હતી. વીણાના તાલમાં પગ પછાડતી વખતે તેણીનું ઝાંઝર પડી ગયું તેની તેણીને ખબર રહી નહિ. અદ્રશ્ય રીતે ગુણવર્માએ ચૂપકીથી તે લઇ લીધું.

નૃત્યનો કાર્યક્રમ પતી જતાં તેણીને ખબર પડી કે પગનું ઝાંઝર પડી ગયું છે. તેની ખૂબખૂબ શોધખોળ કરી પરંતુ ક્યાંય જડયું નહિ. તેથી તેણીએ વિદ્યાધરને ફરિયાદ કરી. વિદ્યાધર ખૂબજ ગુસ્સે થઇ બોલી ઊઠયો. અરે! આ જિન-મંદિરમાં કદી ચોરી થતી ન હતી. હું હાજર હોવા છતાં આવું બને જ કેમ?

વિદ્યાધર કહે હે પુત્રી અત્યારે તું જરા-કોઇ ચિંતા કરીશ નહિં. સવારે હું શોધી કાઢીશ અને તને પહોંચાડી દઇશ. અહીંથી ક્યાં જવાનું હતું ? એમ કહી સર્વે પોત પોતાને ઠેકાણે ગયાં. તેવી રીતે કનકવતી પણ પોતાને સ્થાને પાછી આવી ગઈ. કુમાર વિમાનમાંથી ઊતરીને પોતાના આવાસે ગયો.

પ્રભાતે તે ઝાંઝર પોતાના મિત્ર-મંત્રીપુત્ર સાગરને આપી તેની સાથે કનકવતીને ત્યાં ગયો. થોડી મઝાની વાતો કરી સોગઠાબાજી રમવા બેઠાં ત્યારે કનકવતી બોલી હે સ્વામી ! હમણાં રમવાની વાત છોડો. પહેલાં કહો કે તમને ઘુઘરી ક્યાંથી મળી હતી ? કુમારે મંત્રીપુત્ર સામે જોયું.

મંત્રીપુત્ર સાગર બોલ્યો હે ભાભીજી ! આમ ગભરાયેલા કેમ છો ? મેં પ્રશ્ન કુંડલીથી બીજું પણ જાણ્યું છે કે તમારી બીજી કોઇક ચીજ પણ પડી ગઇ છે. બોલો, મારી વાત સાચી છે ? આ સાંભળી કનકવતી આશ્ચર્ય ચકિત થઇ ગઈ અને બોલી બીજી ચીજ કઈ છે. તે કહો, મને બતાવી અનુભવ કરાવો તો હું માનું તે સિવાય હું તમારી વાત માનવા તૈયાર નથી. એમ કનકવતી બોલી.

મંત્રીપુત્રે કુમારને ઝાંઝર હાથમાં આપ્યું ત્યારે રાજપુત્રે મનમાં હસતાં પોતાના મિત્રના ખુબખૂબ વખાણ કર્યા. કુમારે ઝાંઝર હાથમાં આપ્યું આ જોઇ કનકવતીના હૃદયમાં ગભરામણ થવા લાગી.

રાજકુમાર કહે હે પ્રિયે ! આ ઝાંઝર બરાબર જોઈ લે. તપાસીને નક્કી કર અને તારું જ હોય તો પહેરી લે,

કનકવતીએ તે પહેરી લીધું અને બોલી હે દેવરજી ! આપને ક્યાંથી મળ્યું તે કેમ કહેતા નથી ? ત્યારે મંત્રી-પુત્ર કહે હે ભાભીજી, જ્યાં માનવીને જવાની શક્તિ નથી ત્યાંથી મળ્યું. કંઈ વ્હેમ ન રાખો.

રાજકુમારી કહે જો માનવી ન જઈ શકે તો તમે તે લાવ્યા કેવી રીતે ? ત્યારે મિત્ર કહે જેને સર્વ કલાઓના સ્વામી એવા ગુણવર્મા જેવા મિત્ર છે તેને માટે બધું જ સરળ છે.

આ સાંભળી કનકવતી ઊંડા વિચારમાં પડી ગઈ. અરે ! આમાં મને કાંઈજ સમજ પડતી નથી. જ્યાં માનવીઓ જઈના શકે ત્યાં કોણ ગયું હશે અને આ ચીજો લાવ્યું હશે ? મોતના મુખમાં હાથ નાંખનાર એવો કોણ હશે ? કદાચ મારો સ્વામી ગુણવર્મા ગયો હોય એવું સંભવે ! તે મહાહિમ્મતવાન છે એટલે તેમને માટે કશું અશક્ય નથી. વળી બે દિવસથી હું જોઈ શકું છું કે ઉજાગરાના કારણે તેમની આંખો ઘેરાયેલીજ દેખાય છે. ખરેખર આ બંન્ને મિત્રો એક થઈ મને સતાવવા ખાતર જ આમ કરે છે. કદાચ મારા વિમાનમાં બેસીને જવું આવવું વગેરે વાત તેઓ જાણતા હોય એવું બને !

અરેરે ! હું કેવી પાપી છું ! સતી હોવા છતાં અસ-તીપણાનું કલંક મને લાગ્યું. એવા એવા શબ્દો બોલતી તે આખો દિવસ સંતાપમાં ગાળી દુઃખી દુઃખી બની ગઈ. તેવામાં સમય થતાં રાત પડી. ગુણવર્મા તો અંજન લગાવીને તલવાર લઈને તૈયાર જ બેઠો હતો. પરંતુ કનકવતી બહુ ઉદાસ અને બેચેન બની પલંગમાં આળોટતી પડી રહી

હતી. સમય થતાં સખી પ્રિયંવદા બોલી હે સખી! જિનેશ્વરની સ્નાત્ર પૂજામાં જવા માટે તું હંમેશા શૃંગાર સજી તૈયાર રહેતી હતી અને આજે આમ કેમ? હજુ તૈયાર થઈ નથી. તને શું થયું છે? મોડું થશે તો વિદ્યાધર ગુસ્સે થશે અને બીજી રીતે હેરાન હેરાન કરી મૂકશે.

હે સખી! હું ખરેખર દુર્ભાગી છું. બાલપણમાં એક દિવસ હું મારા પિતાજીના મહેલની અગાશીમાં ઊભી હતી ત્યારે આકાશમાં ફરતાં આ વિદ્યાધરે મને જોઇ એકદમ નીચે આવી મને પકડી ઉડવા લાગ્યો અને કોઇ એક નિર્જન જંગલમાં મને મુકી, ત્યાં આવી મને ડરાવી ખુલ્લી તલવાર ઉગામી કહેવા લાગ્યો કે મારું કહ્યું માનીશ?

જો ઉત્તરદિશામાં ખૂબજ મહેનત ઉઠાવી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનું એક અદ્ભુત અને નયનરમ્ય તેમજ આંખોને શાંતિ આપે એવું જિનાલય બાંધ્યુ છે. ત્યાં આવીને તારે દરરોજ નૃત્ય કરવું અને સંગીત આપવું. તને લેવા મૂકવા મારું વિમાન દરરોજ રાત્રે એક પ્રહર પછી આવશે. તેમજ મારી આજ્ઞાવિના તારે લગ્ન કરવા નહિં. બોલ, છે કબુલ? ભયના કારણે મેં તેની આજ્ઞા માનીને કબુલ કર્યું. ત્યારથી દરરોજ આ કાર્ય ચાલે છે. જો કે મારી ઇચ્છાથી નહિં પરંતુ તેના ડરથી મારે કરવું પડે છે.

વિદ્યાધરની બીકથી હજુ સુધી મેં મારું કૌમાર્ય સાચવી રાખ્યું છે. આ વાત મેં મારા પતિને પણ કરી નથી પરંતુ મને લાગે છે કે મારા પતિએ આ વાત ગમે તે રીતે જાણી લીધી છે. મારા પતિએ આ બધું નજરો-

નજર જોયું હશે તો મને સહેજે ભય નથી પરંતુ અન્ય મારફતે જાણ્યું હશે તો મને દુરાચારી સ્ત્રી સમજી લેશે. તેમજ ગુસ્સામાં આવી મને મારી પણ નાંખે. કદાચ વિદ્યાધરને મારી નાંખે અગર તો વિદ્યાધર મારા પતિની દુર્દશા કરે.

વળી મને કુલટા સ્ત્રી સમજી-જગતમાં મારી બદનામી થાય તે કરતાં પતિના હાથેજ મૃત્યુ થાય એ ઇષ્ટ છે. આ ચિંતામાં હું બળી રહી છું. હવે શું થશે તેની કાંઈજ સમજ પડતી નથી. રાત્રે કે દિવસે મને ઉંઘ કે આરામ નથી. એક બાજુ મને મારા સ્વામીનાથ પ્રત્યે અપાર પ્રેમ છે. બીજી બાજુ વિદ્યાધરથી ડરૂં છું. આવી સ્થિતિ ક્યાં સુધી સહન કરવી? મને કાંઇ સમજાતું નથી. મારું મન મુંઝાય છે. મને હૃદયમાં પારાવાર વેદના ભરી છે. કોની પાસે જઇને હૈયું ઠાલવું?

હે પ્રભુ! મારા ઉપર કૃપા દ્રષ્ટિ કરો,-ઉગારો. ઉગારો.

કનકવતી કહે - હે સખી! આજે મારા જીવને શાંતિ નથી માટે હું ત્યાં નહીં આવું. તું એકલી જા. જે થવાનું હશે તે થશે. એમ કહી તે પલંગમાં અસ્વસ્થ અવસ્થામાં પડી રહી.

અદ્રશ્ય રીતે ત્યાં હાજર રહેલ ગુણવર્મા વિચારવા લાગ્યો કે ખરેખર આ સતી સ્ત્રી કનકવતી ઉપર જુલમ ગુજારાય છે. તેનું દુઃખ ભયંકર છે જે સાંભળીને મને પણ દુઃખ થાય છે. આ સ્ત્રીને હું પરણેલો છું તેમજ મારા પ્રત્યે અનહદ પ્રેમવાળી છે. એને આ દુઃખમાંથી મુક્ત કરવી મારી ફરજ છે. આજે તો હું મારા દુશ્મન એવા એ વિદ્યાધરને મારી નાંખી મારી પત્નિને તેની છાયામાંથી છોડાવીશ જ.

એવામાં તેને લેવા આવેલ વિમાનમાં પ્રિયંવદા બેસી ગઈ અને ગુણવર્મા પણ અદ્રષ્ય રીતે ચડી બેઠો. નિર્ધારીત સ્થળ આવી જતાં બંન્ને ઊતરીને જિન-મંદિરમાં જઈ પ્રભુજીના દર્શન કર્યાં. અહીં એવું બનેલું કે કનકવતીની બહુ રાહ જોયા પછીજ તેણે પ્રભુનું સ્નાત્ર ભણાવ્યું અને પછી નૃત્ય વિનાજ મહોત્સવ પૂર્ણ કરી રંગમંડપની બહાર આવતાંની સાથે પ્રિયંવદા જોવામાં આવી. વિદ્યાધર ગુસ્સે થઈ તેની પાસે આવી પૂછ્યું કે તારી બહેનપણી આજે કેમ આવી નથી ? મારી આજ્ઞાની અવજ્ઞા કરનારને યોગ્ય શિક્ષા કરવી જ પડશે. પ્રિયંવદા કહે હે દેવ ! આજે કનકવતીની તબિયત સારી ન હોવાથી આવી શકી નથી.

વિદ્યાધર કહે – હું જાણું છું કે આ તારી જુઠ્ઠી વાત છે. કાંઈ વાંધો નહિં. એને તો હું બરાબર શિક્ષા કરીશ પણ પ્રથમ તને જુઠ્ઠું બોલવા બદલ શિક્ષા કરું છું. એમ કહી તેને ગળામાંથી પકડી અને કહે કે હવે તારા ઈષ્ટ દેવને યાદ કરી લે. ત્યારે પ્રિયંવદા બોલી કે તારી સોબતનું આવું જ ફળ મળશે એવી અમને ખબર જ હતી.

હે કરૂણાના સાગર એવા જિનેશ્વર દેવ : હું આપનું શરણ સ્વીકારૂં છું. મારી સખીના સ્વામી હે ગુણવર્મા મને બચાવો ત્યારે વિદ્યાધર મોટેથી બોલ્યો અને ખડખડાટ હસ્યો અરે ! એ મનુષ્યરૂપી કીડો મને શું કરી શકવાનો હતો ? જ્યાં પ્રિયવંદાને મારવા જાય છે ત્યાં આકાશમાંથી કેશરીસિંહની માફક ગુણવર્મા પ્રગટ થયો.

અત્યંત ગુસ્સાથી ભયંકર સિંહનાદ કરી બોલ્યો. અરે મૂર્ખ ! નિર્બળ પાસે બળ બતાવનારા ! જોઇ તારી બહાદુરી, હિંમત હોય. તાકાત હોય તો આવ મારી સામો ! તું મને મનુષ્ય રૂપી કીડો કહેતો હતો તો બતાવી દે તારી શક્તિ? હું જોઉં તો ખરો. બળવાન નિર્બળને ખાઇ જાય છે એ ન્યાય તે અહીં જિન મંદિરમાં બતાવવા માંડયો છે ! કદાચ તું એમ માનતો હોઇશ કે આ જિન પૂજાના પુણ્યે હું કરીશ તે થશે. પરંતુ તું ભૂલે છે. તું જે રીતે જિન પૂજા કરે છે તે ગલત છે અવિધિથી કરેલું પુણ્ય ફળતું નથી ઉપરથી અનેક અનર્થો સર્જાય છે.

રાત્રિએ દેવ–પૂજા કરવી–સ્નાત્ર ભણાવવું–કુમારીકાઓને બળજબરીથી પકડી લાવવી. તેમની લાચારીનો લાભ લઇ નૃત્યો કરાવવાં. તેમના અંગોપાંગ નીરખવા. તેમના જીવનમાંના ભોગોમાં વિઘ્ન નાંખવું. આ બધા અનાચાર છે. તેની હુ તને શિક્ષા કરીશ.

ક્રોધના આવેશમાં તે વિદ્યાધર એકદમ ગુસ્સે થઇ ગયો અને પ્રિયંવદાને છોડીને કુમાર સામે તલવાર લઇ ધસી આવ્યો. અને યુદ્ધમાં ઝંપલાવ્યુ. ઘણા સમય સુધી તેમનું યુદ્ધ ચાલ્યું. ચારે રાજકુમારીઓ તો આ જોઇને થરથર ધ્રુજતી હતી. તેવામાં લાગ જોઇને ગુણવર્માએ વિદ્યાધરનું મસ્તક તલવારથી ઉડાવી દીધું.

જય વીરાવતંસેતિ, વાદિનસ્તસ્ય મૂર્દ્ધનિ,
વવૃષુઃ કુસુમસ્તોમં, યશોમૂર્ત્તમિવામરાઃ ॥

અન્ય ખેચર દેવો ત્યાંથી ભાગી ગયા. દેવોએ ગુણવર્મા ઉપર પ્રસન્ન થઇ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યાં.

ત્યારબાદ ત્રણે રાજપુત્રીઓ અને પ્રિયંવદા તેની પાસે આવી અને હાથ જોડી સ્તુતિ કરવા લાગી. તેમણે ત્રણેએ પોતાની આપવીતી કહી. આ દુષ્ટ વિદ્યાધરે અમને નચાવી નચાવીને આ દશા કરી છે. જેથી અમે હજુ અવિવાહીત છીએ. સંસારના સુખો જોવા પામ્યા નથી. આપે અમને છોડાવી તે બદલ ખૂબખૂબ આભાર અને હવે જો આપની અનુજ્ઞા હોય તો અમારા ઇષ્ટ સ્થળે જઇએ. ગુણવર્માએ તેઓ ત્રણેને રજા આપી તેથી ત્રણે રાજકુમારીઓ મનમાં હર્ષ પામતી આભાર માનતી પોતાના ઘેર ગઈ.

ગુણવર્મા પ્રિયંવદાની સાથે વિમાનમાં બેસી પોતાના નગરે ગયો. અને કનકવતીના મહેલે ગયો. પતિને આવેલાં જોઇ તેના મનનો મોરલો ટહુકી ઊઠયો. તે દરમ્યાન તેની સખી પ્રિયંવદાને વિદ્યાધર વિષે પૂછવા લાગી. પ્રિયંવદાએ પહેલેથી છેલ્લે સુધીની બનેલી તમામ વિગત કહી સંભળાવી. કુમારે વિદ્યાધરને મોતને ઘાટ ઊતાર્યો. ત્રણે રાજકુંવરીને ત્રાસમાંથી છોડાવી વગેરે વાતો કહી. આ સાંભળી કનકવતી રાજી રાજી થઈ ગઇ. અને પતિને ધન્યવાદ આપવા લાગી.

ત્યારબાદ ઘણા સમયથી ઉત્કંઠા હોવા છતાં વિદ્યાધરની બીકે શીલનું પાલન કરવું પડતું હતું. એ ડર ગયો એટલે હવે કનકવતી સુખેથી સંસાર સુખ ભોગવવા લાગી: તેના હૈયામાં અનહદ આનંદની હેલી વર્ષી રહી. આમ ભોગ સુખમાં દિવસો પસાર થવા લાગ્યાં.

એક દિવસ એવું બન્યું કે કુમાર અને કનકવતી પ્રેમથી સુતાં હતાં તે વખતે પેલા વિદ્યાધરને મારેલ તેનો

ભાઇ ત્યાંથી પસાર થઇ રહ્યો હતો. તેણે આ બંન્નેને જોયા. અને આંખમાં ઝેર વ્યાપી રહ્યું. મારા ભાઇને મારનાર આમ સુખેથી કેમ રહે ! એકદમ ઝડપથી નીચે આવી ગુણવર્માનું અપહરણ કરી તેને સમુદ્રમાં નાંખી દીધો.

હિંમતવાન કુમાર ડર્યા વગર સમુદ્રમાં તરવા લાગ્યો. એવામાં કોઈ તૂટેલા વહાણનું પાટિયું હાથમાં આવી ગયું. તેના આધારે તરતો તરતો આઠ દિવસે કિનારે આવી પહોંચ્યો. અજાણ્યો પ્રદેશ હતો. દરિયા કિનારાને અડીને ભયંકર વન શરૂ થતું હતું. તે તેમાં પ્રવેશી આમતેમ ફરવા લાગ્યો. એવામાં દૂરદૂર એક તાપસ જોવામાં આવ્યા. આવા બિહામણા જંગલમાં જંગલી પશુઓની ત્રાડો વચ્ચે આ માનવીને જોઇ તેના હર્ષનો પાર ના રહ્યો. તરત જ તેમની પાસે જઇ પહોંચ્યો. તાપસે પૂછ્યું કે હે ભાઇ, આવા જંગલમાં તું અહીં ક્યાંથી આવી ચડ્યો ? કુમાર કહે છે કે સમુદ્રમાં મારું વહાણ તૂટીને ડૂબી ગયું. નસીબ જોગે એક પાટીયું હાથ આવી જતાં તેને સહારે અહીં આવી પહોંચ્યો છું અને આપને જોઇ મને આનંદ થયો છે.

પછી તાપસ તેને પોતાના આશ્રમમાં લાવી જળ તથા ફળફુલ વડે મહેમાનગતિ કરી. ત્યાંથી આશ્રમના મુખ્ય મહર્ષિ પાસે જઈ વંદન કર્યું. ગુરૂએ પણ પ્રેમથી આવકાર આપ્યો. તે તેમની પાસે બેઠો. બેઠાં બેઠાં ઝુંપડીમાં ચારે બાજુ જોવા લાગ્યો. એવામાં એક ખૂણામાં બેઠેલી પોતાની પત્નિ કનકવતીને જોઇને હર્ષ પામ્યો. મુનિએ પૂછ્યું કે ભાઈ શું આ તારી પત્નિ છે ! ગુણવર્માએ હા

કહી. અને પૂછયું કે આ સ્ત્રી અહીં કયાંથી ? મુનિએ કહ્યું ત્રણ દિવસ પહેલાં હું જંગલમાં ફળફુલ લેવા જતો હતો. ત્યાં ઝાડના સમૂહ વચ્ચે આ બાઇને બેઠેલી જોઇ હું મનમાં વિચારવા લાગ્યો કે આ સ્ત્રી અહીં કેમ આવી હશે કોણ હશે !

તે વખતે તેણે મને જોએલ ન હતો. તે બોલતી હતી કે હે દિકપાલો, હે વનદેવીઓ, હું આપ સર્વેને વિનંતિ કરું છું. વંદન કરું છું. મારી શૈય્યામાંથી મારા પ્રિયતમને કોઇ ઉઠાવી ગયું છે. તેમના વિના હું જીવી શકું તેમ નથી. અનેક રીતે મેં તેમની શોધ કરી છતાં મને મળી શકયા નથી. હવે તેમનો વિરહ હું જીરવી શકું તેમ નથી. હું મારા પ્રાણ તજું છું પરંતુ આપને એક વિનંતિ કરું છું કે કદાચ મારા પતિદેવ અહીં આવી ચડે તો એટલો સંદેશો આપજો કે તમારી પ્રાણપ્રિયા તમારો વિરહ સહન ન કરી શકવાથી અહીં પ્રાણ તજ્યા છે. એમ કહી ઝાડ ઉપર મજબૂત દોરડું બાંધી ગળામાં ફાંસો નાંખી મૃત્યુની તૈયારી કરી રહી હતી. મને દયા આવવાથી મેં તેણીને આપઘાત કરતાં અટકાવી. ત્યારે તે બોલી કે પ્રભુ ! હું મારા પતિ વિના એક ક્ષણ પર જીવી શકું તેમ નથી. માટે મને મરવા દો. મને જીવવામાં કોઈ રસ નથી.

મેં તેણીને આશ્વાસન આપતાં કહ્યું–હે પુત્રી, તું દુઃખી ન થઈશ. શાંતિથી પ્રભુનું નામ લે. જેની યાદમાં જેના વિરહમાં તું મરવા તૈયાર થઇ છે તે તારો સ્વામી આજથી ત્રણ દિવસ પછી આપમેળે અહીં આવી ચડશે અને આજ આશ્રમમાં તમારું મિલન થશે. આમ સમજાવીને અહીં લાવી આશ્રય આપ્યો છે. અહીં ફલાહાર કરી અત્યંત દુઃખમાં ત્રણ દહાડા વિતાવ્યા છે.

આજે સવારે ફરીવાર તેણી આપઘાતને માર્ગે જઈ રહી હતી ત્યારે ખૂબખૂબ સમજાવીને પાછી વાળી છે. અને તેણીના પ્રાણ સમે તું આજે અહીં આવી પહોંચ્યો એ અમારા સૌના આનંદની વાત છે. તું આ સ્ત્રીને સંભાળ તેને શાંત્વન આપ અને સુખી કર.

ગુણવર્મા કહે હે મુનિરાજ ! આપે મારી પત્નિને જીવાડીને મને જીવતદાન આપ્યું છે. આપનો ઉપકાર કદી ભૂલી શકું તેમ નથી. તેમજ હાલ મારી પાસે કશું જ નથી તેથી હું આપને કાંઈ આપી શકતો પણ નથી.

આપની આજ્ઞાથી હું મારી પત્નિને લઈ મારા દેશમાં જાઉં છુ હું ઇચ્છું છું કે મને આપના દર્શનનો લાભ વારંવાર થાઓ. આપ અમારા નગરે જરૂરથી પધારશો એવી આશા રાખું છું.

ભવિષ્ય જાણનાર તાપસે જોયું તો હજુ આમનું ફરીવાર મારા આશ્રમમાં આવવાનું થશે જ.

ગુણવર્મા પત્નિને લઈને ચાલી નીકળ્યો. રસ્તામાં આનંદ મસ્તી કરતાં રસ્તો કાપે છે. નદી આવી તેમાં હંસ સરખી ક્રીડા કરી આનંદ કર્યો. કુમારે પ્રેમથી પત્નિનું સુંદર મોં નદીના પાણીમાં ધોઈ મઝા કરી રહ્યો. ત્યારબાદ ફળાહાર કરી જલપાન કર્યું અને વાતો કરતાં બેઠાં.

તે સમયે ગુણવર્માએ પૂછયું કે હે પ્રિયે ! તું અહીં એકલી કેવી રીતે આવી ચડી તે તો કહે. ત્યારે તેણી ગળગળા અવાજે બોલી હે નાથ ! શય્યામાંથી જે વિદ્યાધર આપને હરી ગયો તે પાછો આવી મને કહેવા લાગ્યો કે

તારા પતિને મેં સમુદ્રમાં ફેંકી દીધો છે. જળચર પ્રાણીઓ તેને ખાઈ જશે અને હવે તને હરી ને ઊંચા પર્વત ઉપરથી ગબડતી મૂકીશ જેથી વનચરોને તેમનો ભક્ષ્ય મળી રહેશે. પરપુરૂષના સ્પર્શથી ગભરાતી એવી મને ઉપાડી પર્વતના શિખર પરથી ગબડતી મૂકી દીધી. તેમ છતાં હું જીવતી રહી. ત્યાંથી તમારી શોધમાં ફરતી ફરતી અહીં સાગર તટે આવી. પરંતુ આપ નહિ મળવાથી હું મુંઝાઈ અને આપઘાત કરવા પ્રયત્નો કરતી હતી ત્યાં આ તાપસે મને રોકી અને અહીં આ આશ્રમમાં લાવેલ. ત્યાર પછીની વાત આપ જાણો છો એટલે કહેવાની જરૂર રહેતી નથી.

ત્યારબાદ તેઓ બંન્ને આનંદ વિનોદ કરતા એક બીજાના કંઠમાં હાથ રાખી જંગલમાં ભૂમિતલ ઉપર ઊંઘી ગયાં. બરાબર તેજ સમયે પેલા વિદ્યાધરે ફરીવાર કુમારને સમુદ્રમાં નાંખી દીધો અને કનકવતીને પર્વત પરથી ગબડાવી દીધી.

અગાઉની માફક તેઓ બંન્નેનુ એજ આશ્રમમાં મિલન થયું અને તાપસ મુનિને પ્રણામ કરી પોતાના શહેર ભણી ચાલી નીકળ્યાં રસ્તામાં ફલાહાર કર્યો અને જળપાન કર્યું. ચાલતાં ચાલતાં રાત્રિ પડી ગઈ અને આકાશમાં ચંદ્ર ઊગ્યો. ગુણવર્મા કહે છે હે પ્રિય ! મેં એવા તે કેવા પાપ કર્મ કર્યા હશે કે હજુ સુધી સુખના દર્શન જ થતાં નથી. ક્યાં મારી સુખ વૈભવથી ભરેલી નગરી અને ક્યાં આ ભયાનક જંગલ હજુ વિધાતા મને કેટલુ દુઃખ દેશે તેની ખબર પડતી નથી.

કનકવતી કહે હે સ્વામીનાથ ! નિરાશ ન થાવ કંટાળેલા મનુષ્ય પાસેથી લક્ષ્મી દૂર રહે છે. હિંમ્મતવાન માણસોને ક્યાંય દુઃખ લાગતું જ નથી જે હિંમતથી આપે વિદ્યાધરને માર્યો હતો તે હિંમત ક્યાં ગઇ ! નાસી પાસ ના થાવ અને હૈયે હિંમત રાખો. બધું સારૂં થશે.

કુમાર કહે તારી વાત સાચી છે પરંતુ આ વિદ્યાધર તો નજર સમક્ષ દેખાયા વગર જ આપણુને ત્રાસ આપે છે. તેને હું શી રીતે પહોંચું ! વિધિ ક્રુર બની મજાક કરે છે. સામે આવી ઘા કરે તેને પહોંચાય, આ તો પીઠ પાછળ ઘા કરે છે. અજાણ પણે હોઈએ ત્યારે મારે તે શત્રુ નીચ કહેવાય, બહાદુર હોય તો સામી છાતીએ આવે ત્યારે જ એ મર્દ કહેવાય.

હે પ્રિયે ! આજે હું નિંદ લેવા ચાહતો નથી. તું સુખેથી સૂઇ જા. એમ કહી કુમળા પાન પાથરી તેમાં પત્નિને સૂવાડી અને પોતે ખુલ્લી તલવારે જાગતો બેઠો. એવામાં પેલો વિદ્યાધર પ્રગટ થયો કે તરત જ તેની સામે તલવાર લઇને દોડયો. આમ અચાનક આક્રમણ જોઇ તે ખેચર ગભરાયો અને ધ્રુજવા લાગ્યો. તેના હાથમાંથી શસ્ત્રો પડી ગયાં. કુમારે તેને જીવતો પકડી પાડયો. અને કહ્યું કે હે પાપી ! તને શું શિક્ષા કરું !

વિદ્યાધર કહે- ભાઈ! હું તારે શરણે આવેલો છું. હવે શરણે આવેલ ને જે શિક્ષા કરી શકાતી હોય તે કરો.

કુમાર કહે- તું અત્યારે આવી વાત કરે છે ત્યારે જ્યારે હું શસ્ત્ર વગરનો- જાગૃત અવસ્થામાં ન હતો ત્યારે તેં શું કર્યું હતું ? તારૂં કાર્ય ખરેખર નીચ કહી શકાય,

વિદ્યાધર કહે– તમને જાગૃત અવસ્થામાં ઉપદ્રવ કરવાની તો ખુદ ઇન્દ્રમાં પણ તાકાત નથી. તો પછી મારામાં ક્યાંથી હોઈ શકે ? હું ખરેખર નામર્દ છું હિંમ્મત વિનાનો છું. સ્ત્રીની પ્રેરણાથી મેં આ કાર્ય કર્યું છે. મને માફ કરો.

કુમાર કહે સ્ત્રીનોરાગ પાપોનું મૂળ છે. ગમે તેવો બુદ્ધિશાળી અને બળવાન માણસ પણ સ્ત્રીના શબ્દોથી લપસી પડે છે. હવે કદી સ્ત્રીઓનો વિશ્વાસ કરીશ નહિં અને શાંતિપૂર્વક ચાલ્યો જા. વિદ્યાધર તો ત્યાંથી જીવ લઈને ભાગી ગયો. કુમાર આખી રાત જાગતો રહ્યો. સવારે કનક જાગી ત્યારે બનેલી ઘટના કહી સંભળાવી અને ત્યારબાદ પોતાના નગર તરફ ચાલતા થયાં.

આગળ જતાં કોઈએક નગરની બહાર વનમાં એક સાધુ–મુનિ બેઠા હતાં. નગરના લોકો તેમને વંદન કરવા આવતા હતાં. તે જોઈને તેઓ બંન્ને ત્યાં ગયાં મુનિમહારાજને પ્રદક્ષિણા દઈ તેમની વાણી સાંભળવા બેઠા.

મુનિ મહારાજ કહે– હે ભવ્યજનો ! પૂર્વજન્મના પુણ્ય પ્રતાપે આજે તમને રત્નોની ખાણ સમો મહામુલો માનવ અવતાર મલ્યો છે. સંસારમાં જન્મી તમે શું મેળવ્યું ? શું કમાણી કરી ? લાડી વાડી અને ગાડીની કમાણી કરી એ સાચી કમાણી નથી. આવી કમાણી તો અનેક જન્મોથી કરતાં આવ્યા છીએ અને કરીએ છીયે આ સાચી કમાણી નથી. આ કમાણી કરવા જીવે ઘણાં ઘણાં કર્મો બાંધ્યા છે. એથી દુર્ગતિમાં રખડવું પડયું છે. હવે એવી કમાણીની

લાલસા છોડી દો અને આત્મા માટે ધર્મની કમાણી કરી લેવી જરૂરી છે. ધર્મ વિના કોઈનું કલ્યાણ નથી. આભવ અને પરભવમાં જો શાંતિ મેળવવી હોય તો ધર્મની આરાધના કરો. અનાદિ કાળથી ધર્મ વંચિત રહીને જીવે ઘણું ગુમાવ્યું છે. હવે સમજીને ધર્મની કમાણી કરવાનો શુભ અવસર આવ્યો છે. તો ધર્મ કરવા માટે પ્રાપ્ત થયેલ પુણ્યનો સદુપયોગ કરો કે જેથી ભવાંતર સુધરે અને પરિણામે મોક્ષ પ્રાપ્તિ થાય.

આ સંસારમાં સ્વરૂપવાન સ્ત્રી, વિનયી પુત્રો, અઢળક ધનસંપત્તિ, બંગલા, મોટર–ગાડી જે કાંઈ મળ્યું છે, તે ધર્મનોજ પ્રતાપ છે. અજ્ઞાનતાના કારણે માનવીઓ તે સમજી શકતાં નથી. સંસાર સુખ અને ભોગમાં આસક્ત રહી માનવી આ ભવ તો બગાડે છે પરંતુ પરભવને પણ બગાડે છે. મોહને આધીન બની પરભવ બગાડે છે.

આ સાંભળી ગુણવર્માના હૃદયમાં ધર્મ પ્રત્યે મમતા જાગી અને પોતાની પત્નિ કનકવતીને કહે છે. હે પ્રિયે! ગુરૂ મહારાજની આવી પવિત્ર વાણી સાંભળીને આ સંસાર મને જેલ જેવો લાગે છે. મારું મન મોક્ષમાર્ગે જવા– ધર્મ–માર્ગે જવા ઇચ્છે છે. જો તું કહે તો આપણે બંન્ને ગુરૂજી પાસે રત્નત્રયી દિક્ષા લઈ અને કર્મરૂપી શત્રુઓનો નાશ કરીએ.તું મને સાથ આપ.

કનકવતી કહે– હે નાથ! ગુરૂજીનો ઉપદેશ ખરેખર સત્ય છે પરંતુ આપ જરા તો વિચારો કે હજુ આપણી ભર જુવાની છે, સંસારનો રસ ચાખ્યો નથી. ભોગો પૂરા

ભોગવ્યા નથી. સંસારમાં સુખો જોયા નથી તે પહેલાંઆપ વાતો કરો છો. વિષયરસ મહા ભયંકર છે. ઋષિમુનિઓ માટે પણ તે જીતવા દુષ્કર છે તો આપણે શી રીતે છોડી શકીશું?

આપ જાણો છો કે પ્રથમ વિદ્યાધરના વચનબંધને કારણે અને ત્યાર પછી તેનાભાઈના ઉપદ્રવે કરીને ભોગ સુખ માણી શકયાં નથી. યૌવનના રસો હજુ ચાખ્યા નથી. તે પહેલા તમે આવી વાત કરો છો તે મને રૂચતું નથી. હજુ આપણે વરસો તો થયા નથી. પાછલી જિંદગીમાં જરૂર દિક્ષા સ્વીકારીશું મોહાધીન સંયમથી દૂર રહે છે.

કુમાર કહે– હે પ્રિયે! કાળનો કોઈ ભરસો નથી. કાલે શું થવાનું છે તેની કોઈનેય ખબર નથી. એટલે ધર્મ કાર્યમાં વિલંબ ન કરવો જોઈએ. સુગુરૂના સહવાસથી આપણું અજ્ઞાન થોડું દૂર થયું છે. માટે જાગ્યા ત્યારથી સવાર સમજીને ધર્મની આરાધના કરવી જોઈએ વિષય સુખો તો અનાદિ કાળથી ભોગવતાં આવ્યા છીએ. છતાં આ રંક જીવને તેનો સંતોષ થતો જ નથી. ભોગો તો જેમ ભોગવીએ તેમ તેની તૃષ્ણા વધતી જ જાય છે. તેમ છતાં હમણાં દિક્ષાની ભાવના ન થતી હોય તો તને સંતોષ આપવા ખાતર હું થોડાવર્ષો સંસારમાં રહીશ.

ત્યારબાદ કનકવતીને કોઈક વિશાળ વૃક્ષની છાયામાં બેસવાનું કહી ભોજનની ચીજવસ્તુઓ લેવા માટે તે નગરમાં ગયો. પોતાની પાસે એક પાઈ પણ ન હતી છતાં નગરમાં જઈ જુગારખાનામાં જઈ થોડું જીતીને તે પૈસાથી માલપુડા વગેરે અન્ય ખાદ્યચીજો ખરીદી નગર બહાર જઈ

પોતાની પત્નિને પ્રેમથી જમાડી અને પછી પોતે જમ્યો. ત્યારબાદ બંન્ને શાંતિપૂર્વક બેઠાં હતાં.

પ્રિયાના હૈયામાં કોઇપણ પ્રકારની ચિંતા હશે તેમ કનકવતી ઉદાસ દેખાતી હતી. ગુણવર્મા વિચારે છે કે ખરેખર આને પોતાનું ઘર–ભાઇઓ કે સખીઓની યાદ આવી હોવી જોઇએ અને એથી એના મુખ ઉપર ચિંતાના ભાવ દેખાય છે. તેણુ વિચાર કર્યો કે મારે તેની પરીક્ષા કરવી જોઇએ. પત્નિને ખબર ન પડે એમ ચુપચાપ તે ત્યાંથી નજીકના ઘટાદાર વૃક્ષની ઓથે ઉભો રહીને તેણીની ચેષ્ટા નિહાળવા લાગ્યો.તેણીએ જમીન પર સ્ત્રી પુરૂષની જોડી દોરી અને મીઠા અવાજથી કાંઇક બોલતી હતી તેમજ પોતાના શરીર વડે અમુક ચેષ્ટા કરવા લાગી અને ઉંડા ઉંડા નિસાસા નાંખવા લાગી અને આંખમાં આંસુ લાવી ચારે બાજુએ જોવા લાગી.

ગુણવર્મા વિચારે છે કે આમ કેમ ? આની આ પ્રકારની ચેષ્ટા સમજાતી નથી. ક્ષણે ક્ષણે તેના મુખ ઉપરના ભાવ બદલાય છે કેમ ? મને લાગે છે કે મારા વિયોગને કારણે આ પ્રકારના ચેન ચાળા કરતી હશે. હવે જો હું તેની પાસે એકદમ જાઉં ત્યારે મને જોઇને ખુશ થાય અને દોરેલી આકૃતિ ભૂંસી ન નાખે તો સમજવું કે તેણી મારા વિયોગમાં આમ કરે છે. અને મને જોઇને ક્ષોભ પામે તથા આકૃતિ ભૂંસી નાંખે તો સમજવું કે તેણી કુલટા હોવી જોઇએ. તેનું મન અન્ય હશે.

આમ વિચારી તે કુમાર એકાએક આવી ઉભો ત્યારે કનકવતી બેબાકળી બની ગઈ અને આકૃતિઓ ભૂંસી નાંખી.

કુમારે પૂછયું કે–હે પ્રિયે ! તું આમ ઉદાસ કેમ છે ? શું તને તારા ભાઈ મા-બાપની યાદ આવી છે ? શું તને તારી સહેલીઓ યાદ આવે છે ? તને જે કોઈ પ્રકારની ચિંતા હોય તે વિષે મને કહે તો તેનો ઉપાય થાય.

કનકવતી કહે– હે સ્વામીનાથ !આપ મારી સાથેને સાથે છો પછી ચિંતા શાની હોય ! હું મારી જાતને ભાગ્યશાળી સમજુ છું. તમારા સિવાય યાદ કરવા લાયક મારે માટે બીજુ શું હોઇ શકે !

ગુણવર્મા સમજી ગયો કે આ સ્ત્રી બોલવામાં બહુ હોંશિયાર છે. જેથી તેના હૃદયની વાત કળવા દે એમ નથી. આમ શબ્દો દ્વારા જે અતિપ્રેમ દાખવે છે એ ખરેખર તો પ્રેમનો ભાવ જણાતો નથી. કાંઇ નહિ ! સમય આવે સત્ય જણાશે. ત્યારબાદ ગુણવર્મા જંગલમાં આમ તેમ ફરતો હતો. તેવામાં કોઇ અજાણ્યા માણસે તેને પૂછયું કે અહીં રાજકુમાર હાલ છે. કે નહિં. ગુણવર્માએ પૂછયું કે કયા રાજકુમાર વિષે પૂછો છો ! તમે કોણ છો? તમારે તેનું શું કામ છે, તમે કયાંથી આવો છો ! તે અજાણ્યો માણસ બોલ્યો કે ભાઇ ! શંખપુર નામના ગામના રાજા ઇશાનચંદ્રનો પુત્ર ગુણચન્દ્ર ક્રીડા કરવાને ઇરાદે અહીં આ વનમાં આવ્યો હતો. મને તેમના વિશ્વાસુ માણસ તરીકે અગત્યના કામ માટે બહાર મોકલેલ હતો. હું પાછો આવ્યો પરંતુ રાજકુમારને નહિં જોવાથી મેં આપને પૂછયું હતું. ત્યારે ગુણવર્માએ કહ્યું

કે ભાઈ. તમારા કુમારને ઇચ્છિત વસ્તુ મલી જવાથી રાજી થઈને ઘેર ગયાં છે. ત્યારે ફરી તેણે પૂછયું કે હરિણાક્ષી રૂપનયના સ્ત્રી તેમને મળી ! ત્યારે ગુણવર્મા બોલ્યો અરે ભાઈ! મળવાની વાત તું શું કરે છે! તે લાવણ્યવતી રૂપસુંદરીને માનપૂર્વક લઈને નગરમાં પહોંચી પણ ગયો છે.

પેલો પુરૂષ બોલ્યો અરે! શું ભાગ્ય છે! પ્રથમ નજરે જ બંન્નેના હૃદયમાં પ્રેમની સરવાણી ફુટી હતી. જે થયું તે યોગ્ય જ છે. એમ કહી તે ચાલતો થયો.

આ વાત સાંભળી તેના હૈયામાં આગ વ્યાપી ગઈ. અહો, આનું નામ સ્ત્રીચરિત્ર ! પાપીણી સ્ત્રીઓનાં હૈયામાં અને હોઠે જુદા જુદા ભાવ હોય છે. જેને કોઈ પારખી શકવાને સમર્થ નથી. તેને ઘડનાર ખુદ વિધાતા પણ તેના હૃદયને પામી શકતી નથી. ધિક્કાર છે આવી સ્રીઓને ! જે તેણીના મનમાં હોય છે. તે વચનમાં નથી હોતું અને જે વચનમાં હોય છે તે કાર્યમાં નથી હોતું. આનું નામ સ્ત્રી.

અરે ! સ્ત્રી કોઇની થઈ નથી અને થવાની નથી ! જે સ્ત્રી માટે હું વિદ્યાધર સાથે લડયો. તેના ભાઈ દ્વારા સમુદ્રમાં બબ્બે વખત પડયો. વનવન ભટકયો તે સ્ત્રીઓ જે અન્યના પ્રેમમાં પડી છે ! આ મલિન સ્ત્રી મારા વિચારો અને મારા નિર્મળ કુળને કલંકીત કરે તે પહેલાં અન્ય સ્થળે લઈ જઉં,

ગુણવર્માને યાદ આવ્યું કે આ નગરનો રાજા કનકવતીનો મામો થાય છે. માટે તેણીને ત્યાં મૂકી હું આત્મ કલ્યાણ માટે અન્ય સ્થળે ચાલી જાઉં.

ત્યારબાદ ગુણવર્માએ પત્નિને કહ્યું હે પ્રિયે ! જો હવે તો બપોરનો સમય થવા આવ્યો છે. માટે હવે આપણે અહીંથી આગળ ચાલી નીકળીએ. કનકવતીના હૈયામાં પાપ હતું એટલે તે થોડી આનાકાની કરવા લાગી અને બોલી કે આજનો દિવસ આપણે અહીં આરામ કરીને પ્રભાતે આગળ ચાલીશું તો ઠીક પડશે. તેમ છતાં ગુણ-વર્મા સાથે ચાલતા જવું પડયું.

કનકવતી વળી વળીને પાછું જોતી જાય છે કંઈક બબડતી જાય છે અને મનમાં મુંઝાતી જાય છે તેમ કરતાં કરતાં તેઓ બંને સિંહપુર નગરમાં પહોંચ્યા. રાજ દર-બારે જઈ આગમનના ખબર આપ્યા. રાજાએ પોતાની ભાણેજને પ્રેમથી આવકારી અને સુખ દુઃખની વાતો કરી શાંતિપૂર્વક જમાડયા એને કહ્યું કે આ તમારૂં જ ઘર છે. જ્યાં સુધી મનને ફાવે ત્યાં સુધી આરામથી રહો અને મજા કરો.

રાત્રિએ ગુણવર્મા પોતાની પત્નિ સાથે અલગ ઓર-ડામાં જાગતો જ પડી રહ્યો હતો. કનકવતી તો ઘસઘસાટ ઊંઘી ગઈ પછી ચુપચાપ ચોકીદારની નજર ચુકાવીને બહાર નીકળી ગયો. અને ચપળતાથી કિલ્લો કૂદીને નગર બહાર નીકળી ગયો. ત્યાંથી ભાગીને ગુણરત્ન નામના મુનિ મહારાજ પાસે પહોંચી ગયો. ગુરૂ મહારાજ પાસે ખાંડાની ધાર જેવી દિક્ષા અંગીકાર કરી સ્ત્રી ચરિત્ર જાણીને તો તેને સંસાર ઉપર તિરસ્કાર આવ્યો હતો. છતાં સ્ત્રીની ખાતર જ સંસારમાં રહ્યો હતો. આજે હવે તે સ્વતંત્ર બની દિક્ષા ગ્રહણ કરી અંતરમાં સુખી થયો.



## દીક્ષાનો વરઘોડો

આકરી તપશ્ચર્યા કરી કર્મો રૂપી પાપ ધોવાની ભાવનાથી તે આત્મ શુદ્ધિ કરતાં કરતાં પ્રભુભક્તિ કરતાં રહ્યા.

આ બાજુ પ્રભાતે જાગેલી કનકવતીએ પથારીમાં ગુણવર્માને ન જોયો. તેથી થોડીવાર તો તે વિમાસણમાં પડી ગઈ. પછી વિચાર્યું કે કદાચ દેહચિંતા માટે ગયા હશે. હમણાં થોડીવારમાં આવી જશે. ઘણીવાર રાહ જોયા છતાં તેઓ ન આવ્યા તેથી રડવા લાગી. તેથી તેણીના મામા ત્યાં આવી રડવાનું કારણ પૂછવા લાગ્યાં કે હે પુત્રી તું કેમ રડે છે ? ત્યારે કનકવતીએ સવિસ્તર વાત કહી. તેથી સિંહરાજાએ ગુણવર્માની ખૂબખૂબ તપાસ કરાવી પરંતુ તેનો પત્તો લાગ્યો નહિ. તેથી પોતાની ભાણેજને આશ્વાસન આપી કહે છે કે બેટા ; તું આનંદથી રહે. સહેજ પણ ચિંતા કરીશ નહિ. તારા પતિને દુનિયાના પડમાંથી શોધી

લાવીશ. માનસિક શાંતિ માટે ધર્મધ્યાન કરતી રહે. પૂર્વ જન્મના કોઇ પાપ કર્મના ઉદયથી આવું બન્યું હશે. પરંતુ ધર્મ કરવાથી પાપનો નાશ થાય છે તો તે માટે તું શાંતચિત્તે ધર્મ કરતી રહે.

થોડા દિવસ દુનિયાને દેખાડવા પૂરતો શોક મુખ પર રાખ્યો. પછી કનકવતી હૈયામાં કામ, મનમાં વિકાર, ચિત્તમાં ચંચળતા પૂર્વક વિચારવા લાગી કે મારો પતિ હજુ પરત આવ્યો નથી. કદાચ મારા હૈયાની વાત તેણે જાણી લીધી હશે તેથી આવશે પણ નહિ. બીજો માણસ હોત અને સ્ત્રીની આવી વાત જાણમાં આવે તો સ્ત્રીને મારી નાંખે. જ્યારે આણે તો મારા પ્રત્યે સહેજે દ્વેષભાવ પણ કર્યો નથી ખરેખર તેની દિક્ષા લેવાની ભાવના હતી તો તેણે તે મુજબ જ કર્યું હોવું જોઈએ. અને જો ખરેખર તેવું જ કર્યું હશે તો મને મારા માર્ગમાં કોઇ કંટક નહિ નડે. મારા મનોરથ સફળ થશે અને મને મારા ઇચ્છિતસ્થળે જતાં કોઇ રોકી નહિં શકે.

શંખપુરના રાજાના પુત્ર ગુણચંદ્રે મને જોઈ છે. અને મારા ઉપર મોહ પામ્યો છે, પરણવા માટે દાસી મારફત વિનતિઓ પણ કરી ચૂકયો છે. પરંતુ તે વખતે પતિના ડરને કારણે તેની કોઇ વિનતિનો સ્વીકાર કર્યો ન હતો. હવે મને કોઇની રોક ટોક રહી નથી. હૈયું તેના પ્રત્યે પ્રેમ વહાવે છે તો મારે હવે તેને ત્યાં જઇને તેની થઇને રહેવું જોઇએ. લોકો તો બે ચાર દિવસ વાતો કરીને

આપોઆપ બંધ થઈ જશે મને તો જે જોઈએ છે તેવા ભોગ વિલાસ મલી રહેશે ને!

હૈયામાં વિષય-વાસનાની રંગીન મોજ ઉડાવવાના વિચારોવાળી તેણી લોકલાજની પરવા મૂકી દઈ રાત્રિના સમયે મામાનો મહેલ અને મામાનું નગર છોડી અંધારામાં ચાલી નીકળી. આવા સમયે ખાનદાન કુટુંબની કન્યા એકલી નગર બહાર નીકળી શકે જ નહિ. લોકમર્યાદા અને ડરથી સતી નારી કદી આવું કાર્ય કરે નહિં.

કનકવતી ઘરની બહાર નીકળી ત્યારે તેના હૈયામાં પ્રિયતમ પામવાના કોડ હતા, ભોગ-વાસનાની તૃષ્ણા હતી. ઉત્કંઠા હતી. મજબુત મનોબળ હતું. અને કામદેવનું આકર્ષણ હતું. એટલે કોઈનો પણ ડર રાખ્યા વગર એકલી શંખપુર પહોંચી ગઈ. ત્યાંના રાજપુત્ર કે જેને પોતે મનથી પ્રિયતમ તરીકે સ્વીકારેલ તેમની પાસે પહોંચી ગઈ. રાજપુત્ર તો પ્રથમથી જ તેણીનો આશક હતો. તેણે માનપૂર્વક સ્વીકારી ખૂબજ પ્રેમથી મહેલમાં લઈ ગયો અને પટ્ટરાણી પદે સ્થાપી સંસારસુખ ભોગવવા લાગ્યો.

કનકવતી અત્યંત લાવણ્યવતી હતી. સુડોળ દેહ લાલિત્ય હતું કામણગારી આંખો અને પ્રેમ ઉપજાવે એવા હાવભાવ હતાં. વાસનાની ભૂખી હતી. રાજકુમાર ગુણચંદ્ર તેનામાં આસક્ત બની તેણીના મહેલમાં જ પડી રહેતો. રાતદિવસ રંગરાગ અને ભોગ-સુખમાંથી બહાર નીકળી શકતો જ નહિ. રાજપુત્રને અનેક પત્નિઓ હતી પરંતુ સૌમાં આ કનકવતી તેને અત્યંત પ્રિય લાગતી જેથી અન્ય સ્ત્રીઓની ઉપેક્ષા કરતો.

રાજપુત્રથી તરછોડાએલી અને તિરસ્કાર પામેલી સૌ સ્ત્રીઓ એક વખત ભેગી મળી અને વિચાર કરવા લાગી. અરે ? આ કનકવતી કોણ જાણે ક્યાંથી આવી ચડી છે કે જેથી આપણા સૌનાં સુખ રોળાઈ ગયાં, આપણા માનપાન ઘટી ગયા અને સ્ત્રીસુલભ આપણા ભોગ સુખ પણ ભૂલાઈ ગયા. માટે આપણે ગમે તેમ કરીને મારી નાંખીને પણ અહીંથી હટાવવી જરૂરી છે. તે સિવાય આપણે સુખી નથી થવાના. સ્ત્રીનો આ સ્વભાવ.

આથી સર્વે સ્ત્રીઓ ભેગી મળીને કનકવતીને ઝેર આપી દીધું. ભોગની અધુરી ઈચ્છા વિષય વાસનામાં ભટકતું મન એવા અનેક પાપી વિચારોમાં કનકવતી મરી નરકીના ચોથા નંબરમાં ગઈ. ત્યાંથી આયુષ્ય પુરૂ કરી અનંતો સંસાર રખડશે અને અસહ્ય દુઃખો ભોગવશે. અનેક જન્મ મરણના દુઃખો ભોગવવાં પડશે. તેમજ તે તે જન્મો દરમ્યાન ધર્મ કરવાનો અવસર પણ નહિ સાંપડે.

આ બાજુ ગુણવર્મા મુનિ ભૂતકાળ ભૂલી જઈ ને ધર્મની આરાધના કરી રહ્યા છે. અનેક આગમોના જાણકાર બની રહ્યાં છે. લોકોને ઉપદેશ દેતાં દેતા અનેક ગામોગામ વિહાર કરતાં કરતાં આત્માનું કલ્યાણ કરી રહ્યાં છે. અગાઉ અનેક જન્મો દરમ્યાન જાણતાં કે અજાણતાં કરેલા કર્મોને ધોઈ નાંખવા ઉગ્ર તપશ્ચર્યા પણ કરી રહ્યા છે.

મુનિભગવંત નિર્વાણપદની ઝંખનામાં સંયમની આરાધનામાં લીન બનેલા છે, નિર્વાણપદની પ્રાપ્તિ અર્થે સુખ છોડવાની અને દુઃખ ભોગવવાની તૈયારી હંમેશા હોવી જ

જરૂરી છે. તે સુખ ઉપર રાગ અને દુઃખ ઉપર દ્વેષ એ ઘાતિકર્મને તુષ્ટિ પુષ્ટિ આપ્યા સિવાય રહે નહિ. તેના કારણે કેવળ જ્ઞાન દૂર થાય. કેવળ જ્ઞાનની પ્રાપ્તિમાં ઘાતિકર્મ પ્રતિબંધક છે. તે ભવ્યાત્માઓ ઘાતિને તોડવા માટે સ્વરૂપ દશામાં આવી પ્રયત્ન કરે છે. જેથી નિર્મળ ચારિત્રની આરાધનાનો અનુપમ આનંદ મેળવી રહ્યા છે. સાધનાના જીવનમાં સફળતા મેળવવા માટેનું સૂત્ર સમજીશું. પાપના કાર્યોને વિલંબમાં મૂકો...ધર્મના કાર્ય હાજરમાં પતાવજો .. પાપના કાર્યમાં વિલંબ કરવાથી અનાદિના પાપ સંસ્કારોની તાકાત તૂટતી જશે.. (૨) ધર્મ કાર્યો તરત કરવાથી આત્માને ધર્મ કાર્ય પ્રત્યે રસ જાગશે. એ ઉત્તરોત્તર ધર્મકાર્યની વૃદ્ધિ જ કરાવશે; ધર્મકાર્યમાં સમય વહી જાય તો પાપ કાર્ય માટે સમય ન મળે, અરે પાપ કાર્યની વિચારણા કરવાનો પણ સમય નહિં મળે?

આમ નિર્મળ ચારિત્ર્ય પાળી જપ અને તપથી જન્માંતરના પણ કર્મોને ધોઈ શાંત ચિત્તે સમાધિ પૂર્વક મૃત્યુ પામી દેવલોકમાં ગયાં. ત્યાંથી ભવિષ્યમાં ઉત્તમ કુળમાં જન્મ પામી ચારિત્ર્ય અંગીકાર કરી મોક્ષ રમણીને વરશે.

---

- ધર્મ, શાંતિ–સુખદાતા છે.
- ધર્મ, ભક્તોને, જ્ઞાનીઓનો પ્રાણ છે
- ધર્મ વડે નિર્દોષ પ્રેમ ટકે છે.
- ધર્મ, જગતનું શાશ્વત તત્ત્વ છે.
- ધર્મમાં સ્વ–પર કલ્યાણ સમાયેલું છે.

---

આ ગુણવમાં અને કનકવતીનું દ્રષ્ટાંત સાંભળી ધમ્મિલ બોલ્યો. હે મુનિમહારાજ ! આપનું કહેવું તદ્દન ખરું છે. તેમાં મને લેશ માત્ર શંકા નથી. મેં પોતે પણ વિષય-સુખની લાલસાથી અને ભોગ-વિલાસ દિલને ગમવાથી ઘણાં ઘણાં દુઃખો સહન કર્યા છે. ભોગ ભોગવતી વખતે તો સુખજ લાગે છે પણ એ ક્ષણિક સુખના કારણે ભયંકર દુઃખો ભોગવવા પડે છે તેની જીવને ખબર હોતી નથી.

મુનિશ્રી કહે- હે ધમ્મિલ ! તેં કેવાં કેવાં અને કેવી કેવી રીતે દુઃખો વેઠયા છે તે તો મને કહે ? ધમ્મિલ કહે હે મુનિરાજ ! હું માનું છું કે જેણે જગતમાં કદી દુઃખ જોયું નથી અગરતો સાંભળીને તેનું દુઃખ દૂર કરવાને શક્તિમાન નથી તેની પાસે દુઃખનું ગાણું ગાવું નિરર્થક છે. કદાચ હાંસીને પાત્ર બનવું પડે છે.

મુનિ કહે- હે પુત્ર ! મેં સંસારમાં રહી ઘણું ઘણું દુઃખ વેઠયું છે. વળી અન્યનું દુઃખ સાંભળીને હૈયામાં વેદના પણ થાય છે તદુપરાંત અન્યનું દુઃખ દૂર કરવાની શક્તિ પણ મારી પાસે છે. માટે તારા દુઃખની વાત મને કહેવામાં તને કોઈ નુકશાન થવાનું નથી. ત્યારે ધમ્મિલે જન્મથી તે વેશ્યાએ નગર બહાર ફેંકી દીધો ત્યાં સુધીની તમામ વાત કહી સાંભળવી.

મુનિશ્રી બોલ્યા- હે કુમાર ! તારી વાત મેં સાભળી. હવે મારી વાત તું સાંભળ કે મેં કેવા પ્રકારના અને કેવા દુઃખો વેઠયા છે.

*

અવંતિ નામે દેશમાં ઉજ્જયીની નામે એક નગરી હતી. તેમાં મહાપ્રતાપી બળવાન અને બુદ્ધિશાળી એવો જિતશત્રુનામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાનો રથ હાંક-નાર સારથી નામે અમોઘરથ હતો. તે સારથીને યશોમતી નામે એક પત્નિ હતી. યશોમતી ઘરકામમાં ચતુર અને ચારિત્ર્યવાન પણ હતી. તેમને (અગલદત્ત) નામે પુત્ર જન્મ્યો. પુત્ર બહુ નાનો હતો તે સમયમાંજ તેનો પિતા મરણ પામ્યો હતો. તેની યાદમાં તેની માતા ખૂબ ખૂબ રડતી કલ્પાંત કરતી અને વિધાતાને કહેતી કે હે વિધાતા ! અમને તેજ ભેગાં કરી આપ્યાં હતાં અને અત્યારે આમ જુદા પાડતા કાંઈ વિચાર નથી આવતો ? આવી કુર મજાક કરવામાં તને શું મઝા આવે છે ? તમને રમતમાં મઝા પડતી હશે પણ અમારાં તો જીવ જાય છે !

યશોમતી રડતાં રડતાં બોલતી હતી કે- હે સ્વામી-નાથ ! આપ ગમે ત્યાં જતાં તો મને સાથે જ લઈ જતા હતા. તો અત્યારે મને રડતી મૂકીને એકલાં કેમ ચાલ્યા ગયા ? શું તમારો સ્નેહ એટલો ઓછો સમજું ? અને તેમ પ્રાણપ્રિયા કહેતા પરંતુ અત્યારે તો એકલો પ્રાણ લઈને જ જતાં રહ્યાં છો. પ્રિયા અહીં પડી રહી છે. તેની ઉપર તમારી કૃપા દ્રષ્ટિ ક્યાં છે ?

બાલક અગલદત્ત માતાને રડતી જોઈ રહેતો. સમય જતાં તે મોટો થયો. થોડી સમજણ આવી ત્યારે પૂછે છે કે હે માડી ! તું હંમેશા કેમ રડે છે અને આમ દુબળી કેમ પડી ગઈ છે. તે-તો કહે. ત્યારેયશોમતિ કહે કે તારા પિતાજી આપણને મૂકીને ચાલ્યાં ગયા પછી સુખશાંતિ ક્યાંથી હોય ? પતિની સાથે સાથે તમામ સુખો નષ્ટ થઈ જાય છે.

આમને આમ સમય સરકી રહ્યો છે. અગલદત્ત મોટો થઈ ગયો. રાજાએ પ્રતિહારની પદવી આપી (તેના બાપની નોકરી સેવા લક્ષમાં રાખીને) આ પદની અને તે અંગેનું કામકાજ સંભાળવા લાગ્યો ધીરે ધીરે પદવીનું અભિમાન આવવા લાગ્યું, ત્યારે તેની માતએ કહ્યું કે હે પુત્ર ! તારા પિતાની પદવી બીજાને હાથ ગઈ છે તેનું મને દુઃખ છે. આ પ્રતિહારથી જગાની કોઇ કિંમત નહિં. તું તારા બાપની અસલ જગા મેળવે તો મને આનંદ થાય.

વળી આવી પ્રતિહારની જગા મેળવીને ખોટું અભિમાન કરે છે. 'અધૂરો ઘડો છલકાયે ઘણો' એવું દેખાઇ આવે છે. તારામાં જો કાંઇ શક્તિ કે આવડત હોય તો પિતાની જગા મેળવીને સુખી થા મારા જીવને પણ શાંતિ થશે

ગાડરકાંના સો બચ્ચા હોય તોયે બિચારાં કહેવાય છે. જ્યારે સિંહનું બાળ એકજ હોય છે તોએ હજારાં કહેવાય છે. એટલે કે યૌવન વયમાં કુટુંબનો ભાર ઉઠાવી પોષણ કરનારા વીરલાં તો ભાગ્યેજ બે ચાર નીવડે છે. પૃથ્વી ઉપર હજારો માણસો હોય છે પરંતુ પારકાનું દુઃખ દૂર કરનારા નિઃસ્વાર્થી તો ભાગ્યેજ મળી આવે છે.

મારા લાડલાં પુત્ર ! જો તું મને આનંદમાં રાખવા માંગતો હોય, મારૂં દુઃખ દૂર કરવાની ઇચ્છા હોય, તો મારી વાત શાંતિ પૂર્વક સાંભળ અને વિચાર કર.

તારા પિતાને એક મિત્ર હતાં. તે શાસ્ત્ર કળામાં નિપૂણ છે. હાલમાં તે કૌશાંબી નગરીમાં રહે છે. તેની પાસે જા બધી વાત કરજે અને ત્યાં તેમની પાસે રહીને વિદ્યાભ્યાસ કરજે. તેમાં પારંગત થઇને પછી તારી પદવીનું પાલન કરજે. તેવી રીતે માતાની આજ્ઞા માની કૌશાંબી નગરીએ ગયો. અગલદત્ત પોતાના પિતાના મિત્રને મલ્યો. બરાબર ઓળખાણ આપી. તેથી દ્રઢપ્રહારીએ તેને ઓળખ્યો. સૌના ખબર અંતર પૂછયા. રડતાં રડતાં પિતાના મૃત્યુની વાત કરી તે સાંભળી દ્રઢપહારી પણ ગળગળો થઈ ગયો. અને બોલી ઉઠયો હે મિત્ર ! તારા મૃત્યુની વાત સાંભળી મારું હૃદય ફાટી જાય છે. હવે તારું મોં પણ જોવા મલવાનું નથી. અતિશય કલ્પાંત કરવા લાગ્યો.

પછી અગલદત્તને કહે છે કે હે પુત્ર ! તું ઢીલો થઇને રડીશ નહિં શોક છોડીને તું અહીં મારી પાસે રહી કલાનો અભ્યાસ કરી બાપ જેવો બહાદુર થા, શુભ દિવસે કલાભ્યાસની શરૂઆત કરી પુત્રની માફક રાખી બરાબર જ્ઞાન આપ્યું. ત્યારબાદ ધનુર્વિદ્યા શીખવી. નિત નિત નવું શીખવા અગલદત્ત હરરોજ વહેલી સવારે ગુરૂને ઘેર જતો ઉત્તમ આચાર વિચારવાળા નમ્ર અને વિનયી પુરૂષમાં લક્ષ્મી અને સરસ્વતી બંન્ને રહે છે.

એક દિવસ અગલદત્ત ગુરૂજીના ઘેર બેઠાં બેઠાં એક ધ્યાનથી અભ્યાસ કરી રહ્યો હતો. તે સમયે નજીકના મકાનના ઝરૂખામાં બેઠેલી કોઇ અલ્લડ યુવતિએ તેને જોયો, તેની અભ્યાસ કરવાની પદ્ધતિ-તેનું સુદ્રઢ શરીર તેની સુંદરતા વગેરે જોઇને તેના પ્રત્યે આકર્ષાઈ. ખરેખર યુવાની દિવાની હોય છે.

પોતે અગલદત્તને ચાહે છે તે બતાવવાં અવારનવાર તેના ઉપર ફળ કે ફુલ ફેંકતી અગલદત્તે તેણીને જોઇ અને હૈયામાં પ્રેમનાં અંકૂર ફુટયાં પરંતુ ફળવા દીધું નહિં. કારણ કે ગુરૂજીનો ડર હતો. વળી તે જાણતો હતો કે સ્ત્રીના ચક્કરમાં પડેલ પુરૂષને વિદ્યા સાંપડતી નથી. અહો ! સ્ત્રીઓ કેવી ચંચળ હોય છે. ગમે તેવા અજાણ્યા પુરૂષ સાથે મિત્રતા કરતાં વાર લાગતી નથી. વિલાસી સ્ત્રીઓના વચનો ભલભલાંને ચલિત કરી શકે છે. એટલે પોતે કાંઇ જાણતો નથી એવો દેખાવ કરી અલિપ્ત રહ્યો.

પેલી છોકરી રોજને રોજ કંઇક પજવણી કરતી છતાં અગલદત્ત કોઈ દાદ દેતો નહિં. આથી કંટાળીને એક દિવસ તેની સામે આવીને ઊભી રહી. અશોકવૃક્ષની ડાળી ઝાલીને ઊભી હતી ત્યારે અગલદત્તે તેણીને પૂછયું હે કન્યા ! તું કોણ છે ? અને મારા માર્ગ વચ્ચે આવીને કેમ ઊભી રહી છે ? તારે મારું શું કામ છે ? ત્યારે તે યુવતિ ખડખડાટ હસવા લાગી. તે વખતે તેના દાડમની કળી જેવા અને સફેદ મોતી જેવા દાંતની હારમાળા ચળકી રહી, તેણી

બોલી હું આ ઘરના માલિક યક્ષદત્તની પુત્રી છું. મારૂં નામ શ્યામદત્તા છે. મારા મકાનના ઝરુખેથી હું દરરોજ તને અભ્યાસ કરતો જોઉં છું. તને જોયો છે ત્યારથી તો હું તારા પ્રત્યે આકર્ષિત થઇ છું. તને અભ્યાસમાંથી ચલિત કરી મારી સામે જોવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં હું નિષ્ફળ નીવડી છું. મારું મન તારામાં લાગેલું હોવાથી તારા વિના હું રહી શકું તેમ નથી. યૌવનથી થનગની રહેલી મારી કાયાને કામદેવના બાણો વીંધી નાંખે છે માટે મને સ્વીકાર. મારી સાથે પ્રેમ કર અને વાસના પૂર્ણ કર. એમ કહી અગલદત્તને પગમાં પડી.

અગલદત્તે ખૂબ સમજાવી ઊભી કરી અને કહ્યું– હે કુમારી ! તારા હૈયાની પ્રેમવાણી મેં સાંભળી છે. હું સમજુ છું. તારા રૂપથી હું કંઇક આકર્ષાયો પણ છું પરંતુ મારે મારી લક્ષ્મણ રેખા ઓળંગી શકાય તેમ નથી. જ્યાં સુધી હું અહીં ગુરૂકુલમાં રહી અભ્યાસ કરું છું ત્યાં સુધી સ્ત્રી સામે જોવું એ મારા માટે પાપ છે તો સ્ત્રીનો સંગ કે રંગ કયાંથી હોઇ શકે ?

શ્યામદત્તાએ કહ્યું હે સ્વામી ! મારી આટલી નમ્ર પ્રાર્થના છતાં ઠુકરાવો છો ? શું તમને મારા પ્રત્યે પ્રેમ નથી ઉપજતો ? શું મારામાં કોઇ ખામી લાગે છે ?

અગલદત્ત કહે હે હરિણાક્ષી ! તું કહે છે એ મને જરૂર ગમે છે પણ અત્યારે ન શોભે, તું શાંતિ રાખ જ્યારે હું અહીંથી ઉજ્જૈની જઇશ ત્યારે તને સાથે લઇને જઇશ.

એવી રીતે મનાવી. સમજાવી પટાવી અને સોગંદપૂર્વક કહ્યું ત્યારે શ્યામદત્તાને આશ્વાસન મળ્યું કે આ અગલદત્ત મારી સાથે પ્રેમ કરે છે અને મને લઈ જ જશે.

હૈયામાં શ્યામદત્તાની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. તેની યાદ વાગોળતાં સમય પસાર કરતાં કરતાં એક દિવસ અગલદત્તે ગુરૂ પાસે જઇને વિનંતિ કરી. હે ગુરૂદેવ ! મારો કલાભ્યાસ લગભગ પૂરો થવા આવ્યો છે. આપની આજ્ઞા હોય તો હું મારીકલા રાજા પાસે રજૂ કરી ખુશ કરું પ્રસિદ્ધિમાં આવેલી કલા આશીર્વાદરૂપ બને છે.

ગુરૂએ તેની વાત કબુલ રાખી ગુરૂ સાથે રાજસભામાં ગયાં. રાજાને વંદન કર્યાં રાજાએ આગમનનું કારણ પૂછયું. ગુરૂએ વિગત કહી. રાજા કહે. ઠીક છે. હવે તારા શિષ્યને કહે કે તેની કલા અહીં રજૂ કરે. ગુરૂની આજ્ઞાથી અગલદત્તે પોતાની ધનુર્વિદ્યા બતાવી, શસ્ત્ર વિદ્યા બતાવી વગેરે અન્ય શસ્ત્રોની ચાલાકી ચતુરાઈના ખેલ બતાવ્યાં.

તેની અદ્ભુત કળાથી સભાજનો સૌ ખુશ થવા લાગ્યા પરંતુ રાજા બોલ્યા- હે યોદ્ધા ! તારી કલા જોઈ મને સહેજે આશ્ચર્ય થતું નથી. ઘણા નટ-બહુરૂપી જેવા માણસો પેટ-ભરવા માટે આવી કલા અને ખેલ બતલાવે છે. માટે તારે કલાના દર્શન બદલ જેટલું જોઈએ તેટલું ધન માંગે તો આપીએ. અમે તો જૈનધર્મી છીએ. દયા અમારે રૂંવાડે રૂંવાડે છવાયેલી હોય છે. અને કોઇ આશાભર્યો આવે તેને કદી નિરાશ કરતાં નથી.

અગલદત્ત કહે શું હું ભિખારી છું ? તમે મને ભિખારી ધારો છો ? હું ધન માટે નહિં પણ યશની ઈચ્છાથી આવ્યો છું. આપ મારી પરીક્ષા કરી મને તેનું પ્રમાણપત્ર જોઈએ છે. મનમાં વિચારે છે કે જે રાજા બે સારા શબ્દો પણ બોલી શકતો નથી. તેની પાસે બીજી આશા રાખવી નકામી છે

રાજા કહે– તેં જે તારી કલા બતલાવી એ જોઈને કલાથી અજાણ એવા લોકો જરૂર ખુશ થાય. પરંતુ અમારા જેવા સર્વ કલામાં નિપૂર્ણ છીયે એવા અમે શી રીતે ખુશ થઈ શકીએ ? તારી આ કલા તો ફક્ત આજિવીકા માટે જ યોગ્ય છે, મારે તારી અન્ય પરીક્ષા કરવી છે. તેમાં તું જય મેળવી બતાવ જેથી મને આનંદ થાય

સંસારમાં સર્વે પ્રાણીઓ પોતપોતાની કલામાં પ્રવિણ હોય છે. પરંતુ પુણ્ય વિના કોઈને લક્ષ્મી સુખ કે સફળતા પ્રાપ્ત થતાં નથી. ધર્મ વિનાની તમામ કલાઓ માથા વગરના ધડ જેવી છે. અને એટલે જ સંત પુરૂષો તથા સાધુમુનિઓ કેવળ ધર્મનેજ વખાણે છે.

આમ વાતચીત ચાલતી હતી તેવામાં અંત્યત દુઃખી થતાં નગરના લોકો હાથમાં ભેટણાં સહીત આવી પ્રણામ કરી રાજાને વિનંતિ કરવા લાગ્યા કે હે રાજન્ તમારા રાજમાં ચોરોના ઉપદ્રવથી અમે ત્રાસી ગયા છીયે. અત્યાર સુધી ધનની ચોરી થતી હતી ત્યાંસુધી અમે મુંગે મોઢે સહન કર્યું: પરંતુ માનવીની જાનહાની થવા લાગી એ ખરેખર અસહ્ય છે અને તેથી જ અમે આપની પાસે રક્ષા મેળવવા આવ્યા છીયે. તમામ સિવાય બીજે ક્યાં જઈ પોકાર કરીએ ?

આ સાંભળી રાજા એકદમ ક્રોધાયમાન થઈ ગયો અને રાજ્યના મુખ્ય અમલદારો અને પોલીસોને બોલાવી ખૂબજ તતડાવ્યા. અને કહ્યું કે રાજનો પગારખાઈને આળસુની પેઠે પડી કેમ રહ્યા છો. તમારી બે જવાબદારીએ મારી અપકીર્તિ સમાન છે. હું આવું સહન કરી શકું તેમ નથી. જાઓ, અને ગમે ત્યાંથી સાત દિવસમાં તેમને [ચોરોને] પકડીને મારી સમક્ષ હાજર કરો. જો તમે તેમાં નિષ્ફળ જશો તો હું માનીશ કે તમે જ ચોરો છો અને તેમ સમજી તમને આકરામાં આકરી સજા કરીશ.

રાજાનો હુકમ સાંભળી સૌ અમલદારોના મુખ નિસ્તેજ થઇ ગયાં બરાબર તે સમયે અગલદત્ત ઊભો થઇને રાજાની સમક્ષ નમન કરી બોલ્યો. હે સ્વામી ! આ સૌ પોલીસ અમલદારોને માથેથી આ જવાદારીમાંથી મુક્ત કરો. આ કાર્ય આપની આજ્ઞા હોય તો સાત જ દિવસમાં હું કરી બતાવીશ. હું જાણું છું કે બોલવું સહેલું છે પરંતુ કરી બતાવવું અત્યંત કઠીન છે. છતાં ફીકર નહિં.

અગલદત્તની વિનંતિનો રાજાએ સ્વીકાર કર્યો અને કહ્યું, કે સાતદિવસમાં રાજના ચોરને પકડી લાવો. તમારા કામની રાજા કદર કરશે. તેથી તે ચોરની શોધ માટે નીકળી પડયો. સવારથી સાંજ સુધી અને રાત્રિ દરમ્યાન પણ ફરતો રહેતો. જુગારખાનામાં દારૂની દુકાનોએ હોટલોમાં કલબોમાં અને સદાવ્રતના સ્થાનોમાં ફરતો રહ્યો. વળી તિરછી નજરે દરેકની હિલચાલ ઉપર પુરું ધ્યાન આપતો હતો. નગરમાં ચારેબાજુએ જુદા જુદા સ્થળોએ જુદાજુદા

સમયે હાજર રહી પ્રત્યેકની કાર્યવાહીમાં ઊંડોરસ લઇ ધ્યાન આપતો તેમ છતાં ચોરની કોઇ કડી મલતી નહિં.

ચોર ખરેખર ખૂબ હોંશિયાર હોવો જોઈએ. ચોરની કોઈ કડી મળતી ન હોવાથી છઠ્ઠે દિવસે અગલદત્ત મુંઝાયો. ખરેખર મેં જે પ્રતિજ્ઞા લીધી છે તે કાર્ય ઘણું કઠીન છે. દિવસો તો ઝડપથી પસાર થઈ ગયા હવે શું કરવું ! ચોર નહિ પકડાય તો મારે જ ચોર થવું પડશે અને મોં સંતાડીને રહેવું પડશે અથવા નગર છોડી પરદેશ જઈને રહેવું પડશે. તે ચિંતામાં તે બળી રહ્યો.

સાતમે દિવસે તે નગરની બહાર ગયો. અને એક આંબાના ઝાડ નીચે વિચારમાં તલ્લીન થઈને બેઠો હતો. એવામાં દૂરથી એક યોગી જેવા માણસને આવતો જોયો. તેના હાથમાં દંડ અને ચીંથરા વિંટાળેલા હતા. બીજા હાથમા માળા હતી. ગળામાં કંથા હતી અને મનમાં કાંઇક ગણગણતો નીચી નજરે આવી રહ્યો હતો. તેના દિદાર અને લક્ષણો જોતાં અગલદત્તને લાગ્યું કે જરૂર આ જ ચોર હોવો જોઈએ. તેથી તેની દરેક હિલચાલ ઉપર તેની નજર રાખતો.

તે યોગીએ ઝાડની નીચે આવવી, પોતાના ઉપકરણો ઝાડ ઉપર ભરાવ્યાં અને પાંદડા પાથરી તેના ઉપર બેઠો. એણે અગલદત્તને જોયો. પોતે ભયંકર દુઃખમાં છે એવો રડમસ ચહેરો કરીને તેમની સામે જોઇ રહ્યો હતો તેથી તે યોગીએ તેને બોલાવ્યો.

યોગી કહે—હે પુત્ર ! તુ બહુ દુઃખી દેખાય છે. તેમજ અત્યંત ગરીબ હોય તેવુ લાગે છે. તું કોણ છે અને ક્યાંનો રહેવાસી છે ? મારા ઉપર વિશ્વાસ રાખી જે હોય તે કહે. મારાથી બનતી તમામ મદદ કરીશ.

અગલદત્ત પેટમાં કપટ છુપાવી દયામણા અવાજે બોલ્યો. હે યોગી ! આપ બોલ્યા ત્યારે જ મને સમજ પડી કે આપ અત્યંત દયાળુ દેખાવ છો હું ઉજ્જયિની નગરનો રહેવાસી છું. બાળપણમાં જ મારા માતા પિતા મરણ પામ્યા છે. તેમનો કુલીન પુત્ર છું પરંતુ ગરીબ તેમ આધાર વિનાનો અને ભાગ્યહીન છું. આપના દર્શનથી મને લાગે છે કે હવે મારો ઉદય નજદીક આવી રહ્યો છે.

યોગી કહે- હે બાળક ! તારી માન્યતા તદ્દન ખરી છે. હું જો તારા ઉપર પ્રસન્ન થઈશ તો તું અઢળક ધન મેળવી શકીશ અને તારી ગરીબાઈ દૂર થઇ જશે. અને સુખ સાહ્યબી પ્રાપ્ત થશે. તારી સર્વ મનોકામના પૂર્ણ થશે. એ સમયેજ સૂર્યાસ્ત થયો અને અંધારૂ થવા લાગ્યું.

હવે પેલા યોગીએ કંથામાંથી હથિયારો કાઢી ને કહ્યું કે બેટા ! ચાલ મારી સાથે, અગલદત્ત મનમાં સમજી ગયો કે હું જેને શોધું છું. તે આ જ ચોર છે. પરંતુ મૌન ધારણ કરી તેની પાછળ પાછળ નગરમાં પ્રવેશ કર્યો. નગ-રમાં જઈ કોઈ શ્રીમંતના ઘરમાં હથિયારોની મદદથી ચોરસ બાકોરું પાડ્યું અને કહ્યું તું અહીં બેસ. હું અંદર જઇને પાછો આવું છું. થોડીજ વારમાં તે સોનારૂપાની અને જવા-હરથી ભરેલી કેટલીક પેટીઓ બહાર નીકાળી.

તે જ વખતે અગલદત્તને ચોરને પકડવાની ઇચ્છા થઇ પરંતુ વિચાર કર્યો કે ઉતાવળ કરવાથી બાજી બગડી જશે. હજી મારે તેનું રહેઠાણ વગેરે જોવું જરૂરી છે. એટલે આજ્ઞાંકિત પુત્રની પેઠે વર્તતો હવે પેલો યોગી કહે તું અહીં બેસ. હું મજુરો બોલાવી લાવું એમ કહી તે યોગી ગયો થોડીવારમાં મજબુત ખડતલ મજુરોને મોટી રકમ આપવાનું કહી સમજાવીને લઈ આવ્યો અને મજુરો પાસે ઉપડાવીને ઝડપથી નગર બહાર નીકળી ગયો.

હવે આ યોગી કયાં જાય છે. ધન કયાં સંતાડે છે. તેનુ ઘર કયાં છે. તેના પરિવારમાં કોણ છે એ જાણવાના ઇરાદે તેની પાછળ પાછળ ગયો. પછી જંગલમાં ઉંડે ઉંડે જઇને બાલ્યો કે ભાઇઓ, મધરાત થઈ ગઈ છે તમે થાકી ગયા હશો માટે પેટીઓ અહીં મૂકો અને સૌ આરામ કરો. થોડીવાર સૂઈ જાવ. આખી રાતનો ઉજાગરો કરવાથી તબિયત બગડે છે. માટે આરામ જરૂરી છે. આવા લાગણી ભર્યા શબ્દો સાંભળી સૌ મજુરો રાજી થતાં સૂઈ ગયા.

અગલદત્તે વિચાર્યું કે હું અહીં સુઇ જવા આવ્યો નથી. મારે તો યોગીની પ્રત્યેક હીલચાલ જાણવી જરૂરી છે એટલે પોતાની જગાએ એક લાંબુ જાડું લાકડું ગોઠવી કપડું ઢાંકી પોતે દૂર છુપાઈ રહ્યો. તે યોગી પણ સૌની સાથે સુતો હતો એટલે કોઇને શંકા ઉપજે એવું હતું જ નહિં. થોડી વારમાં સૌ મજુરો ભર ઊંઘમાં ઘસઘસાટ ઊંઘી ગયાં ત્યારે તે યોગીએ ઉઠીને તલવારથી મારી નાંખ્યા પરંતુ જયારે અલગદત્તના બિછાના ઉપર ઘા કર્યો ત્યારે ખબર પડી કે

અહીં આ માણસ નથી લાકડાનો કકડો છે તેથી ગુસ્સે થઇ ગયો. હાથમાં તલવાર વીંઝતો આમતેમ ફરવા લાગ્યો અને બોલ્યો.અરે કમજાત ! ભલે અહીં તુ બચી ગયો પણ જઇ જઇને કેટલે જઇશ ? હમણાંજ તારા હાલ આ મજૂરો જેવા કરું છુ.

એવામાં અગલદત્ત નજરે પડયો એટલે એકદમ ગુસ્સે થઇને બોલ્યો. અરે નીચ ! તું કયાં છુપાઇ ગયો હતો ? મારી નજરેથી કયાં જવાનો હતો ? હમણાં બતાવું છું. એટલે અલગદત્તને લાગ્યું કે હવે આની સાથે લડી લેવું જ પડશે. એકદમ પોતાની તલવાર કાઢી યોગી ઉપર તુટી પડયો અને ચોરનું ગળું ઉડાવી દીધું. મરતાં મરતાં ચોર બોલ્યો હે બુદ્ધિમાન માનવી ! હું ભુજંગમ નામે ચોર છુ અત્યારસુધી કોઈ મને મારી શકયું નથી. માત્ર તું જ મર્દ નીકળ્યો. તારા વખાણ કરૂં છું. મેં તને ધન અપાવવાનું વચન આપેલું છે. મારી વિનંતિ સાંભળ અને આ મારી તલવાર ગ્રહણ કર, સાવધાન થઈને સાંભળ !

જો અહીંથી થોડે દૂર સ્મશાન છે. તેની પશ્ચિમ દિશામાં જજે. ત્યાં એક ઘર આવશે. બારણે ટકોરા મારજે ત્યારે મારી બહેન બારણું ઉઘાડશે. તેને મારી તલવાર આપજે (દેખાડજે) જેથી તે સમજી જશે. અને પ્રેમપૂર્વક તને અંદર લઈ જશે. તે તને મારું ભેગું કરેલું ધન બતાવશે. પછી તું તેણીની સાથે લગ્ન કરજે અને ગમે તો ત્યાં રહેજે અથવા તેને લઇને તારે ઘેર જજે. આટલું કહી તે મૃત્યુ પામ્યો.

અગલદત્ત એની તલવાર લઇને તેના બતાવ્યા માર્ગે ગયો. તેના ઘર પાસે આવી હાક મારી તે સાંભળી ચંદ્ર-

જેવા મુખવાળી તેની બહેને બારણા ઉઘાડયા. અત્યંત સ્વ- રૂપવાન-નવયૌવનાને જોઇ તે વિચારે છે કે શું આ કોઇ નાગકન્યા હશે ?

અગલદત્તે તેના ભાઇની તલવાર બતાવી તે જોઇને સમજી ગઇ કે ભાઈનું મૃત્યુ થયું છે. થોડીક વાર મોઢા ઉપર શોકનો ભાવ દર્શાવ્યો પછી હૈયામાં કપટ રાખી હસતા મોઢે અગલદત્તને ભોંયરામાં લઇ ગઇ અને બનાવટી પ્રેમ દાખવી બોલી અહો ! ખરેખર હું ભાગ્યશાલી છું કે આપના દર્શન થયાં. એજ આસન ઉપર બેસાડી તેના પગ ધોયાં ભક્તિ કરી. અને એક ખુણામાં છત્રીપલંગ બિછાવી દીધો.

ત્યાર પછી તેણી બોલી કે મારો ભાઇ તેના પોતાના પાપથીજ મર્યો છે. તેમાં બીજાનો કોઇ દોષ નથી. મારા ભાઇએ ભેગી કરેલી આ લક્ષ્મી, અત્યંત સુંદર એવું આ મકાન અને હું પણ આપની જ છું આપ મારી સાથે લગ્ન કરી ઇચ્છા મુજબ ભોગસુખ ભોગવો હું તમારા પ્રત્યે મોહિત થઇ છું. હા, વિધાતાએ સ્ત્રીઓને કોમળતા, સ્વરૂપ, મધુવાણી અને માદક દેહ લાલિત્ય, અનોખી ચપળતા, અને છળકપટ, આપ્યું છે. પરંતુ તેનું મન સ્થિર કેમ નહિં બનાવ્યું હોય ? તેનું કારણ કોઇ કહી શકશે ખરૂં ?

અરે ! આપ જરા થાકેલા દેખાવ છે. કદાચ રાત્રિનો ઉજાગરો હશે. આ છત્રી પલંગ આપના માટે તૈયાર જ છે. માટે હે પ્રાણનાથ ; આ બિછાનું પવિત્ર કરો. અને થાક ઉતારો. બે ઘડી આરામ કરો.

આથી અગલદત્ત તે સુંવાળી મુલાયમ પથારીમાં સૂતો.

સુતા સુતા ચારે બાજુ નજર ફેરવવા લાગ્યો ચારે બાજુ દિવડાંઓનું અજવાળું છવાયેલું હતું મનમાં જાતજાતનાં વિચાર કરતો હતો. તેવામાં તે સ્ત્રી બોલી હે પ્રિયતમ ! આપ જરા આરામ કરો, હું શરીરે શાંતિ મળે તેવું વિલેપન લઇ આવું એમ કહી ઝટપથી નીકળી ઉપર ગઈ. તેવે સમયે મહાબુદ્ધિવાન અગલદત્ત વિચારે છે. કે દુશ્મનના ઘરમાં શાંતિથી સુવું એ ખરેખર જોખમરૂપ છે. મૂર્ખ હોય તેજ શાફડામાં નિરાંતે ઊંઘે? આ ચોર તો ભયંકર નિર્દય હતો તો તેની બહેન કહાય તેના જેવી હોય તો ? એમ વિચારી તે એક દમ ઊભો થઈ ગયો અને દીવાની પાછળ ખુલ્લી તલવાર હાથમાં રાખી ઊભો રહ્યો.

એવામાં પેલી ચોરની બહેને યંત્રશિલાની ખીલી કાઢી લીધી તેથી તે ભયંકર શિલા પલંગ ઉપર પડી. પેલી સ્ત્રી રાજી રાજી થઇને બોલવા લાગી કે મારા ભાઇને મારનારને મેં મારી નાખ્યો છે. નાચવા કૂદવા લાગી વેરનો બદલો લીધો છે. મને અબળા સમજી તેં જે ભૂલ કરી તેનો બદલો મળી ગયો ! એવામાં તો અગલદત્તે એક હાથમાં તલવાર રાખી બીજે હાથે ચોટલો પકડીને ગુસ્સે થતો બોલ્યો અરે દુષ્ટ, કપટી હું મૂર્ખ નથી. જે તું આટલી સહેલાઇથી મને મારી શકે ! હવે તારા હાલપણ તારા ભાઈ જેવાજ થશે. તે સ્ત્રી એકદમ ગભરાઈ ગઇ અને બોલી હે દેવ ! હું મૂર્ખ છું મારી ભયંકર ભૂલ થઇ ગઇ. હવે મને માફ કરો. આપજ મને શરણરૂપ છો. મારી જીવનદોરી આપના હાથમાં છે. આથી અગલદત્તે વચાર્યું કે સ્ત્રી હત્યા

ન કરવી પડે એમ સમજી તેને લઇને નગરમા આવ્યો અને પ્રભાતે રાજદરબારમાં હાજર થયો. પછી બનેલી તમામ વાત વિસ્તાર પૂર્વક રાજાને કહી સંભળાવી રાજા તેના ઉપર અત્યંત ખુશ થઇ ગયો. સમગ્ર સભાજનો ખુશ થઇ ગયાં અને તેની પ્રસંશા કરવા લાગ્યા.

પછી તે ચોરની બહેનને પોતાની બહેન સમાન ગણી રાજા અને અગલદત્ત ચોરના ઘેર ગયાં, તેના મકાનના ભોંયરામાં અસંખ્ય ચીજો અલંકારો અને આભુષણો જોયા. દરેક ચીજો જેમની તેમજ પડેલી હતી સીલ પણ તોડેલા નહતાં. તે જોઇ નગરના લોકોને-જેમની ચીજો ચોરાઇ હતી તેવા લોકોને બોલાવી બધી ચીજો બતાવી અને કહ્યું કે જેની જે ચીજ હોય તે ઓળખીને લઈ લો લોકોએ પાતપોતાની ચીજો લઈ લીધી અને રાજી થયાં.

નગરના લોકોએ રાજાના ખૂબ ખૂબ વખાણ કર્યા ત્યારે રાજાએ અગલદત્તના વખાણ કર્યા. રાજાની મહેરબાની પામેલ તેણે કેટલાંક દિવસ આનંદ વિનોદમાં ગાળ્યાં.

એક દિવસ શ્યામદત્તાની બહેનપણી સંગમિકા સંધ્યા સમયે અગલદત્ત એકલો બેઠો હતો તેની પાસે આવી તેણે પ્રેમપૂર્વક બોલાવી યોગ્ય સન્માન આપ્યું. સંગમિકાએ શ્યામદત્તાના પ્રણામ પાઠવ્યા. અને કહ્યું કે શ્યામદત્તા તમારા વિયોગે ઝુરી રહી છે. આંખમાંથી આંસુ સુકાતા નથી. હૃદયમાંથી ઊંના ઊના નિસાસા નાંખ્યા કરે છે. ખાવા પીવાની રૂચી રાખતી નથી અને સુકાઈને દુબળી પડી ગઈ છે. પિયુના વિયોગે ભોગ વિનાના વસમા ! વિજોગણ જેવા દિવસો કાઢી

રહી છે. કોઇ સખી કે સહેલી સાથે બોલાતી ચાલતી કે હસતી પણ નથી. આમ આવા સમાચાર આપવા માટે મને મોકલી છે.

નગરના લોકોનું દુઃખથી રક્ષણ કરો છો તો મારૂં દુઃખ કેમ દૂર કરતાં નથી? આ સાંભળી તે બોલ્યો–અરે! હું અને શ્યામદત્તા શરીરથી જુદા છીએ પણ પ્રાણથી તો એકજ છીએ. રાતદિવસ તેને યાદ કરું છું. ભૂલી ગયો નથી. જા તેણીને તૈયાર કરીને અત્યારેજ લઇ આવ. કેમકે પ્રભાતે તો હું ઉજ્જયિની નગર તરફ જવાનો છું.

સંગમીકા પવનવેગે ગઇ અને શ્યામદત્તાને લઇ આવી. અગલદત્ત અને શ્યામદત્તા મલ્યાં અત્યંત આનંદ થયો. બન્નેના હૈયાની વાસના તૃપ્ત થઇ. વહેલી સવારે ઊઠી રથ તૈયાર કર્યો અનેક પ્રકારના શસ્ત્રો લીધાં અને શ્યાદત્તાને રથમાં બેસાડી રથ હંકારતા જોરથી બોલ્યો હે સુભટો ? હે નગરજનો ! સૌ સાંભળો. સૂર્યની સાક્ષીએ હું આ શ્યામ દત્તાને લઈ જાઉં છું. જેનામાં તાકાત હોય તે મને રોકે. આમ કહી સૌની વચ્ચેથી સડસડાટ કરતો પસાર થઈ ગયો. કોઇએ તેને રોકયો નહિં. કેસરીસિંહની પેઠે ઉંચુ મસ્તક રાખી નગરમાંથી નીકળીને અવંતિને માર્ગે ચાલવા લાગ્યો.

રસ્તામાં ભોજન સમયે તળાવને કિનારે રથ ઉભો રાખી શ્યામદત્તાને આગ્રહ પૂર્વક જમાડી અને ભાઇઓના વિયોગને ભૂલી જવા સમજાવીને રથના ઘોડાઓને પણ તૃપ્ત કરી આગળ ચાલ્યાં.

આગળ જતાં કોઇએક ગામને પાદરે લોકોના ટોળાને

ઊભેલું જોયું તેમનામાંથી બે માણસોએ અગલદત્ત પાસે આવીને પૂછયું. હે ભાઈ! તમે કયાંથી આવો છો અને કઈ તરફ જઈ રહ્યા છો ? તેણે કહ્યું કે ભાઇ ! હું કૌશાંબીથી આવું છું અને ઉજ્જયિની જઈ રહ્યો છું. ત્યારે તેઓએ કહ્યું. હે બહાદુર મિત્ર ! તું કહે તો અમે આ સકળસંઘ તારી સાથે પાછળ પાછળ ચાલતો આવે, કારણ કે આગળનો રસ્તો ભયંકર છે. રસ્તામાં ગંભીરવેદી હાથી, દ્રષ્ટિવિષ સર્પ, નરભક્ષી વાઘ અને અર્જુન નામે લુંટારો છે. આ બધાં વિઘ્ન કરનારા હોઇ અમને ડર લાગે છે.

અગલદત્તે કહ્યું ભાઈઓ ! તમારે કોઇનો ડર રાખવાની જરૂર નથી. હું તમારું રક્ષણ કરીશ. આથી સર્વે લોકો રાજીથતા તેની સાથે સાથે ચાલવા લાગ્યા. તે વખતે કોઇ તાપસ આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો કે હું પણ ઉજ્જયિની નગરે જવાની ઇચ્છા રાખું છું. હું શ્રાવક છું. ઘણા વખતથી ત્યાં જવાની ઇચ્છા હતી પણ રસ્તામાં હાથી સર્પ સિંહના ડરને કારણે જઈ શકયો ન હતો માટે જો આપ રજા આપો તો હું સાથે આવું. ત્યારે સૌ લોકો બોલ્યાં કે સુખેથી આવ– અમને કાંઇ વાંધો નથી આથી તે પણ સૌની સાથે ચાલવા લાગ્યો.

નિર્ભય બનેલ સંઘ ચાલ્યો જાય છે. સર્વત્ર આનંદ આનંદ છે. ત્યાં તાપસે પોતાની પાસેની પચીસ સોના મહોરો બતાવી અને બોલ્યો કે કોઇક ધર્મિષ્ઠ ભાઇએ દેવપૂજા માટે મને આપી છે. આ સોનામહોરો સાચી છે કે નહિં તે જોઇ આપશો ?

તે જોઇને સંઘના કેટલાંક માણસો બોલ્યા- અરે તાપસ ! કોઇએ તને બનાવ્યો છે. આ તો સોનામહોરો નથી પણ પિત્તળ છે. સોનું સમજીને નાહકનો કૂદાકૂદ કરે છે? તે સાંભળી પોતે છેતરાયો છે. તેવો દેખાવ કરી રડવા લાગ્યો અને જમીન ઉપર આળોટી પડયો છાતી કૂટવા લાગ્યો.

તેના ઉપર દયા આવવાથી સંઘના લોકોએ કહ્યું કે હે ભાઇ ! તું રડ નહિં. કોઇએ તને છેતર્યો છે પણ શોક કરીશ નહિં અમારી પાસે બીજી અનેક સોનામહોરો છે. તને અમે આપીશું. ચિંતા કરીશ નહિ આ સાંભળી પેલો લુચ્ચો તાપસ મનમાં હર્ષ પામ્યો. દુષ્ટઆશય મનમાં રાખી સૌની સાથે ચાલવા લાગ્યો.

મહા-બુદ્ધિમાન એવા અગલદત્ત આ તાપસને જોઇને વિચાર્યું કે આમાણસ ઉપર વિશ્વાસ કરવા લાયક નથી. આની દરેક હીલચાલ ઉપર નજર રાખવી પડશે. આમને આમ આમ આખો સંઘ ઘણો દૂર નીકળી ગયો. મધ્યાન્હ થઈ ગયો. સંઘના માણસો થાકી ગયા હતા. એટલે કોઇ નદી કિનારે વિશાળ વૃક્ષના છાંયડામાં બેઠાં, તે સમયે પેલા તાપસે કહ્યું કે આજે તમે રસોઈ કરશો નહિં. હું સૌની જમવાની વ્યવસ્થા કરું છું. સામે દેખાય તે એક ગામ છે. તેમાં ઘણા ઢોર છે અહીં થઇને પસાર થતાં વટેમાર્ગુઓને માટે સદાવ્રત જેવું છે દૂધ-દહીંની ઘણી છત છે. અહીં મેં ચાતુર્માસ કરેલ છે. તેથી અહીંના લોકો મારા પરિચયવાળા છે માટે હું ત્યાં જાઉં છું અને વ્યવસ્થા કરું છું એમ કહી તે તાપસ તે ગામમાં ગયો.

ત્યાંજઈ ભોજનમાં ઝેર નાંખી તે પાત્રો મજૂરો પાસે ઉપડાવી ત્યાં લઈ આવ્યો. સંઘને જમવા બેસવાનું કહ્યું- સૌ જમવા તૈયાર થયાં ત્યારે અમુક વહેવાર કુશળ માણસોએ અગલદત્તને પણ જમવાનું આમંત્રણ આપ્યું. ત્યારે તે (અગલદત્ત) બોલ્યો. મને તો જમવાની ઇચ્છા નથી. તબિયત સારી નથી. પરંતુ તમે લોકો આ તાપસે લાવેલું ભોજન જમશો નહિ. મને તેના ઉપર વિશ્વાસ નથી. નીચ માણસો મીઠું મીઠું બોલી પાછળથી વિંછીની માફક ડંખ મારે છે. માટે તમે સૌ વિચાર કરજો. તેમ છતાં ઘણા લોકો ભૂખ્યા થયા હોવાથી વિચાર્યા વિના જમવા બેસી ગયાં. જમ્યા પછી સૌને ઝેર ચડયું ? સૌ બેભાન બની ઝાડની નીચે સુઈ ગયાં. ત્યારે પેલા તાપસે ઝોળીમાંથી તલવાર કાઢી. બધાંના માથા કાપી નાંખ્યા અને ખુલ્લી તલવાર લઇ અગલદત્તને મારવા દોડયો. પરંતુ અગલદત્ત હિંમતપૂર્વક સામો જઇને તેને મારી નાંખ્યો મરતાં મરતાં તે તાપસ બોલ્યો કે હું ધનપુંજ નામનો ચોર છું. ધન મેળવવાના આશયથી આ કાર્ય કર્યું છે. તું બહાદુર છું અને તેં મને જીત્યો છે તો મારી વાત સાંભળ. આ નદી સામે કાંઠે આવેલ પર્વતની પાછળ એક ઊંચુ દેવમંદિર છે તેની પાછળ મોટી શિલા છે. એ શિલા ખસેડશો તો એક ભોંયરું મલશે તે ભોંયરામાં મારી પત્નિ અને અઢળક ધનસંપત્તિ છે. તે તારે લઇ લેવું. અને મારા શબને અગ્નિ સંસ્કાર કરજે એટલું કહીને તે ચોર મરી ગયો. અગલદત્તે તેનો અગ્નિસંસ્કાર કર્યો પછી તે તળાવમાં નાહી ધોઇને પેલા

દેવમંદિર ગયો. તેણે બતાવેલ તે શિલા ખસેડી તો ભોંયરું દેખાયું અંદર જતાં એક અત્યંત સૌંદર્યવાન સ્ત્રીને જોઈ તેના તરફ સ્નેહની નજરે જોવા લાગ્યો.

તે જોઇને શ્યામદત્તા ગુસ્સે થઇને બોલી કે હે સ્વામી ! એક સ્ત્રી હોવા છતાં હું મારા ભાઇઓને છોડીને–ઘરની સર્વ મિલ્કત તથા માન-મર્યાદા છોડીને તારી સાથે ચાલી આવી છું અને પરણી છું છતાં તું અન્ય સ્ત્રી જોઇને પાગલ થાય છે એ શું તને શોભે છે ? ખરેખર પુરૂષોના મન ભ્રમર જેવાં હોય છે. ધિક્કાર છે એવા પુરૂષોને ! વળી ચોરની સ્ત્રી ચોરજ હોય એટલું તો મૂર્ખ માનવી હોય તેપણ સમજી શકે. તું અત્યંત ચતુર હોવા છતાં પરનારીમાં લટ્ટુ શા માટે બને છે ?

આ સાંભળી અગલદત્ત ખાસીઆણો પડી ગયો. અને આગળ ચાલવા લાગ્યો. અને ભોંયરામાંથી બહાર નીકળી પોતાને રસ્તે ચાલવા માંડયું. આગળ જતાં એક મોટું જંગલ આવ્યું. ખૂબજ અંધકારવાળું અને નિર્જન હતું. ત્યાં દિવસે પણ ઘુવડનો અવાજ સંભળાતો હતો. ભયંકર સર્પોના ફુંફાડા સંભળાતા હતા. આગળ જતાં રસ્તામાં પડેલા દંડ, કુંડી અને પગરખાં જોવામાં આવ્યા. રસ્તામાં આવતાં સર્વે વિઘ્નોને દૂર કરતો કરતો અગલદત્ત શ્યામદત્તાને લઇને અટવીઓ ઓળગે છે. હાથી, સિંહ ચોર, ભીલ વગેરેના સંકટોને દૂર કરતો. પોતાની જ તાકાતથી બધાંજ વિઘ્નો પાર પાડીને અવંતિ નગરીએ પહોંચ્યો. નગરની શોભા દેખાડતો દેખાડતો તે પોતાને ઘેર આવી પહોંચ્યો.

## (જમાદારની પદવી)

છોકરાને આવેલો જાણી તેની ભલી ભોળી માતા તેને લેવા માટે સામે આવી. આંખોમાં હર્ષાશ્રુ વાળી માતાને પગમાં જઈ નમ્યો તેની સાથે શ્યામદત્તા રથમાંથી ઊતરી પગમાં પડી. પુત્ર પત્નિને લઈ ને આવ્યો જાણી અનહદ આનંદ થાય છે. માતાએ આશીર્વાદ આપ્યાં. વિદેશ સંબંધી બધી વાત માતાને કરી સગાંસ્નેહીઓ સૌ મળવા આવ્યાં. તેમને પણ વિદેશની હકીકત સંભળાવી. આવી વાતો સાંભળી સૌ ખુશખુશ થઈ ગયાં.

બીજે દિવસે અમુલ્ય આભુષણો પહેરી પોતાના પરિવાર સાથે અને રાજાને ભેટણાં સહીત નમન કર્યા. રાજાએ તેને નહિં ઓળખવાથી સભાસદોને પૂછયું કે આ યુવાન કોણ છે? ત્યારે કહ્યું કે હે સ્વામી ! આપના સારથી (અમોઘરથ)નો અગલદત્ત નામનો પુત્ર છે. પરદેશ જઈ અનેક કળાઓ શીખીને આવ્યો છે. આ સાંભળી રાજા બહુ ખુશ થયા. ધન્યવાદ આપ્યો અને જમાદારની પદવી પણ આપી.

આમ રાજાની કૃપા મલી. મન પસંદ આદરવાળી સ્ત્રી મલી અને દોલત મળી તેથી દેવલોક જેવું સુખ ભોગવતાં આનંદ વિનોદ અને ભોગ સુખમાં દહાડા પસાર કરવા લાગ્યો- તેની માતા યશોમતી પણ ખૂબ રાજી થઈ ગઈ. પોતાનો પુત્ર તેના બાપ કરતાં સવાયો નીવડયો છે.

એક વખત વસંતઋતુ આવી નગરજનો અને રાજા પણ ક્રીડા કરવા વનમાં ગયા. અને સૌ આનંદમાં મશગુલ બની મજા કરતાં હતાં.

અગલદત્ત અને શ્યામદત્તાને જોઇ લોકો તેમના વખાણ કરતાં અહો ! કેવા ભાગ્યશાલી આ લોકો છે ! આ જોડલું અત્યંત મનોહર અને મસ્તીવાળું ! કેટલાંક લોકો તળાવમાં પડી જળક્રીડા કરતાં હતાં. કેટલાંક સંગીત વગાડતા અને ગીતો ગાતા હતાં. કેટલાક ઝાડની ડાળે હિંચકા બાંધી ઝુલતા હતા, સર્વ જગાએ આનંદનું જ વાતાવરણ છવાયેલું હતું. અગલદત્તે આખો દિવસ અહીં આનંદમાં ગાળ્યો. સંધ્યા સમય થયો. રાજા અને લોકો પોતાના ઘરભણી વળવા લાગ્યા. અગલદત્ત પણ પોતાના ઘેર જવા રથ તૈયાર કરવા લાગ્યો.

એવા સમયે શ્યામદત્તા લત્તા મંડપમાં હિંચકા ખાતી હતી. તે પણ ઘેર જવા માટે હિંચકેથી ઉતરી અને પોતાના સ્વામી પાસે જઈ રહી હતી ત્યાં લત્તામંડપમાંથી એક ભયંકર ઝેરી સર્પ નીકળીને દોડતો શ્યામલત્તા પાસે આવી તેને ડંખ દીધો. તરત જ તેણીએ બૂમો પાડી. 'મને બચાવો મને બચાવો. અગલદત્તના ખોળામાં પડી ગઈ. અગલદત્તે તેણીને સમજાવી કે કોઈ વાંધો નથી તું ડર નહિ. તેણીને લઇને તે ઘર તરફ રવાના થયો. પવનથી વિશેષ ઝેર ન ચડે એમ માનીને નજીકના કોઇ દેવમંદિરમાં તેણીને લઈ ગયો. શ્યામદત્તાને ભયંકર ઝેર ચડી ગયું હતું. બીલકુલ મડદાની જેમ નિશ્ચેતન થઇ પડી હતી. તેને માટે કોઇ વૈદ્યની શોધ કરી પણ મલ્યો નહિં.

શ્યામદત્તાને પકડીને તે દેવમંદિરના બારણામાં પોકે ને પોકે રડતો બેસી રહ્યો અને બોલતો જાય છે કે હે

પ્રાણેશ્વરી તું કેમ બોલતી નથી? મને મૂકીને કયાં ચાલી ગઈ? હું તને મારા જીવથી પણ વધુ ચાહતો હતો. અને તું પણ મને ખૂબખૂબ ચાહતી હતી. રસ્તામાં હાથી સર્પ-સિંહ-ચોર વગેરે સર્વેને મારી તારૂં રક્ષણ કર્યું છે.

અત્યંત મોટેથી રડતો બોલતો હતો. હે વનદેવીઓ હે લત્તાઓ! હે નિશાચરો? મને મદદ કરો. મારી પ્રાણ વલ્લભાને બચાવો. તેવે સમયે બે વિદ્યાધરો આકાશ માર્ગે જઈ રહ્યા હતાં તેમણે તેનો વિલાપ સાંભળ્યો. તેથી એક વિદ્યાધર તેની પાસે નીચે ઊતર્યો. અને પૂછયું કે ભાઇ! તું કેમ રડે છે? શું થયું છે? અગલદત્તે બધી વાત કહી સંભળાવી. દયાળુ વિદ્યાધરે કહ્યું. ભાઈ ચિંતા ન કર. અને પોતાના હાથનો સ્પર્શ કરી શ્યામદત્તાને ઝેરથી મુક્ત કરી. અગલદત્ત રાજી રાજી થઇ ગયો અને વિદ્યાધરના પગમાં પડી પ્રણામ કર્યા. અને સ્તુતિ કરી. હે દયાળુ! હે ખેચરેશ્વર! હે દુઃખીઓના બેલી! હે કરૂણાના સાગર તમે જય પામો!

આ જગતમાં ઉપકાર કરનાર તો ઘણા ઘણા છે. પરંતુ સ્વાર્થ વિના તમારા જેવા મલે છે! તમારા વખાણ કરું એટલાં થોડા છે. મારી પ્રાણપ્રિયાને તેં જીવાડી છે. તેના બદલામાં હું મારા પ્રાણ આપું તો પણ ઓછા પડે. જીવનભર હું તો તમારો ઋણી છું.

વિદ્યાધર કહે-ભાઇ! મેં કશુંજ કર્યું નથી. મારી આવી સ્તુતિઓથી મને ગર્વ ન થાય મારે સ્તુતિ ન કર. હજુ તો મારે આકાશ માર્ગે ઘણે દૂર દૂર જવાનું છે. એમ કહી તે પોતાના માર્ગે ચાલતો થયો.

વિદ્યાધરના ગયા પછી શ્યામદત્તાને લઈ તે મદિરના અંદરના ભાગમાં ગયો ત્યારે સ્યામદત્તા કહે છે. હે સ્વામી આ અંધારા દેવમંદિરમાં મને ગુંગળામણ થાય છે. ડર લાગે છે. તેમ છતાં તેણીને ત્યાં બેસાડી અગ્નિ લેવા ગયો અને જેમ બને તેમ જલ્દીથી અગ્નિ લઈને પાછો આવવાની ઇચ્છા રાખતો હતો. નજીકમાંથી જ અગ્નિ મલતાં તે લઈને પાછો આવી ગયો.

હાથમાં રહેલ અગ્નિ તેની હાંસી કરે છે કે જેણીને માટે તું જીવ આપવા તૈયાર થાય છે. જેણીની તું સેવા કરે છે. તેણીનું આચરણ અને તેણીના હૃદયમાંના ભાવ જ્યારે તું જાણીશ ત્યારે તેના પ્રત્યે તેને નફરત થશે.

અગલદત્ત દેવમંદિરમાં આવ્યો ત્યારે અંદરના ભાગમાં તેને પ્રકાશનો ઝબકારો દેખાયો ત્યારે તેણે શ્યામદત્તાને પૂછયું કે અંદર પ્રકાશ કેમ દેખાય છે! ત્યારે મેલા મનવાળી શ્યામદત્તા કહે છે કે એમાં શું પૂછો છો. તમે અગ્નિ લાવ્યા છો તેનું કોઇ પ્રતિબિંબ પડતું હશે. બીજું તે શું હોય? ત્યાર પછી થોડા સુકા લાકડાં ડાંખળીઓ ભેગાં કરી તેમાં અગ્નિ મૂકી તે સળગાવવા શ્યામદત્તાને તલવાર પકડાવી. વાંકોવળીને અગ્નિમાં ફુંકો મારવા લાગ્યો. એવામાં તલવાર પડી હોય તેવો અવાજ આવ્યો એટલે શ્યામદત્તાની સામે જોયું. ત્યારે તેણી બોલી કે તલવાર મારા હાથમાંથી અજાણતા પડી ગઇ છે. તેનો અવાજ થયો છે. અગલદત્તને શ્યામદત્તા સમજાવે છે કે હે પતિદેવ? આપ જાણો છો કે સ્ત્રીઓ જન્મથી જ બીકણ સ્વભાવની હોય છે. જેથી

તેમના હાથમા તલવાર શી રીતે પકડી શકે? બીકથી મારા હાથમાંની તલવાર પડી ગઇ તેમાં કોઈ આશ્ચર્ય નથી. ત્યારબાદ અગ્નિ બરાબર સળગાવી વાતાવરણમાં ગરમાવો લાવી. શ્યામદત્તાને સુવાડી દીધી અને પોતે આખી રાત ત્યાં જાગતો પડી રહ્યો સવારે તેણીને લઇને ઘેર ગયો. ત્યારબાદ તેણીના ખબર અંતર પૂછવા આવેલાં સગાં સ્નેહીઓને બનેલી બધી વાત સ્પષ્ટ કહી.

ત્યારબાદ સુખેથી આનંદ વિનોદ કરતાં કરતાં ભોગ વિલાસમાં દિવસો પસાર કરવા લાગ્યો. ભોગ એ રોગનું ઘર છે છતાં માનવી અજ્ઞાનતામાં ભોગની લાલચમાં લપેટાએલો રહી અધિક ભોગ ભોગવી માનવ ભવ ગુમાવે છે.

એક દિવસ તે બપોરના ભોજન પતાવીને બેઠો હતો. ત્યાં બે મુનિ મહારાજ ગોચરી વહોરવા ત્યાં આવી ચડયા. અત્યંત મેલાવેલા કપડાં અને પસીનાથી તરબોળ એવા મુનિને જોઈ તેણે વિચાર્યું કે ખરેખર ત્યાગી તો આ મુનિઓ જ છે. એમના હૈયામાં નથી રાગ કે નથી દ્વેષ, આવા વસ્ત્રોમાં પણ તેઓ આનંદથી રહે છે. ધન્ય છે તેમના ત્યાગને! કોઈ ચીજની મમતા નથી. માનપૂર્વક તેણે મુનિમહારાજને ભાત પાણી વહોરાવ્યાં. તે ગયા કે તરત જ તેમના જેવી જ તેમના જેવીજ આકૃતિવાળા બીજા બે મુનિ મહારાજ આવી ચડ્યા. તેમને પણ પ્રેમ પૂર્વક વહોરાવ્યું. તે ગયા કે તરત જ તેમના જેવી જ આકૃતિવાળા ત્રીજા બે મુનિમહારાજ આવી ચડયાં. તેમને પણ પ્રેમથી વહોરાવ્યું.

અગલદત્ત વિચારમાં પડયો કે શું આ નગરના લોકો ગરીબ છે કે કંજુસ છે? શું આ નગરમાં દુષ્કાળ પડયો છે કે નગરની શેરીઓ ભીડ વાળી છે કે જેથી આ બંન્ને સાધુઓ ત્રણ ત્રણ વખત ફરી ફરીને અહીંજ વહોરવા આવ્યા હશે! તેથી તેણે વંદન કરીને ત્રીજીવાર આવેલા સાધુઓને પૂછયું હે મહારાજ? આપ કયાં ઊતર્યા છો? મુનિ કહે ગામ બહાર વનમાં, એટલું કહી ચાલતા થયાં. ત્યારબાદ થોડા સમય પછી તે પેલા મુનિઓની પાછળ વંદન કરવા વનમા ગયો. અત્યંત તેજસ્વી જૈન મુનિઓને પ્રેમપૂર્વક વંદન કર્યા. રૂપ અને ગુણના ભંડાર સમા એ મુનિઓએ ધર્મલાભ કહ્યો એક સરખા રૂપવાળા એક સરખાં દેખાવવાળા છ મુનિઓને જોઈ તે વિચારમાં પડયો કે હું એકના એક મુનિ ત્રણ વખત વહોરવા આવ્યાં હતાં તેમ માનતો હતો તે ખોટું ઠરે છે. આ છએ મુનિઓ એક જ સરખાં દેખાય છે તેથી હું ઓળખી શકયો નહિ. ગમે તેમ કહો પરંતુ મારા રાજાના કાર્ય માટે આવેલ તેવા મને આ મુનિઓના દર્શનનો બહુ મોટો લાભ મલ્યો છે.

તેણે મુનિમહારાજને ધર્મનું રહસ્ય પૂછતાં મુનિરાજ બોલ્યા હે પુણ્યશાલી! જગતમાં દયા જેવું બીજું કોઈ પુણ્ય નથી. જ્ઞાન-દાન જપ અને તપ પણ દયા વિના શોભતાં નથી. કોઈપણ પ્રકારની ધર્મ ક્રિયા પણ જીવિત વિના સાધી શકાતી નથી. માટે જીવનદાન જેવું કોઈ પુણ્ય નથી. જો અગ્નિ તૃષા મટાડે અને ઝેરથી માણસ જીવતો રહે એવું બને તોજ હિંસાથી પુણ્ય થાય જે અસંભવ છે.

જે માણસો નિરપરાધી મૂંગા પ્રાણીઓને મારે છે. તેમની હિંસા કરે છે તે મહાપાપ છે. કોઇ પણ જીવ ચાહે તે પ્રાણી હોય યા જંતુ હોય. તેનું રક્ષણ કરવાથી જે પુણ્ય થાય છે તે લાખ્ખો રૂપિયાનું દાન દેવાથી પણ મળતું નથી.

જીવદયા સંપૂર્ણપણે પાળવી એ સંસારીઓ માટે કઠીન છે માત્ર સાધુ–મનિરાજો જ પાળી શકે છે. પરંતુ તેમનાં ચરણની સેવા કરનારા ગૃહસ્થીઓ અમુક અંશે જરૂર પાળી શકે છે. જેઓ જાણતા અજાણતા પણ કદી જીવ હિંસા કરતાં નથી. અસત્ય બોલતા નથી ચોરી કરતાં નથી. મૈથુન સેવતા નથી. અને પરિગ્રહમાં લોલુપતા રાખતા નથી એવા તો માત્ર જૈન મુનિરાજો જ હોય છે.

ધર્મનું રહસ્ય મુનિરાજ પાસેથી સાંભળ્યા બાદ તેણે બીજો પ્રશ્ન પૂછ્યો કે હે મુનિરાજ ! આપ છ એ મુનિઓ યુવાન છો, સ્વરૂપવાન છો તો કયા કારણથી વૈરાગ્ય પામ્યા અને દિક્ષા ગ્રહણ કરી તે કહેશો ? મુનિરાજ હસતાં હસતાં બોલ્યા હે વત્સ આ સંસારમાં એવી કઇ ચીજ છે કે જેના કારણે વૈરાગ્ય ન થાય ; જેવી રીતે પતના રોગીનું કોઈ અંગ સીધું હોતું નથી તેમ સંસારમાં કંઇ સાર નથી. દરેકને કોઇને કોઈ કારણથી વૈરાગ્ય થાય છે. દરેક માટે એક સરખાં કારણો હોતા નથી. અમારા વૈરાગ્યની વાત સાંભળ.

હાથીઓથી ભરેલું એવું વન વિંધ્યાચલ પર્વત ઉપર આવેલું છે. તેમાં દેવલોક જેવી એક પલ્લી છે. તેમાં ભીલ લોકો રહે છે. માંસાહાર કરીને ગુજરાન ચલાવે છે. ચામડાના કપડાં પહેરે છે. ગુફાઓને ઘર માની તેમાં રહે છે.

અને ચોરી એ તેમનો મુખ્ય ધંધો છે. તેમના ઘરોમાં હાથીદાંત અન્ય હાડકા અને ચામડાની ચીજોજ જોવા મળે છે. ચાકળા-ચંદરવા કે તોરણો તેવી ચીજોના બનેલા હોય છે. ક્ષત્રિય વંશમાં જન્મેલો એવો અર્જુન નામે તેમનો સેનાપતિ તેમની સાથે રહે છે અને સૌની રક્ષા કરે છે. મહાબળવાન અર્જુનને હરાવવા કોઈ સમર્થ ન હતું. તે બહુ કુર-ઘાતકી અને નિર્દય હતો.

એક દિવસ તે પલ્લી પાસેથી એક સુભટ સ્ત્રી સાથે રથમાં બેસીને ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. અર્જુને તેમને રોક્યાં. તે સુભટે ઘણા ભીલોને મારી ભગાડી મૂકયા હતા. તેથી અર્જુન તેમની સાથે લડવા આવ્યો. બન્ને સિંહ સામસામા લડવા લાગ્યા બેમાંથી કોઇ નમતું મૂકે તેવા ન હતા. આ સુભટે અર્જુનને જીતવો મુશ્કેલ છે. એમ સમજી પોતાની સ્વરૂપવાન સ્ત્રીને રથમાં આગળ બેસાડી. આવી સ્વરૂપવાન કામણગારી નવયૌવના સ્ત્રીને જોઇ અર્જુનના હૃદયમાં વિકાર પેદા થયો. તેના હાથમાંથી હથિયાર પડી ગયાં. તેનો લાભ લઈ પેલા સુભટે અર્જુનને મારી નાંખ્યો. એ અમારો મોટો ભાઈ હતો અમે છએ તેના નાના ભાઇઓ છીએ. ભાઈ મરી જતાં અમો સર્વે ભય પામી નાસી ગયાં.

અમે ઘેર પહોંચ્યા ત્યારે અમારી માતાએ અમને ન કહેવાના વેણ કહ્યાં. અરે કાયરો! ભાઇને મારનારનું વૈર લીધા વિના તમો પાછા ઘરમાં પેસી જઇને મારું નામ બોળ્યું છે. વીરમાતા તરીકેનું મારું નામ લજવ્યું છે.

અહીંથી ચાલ્યા જાવ, ભાઇને મારનારને ગમે ત્યાંથી શોધી કાઢી મારી નાંખ્યા પછીજ પાછા આવજો. દુશ્મનને જીવતો જવા દઇ તમે બાયલાની માફક પાછા આવ્યા છો તેથી મારું હૈયું ફાટી જાય છે.

આવી રીતે માતાએ ઉશ્કેરીને પ્રતિજ્ઞા કરાવીને પેલા સુભટને મારવા અમે છએ ભાઇઓ ત્યાંથી નીકળ્યાં અને રથના પૈડાના ચિન્હો જોતાં જોતાં અમે ઉજ્જયિની નગરીએ પહોંચ્યા અને એ સુભટને મારવા તેની પ્રત્યેક હીલચાલ ઉપર નજર રાખવા લાગ્યાં. એક દિવસ વસંતઋતુમાં ક્રીડા કરવા સર્વે નગરજનો સાથે તે સુભટ પણ તેની પત્નિ સાથે નગર બહાર ઉદ્યાનમાં ગયો. અહીં અમે એ સુભટને સહેલાઇથી મારી શકીશું એમ વિચારી તેની પાછળ પાછળ અમે ગયાં. એવામાં કોઇ ભયંકર સર્પે તેની પત્નિને ડંખ દીધો તેથી તેણીને લઇને તે કોઇ દેવ મંદિરમાં આવ્યો અને પોકેને પોકે રડવા લાગ્યો.

અગલદત્ત વિચારે છે કે અરે! આ બધીજ વાત મને લાગુ પડે છે આ સુભટની વાત કરે છે તે કદાચ હું પોતેજ હોઇશ? પરંતુ તે ભાવ ગોપાવી મુનિને પૂછે છે કે– હે મુનિરાજ! પછી શું થયું!

એવામાં કોઇ વિદ્યાધરને દયા આવવાથી ત્યાં આવ્યો અને હાથના સ્પર્શથી તેની પત્નિને જીવતી કરી. તેણે વિદ્યાધરની સ્તુતિ કરી અને આભાર માન્યો વિદ્યાધર પોતાના રસ્તે ચાલતો થયો. વિદ્યાધર ગયા પછી તે સુભટ તેની પત્નિને લઇ દેવમંદિરમાં આવ્યો. મંદિરમાં ઘણું અંધારું

હતું તેથી તેની સ્ત્રી ગભરાવા લાગી તેથી સ્ત્રીના કહેવાથી તે અગ્નિ લેવા ગયો.

એવામાં મારા આ ભાઈએ ફાનસ પેટાવ્યું એટલે તેનો પ્રકાશ ત્યાં ફેલાયો. તે વખતે તેની સ્ત્રીએ મારા ભાઈને પ્રકાશમાં જોયો તેણીએ મારા ભાઈને પૂછયું કે આપ કોણ છો? તે અત્યંત સ્વરૂપવાન કામણગારી આંખોવાળી નવયૌવનાને જોઈ અને તેણીએ પ્રેમપૂર્વક બોલાવ્યો તેથી તે તેણી પ્રત્યે પ્રેમાતુર બન્યો અને તે સ્ત્રી પણ મારા સ્વરૂપવાન ભાઇને જોઈ આકર્ષાઇ ત્યારે મારા ભાઇએ કહ્યું કે હે રૂપસુંદરી! મારા ભાઈના દુશ્મન એવા તારા પતિને હું મારીને તને લઈ જઈશ. આથી તે સ્ત્રી બહુ ખુશ થઇ ગઈ. અને બોલી કે હે સ્વામી! જો તું મને લઇ જશે તો હું જ મારા સ્વામીને સરળતાથી મારી શકીશ. તારું કામ નહિ. કદાચ તારા ઉપર સામો ઘા કરશે તો મારી અને તારી મનોકામના સફળ થઈ શકશે નહિં.

એવામાં તે સુભટ અગ્નિ લઇને આવી પહોંચ્યો ત્યારે મારા ભાઇએ ફાનસ ઓલવી નાંખ્યું. પેલા સુભટે પૂછયું કે અહીં મને પ્રકાશ જોવામાં કેમ આવ્યો હતો? ત્યારે તે સ્ત્રીએ સુભટને સમજાવ્યું કે તમે લાવેલા અગ્નિનું પ્રતિબિંબ હશે એમ કહી અસલ વાત છુપાવી રાખી. પછી અગ્નિ સળગાવતી વખતે તેણે તલવાર પોતાની સ્ત્રીને પકડવા આપી અને પોતે નીચો નમી અગ્નિ ફુંકતો હતો. બરાબર તેજ વખતે તે સ્ત્રીએ પોતાના પતિ એવા સુભટને મારવા તલવાર ઉગામી ત્યારે મારા ભાઈને થયું

કે અરેરે ! આ સંસારમાં આવી પણ સ્ત્રીઓ છે જે પોતાની વાસના સંતોષવા પ્રિયજનને પણ મારતાં અચકાતી નથી. આવા સુંદર–શુરવીર અને પ્રેમવાળા પતિને મારતાં જે સ્ત્રી સહેજે ખચકાતી નથી તે મારા પ્રત્યે કેવી રીતે પ્રેમવાળી થઇ શકશે ? આવી સ્ત્રી ઉપર વિશ્વાસ કેવી રીતે કરાય ?

આ સંસારમાં પુરૂષો અત્યંત સ્નેહથી સ્ત્રીઓનું પોષણ કરે છે. સ્ત્રી માટે અનેક દુ:ખો સહન કરે છે. પોતાનું શરીર પણ સોંપી દે છે એવી સ્ત્રીઓનો સારી રીતે સંગ કરે છે. સ્ત્રીઓ વાસના સંતોષવા બહેકી જઇને પુરૂષને મારી નાંખતા સહેજે વિચારતી નથી. સ્ત્રીના મનની ચપળતા કોઈ સમજી શકતું નથી. તેથી મારા ભાઇએ તે સ્ત્રીનો હાથ કંપાવ્યો જેથી તેણીના હાથમાંથી તલવાર પડી ગઈ. પેલા સુભટે પૂછ્યું કે આમ કેમ ? ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે મારા હાથમાંથી તલવાર પડી ગઇ. તેમ છતાં પેલા સુભટે તેના ઉપર વિશ્વાસ રાખ્યો અને મંદિરમાં રાત વિતાવી.

મારો ભાઇ આખી રાત તે દેવ પ્રતિમાની પાછળ બેસી રહ્યો અને સવાર થતાં સુભટ તેની સ્ત્રીને લઇને ગયો. ત્યારબાદ તે ત્યાંથી નીકળી અમારી પાસે આવી સર્વ હકીક્ત કહી. ત્યારબાદ અમે વિચાર્યું કે હવે આપણે એ સુભટની પાછળ એને ઘેર જવું યોગ્ય નથી. માતાની આજ્ઞાથી આપણે શત્રુને મારવા નીકળ્યા છીએ પરંતુ સૌથી પ્રથમ તો આપણા સાચા દુશ્મનોને ઓળખી તેનેજ મારવા જોઇએ. આપણા સાચા દુશ્મનો છે **મોહ અને કામ.** જગતમાં માનવી જેવા દુશ્મનોને તો સૌ મારી શકે છે પણ

આ બે અદ્રશ્ય પણ અતિ ભયંકર દુશ્મનો છે તેને મારી શકીએ તોજ સમર્થ ગણાય.

આ સંસારમાં કોઈ કોઇનું કોઈ નથી. મા–બાપ, ભાઈ–બહેન, સ્ત્રી કે પુત્ર પરિવાર સૌએ સ્વાર્થનાં સગાં છે. વિષયો વિષ સમાન છે. ઇન્દ્રિઓની લોલુપતા ભયંકર છે. આ બધું જાણવા છતાં માણસો બેદરકાર રહી જીવન બરબાદ કરે છે.

જ્યારે કરેલા કર્મો ભોગવવાના આવે છે ત્યારે અત્યંત પ્રેમાળ પત્નિ અઢળક ભેગી કરેલી મિલ્કત કે લક્ષ્મી–બુદ્ધિ-શાળી અને બહાદુર પુત્રો કે જિગરજાન મિત્રો પણ છોડાવી શક્તાં નથી. જે જેવું કરે છે તેવું જ પામે છે. કુટુંબ ખાતર કરેલા કર્મો–કુટુંબને નહિ પણ પોતાને જ ભોગ-વવા પડે છે ત્યારે બોર બોર જેવડાં આસું પડે છે જેને લુછનાર પણ કોઇ હોતું નથી. આવી રીતે અમોને જ્ઞાન થતાં અમે ત્યાંથી ચાલી નીકળ્યાં.

અમે આજદીન સુધીમાં કરેલાં અનેક કર્મો ધોવા કોઇક તીર્થભૂમિની શોધ કરવા નીકળ્યાં. ત્યાંજ અમોને એક મહાજ્ઞાની ગુરૂ મલી ગયાં. તેમનું નામ હતું દ્રઢવતી મુનિ. અમે તેમને વંદન કરી તેમનો ઉપદેશ સાંભળી સંસાર ત્યાગી વૈરાગ્ય ઉપજતાં સાધુ ધર્મ અપનાવ્યો એટલે કે દિક્ષા ગ્રહણ કરી. અને ગુરૂજીએ અમારા નામ અનુક્રમે દ્રઢ ધર્મ, ધર્મરૂચિ, ધર્મદાસ, સુવ્રત, દ્રઢ વ્રત અને ધર્મ-પ્રિય આપ્યાં ત્યારથી અમે સૌ સાથે એક બીજાને મદદ

ફરતાં ફરતાં ઠેર ઠેર વિહાર કરીએ છીએ. અમારા જીવનમાં વૈરાગ્યનું કારણ એક 'સ્ત્રી' જ છે.

મુનિની વાણી સાંભળીને અગલદત્ત બોલ્યો, હે મુનિરાજ ! તમારા ભાઇ અર્જુનને મારનાર હું પોતે જ છું. અને આપની વાતથી જ મને જ્ઞાન થયું કે મારી સ્ત્રી કેવી છે ! હે પ્રભુ ! સારું થયું કે મારી પત્નિના હાથે હું મૃત્યુ પામ્યો નહિં. નહિંતર આર્તધ્યાનપૂર્વક મરીને હું નરકમાં જ જાત.

હે મુનિરાજ ! આપની વાણી સાંભળી મારી આંખો ખુલી ગઈ છે. અત્યાર સુધી સ્ત્રીમાં આસક્ત રહી જીંદગીના અમૂલ્ય વર્ષો વ્યર્થ ગુમાવ્યા છે. આજે આપનો સત્સંગ મને લાભદાયક થયો છે. મારો વિષય મોહ દૂર થઇ ગયો છે. હવે તો ભવસાગરમાં ડૂબી રહેલાં એવા મને બચાવો. હવે મને આ સંસાર ખારો ઝેર લાગે છે મને દીક્ષા આપો. આમ સંસારમાંથી વિરક્ત થયેલા એવા આ અગલદત્તને મોટા મુનિએ દિક્ષા આપી. અને તેની પાછળ ખૂબ મહેનત લઇ સાધુઓનો સઘળો આચાર શિખવાડયો.

આમ અગલદત્ત સાધુ બની ગામે ગામ વિહાર કરતાં થકા અહીં આવ્યા. તે હું પોતેજ છું એમ ધમ્મિલને સમજાવ્યું.

---

- ધર્મ, પાપીઓને પણ તારે છે.
- ધર્મ, અસત્‌માંથી સત્‌પંથે લઈ જાય.
- ધર્મ એ જગતના માટે તારણ ભૂત છે.

## ૧૧. ધમ્મિલ ભોગવિલાસમાં

ધમ્મિલકુમાર આપઘાત કરવાનું માંડી વાળી જીવતો નર ભદ્રા પામે તેમ સમજી જીર્ણ ઉદ્યાનમાંથી પાછો ફર્યો અને એક મનોહર બગીચામાં ગયો ત્યાં અશોક વૃક્ષની નીચે એક મુનિરાજને જોયાં તેમનો ઉપદેશ સાંભળતો તે બેઠો હતો. મુનિએ અનેક દૃષ્ટાંતો દ્વારા ધર્મ સમજાવ્યો.

તે મુનિ બોલ્યા. ધમ્મિલ ! આ અગલદત્તનું દૃષ્ટાંત તને કહ્યું તે મારી પોતાનીજ વાત છે. સ્ત્રીઓ પાસેથી સુખની આશા રાખવી એ નરી મૂર્ખતા છે. ભ્રાંતિ–મોહ–ભ્રમ અને કદાગ્રહ છે. મેં સ્ત્રીને કારણે અનેક પ્રકારના કષ્ટો સહન કર્યા છે. અને તેથીજ તને કહું છું કે સ્ત્રીમાં આસક્ત થઇ હવે વધુ દુઃખી ન થા.

આટઆટલું મુનિના મુખેથી સાંભળવા છતાં ધમ્મિલને ભોગવિલાસની ઇચ્છા ઘટતી નથી. એટલે દલીલ કરે છે કે હે મુનિ ! શું બધી સ્ત્રીઓ એક સમાન હોય છે ? હું માની શક્તો નથી કેમકે એક જ હાથની પાંચે આંગળીઓ સરખી નથી અરે ! જેની કુક્ષીમાં જિનેશ્વર દેવો ચક્રવર્તીઓ વાસુદેવો અને એવા અનેક મહાપુરૂષો જન્મ પામ્યા છે એ રીતે રત્નોની ખાણ સરખી સ્ત્રીઓને નિંદનીય કેમ કહી શકાય ? વળી સ્ત્રીઓને જ કેમ ? શીલથી ભ્રષ્ટ થયેલાં કેટલાંક પુરૂષોને ન તજવા જોઇએ ? તેમજ શીલવંતી સતીઓ શું ઉપાસ્ય નથી ?

હા. કોઇએક સ્ત્રી ચારિત્રવિનાની હોય પણ તેથી બધીજ સ્ત્રીઓ એવી હોય એવું માનવું વ્યાજબી નથી,

વળી પતિના મૃત્યુ પછી પુનર્લગ્ન પણ કરતી નથી. આવી સ્ત્રીઓ ને કઈ રીતે ત્યાજય કહેવી !

વળી પાપી પુરૂષો સાતમી નરકસુધી જાય છે જ્યારે સ્ત્રીઓ સાતમીએ તો નથી જતી. મોક્ષ મેળવવા માટે સ્ત્રી કે પુરૂષ બંન્ને હકદાર છે પુરૂષોથી અધિક પ્રમાણમાં ધર્મ કરનાર સ્ત્રીઓને આપ કેમ નિંદો છો તે મને સમજાતું નથી. જગતમાં સતીઓના ઉત્તમચિત્રો ઘણા ઘણા જોવા મળે છે. તે આદરણીય પણ છે. માટે સ્ત્રી જાતિ એકાંતે ત્યાજ્ય નથી. નારીની શક્તિ અનુપમ હોય છે.

ધમ્મિલ કુમાર કહે હે મુનિ ! આપે સ્ત્રીઓને અનેક દોષો વાળી જણાવી સ્ત્રીને નરકની ખાણ કહી છે. પરંતુ બધીજ સ્ત્રીઓ એવી હોતી નથી.

આપ તો સંસારથી વિરક્ત હોવાથી આપને સ્ત્રીઓ દોષવાળી જણાય. પરંતુ હું તો રાગી છું અને તેથી હું સ્ત્રીઓને સંસારમાં સારભુત માનું છું.

વળી ધમ્મિલ કહે હે મુનીશ્વર ! આપે કહેલું કે હું તારું દુઃખ દૂર કરવાને સમર્થ છુ એમ કહીને આપે જે પ્રતિજ્ઞા કરેલી છે. તે આપ જરા યાદ કરો ! હે દયાળુ ! ભોગો ભોગવવાની મારી ઇચ્છા હજુ તૃપ્ત થઇ નથી. મારૂં મન હજુ ધન મેળવવાની ઇચ્છાવાળુ છે અને બાપની આબરૂ ફરી પાછી મેળવવાની છે તો આપ મારી બધી ઇચ્છાઓ પૂર્ણ થાય એવું કરો.

ત્યારે મુનિરાજ બોલ્યાં. હે ધમ્મિલ ! હે પુત્ર ! જો તું સાધુનો વેશ ધારણ કરી, સળંગ છ માસ સુધી

આયંબીલનું તપ કરીશ તો મનવાંછિત લક્ષ્મી જરૂર પ્રાપ્ત થશે. જેવી રીતે અગ્નિ સુવર્ણને શુદ્ધ કરે છે. ગરમી વરસાદ લાવે છે-ક્ષાર કપડાનો મેલ દૂર કરે છે. કડવાશ રોગ મટાડે છે. ટાંકણું મૂર્તિની પૂજા કરાવે છે. જમીન ધાન્ય નીપજાવે છે તેમ આ છમાસના આયંબીલનું આકરું તપ તરત ફળે છે. તેથી તરતજ ધમ્મિલે સાધુનું વ્રત અંગીકાર કર્યું. સાધુનો વેષ પહેરી ત્યાંથી તુરતજ વિહાર કરી કોઈ અનજાન નગર પાસે કોઈ ભૂતમંદિર જેવા સ્થળે રહ્યો.

મુઠ્ઠીભર અનાજ જેટલા આહારથી જીવન નભાવતો થકો પોતાનું આકરૂં તપ કરવા લાગ્યો. સ્નાન વિનાનું પર-સેવાથી ચીકાશવાળું શરીર મેલાઘેલા કપડાં તથા તેમાં ઉત્પન્ન થતાં જૂ લીંખ, માંકડ, ડાંસ, વગેરે જંતુઓથી થતી ઉપદ્રવની વ્યથા પણ સહન કરવા લાગ્યો આમને આમ છ માસ પસાર થઈ ગયાં. ત્યારે તેણે આકાશમાંથી દેવ-વાણી સાંભળી.

હે ધમ્મિલ ! તું વિશ્વાસ શ્રદ્ધા રાખજે ! તું વિદ્યાધર રાજાની અને શાહુકાર શેઠીયાઓની બત્રીસ કન્યાઓ મેળવી વિપુલ સંસારસુખ પામીશ. અને તારી ઇચ્છા મુજબ ભોગ-સુખ તથા લક્ષ્મી પણ મેળવીશ આ સાંભળી ધમ્મિલ રાજી થયો.

દેવની વાણી સાંભળી ધમ્મિલ ભૂતના મઠમાં બેઠો હતો. તેવામાંજ કોઇક તાપસબાઇ ત્યાં આવી અને બોલી કે અહીં ધમ્મિલ છે? ધમ્મિલે કહ્યું-હા હું જ ધમ્મિલ

છું. ત્યારે તેણીએ કહ્યું ચાલ, જલદી રથમાં બેસી જા, ચંપા નગરી તરફ જવાનું છે. આ સાંભળી ક્ષણવાર તો ધમ્મિલ વિચારમાં પડી ગયો. આ બાઈ કોણ હશે? મારૂં નામ ક્યાંથી જાણતી હશે? હું અહીં છું. તેવી તેને ક્યાંથી ખબર પડી હશે? મને કેમ બોલાવતી હશે?

ફરી વિચાર કરે છે કે જે હોય તે! દેવોએ જ આ કર્યું છે પછી મારે ચિંતા કરવાની શું જરૂર છે? જેથી ધમ્મિલ તરત જ કૂદકો મારી રથમાં બેસી ગયો અને મુનિના વેષથી મુક્ત બની સારથી બની રથની લગામ હાથમાં લીધી અને ચંપાપુરી તરફ હંકારવા લાગ્યો. રથમાં બેઠેલી એક કન્યા તેણે જોઇ.

ધમ્મિલ વિચારે છે કે ખરેખર આ તાપસી જેનું નામ બોલી છે તે કદાચ અન્ય કોઈ ધમ્મિલ હશે. એક સરખાં નામવાળા ઘણા માનવી હોઈ શકે. હું ધમ્મિલ નામ સાંભળી રથમાં બેસી ગયો છું પણ પ્રભાત થતાં તે સ્ત્રી મારુ રૂપ જોઈને ગુસ્સે થઇ જશે. એવામાં પ્રાતઃકાળ થયો. અજવાળું વેરતો સૂર્ય દેખાવા લાગ્યો. રસ્તામાં કલકલ કરતું ઝરણું જોઇ રથ ઊભો રાખી ઘોડાઓને જોતરેથી છોડી પાણી પાયું અને ઊભા રાખ્યાં.

રથમાં બેઠેલી અત્યંત સ્વરૂપવાન કન્યાને જોઇ ધમ્મિલ મોહ પામ્યો. પરંતુ ધમ્મિલને જોઇ કન્યા ખેદ પામી. અર્ધો સાધુનો અને અર્ધો ગૃહસ્થનો વેશ તેમજ દેખાવમાં પણ ન ગમે તેવો પુરૂષ જોઈ તે કન્યા બોલી હે માતા! આ માણસ કોણ છે? આવો ભયંકર દેખાવવાળો માણસ તો આજદીન સુધીમાં

મેં ક્યાંય જોયો નથી. ભૂત ઘરમાંથી આવેલ કોઇ ભૂત જ લાગે છે. મેં પૂર્વે જે ધમ્મિલ જોયો હતો તે ધમ્મિલ આ નથી. આ તો કોઈજ બીજો જ લાગે છે. રાત્રીના અંધકારમાં મેં તેને બરાબર જોયેલ નહિ. નહિંતર હું તેને રથ ઉપર ચડવા જ ન દેત. હે માતા! મારો પ્રિયતમ ધમ્મિલ મળી શક્યો નથી. એટલે હવે આગળ જવાની શી જરૂર છે! હું તો હવે અહીંથી જ પાછી વળવા માંગુ છું. ધાવમાતા કહે બેટા? પાછી જઇશ તો તારી બે આબરૂ થશે માટે અત્યારે અમારી સાથે ચંપાપુરીમાં આવ. પછી તારી ઇચ્છા મુજબ કરીશું તે બંન્નેની વાત ધમ્મિલ સાંભળતો હતો. છતાં મૌન રહી રથને ઘોડાઓ જોડયા. પછી જેવો ધમ્મિલ રથ ઉપર પગ મૂકીને ચડવા જાય છે કે તરત જ કન્યાએ સારથી બની રથ હોડાવ્યો. ધમ્મિલે રથ પકડી રાખ્યો હતો તેથી આ નિર્દય કન્યા ચાબુક ફટકારવા લાગી. તેમ છતાં ધમ્મિલે રથ છોડયો નહિ.

આગળ જતાં થાક લાગતાં અને ભૂખ લાગતાં એક નગરની નજીક રથ ઊભો રાખ્યો. ત્યારે ધમ્મિલે કહ્યું તમે જરાય મુંઝાશો નહિ. હું ગામમાં જઈને ભોજન સામગ્રી લઈ આવું છું. ત્યાં સુધી આરામ કરો. અને ધમ્મિલ તે નગરમાં ગયો. ત્યાં ઘણા માણસો સાથે ઊભેલા ઠાકોરને જોયાં. તેમના મુખ ઉપર ચિંતા દેખાતી હતી. ધમ્મિલે ત્યાં આવી ચિંતાનું કારણ પૂછયું ત્યારે ઠાકોરે કહ્યું કે મારો ઉત્તમ લક્ષણવાળો વછેરો ગમે તે રોગને કારણે સુકાતો જાય તે અનેક ઉપાયો કરવા છતાં કંઇ વળતું નથી.

મને ચિંતા છે કે શું આવો રૂડો રૂપાળો વછેરો મરી જશે !

ધમ્મિલ કહે ઠાકોર ! ચિંતા ન કરો. આના શરીરમાં કંઇક શલ્ય છે તેણે તરત જ ભીની માટી વડે તેના શરીર ઉપર લેપ કર્યો અને વછેરાને છાયામાં ઊભો રાખ્યો. પછી બારીકાઇથી નિરીક્ષણ કર્યું. જે ભાગની માટી વહેલી સુકાઈ ગઈ તે ભાગમાં જ શલ્ય છે એમ સમજી તે ભાગમાં થોડું વાઢકાપ કરી શલ્ય શોધીને કાઢી નાંખ્યું અને વ્રણ રોહિણી નામની (સંરોહીણી) ઔષધિ લગાડી તેનો ઘા તરત જ રૂઝવી દીધો. વછેરો નિરોગી થયો. તેથી ઠાકોર બહુ ખુશ થઇ ગયાં. અને પૂછવા લાગ્યા કે હે પરદેશી ! તારી કલાથી હું ખુશ થઈ ગયો છું. તું કોણ છે અને ક્યાંથી આવે છે ! તેમજ તારી સાથે કોણ કોણ છે ?

ધમ્મિલ કહે હે મિત્ર ? મારું નામ ધમ્મિલ છે. હું કુશાગ્ર પુરથી આવું છું. ગામ બહાર મારો રથ ઊભો રાખ્યો છે. તેમાં મારો પરિવાર છે. તેથી ઠાકોર ત્યાં જઇ બંન્ને સ્ત્રીઓને રથ સહિત ગામમાં લઈ આવ્યા. તથા તેમને ખાવા-પીવાની-રહેવાની સ્નાન તથા વસ્ત્રોની વ્યવસ્થા કરી આપી. ગુણવાન ગમે ત્યાં જાય પણ અધિક માન મેળવનારો બને છે. સૌએ ખાઇ પીને આરામ કર્યો. ધમ્મિલે ઠાકોર સાથે રહી દિવસ પસાર કર્યો.

થાક અને દુઃખથી કંટાળેલી રાજપુત્રી સૌથી પહેલી રાત્રિની શરૂઆત થતાં જ નિદ્રાવશ થઇ ગઈ. ત્યારબાદ પેલી તાપસબાઈ ધમ્મિલ પાસે આવી ત્યારે ધમ્મિલે પૂછ્યું કે તમે બંન્ને કોણ છો ! શા માટે નીકળ્યા છો ! મને કેમ

બોલાવ્યો હતો ? અને બોલાવ્યા પછી આ કન્યા મારી પ્રત્યે આવું નિષ્ઠુર આચરણ કેમ કરે છે ? ત્યારે તાપસી કહે હે ધમ્મિલ, અમારી આખી વાત શાંતિથી સાંભળ.

માગધપુર નામે એક મોટું નગર છે, વિશાળ રાજ માર્ગો ઉપર હાથી ઘોડા અને રથ શોભી રહ્યા છે. મોટી મહેલાતો અને ગગનચુંબી ઈમારતોથી નગર શોભે છે. તેમાં અરિદમન નામે રાજા રાજ કરે છે તેમને કમલા નામે પુત્રી છે અને હું તેની ધાવમાતા છું મારું નામ વિમલા છે.

રાજાએ પુત્રીને સ્ત્રીને લાયક બધી કળામાં નિપૂણ બનાવી છે. પરંતુ તે યુવાન થતાં પૂર્વ જન્મના યોગે પુરૂષો પ્રત્યે નફરતવાળી હતી. તે કહેતી કે પુરૂષો તો સ્વાર્થી, નિર્દય, ચલિત ચિત્તવાળા અને કોઈનું ભાંગનારા જ હોય છે એટલે તે કોઈપણ પુરૂષને જુએ તો દુઃખી થઈ જતી. અનેક કુલીન રાજપુત્રોને જોયાં છતાં કોઈના પ્રત્યે તેણીને સહેજે પ્રેમ ઉપજતો નહિ. ધિક્કાર જ ઉપજતો. હું વિચારતી કે આવી સુંદર ગુણવાન છોકરીને પુરૂષો પ્રત્યે દ્વેષ ભાવ કેમ રહે છે ! તેથી વિચાર્યું કે જો આ છોકરીને ચૌટા વચ્ચે ભર ગીરદીમાં રાખીએ અને કદાચ કોઈ નવ યુવાન પુરૂષને જોઈને તેની પ્રત્યે રાગી થાય તો સારૂં. મેં રાજાને વાત કરી. રાજાએ તે મુજબની વ્યવસ્થા કરી. નગરની વચ્ચે મહેલ રાખ્યો. ચારે દિશામાં બજાર અને માણસો જ દેખાતાં મહેલમાં તમામ કાર્ય માટે સ્ત્રીઓ જ હતી.

એક દિવસ કમલા ઝરુખામાં બેઠી બેઠી નગરની ચહલ પહલ જોઈ રહી હતી. ત્યાં કોઈ અત્યંત સ્વરૂપવાન કોઇ યુવાન રાજમાર્ગ ઉપર પસાર થઈ રહ્યો હતો તેને જોઇને પુરૂષ પ્રત્યેનો તેનો દ્વેષ ભાવ શાંત બની ગયો.

તેણીના મનને ગમી ગયો. ત્યારે મને કહ્યુ-હે માતાજી આ યુવાનને જોઇને મારા હૈયામાં કંઈનું કંઇ થઈ જાય છે. અત્યંત આનંદ થાય છે. તે કોણ છે? માતાજી? તમે ગમે તેમ કરો પણ તે યુવાન મને સ્વીકારે. તેના વગર હવે હું જીવી શકું તેમ નથી મારું હૈયું તેના પ્રત્યે અદ્‌ભુત રાગવાળું થયું છે.

મેં વિચાર્યું કે અત્યારે તેનું હૈયું ઠર્યું છે તો આ કાર્ય જલદીથી પતાવી દેવું જોઇએ. કોણ જાણે ક્યારે એનું મન ફરી જાય! એનું ચંચળચિત્ત છે. ભરોસો ન રાખવો જોઈએ.

આથી તરત જ હું તે યુવાન પાસે ગઈ અને પૂછ્યું કે તું કોણ છે? અને કોનો પુત્ર છે! ત્યારે તેણે કહ્યું કે હું સમુદ્રદત્ત શેઠનો પુત્ર છું. મારૂં નામ ધમ્મિલ કુમાર છે. ત્યાર પછી ફરીવાર મેં તેને કહ્યું હે યુવાન! તું ખરેખર નસીબદાર છે. આપણા રાજાની કુંવરી તને જોઇને તારા પ્રેમમાં પડી ગઇ છે. જે પહેલાં પુરૂષોની નફરત કરતી તે આજે તને જોઇને મદ્‌હોશ બની ગઈ છે. માટે હે મહાભાગ્યવાન! તું આ રાજકન્યાને પરણી સુખી થા.

યુવાન કહે હે માતા! આવી ગોળથી યે ગળી વાત કોને ન ગમે! પરંતુ હું વણિક પુત્ર છું તો રાજકન્યાને શી રીતે પરણી શકું! તમે જરા વિચારો ક્યાં રાજહંસી અને

ક્યાં બગલો ? ક્યાં મણિ અને ક્યાં પથરો ! ક્યાં કલ્પવેલી અને ક્યાં ઘાસ ? ક્યાં રાજપુત્રી અને ક્યાં હું ? આ કોઇ રીતે શોભે ખરું ?

ત્યારે મે કહ્યું—હે પુત્ર ! આવું દોઢ ડહાપણ છોડી દે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવાય નહિ. આવતી લક્ષ્મીને તો વધાવી લેવી જ જોઇએ ! ત્યારે ધમ્મિલ કહે તમારી વાત સાચી છે પરંતુ મારે મારા માતાપિતાને તો પૂછવું જોઇએ ને ? મેં કહ્યું સારું જા, તારા માતાપિતાની મંજૂરી લઇને તરત જ પાછો આવી જા. એ પ્રમાણે તે તરત જ પાછો આવ્યો અને બોલ્યો— હે માતાજી ! મારા પિતાએ કહ્યું કે રાજપુત્રીનો રાગ જોઇને તું શા માટે ખુશ થાય છે ? તું વિચાર કે રાજ-કન્યા મેળવવાને લાયક તું છું ખરો ? મોટા સાથે નાનો જાય તો મરે નહિ તો માંદો તો થાય જ, તને તારા લાયક ઘણી કન્યાઓ મળશે. દાસપણું કરવું હોય તો જ રાજ-કન્યાનો સ્વીકાર કર, અન્યથા નહિ.

મારા પિતાની અનિચ્છા હોવા છતાં જો હું આ રાજ-કન્યાને પરણું તો મારા પિતા મને ઘરમાં રહેવા દે ખરા. પરંતુ હે માતા ! મને એક ઉપાય સુઝે છે કે મારા મામા ચંપાપુરીમાં રહે છે. તેમને મારા પ્રત્યે ખૂબ પ્રેમ છે. આ રાજકન્યાને પરણીને ત્યાં જઇને સુખેથી રહી શકું. મેં કહ્યું—કે ભાઇ તારે જ્યાં રહેવું હોય ત્યાં રહેજે પણ આ રાજકુમારી સાથે લગ્ન કરી લે. રાજાના જમાઈ બન્યા પછી રહેવાની શું મુશ્કેલી રહેવાની છે ?

તેથી તેણે કહ્યું કે તું તારી કન્યાને લઇને આ ભુત-ઘરમાં આવજે હું તમને ત્યાં મળીશ એમ કહીને તે ચાલ્યો ગયો છે. તેના કહેવા પ્રમાણે રાજપુત્રીને લઇને હું ભુતમંદિરમાં આવી અને ધમ્મિલને બુમ પાડી તેમાંથી તો તું ભાગ્યશાળી મળ્યો ! હવે શું કરું ? હવે આ કન્યા તારામાં શી રીતે પ્રેમવાળી થાય તેજ વિચારું છું.

હે પુત્ર ! તું પણ તારી સત્ય હકીક્ત મને કહી સંભળાવ જેથી પરસ્પર સંબંધ વધે. ત્યારે ધમ્મિલ બોલ્યો હે માતાજી ! કુશાગ્રપુરના રહેવાસી સુરેન્દ્રદત્ત શેઠનો પુત્ર નામે ધમ્મિલ છું વેશ્યાના વ્યસનથી મારું ઘર ધન અને પરિવાર નાશ પામ્યા છે. કંટાળીને ધન નહિં મલવાથી વેશ્યાએ મને ફેંકી દીધો. આપઘાત કરવાની ઇચ્છાથી વનમાં જવા છતાં આપઘાત ન પામી શકયો. તેવામાં ત્યાં એક મુનિરાજ મલ્યાં. તેમણે મને શાંત પાડયો. ત્યાંથી ભમતો ભમતો અહીં આવી બેઠો હતો. અહીં દેવોની વાણી સાંભળી એવામાં જ તમે આવીને બોલવ્યો ત્યારે વિમલા બોલી હે વત્સ ! અમારા નસીબે તું મલી આવ્યો છે તે બરાબર છે ખોટો પશ્ચાતાપ કરવાથી શું વળવાનું છે ? પરંતુ તને વિનંતિ કરું છું કે હવેથી તું એવી રીતે રહેજે અને બોલજે કે જેથી મારી પુત્રી તારા પ્રત્યે રાગવાળી થાય, ધમ્મિલ કહે હે માતાજી ! જો આપ મારા ઉપર પ્રસન્ન રહેશો તો મારા મનોરથો અવશ્ય સિદ્ધ થઇ જશે.

આમ તેઉ બંન્ને વાત કરી રહ્યા હતા તેવામાં પ્રભાત થયું. કમલા પણ ઊંઘમાંથી ઊઠી ગઇ. પ્રાતઃકાળનું કાર્ય

પતાવી ઠાકોરની રજા લઈ સર્વે ચાલી નીકળ્યાં. તેમનો રથ ચંપા નગરી તરફ દોડવા લાગ્યો. આગળ જતાં ભયંકર વન આવ્યું. રસ્તામાં મોટા ભયંકર સર્પો હતા. ધમ્મિલે પોતાની વિદ્યાથી તેમને દૂર ફેંકી દીધા આગળ જતા માણસ ખાઉ વિકરાળ સિંહ મળ્યો. અહીં પણ ધમ્મિલે મંત્રબળથી સિંહને શાંત કરી દીધો આગળ જતાં મદઝરતો મહાકાલ મોટા દંતુશળ વાળો હાથી મળ્યો. હાથીને જોઈને કમલા અને વિમલા ધ્રુજવા લાગ્યાં. ધમ્મિલે તેમને હિંમત આપી અને નહિં ગભરાવા કહ્યું હું હમણાંજ એને સીધો કરીશ અને ભગાડી મૂકીશ.

તરતજ ધમ્મિલ રથમાંથી નીચે ઉતર્યો અને હાથીની સામે ગયો. માથે બાંધેલ ફેંટો તેની સામે ફેંક્યો. હાથી સુંઢથી ફેંટો લપેટવા ગયો તે લાગ જોઈને ધમ્મિલ તેના બંન્ને દાંતો ઉપર પગ મૂકીને તેના મસ્તક ઉપર ચડી બેઠો. અને ત્રિશુળથી મારવા લાગ્યો. હાથી ગભરાઈને દોડા દોડ કરતો બૂમો પાડતો અને કૂદતો હતો. સુંઢથી ધમ્મિલને પકડવા ઘણી કોશિષ કરતો પરંતુ તે ફાવી શક્યો નહિં. હાથી ખૂબ થાકી ગયો અને નરમ બની ગયો ત્યારે ધમ્મિલ ઊતરીને રથમાં બેસી આગળ ચાલવા લાગ્યો. આગળ જતા એક મહાભયંકર લાલઘુમ આંખોવાળો જંગલી પાડો મળ્યો. રથના ઘોડાઓ પણ તેને જોઈને ગભરાવા લાગ્યા એટલે ધમ્મિલે સિંહનાદ કર્યો. આટલામાં ક્યાંક સિંહ આવી ચડ્યો છે એમ સમજી પાડો તુરતજ ભાગી ગયો. આમ રસ્તામાં સર્પ સિંહ–હાથી પાડો મલ્યા પણ કોઈને તેણે

માર્યા નહિં કારણ – જૈનો દયા ધર્મનું પાલન કરતા હોય છે, કોઇને મારવામાં માનતા નથી પણ રક્ષણ કરવામાં માને છે.

આગળ જતાં ચોરોનું ટોળું મળ્યું અને તેમણે રથને ઘેરી લીધો. ધમ્મિલ ડાંગ લઇને નીચે ઉતર્યો અને ફટાફટ બે ચારને વધેરી નાંખ્યા આ જોઇ સૌ ચોર હથિયાર મૂકીને ભાગી ગયા. ધમ્મિલે બધાં જ હથિયાર ભેગાં કરી રથમાં ભર્યા. એવામાં ભીલોનો સેનાપતિ લડવા આવી પહોંચ્યો. ધમ્મિલે તેમનાજ હથિયારોથી શત્રુના ઘણાં માણસોને મારી નાંખ્યા. સેનાપતિને પણ મોતને ઘાટ ઉતાર્યો તે જોઈ અન્ય ભીલો ભાગી છૂટયા વિજયી ધમ્મિલ રથ લઇ આગળ ચાલવા લાગ્યો. તે વખતે વિમલા પુત્રી કમલાને કહે છે આ માણસ ખરેખર કુશળ લડવૈયો મહા બુદ્ધિશાળી મર્દ છે. તેમ તેના ગુણોની પ્રશંસા કરવા માંડી. આ માણસ આગળ જતાં જરૂર મોટું માન મેળવશે હવે તારે તેના પ્રત્યે દ્વેષ રાખવો નકામો છે. તેં જે ધમ્મિલને જોયો છે. તે ખરેખર સુંદર હશે. પરંતુ આ ધમ્મિલ તો બુદ્ધિશાળી, બહાદુર અને સમજુ છે. રૂપરંગનો મોહ છોડીને ગુણની કિંમત કરતાં શીખ ! મારૂં કહેવું છે કે તું આ ધમ્મિલને સ્વીકારી લે.

આ સાંભળી કમલા બોલી હે માતા ! મને લાગે છે કે ઉંમરની સાથે સાથે તારી બુદ્ધિ ફરી ગઇ લાગે છે. જે મને ગમતું નથી તેનું નામ મને શા માટે યાદ કરાવે છે. મને આ દીઠો ગમતો નથી.

આ ધમ્મિલનું નામ મને પ્રેમ ઉપજાવતું નથી તો

પછી સ્પર્શની તો વાત કરવાની કયાં રહી? જેની પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થતો નથી એવા પુરૂષ સાથેનો ગૃહસ્થાવાસ નિંદવા યોગ્ય છે. સમાજમાં પરણેલી ઘણી નાદાન સ્ત્રીઓ પરપુરૂષને હેરાન હેરાન કરી મૂકે છે તેવી રીતે હિંમતવાન સ્ત્રી એકલી હોવા છતાં કોઇ પરપુરૂષ તેની સામે જોવાની હિંમત કરી શકતો નથી. આ માટે મહાસતી શીલવતીની હિંમતનો વિચાર કર તે માટે આ દૃષ્ટાંત સાંભળ.

---

હરરોજ વિચાર કરો.
વિકૃતિમાંથી પ્રકૃતિમાં આવવા માટે
ભગવાન મહાવીર જેવા કષ્ટો ક્યારે સહન કરીશ.
ખંધક મહાત્મા, ગજસુકુમાલમુનિ જેવી આત્મ સાધના ક્યારે કરીશ.

---

- ધર્મ,–ત્રિકાળ વહેતું જીવત ઝરણું છે.
- ધર્મ, મારા રોમેરોમમાં વ્યાપી રહો.
- ધર્મ, માનવ–જીવનનું પ્રગટ–અપ્રગટ રહસ્ય છે.
- ધર્મ વડે દાનવ–વાનર–પણ માનવ બને છે.
- ધર્મ, ક્રિયાજ નથી અંતરયાત્રાનું શુભતત્ત્વ છે.
- ધર્મ, વીતરાગ તીર્થંકરોદિએ પ્રગટ કરેલો મૂળ માર્ગ છે.

# ૧૨. શીયળનું તેજ

આ જંબુદ્વિપમાં ભરત ક્ષેત્રમાં લક્ષ્મી નિવાસ નામે નગર હતું. અહીં અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તે મહાબળવાન હોઈ અનેક રાજાઓને હરાવી ખંડીયા બનાવ્યા હતા. નગરની અને પ્રજાની જાહોજલાલી વધારી હતી. આ મહાપ્રતાપી રાજાએ નગરના લોકોને સર્વ રીતે સુખી કર્યા હતા. તેના રાજ્યમાં ચોરી કે લુંટફાટ કદી થતી નહિ. કુલટા સ્ત્રીઓ પ્રત્યે હંમેશા કરડી નજર રાખતો.

આ નગરમાં સાગરદત્ત નામનો એક અતિ ધનાઢ્ય શેઠ રહેતો હતો અને તેને વિનયશ્રી નામે પત્નિ હતી. તેમને સમુદ્રદત્ત નામે પુત્ર હતો. તે યુવાન થતો તેના પિતાએ ઘણા ધામધુમથી ઈન્દ્રદત્ત શેઠની પુત્રી શીલવતી સાથે પરણાવ્યો. પિતાની પરમ કૃપા હતી. લક્ષ્મીના ઢગ પડેલા હતાં એટલે ભોગ સુખ અને મઝા સિવાય બીજી વાત નથી. પિતા હવે દિવસે દિવસે ઉંમરલાયક થતાં જતા હતા. મોડી રાત્રે પથારીમાં બેઠા બેઠા વિચાર કરે છે કે આખી જીંદગી મહેનત કરી. અને અઢળક ધન સંપત્તિ એકઠાં કર્યા. પુત્રને પરણાવ્યો હવે તો કોઈ જવાબદારી રહેતી નથી.

હે, આત્મા ? ક્ષણે ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે. મેં આટલું કર્યું છે અને આ હજુ કરવાનું છે ત્યાં તો રોગ અને વૃદ્ધાવસ્થાએ ઘેરી લીધા છે. વૃદ્ધાવસ્થા આવતા રૂપ નષ્ટ પામ્યું. શારિરીક શક્તિ નાશ પામી દાંત પાડી નાંખ્યા.

કંઠ રૂંધાવા લાગ્યો. હાથ પગ ધ્રુજવા માંડયા મૃત્યુ નજીક આવી રહ્યું છે. હવે તો કાંઇક સમજ, એક પછી એક એમ અનેક નોટિસો આવી ગઈ છે. માનવી માત્રને એક દિવસે એ રસ્તે જવાનું નક્કી છે માટે પુણ્ય અને ધર્મ કાર્ય કરવું જ જોઇએ.

જૈન શાસ્ત્રકારોએ 'વત્થુ સહાવો ધમ્મો' કહ્યું છે. દરેક પદાર્થને નિજ સ્વભાવ હોય છે. જડ પદાર્થને જડ રૂપ અવસ્થા છે. ચેતનને ઉપયોગ લક્ષણ રૂપ અવસ્થા છે. જલમાં શીતળતાનો ગુણ છે. અગ્નિમાં ઉષ્ણતાનો ગુણ છે. સાકરમાં ગળપણ છે. લીંમડામાં કડવાશ છે. સર્પમાં વિષ છે. સિંહમાં હિંસકભાવ છે. આમ દરેક પદાર્થનો મૂળ સ્વભાવ છે તે નાશ પામતો નથી. જડ કયારેય ચેતનતા પામતું નથી. ચેતન કયારેય જડતા પામતું નથી. પણ તેવો સ્વભાવ બાહ્ય પરિવર્તનથી જણાય છે તે તેની વિકારી પલટાતી અવસ્થા છે.

જો વસ્તુમાં પરિવર્તિત થવાનો ગુણ ન હોય તો લાકડામાંથી ખુરશી વગેરે બને જ નહિ. સોનામાંથી ઘરેણાં બને નહિ. બનાવનાર બાહ્ય નિમિત્ત માત્ર છે તેમ કરવાનો તેનો ભાવ છે. લાકડામાં ખુરશી બનવાની યોગ્યતા હોવાથી ખુરશી બને છે. પણ પાણીની ખુરશી બનતી નથી. તેમાં તેવી યોગ્યતા નથી કોઇ વૈજ્ઞાનિક કે કુશળ કારીગર હજાર પ્રયત્ન કરે કે કલ્પના કરે તો પણ પાણીમાંથી ખુરશી કે બંગડી બની શકે નહિં કે લાકડામાંથી પાણી નિપજાવી શકે નહિ. આમ વસ્તુનો સ્વભાવ વસ્તુની

અવસ્થા બદલાવા છતાં કાયમ રહે છે. જેમકે ખુરશીમાં લાકડું અને દાગીનામાં સોનું ટકી રહે છે. આકાર બદલાવાથી મૂળ વસ્તુ નાશ પામતી નથી. તેમ આત્માની અવસ્થામાં ગમે તેટલો વિકાર હોવા છતાં જ્ઞાનાદિ નાશ પામતાં નથી. જ્ઞાન અજ્ઞાન રૂપે પરિણમે છે. છતાં આત્મા સ્વભાવે નિરાળો રહે છે. અંતમાં ધર્મ એટલે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ ચેતન આત્મારામ વર્તમાનમાં વિકારી અવસ્થામાં રોકાયા છે. તે અવસ્થાની શુદ્ધિ કરવાથી આત્મા સ્વધર્મરૂપે સ્વરૂપે પ્રકાશમાન થાય છે. જેથી આત્મા ગત ગુણો પ્રગટાવી શકે. જે આત્મગુણ પ્રગટાવે તે આત્માનું વાસ્તવિક પરાવર્તન થયું કહેવાય. માટે આત્મા આત્માને પરમાત્મા સમાન બનાવવા પરમાત્માને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! 'હું નરકના ડરથી તારી પૂજા કરતો હોઉ, તો તું મને એ નરકની આગમાં સળગાવી દે, અને સ્વર્ગના લોભથી જો તારી સેવા કરતો હોઉ, તો એ સ્વર્ગનું દ્વાર મારે માટે બંધ કરી દે, પણ હું જો તારી પ્રાપ્તિ માટેની તારી ભક્તિ કરતો હોઉ તો મને તારા અપાર સુંદર સ્વરૂપથી વંચીત ન રાખીશ.

કોઇના જીવનમાં હોળી સળગાવીને આપણા હૃદયમાં દિવાળી પ્રગટાવવા માંગતા હોઇશું તો આપણે સમજી લેવું જોઇશે કે આપણા હૃદયમાં પણ દિવાળી રહી શકવાની નથી. એ પણ એક દિવસ હોળી બનીને ફેલાઇ જવાની છે. કારણકે કુદરતનું તંત્ર બધું વ્યવસ્થિત કામ કરી રહ્યું છે જેવો આઘાત તેવો પ્રત્યાઘાતનો સિદ્ધાંત

આ વિશ્વમાં અબાધિત કામ કરી રહ્યો છે. તેને આપણે સ્વીકારવો જ રહ્યો. માટે આત્માની શક્તિ વિકસાવવા માટે હોળી ક્યારે પણ ન સળગાવજો.

**દિશા પરિવર્તન :**

જીવે સંસાર ચક્રમાં અનંતો કાળ દેહયાત્રામાં ગાળ્યો છે. આ જન્મમાં પણ ચાલીસ પચાસ વર્ષ તો એમજ વિતાવ્યા છે. 'હે જીવ ક્લેશ રૂપ સંસાર થકી હવે તું વિરામ પામ."

ગૃહસ્થ હોવાથી અને હજી પૂર્વ સંસ્કારનું બળ હોવાથી તું ત્વરાથી આગળ વધી શકતો નથી, પણ સાથે સત્સંગાદિનું બળ અને પ્રેરણા હોવાથી પુરાણી આદતો ભૂંસાતી જાય છે ખેતરમાં વધુ પાણી ભરાઈ જાય તે પછી પાળ બાંધી લે છે. જેથી કરીને અંદરનું પાણી બહાર નથી જતું અને બહારનું પાણી અંદર પેસી ન જાય. તે પછી અંદરનું પાણી સૂર્યના તાપથી સૂકાવા માંડે છે, કેટલુંક પાણી ધરતી પી લે છે. પરિણામે સમય જતાં સારી ફસલ ઉતરે છે. તેમ જીવે ધર્મ જીજ્ઞાસાને પ્રદીપ્ત રાખવા વૃત્તિ સંક્ષેપ, નાના પ્રકારના સંયમ અને નિયમો ધારણ કરી સંસારમાં વહી જતાં સમયના સદ્ ઉપયોગ માટે પાળ બાંધવી આથી જૂના અસદ્ સંસ્કારોને પુષ્ટિ મળતી નથી તેથી તે સૂકાતા જાય છે અને સ્વાધ્યાય સત્સંગ વડે નવા સંસ્કારો વિકસતા જાય છે, આમ માનવ જીવન સાર્થક થતું જાય છે.

**હિત શિક્ષા :—**

'સાવધાન ! તાલપૂટ વિષ કરતાંય ભયંકર દુષ્ટ મનો

વૃત્તિ જીવનને તો ખારું ઝેર જેવું બનાવી જ દેશે. પરંતુ મોતને ય વિષાદ ભર્યું બનાવી દેશે! સાધનના જીવનમાં જે આત્માઓ 'સ્વ' ને બદલે પર ને કેન્દ્ર બનાવીને બેઠા એ આત્માઓ સાધનાના જીવનની સફળ-તાથી લાખો યોજન દૂર ફેંકાઈ ગયા? પરની વિષે મનો વૃત્તિ કેન્દ્રિત રાખવામાં સદ્ગતિય નહિ તો પરમ ગતિ તો ક્યાંથી જ થાય? હા, 'પર' ને તમારે અપનાવવા જ હોય તો જુદી રીતે અપનાવો.

દોષો તમારા જુઓ, ગુણો પરના જુઓ કઠોરતા, જાત પર કેળવો... કરુણા બીજા પર રાખો...જાતમાં સાંકડા બનો...'પર' પ્રત્યે ઉદાર બનો, તમે કરેલા ઉપકારોને ભૂલી જાઓ બીજાના ઉપકારને યાદ રાખો...બસ પછી કાંઇ દુર્લભ નથી. યાદ રાખજો, લાડી, વાડી, ગાડી વિ. ભૌતિક સાધનો બધું ત્યાં સુધી જ શકય છે. જ્યાં સુધી શરીર ઇન્દ્રિયો અંગોપાંગ વગેરે સ્વસ્થ છે! એમાં જરાક પણ ગરબડ થઇ એટલે મામલો હાથમાંથી ગયો સમજજો! શાસ્ત્રકારો શરીરને રોગોનું ઘર કહે છે. તો આ સંસારને દુઃખોનું ઘર કહે છે! શરીર કેમ નિરોગી રહે છે એ આશ્ચર્ય છે? સંસાર શી રીતે મજેથી ચાલે છે એ આશ્ચર્ય છે? ગમે ત્યારે...ગમે તેવી જગ્યાએ આ સંસાર પોતાનો અસલ સ્વભાવ બતાવશે...શરીર પોતાનું પોત પ્રકાશશે... એવી સ્થિતિમાં પછી ધર્મ કરવો એ ભારે કઠિન બની જશે... આ વાતને સદાય નજર સામે રાખજો.

પાપ કાર્યોના રસ તૂટી જશે..ધર્મ કાર્યોના રસ

ઉભા થઈ જશે...પાપ ક્રિયાઓની એકાગ્રતા તૂટશે, ધર્મ-ક્રિયાની એકાગ્રતા સધાશે ?...પણ ક્યારે ? સંસારના તમામ ભાવોના સ્વભાવને સતત નજર સામે રાખીશું ત્યારે ! એ સિવાય તો એજ અનાદિના રાહે જીવન ચાલશે. અને અનંતા ભવોના ચાલ્યા આવતા પરિભ્રમણમાં આ એક ભવનો ઉમેરો થઈ જશે.

માનવી સામાન્ય નાની એવી મુસાફરીએ જાય છે તો જતાં પહેલા તૈયારીઓ કરે છે અને જરૂરી ચીજવસ્તુઓ અને ભાતું સાથે લઇ જાય છે જ્યારે પરલોકની લાંબી મુસાફરી માટે માનવી કેમ કંઇજ વિચારતો નહિ હોય ? માનવી સામાન્ય એવા શત્રુના ભયથી રાત્રે સુખેથી ઊંઘી પણ શક્તો નથી જ્યારે મૃત્યુરૂપી શત્રુ તો હંમેશા સામેજ ઊભો છે છતાં તેની ઉપેક્ષા કરી માનવી મૂર્ખતા પૂર્વક સ્વસ્થપણે બેસી રહે છે એવી બેદરકારી પાલવે ખરી ?

જ્યાં સુધીમાં ઘડપણ આવી પહોંચે તે પહેલાં હાથ-પગ હાલે છે. ત્યાં સુધીમાં શકય એટલો ધર્મ કરી લેવો જોઇએ, કારણ કે પૂર આવ્યા પછી પાળ બાંધવી અશકય છે.

એમ વિચારી શેઠે વેપાર ધંધાનો અને કુટુંબનો તમામભાર પુત્રને ભળાવી દીધો અને પોતે સંસારથી વિરકત થઈ, ગુરૂમહારાજ પાસે જઈ ભાગવતી દિક્ષા અંગીકાર કરી સાધુ ધર્મ સ્વીકારી તીવ્ર તપશ્ચર્યા કરી. કાયાને અનેક કષ્ટો દ્વારા સુકવી નાંખી. પુણ્યનું ભાતું બાંધી મૃત્યુ પામી દેવલોકમાં ગયા.

સમુદ્રદત્તે પિતાની તમામ જવાબદારી અને કાર્યવાહીનો ભાર ઉઠાવી લીધો અને વટ-વહેવાર અને વેપાર સરળતાથી ચલાવવા લાગ્યો. તેણે વિચાર્યું કે પિતાજીએ અઢળક સંપત્તિ એકઠી કરેલી છે. હું જીંદગીપર્યંત વાપરું તો પણ ખુટે એમ નથી. પરંતુ હું માનું છું કે જુવાન થયા પછી બાપની કમાણી ન વાપરવી જોઇએ. આપ કમાઈ વાપરીએ ત્યારે જ શોભીએ. પિતાજીની લક્ષ્મી ધર્મ અને દાન માટે જ હોઈ શકે.

પોતાના નગરમાં રહી કોઈ માનવી ધન ભેગું કરી શક્તો નથી. માત્ર પેટજ ભરી શકે છે. માટે દ્રવ્ય ઉપાર્જન કરવા પરદેશ જવું જોઇએ. એમ તેણે તે વાત પોતાની પ્રેમાળ પત્નિને કરી, પત્નિ સમજુ હતી તેણીએ કહ્યું કે હે પતિદેવ! તમારી વાત ખોટી નથી. પરંતુ હું તમારો વિયોગ સહન કરી શકું તેમ નથી. જો તમે પરદેશ જશો તો કોઈપણ ભોગે હું તમારી સાથે આવીશ જ.

સમુદ્રદત્ત કહે હે પ્રિયે! તને સાથે લઇ જવાની મારી કોઈ ના નથી. પરંતુ પરદેશમાં તને દુઃખ પડશે. અનેક પ્રકારની તકલીફ સહન કરવી પડશે. સૌથી વિશેષ તો એ છે કે તારા કારણે મને ખૂબજ તકલીફ પડશે માટે સમજીને તું અહીં રહે તો સારૂં. તારા પ્રત્યે અપાર મમતા અને અત્યંત પ્રેમ હોવાથી હું જલદી પાછો આવી જઈશ. વળી તારા હૈયામાં હું હંમેશા માટે રહેલોજ છુ. પછી વિરહ શાનો? જતાં જતાં કહું છું કે મારી શિખામણ બરાબર પાળજે. સાસુની ભક્તિ કરજે. ગરીબ-સાધુ અને અતિથિ-

એનો સત્કાર કરી દાન વગેરે આપી સંતોષ આપજે, ધર્મધ્યાન શકય એટલું કરજે વિષય-વાસના ઉપજે એવા આભુષણો કે અલંકારો ન પહેરીશ. તેમજ અન્યને આકર્ષણ થાય એવા કપડાં પણ ન પહેરીશ. મોટે ભાગ ઘરમાંજ રહેજે અને ચારિત્ર્ય (શીલ) પાળજે.

આમ શિખામણ આપી સાથે લઈ જવાનો સરસામાન વગેરે લઇને બહાર નીકળ્યો. તેવામાં તેનો મિત્ર સોમભૂતિ નામનો બ્રાહ્મણ આવી પહોંચ્યો અને બોલ્યો હે મિત્ર ! આપણે બાળપણથી મિત્રો છીયે અને દરેક કામમાં સાથે રહ્યા છીએ માટે જો તું કહે તો હું પણ તારી સાથે આવું.

સમુદ્રદત્ત હસતાં હસતાં બોલ્યો તારે સાથે આવવું હોય તો મારી કયાં ના છે ? તું જો મારી સાથે હશે તો આપણા બંન્નેને આનંદ થશે. પરદેશ સ્વદેશ જેવો લાગશે. ચાલ તૈયાર થઇ જા. પછી સમુદ્રદત્ત શુભ દિવસે શુભ મુહૂર્ત શુભ શકુન જોઈ બંન્નએ પ્રયાણ કર્યું. અને ચાલવા માંડ્યું. અને વાતો કરતાં કરતાં આનંદ હાસ્ય-વિનોદ કરતાં કરતાં ટુંક સમયમાંજ તેઓ બંન્ને જ્યાં જવાનું હતું ત્યાં પહોંચી ગયાં.

અહીં વેપારમાં લાગી ગયાં જેથી સમય કયાં જતો રહેતો તેની પણ ખબર પડતી ન હતી. દિવસો પણ પસાર થવા લાગ્યા. પરંતુ પેલા બ્રાહ્મણને કોઇજ કામધંધો ન હતો. નવરા બેસી રહેવાથી તે કંટાળી ગયો હતો એટલે તેણે શેઠને કહ્યું હે મિત્ર ! તારે તો અહીં કમાણી છે એટલે ઘર યાદ આવતું નહિં હોય પરંતુ મને તો મારું સ્વજન

ઘર વગેરે બહુ યાદ આવે છે. તું મને રજા આપે તો હું પાછો જાઉં, અહીં એક ક્ષણ પણ રહેવાનું ગમતું નથી.

સમુદ્રદત્ત કહે હે મિત્ર ! તું મારો બાલમિત્ર છે. તારી ઇચ્છા હોય તો રહે; ના ઇચ્છા હોય તો જા. આ બાબતમાં મારી રજા લેવાની હોય ખરી ? તું સાથે હોય કે ન હોય પણ મિત્રતા મટી જવાની નથી. હું તો જે કાર્ય માટે આવ્યો છું તે સિદ્ધ કરીને જ પાછો આવીશ. હવે જો તું જવાનો હો તો મારો પત્ર અને આભુષણ લેતો જજે. અને ત્યાં જઇને મારી પત્નિને આપી દેજે. તેમજ મારી ચિંતા ન કરવાનું કહેજે. ત્યારબાદ તે બ્રાહ્મણ બંન્ને વસ્તુઓ લઇને ઘરભણી ચાલતો થયો. ટુંક સમયમાં જ પોતાના નગરે જઈ પોતાના કુટુંબને મલી આનંદ પામ્યો. મિત્રે આપેલ કાગળ અને આભુષણને સાચવીને પેટીમાં મૂકી દીધું પછી નાહીધોઈ જમી પરવારીને ઉપરને મજલે જઇને સુતો. આ બાજુ શીલવતીને ખબર મળ્યાં કે પતિનો મિત્ર સોમભૂતિ પાછા આવી ગયા છે. એટલે પતિના સમાચાર જાણવાની ઇચ્છાથી તેને ઘેર આવી અને પૂછ્યું સોમભૂતિ ક્યાં ગયા ? ત્યારે તેના કુટુંબીજનોએ કહ્યું કે હમણાં જ જમીને ઉપર જઇને સુતા છે,

શીલવતીએ વિચાર્યું કે સોમભૂતિ મારા સ્વામીના મિત્ર છે પરંતુ એકાંતમાં તેઓ એકલાં હશે તેથી ત્યાં ઉપર જવું એ મારે માટે યોગ્ય ન કહેવાય. કારણ કે એકાંત બહુ બુરી ચીજ છે. સગાં ભાઇબહેનો માટે પણ એકાંત ભયાનક કહેવાય. સ્રીને એકાંતમાં જોઇને પુરુષોનું મન મીણની

માફક પીગળી જાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે પરપુરૂષ તો બાજુએ રહ્યો પરંતુ યુવાન પિતા કે ભાઇ કે પુત્ર સાથે કુલીન સ્ત્રીઓએ એકાંતમાં રહેવું જોખમ કારક છે.

એક બાજુ કુલીનની મર્યાદા તેને ઉપર સોમભૂતિ પાસે જતાં અટકાવતી હતી ત્યારે બીજી બાજુ પ્રિયતમ પ્રત્યેનો પ્રેમ–તેમના સમાચાર જાણવાની તીવ્ર ઉત્કંઠા ઉપર જવા માટે પ્રેરતી. છેલ્લે દ્રઢ મનોબળ વાળી શીલવતી સમજી કે મને ઇંદ્રનો પણ ભય નથી એમ વિચારતી તે શીલવતી સોમભૂતિ પાસે ઉપરને માળે પતિનો પત્ર અને સમાચાર મેળવવા ગઇ. ઉપર જઇને જોયું તો તે બ્રાહ્મણ પથારીમાં અજગરની પેઠે આળોટતો હતો.

શીલવતીને આવતી જોઈ એટલે તે પથારીમાં બેઠો થયો. શીલવતીએ કહ્યું હે ભદ્ર! આપ આવ્યા છો એવા સમાચાર મલ્યા એટલે તરતજ હું મારા સ્વામીના ખબર અંતર પૂછવા આવી છું. મારા સ્વામી કુશળતો છે ને? તેમજ કોઇપત્ર મોકલાવ્યો હોય તો તે લેવા માટે આવી છું. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો. હું ક્ષેમકુશળતા પૂર્વક આવી ગયો છું તારા પતિદેવ પણ ક્ષેમકુશળ છે. હાલમાં વેપારમાં અને ધન ઉપાર્જન કરવામાં પડયા છે એટલે થોડા સમય પછી તેઓ આવશે. તેમણે પોતાના હાથે લખીને પત્ર આપ્યો છે અને એક આભુષણ મોકલાવ્યું છે. તે હું તમારા ઘેર આપવા આવવાનો જ હતો.

આ વાતચીત દરમ્યાન સોમભૂતિની નજર શીલવતીના શરીર ઉપરજ ફર્યા કરતી હતી. મનમાં વિચાર છે કે

અહો ! શું આનું રૂપ છે ! શું મનોહર સુંવાળી કાયા છે ? શું એનું દેહલાલિત્ય છે ? આવી નમણી નાગરવેલ ભાગ્ય વિના મળે નહિં. ખરેખર હું પણ નસીબદાર કહેવાઉં કે આવી સ્ત્રી સામે ચાલીને, મેડા ઉપર એકાંતમાં મલવા ક્યાંથી આવે ? તેની દાનત બગડી હતી. આંખમાં કામ વિકાર આવી ગયો. તેથી તે બ્રાહ્મણ બોલ્યો હે કમલમુખી, કમલાક્ષી ! હું જે પત્ર અને આભુષણ લાવ્યો છું તે તો જરૂર આપીશ. પરંતુ તે પહેલાં મને તારા સાથે સંસારસુખ ભોગવવાની ઇચ્છા થઇ છે તે પૂર્ણ કર. તને જોઇને હું મોહ પામ્યો છું.

શીલવતી વિચારવા લાગી કે ખરેખર મેં જે વિચારેલું તે અંતે તેવીજ સ્થિતિ થઇ છે. મારૂં શીલ ભયમાં આવી પડ્યું. કામદેવના ઝપાટામાં કોઈ બાકાત રહેતું નથી. શું વિદ્વાન કે શું જ્ઞાની ! શું સ્ત્રી કે શું કન્યા ! તેથી તે શાંતિપૂર્વક બોલી હે ઉત્તમ બ્રાહ્મણ ! તું તો અનેક શાસ્ત્રોનો જાણકાર છે ! તારા મુખેથી આવી વાણી સાંભળી મને આશ્ચર્ય થાય છે ! લોહી-માંસ-મળ-મૂત્ર અને પરૂ ભરેલ આ દેહનો તું મોહ કરી રહ્યો છે ! પરસ્ત્રીનો સંગ એ મહાપાપ છે તે શું નથી જાણતો ? ઋષિ પત્નિનો સંગ કરી ઇંદ્રની શું દશા થઇ તેની ખબર નથી ? યૌવનના નશામાં અંધ બની પાપ કર્મમાં ના પડ. જે જીભ શાસ્ત્રો અને ધર્મ બોલવા માટે યોગ્ય છે તે જીભ વડે ગમે તેવું બોલી પાપાચરણ ન કર.

પરંતુ જેના હૈયામાં કામ છાયો છે. વિકાર ઝબકી

રહ્યો છે. છતી આંખે અંધ બની બેઠો છે તેને કોઈ અસર થતી નથી. તેથી તે બોલ્યો અરે! તારું ભાષણ બંધ કર. હું બધુંજ જાણું છું પણ મારું મન મને વશ નથી તેથી હું શું કરૂં ?

શીલવતીએ વિચાર્યું કે આ બ્રાહ્મણ કોઇ રીતે સમજે તેમ નથી. તેને ગમે તેટલું સમજાવીશ તે પત્થર ઉપર પાણી બરાબર છે. તેણે વિચાર્યું કે ગમે તે રીતે હું મારૂં શીલ તો ખંડીત થવા નહિં જ દઉં. ચાહે તે કરે પરંતુ હવે ત્યાંથી છટકવા અને શીલ સાચવવા બનાવટી દેખાવ કરી પછી તેણી બોલી હે મહાભાગ ! તમારી વાત તો મને પણ પસંદ પડી. યૌવન તો ભોગવવું જ જોઈએ. પતિ બહારગામ છે તેથી મને ભોગવનાર કોઇ નથી પણ હવે સમજાયું કે પતિ કે પતિના મિત્ર વચ્ચે તફાવત હોય જ નહિં. મારા પતિનો મિત્ર તે મારો મિત્ર અને પ્રિયપાત્ર બને જ. હું પણ ભોગ-વિલાસ માટે તરફડી રહી છું. પરંતુ જીભેથી બોલી શકતી ન હતી હું જે પહેલાં તને સમજાવવાની વાતો કરતી હતી તે માત્ર દેખાવ જ હતો અને તારી પરીક્ષા કરતી હતી, હું તને સમજી શકી છું. તું મને સમજ.

અહીં કદાચ કોઇ આવી ચડે એવી ભીતી છે. જેથી આપણને મઝા ન આવે એ સ્વાભાવિક છે. માટે રાત્રિના પહેલે પહોરે તું મારા ઘેર આવજે મારા ઘરમાં અન્ય કોઇ છે નહિં એટલે સુખેથી ભોગ-ભોગવીશું, મૂઢ બ્રાહ્મણ તેની ચાલાકી સમજી ના શકયો. અને તેના વચનમાં વિશ્વાસ રાખી જવાની રજા આપી.

ત્યાંથી છૂટીને પોતાના શીલની રક્ષા કાજે કોટવાલની મદદ લેવા તેને ત્યાં ગઇ. કર્મવશાત્ એવું બન્યું કે તે એકલોજ હતો અને બ્રાહ્મણની માફક તે પણ તેણીમાં મોહ પામી ભોગની માગણી કરવા લાગ્યો ત્યારે શીલવતીએ કહ્યું કે રાત્રિના બીજા પહોરે મારે ઘેર આવજે.

ત્યાંથી છૂટીને તે રાજાના મંત્રી પાસે પહોંચી અને શીલની રક્ષા માટે બધી જ વાત કરી. ત્યાં પણ એવું જ બન્યું કે મંત્રી આ બાઇને જોઇને તેનામાં મોહ પામી ભોગોની ઇચ્છાવાળો થયો. તેણે પણ મર્યાદા મુકી ભોગની માગણી કરી. શીલવતીએ કહ્યું કે રાત્રિના ત્રીજા પહોરે મારે ઘેર આવજો.

હવે શીલવતી ખૂબ મુંઝાઇ, બીજો કોઈ રસ્તો ન સુઝવાથી તેણી સીધી રાજા પાસે ગઇ. નસીબ જોગે રાજા પણ એકલોજ બેઠો હતો. તેણે આ સ્ત્રીને જોઇને તેના પ્રત્યે આકર્ષાયો મોહ પામ્યો અને ભોગની ઇચ્છાવાળો થયો. શીલવતીએ અત્યાર સુધી બનેલી તમામ વાત કરી અને મદદ કરવા વિનંતિ કરી. ત્યારે રાજાએ કહ્યું કે બધાંને હું શિક્ષા કરીશ. ફરીથી કોઇ તારી સામે પણ નહિં જોઇ શકે. પરંતુ મારી એક વાત સાંભળ, હું તને જોઇને ભોગની ઇચ્છાવાળો થયો છું માટે તું પ્રથમ મને ખુશ કર. આથી તેણે કહ્યું, હે રાજા રાત્રિના ચોથા પહોરે મારે ઘેર પધારજો એમ કહી ચાલતી થઇ ઘેર આવી. શીલવતી વિચારે છે કે ખરેખર દેવ મારા શીલવ્રતની પરીક્ષા કરવા માંગે છે. એ સિવાય આવું બને નહિં. જ્યાં

જાઉં ત્યાં આવીજ માંગણી અને આવાજ હલકા વિચાર, ઠીક છે. કાંઈ વાંધો નહિં. હું મક્કમ છું પછી દુનિયાની કોઈ તાકાત મને શીલભંગ કરવાને સમર્થ નથી. મારૂં શીલખંડીત થતું અટકાવવા હું બળીને મરીશ, જીભ કચરીને મરીશ, ઝેર ખાઈને મરીશ કે કુવામાં પડીને મરીશ. પરંતુ કોઈને વશ થવાની નથી. મને મારા જીવ કરતાં શીલ વધારે વહાલું છે.

શીલવતી ઘેર આવી દર–દાગીના અને કિંમતી વસ્તુઓ બીજા ઘેર મોકલી અને એક મોટી પેટી ફક્ત રૂમમાં રાખી. પલંગ બિછાવ્યો. તેના સાસુજીને કહ્યું કે હે માતાજી! પરોઢીયે છેલ્લા ચોથા પહોરે મને જગાડવા આવજો. પોતે પોતાની રીતે તૈયાર થઈ ગઈ.

સાંજ પડી. સૂર્યાસ્ત થયો. પેલો બ્રાહ્મણ તો રાહ જોઈ રહ્યો હતો. એટલે સમય પ્રમાણે તૈયાર થઈ શીલવતીને ઘેર પહોંચ્યો. શીલવતીએ ખોટો દેખાવ કરી આવકાર આપ્યો. અને બેસવા આસન આપ્યું. શીલવતીએ મીઠી મીઠી વાતો કરી સમય પસાર કર્યો પછી સ્નાનની તૈયારી કરી અને બ્રાહ્મણને કહ્યું કે તમે નાહી ધોઈને તૈયાર થઈ જાવ. તેલ ફુલેલ અંગે લગાડો. તે મુજબ બ્રાહ્મણ તૈયાર થઈ રહ્યો હતો.

તેવામાં બીજો પ્રહર થતાં કોટવાલે આવીને બારણે ટકોરા પાડયા. બ્રાહ્મણ ગભરાઈને પૂછવા લાગ્યો કે કોણ છે? ત્યારે શીલવતી કહે કોટવાલ છે. તે દરરોજ મારા ઘેર આવે છે. આ સાંભળીને બ્રાહ્મણની કામની ઈચ્છા ક્ષીણ

થઈ ગઈ અને ગભરાટથી ધ્રુજવા લાગ્યો. અહીં આવવા માટે પસ્તાવો કરવા લાગ્યો. મને જો આવી ખબર હોત તો આ સ્ત્રી પ્રત્યે પ્રેમ કરત નહિં. કોટવાલ મને મારી નાંખશે. મારી મિલ્કત લુંટી લેશે. મને આવી દુર્બુદ્ધિ કેમ ઉપજી, મારામાં આવો દુષ્ટવિચાર કેમ આવ્યો. મિત્ર-નીપત્નિ સાથે આવો કુવિચાર કરી મેં મારું કુલ લજવ્યું ..

**ધિક્કાર છે એ કામવાસનાને'**

શીલવતી કહે હે બ્રાહ્મણ ગભરાઈશ નહિ. હજુ તો ઘણી રાત બાકી છે. તું આ પેટીમાં સંતાઈ જા. એમ કહી બ્રાહ્મણને પેટીમાં પુરી તાળું લગાવી દીધું અને બારણું ખોલીને કોટવાલને પ્રેમપૂર્વક આવકાર આપ્યો. બ્રાહ્મણની માફક કોટવાલ સાથે વાતચીત કરી સમય પસાર કરી સ્નાન કરી તૈયાર થવા કહ્યું એ સ્નાન કરી તૈયાર થાય તે પહેલાં રાજ્યનો મહામંત્રી આવી પહોંચ્યો અને એણે બારણે ટકોરા માર્યા.

પેલા બ્રાહ્મણ જેવી કોટવાલની સ્થિતિ થઈ કોટવાલે પૂછયું કે અત્યારે કોણ હશે ? શીલવતી કહે મંત્રીશ્વર છે. દરરોજ અહીં આવે છે. ચિંતા ન કરશો.

મહામંત્રીના નામથી તે ધ્રુજવા લાગ્યો. તેથી બચવા શીલવતીએ પેટીના બીજા ખાનામાં સંતાઈ જવા કહ્યું. મહામંત્રીની બીકે અર્ધસ્નાન કરેલી સ્થિતિમાં તે પેટીના ખાનામાં ભરાઈ ગયો. શીલવતીએ તે બંધ કરી તાળું લગાવી દીધું અને પ્રેમપૂર્વક બારણું ખોલી મંત્રીશ્વરને આવકાર આપ્યો. મંત્રી સાથે તેને ખુશ થાય તેવી વાતો

કરતાં સમય પસાર કરી તૈયાર થવા જણાવ્યું. મંત્રી તે મુજબ તૈયાર થતો હતો ત્યાં બારણે ટકોરા પડ્યા. મંત્રીએ પૂછ્યું કે કોણ છે તો તેણીએ કહ્યું કે મહારાજા છે. તેઓ દરરોજ અહીં આવે છે આ સાંભળી તે પણ ગભરાઈ ગયો. બચવા માટે શીલવતીને કાલાવાલા કરવા લાગ્યો. શીલવતીએ પેટીમાં સંતાઇ જવા કહ્યું એટલે તે પણ પેટીમાં ભરાઇ ગયો શીલવતીએ પેટી બંધ કરી તાળું લગાવ્યું.

લોકોના ડરથી બીતો–છૂપાતો રાજા આવ્યો. શીલવતીએ દરવાજો ખોલી આવકાર આપ્યો. મિષ્ટ વચનોથી ખુશ કર્યા. અને રાજાને કહ્યું કે આપ સ્નાન કરી તૈયાર થાવ. નાહ્યા વિના કામાચાર કરવો તે ગદ્ધાચાર સમાન કહેવાય. આથી રાજા સ્નાન કરવા બેઠો. ખુશીની વાતો કરતા હતા. તેવામાં તેની સાસુએ આવી બારણાં ખખડાવ્યા. અને મોટેથી બોલવા લાગી : હે વહુ ? દ્વાર ઉઘાડ. હજીસુધી કેમ સૂઈ રહી છે, ઉઠ, ઉભી થા.

આ સાંભળી રાજા પણ ગભરાયો. અને પૂછ્યું કે કોણ છે ? ત્યારે તેણી બોલી. આ તો મારા સાસુ છે. જુદા ઘરમાં રહે છે. સવારમાં કામકાજ માટે દરરોજ આવે છે. રાજા કહે છે કે આ ડોસી મારો ધજાગરો બાંધશે. મારી આબરૂનું લીલામ કરશે. સ્ત્રીના પેટમાં વાત રહે નહિં અને ગામ આખામાં મારી ફજેતી થશે. રાજા ઝંખવાણો પડી ગયો. મૂઢ ગમાર કામીને કામ સિવાય સૂઝ પડતી નથી.

શીલવતી કહે છે હે રાજન્ ! ચિંતા ન કરો હાલ

તુરત તમે આ પેટીમાં સંતાઇ જાવ. મારી સાસુ જશે એટલે આપણે મઝા કરીશું. રાજાપણ પેટીમાં પુરાઇ ગયો. શીલવતીએ બંધ કરી તાળું માર્યું.

આમ પેટીના ચારે ખાનામાં ચારે પાપીઓને પૂરી દીધા. અને શાંતિથી બેઠી. નવો કાર્યક્રમ મનમાં ગોઠવી દીધો. પછી બારણું ઉઘાડીને સાસુને ગળે વળગી પડી અને મોટે અવાજે રડવા લાગી.

સાસુ કહે-બેટા ? શું થયું ? કેમ રડે છે ? ત્યારે શીલવતી બોલી કે મારા પતિના મિત્ર સોમભૂતિ બ્રાહ્મણ સમાચાર લાવ્યા છે કે સમુદ્રદત્ત ઘણું કમાયા હતા પણ (દેવલોક પામ્યા છે) ધર્મરાજા તેમને આદર પૂર્વક દેવ-લોકમાં લઇ ગયા છે.

એ સાંભળી તેની સાસુ પણ વિલાપ કરવા લાગી. તે જોઈને પડોશની સ્ત્રીઓ પણ ભેગી થઇ ગઇ અને રડવા લાગી. વાત વાયરે ફેલાણી અને નગરના અનેક માણસો ત્યાં ભેગાં થઇ ગયાં. અને વાતો કરવા લાગ્યા કે સમુદ્રદત્ત પરદેશમાંજ પુત્ર રહિત મરણ પામ્યો છે એટલે તેની તમામ સંપત્તિ રાજા લઈ જશે.

એટલે હવે રાજાની આજ્ઞા વિના તેના ઘરમાં પગ પણ મૂકાય નહિં. આમ વિચારી સૌ રાજમહેલે ગયાં. પણ રાજા ક્યાંય મલી શકયા નહિં. શોધખોળ ઘણી કરી પરંતુ રાજાનો પત્તો લાગ્યો નહિં. તેથી સૌ મંત્રીને ઘેર ગયાં. તો મંત્રી પણ મલ્યો નહિ. છેલ્લે સિંહદત્ત કોટવાલને ત્યાં ગયા તો તે પણ મલ્યો નહિં.

આથી નિરાશ થયેલા સર્વે રાજકુમાર પાસે આવ્યાં. પ્રણામ કરી વિનંતિ કરી વિદેશ ગયેલ સમુદ્રદત્ત પુત્ર રહિત મૃત્યુ પામેલ છે તેની તમામ મિલ્કત રાજકુલમાં જ જાય; તે તપાસવા માટે માણસો મોકલો. જેથી અમે અંદર જઈ શકીએ. અને તેની પાછળની ક્રિયા કરી શકીએ.

કુમાર બોલ્યો કે-હે શેઠીયાઓ ! હું હજુ નાનો છું. આ કાર્ય માટે આપ રાજા, મંત્રી અગર કોટવાલને મલો ત્યારે તેઓએ કહ્યું કે કુમાર ? અમે એમની પાસે જઇ આવ્યા હતા પણ તેઓનો કોઇ પત્તો નથી.

આ સાંભળી કુમાર ગભરાયો. અને બોલ્યો કે પ્રથમ હું તેમની તપાસ કરીશ પછી જ તમારું કાર્ય કરીશ, ત્યારે શેઠીયાઓ બોલ્યા હે કુમાર ! તું છોકરમત ના કર. દુશ્મનો ટાંપીને જ બેઠા છે. પ્રથમ અમારી વિનંતિ સ્વીકાર, અમે સૌ સવારના ભૂખ્યા તરસ્યા બેઠા છીએ. આથી કુમારે રાજ્યના કેટલાક અધિકારીઓને ત્યાં મોકલ્યા. અધિકારીઓ જોઈ તપાસીને કુમારને કહેવા ગયા કે તેમનું ઘર તો તદ્દન ખાલી અપાસરા જેવું જ છે માત્ર એક મોટી પેટી જ પડેલી છે.

આથી રાજકુમાર જાતે ત્યાં આવીને તપાસ કરી. પછી શીલવતીને કહે હે બાઈ? આમ આખું ઘર ખાલી કેમ છે? શેઠ તો મહાસંપત્તિવાન હતા. રાજ ગમે ત્યાંથી શોધી કાઢશે.

શીલવતી કહે-હે કુમાર, મારા પતિદેવ વિદેશ કમાવા ગયા ત્યારે ઘરની તમામ સંપત્તિ સાથે લઇને ગયા છે.

ફક્ત આ એક પેટીજ અહીં મૂકીને ગયા છે. કોને ખબર કે આ પેટીની અંદર શું હશે ? તેથી નોકરો પાસે પેટી ઉપડાવી રાજ દરબારમાં લઈ ગયો.

સૌ નગરજનોની હાજરીમાં જ તે પેટી ખોલાવી, ત્યારે પેટીના પહેલા ખાનામાંથી સૌના આશ્ચર્ય વચ્ચે સોમ ભૂતિ બ્રાહ્મણ નીકળ્યો. સભાજનો સૌ પૂછવા લાગ્યા કે ભાઇ તું અહીં કેવી રીતે આવ્યો ! બ્રાહ્મણ કહે ભાઈ઼ઓ તમે જે પૂછવુ હોય તે પછીથી પૂછજો, પહેલા તપાસ આગળ ચલાવો. અને પેટીના ખાના ખોલી રતનો કાઢો.

બીજું તાળું તોડતાં પેટીના ખાનામાંથી કોટવાલ નીકળ્યો. લોકો તો સૌ વિચારમા પડી ગયા. ત્રીજું તાળું તોડતાં પેટીના ત્રીજા ખાનામાંથી મંત્રીશ્વર નીકળ્યા. અને જ્યારે છેલ્લું તાળું તોડ્યું તો તેના ખાનામાંથી ખુદ મહારાજા નીકળ્યાં.

સૌની અર્ધ સ્નાન કરેલી પરિસ્થિતિ હતી અને કપડાં પણ પૂરા પહેરેલાં ન હતાં. તેઓ સર્વે સભાજનો સમક્ષ નીચા મુખ રાખીને શરમીંદા બનીને ઉભા રહ્યા હતાં.

કોઈએ કુમારને કહ્યું હે રાજકુમાર ! તું નસીબદાર કહેવાય. જેની તું શોધ કરી રહ્યો હતો તેઓ સર્વે આપ મેળે સામેથી આવીને મલી ગયાં એટલે તારી મહેનત બચી ગઈ. અને ચિંતા પણ ટળી ગઈ.

બીજા કેટલાંક લોકો વળી બોલ્યા કે—અહો ! આ ત્રણે જણ તો ખરેખરા સ્વામી ભક્ત દેખાય છે. દુઃખમાં પણ પોતાના સ્વામીની સાથે જ રહ્યા છે, રાજયે આવા સ્વામી ભક્તોની કદર કરવી જોઇએ.

ત્યારબાદ રાજકુમારે પૂછ્યું હે પિતાજી ? આપના સર્વેના આવા હાલ કેવી રીતે થયાં અથવા કોણે કર્યા ? આપ મને તે જણાવો તો હું તેમને ભયંકરમાં ભયંકર સજા કરું અથવા તો દેહાંત દંડ આપું. ફરમાવો ! આપની આવી પરિસ્થિતિ કરનાર કોણ છે ?

રાજા બોલ્યા-હે બહાદુર પુત્ર ? અત્યારે તું મૌન જ રહે. તારું બધું જ બોલવું વ્યર્થ છે. સાચી હકીક્તની તને ખબર નથી એ જાણવા સૌ પ્રથમ તો સમુદ્ર શેઠની પત્નિને બોલાવી મંગાવો પછી તે દરમ્યાન રાજા નાહી ધોઈ, રાજવંશી પોષાક પહેરી રાજસિંહાસન ઉપર બેઠાં.

વળી તે બ્રાહ્મણ કોટવાલ અને મંત્રી પણ તેવી જ રીતે નાહી ધોઇ સ્વચ્છ કપડાં પહેરી સભા મંડપમાં આવી બેઠાં. તેવામાં શીલવતી ત્યાં હાજર થઈ. અને તરત જ રાજા સિંહાસન ઉપરથી નીચે ઉતરી તેની સામે ઊભા રહી, બે હાથ જોડી નીચા નમી વંદન કર્યા અને સ્તુતિ કરવા લાગ્યો, હે મહાસતી ! અમને જીવનદાન દીધું છે. તે બદલ હું આપનો ઋણી છું.

પ્રીતિનો પંથ મૂકીને, વિષયની વાસના રાખી,
હૃદયમાં આગ ચાંપીને, પછી પસ્તાય તો પણ શું ?

હે મહાસતી ? તું સંસારની સ્ત્રીઓમાં મહાન છું. વળી પતિની ગેરહાજરીના સમયમાં તેં તારા શીલની રક્ષા કરીને હિંમત બતાવી તે બદલ લાખ લાખ, કોટિ કોટિ ધન્યવાદ. જે કામદેવને અમે સબળ પુરૂષો હરાવી કે નમાવી શકયા નથી તેવાને ખૂબ સરળતાથી તું હરાવી

શકી છું એ બદલ લાખ લાખ ધન્યવાદ, સતી સ્ત્રીઓના શ્રાપથી ભલભલાં રાજા મહારાજાઓ પણ ક્ષણમાં નાશ પામ્યા છે. પરંતુ તેં અમારા ઉપર કૃપા કરી અને અમને શ્રાપ ન આપતાં અમને જીવતા મૂકયા તે બદલ લાખ લાખ ધન્યવાદ.

હે માતા ! તું અમને તારા બાળક સમજી અમારા ગુનાઓ માફ કરજે. અને હવે જીવનમાં કદી આવી ભૂલ કદી નહિ કરૂં. તું અબળા અને નિઃસહાય હોવા છતાં હિંમતપૂર્વક અમારા કાન પકડાવ્યા છે જે કદાપિ ભૂલી શકાય તેમ નથી.

શીલવતી બોલી–હે રાજા ! તું તો પ્રજાનો પિતા કહેવાય છે, તું વિદ્વાન સુશીલ ગંભીર કુળવાન અને બહાદુર હોવા છતાં તારા હૃદયમાં જે વિકાર જનમ્યો તેમાં તારો દોષ નથી પરંતુ તારા પૂર્વ કર્મનો દોષ છે. વિદ્વાનો અને શુરવીર મહારથીઓ ગમે તેવા બળવાન દુશ્મનોને જીતી લે છે પરંતુ જે પાંચ ઇન્દ્રિયોને જીતે તેજ સાચો શૂરવીર છે. આવા શૂરવીર જવલ્લે જ મળે.

શીલ અનેક ભવમાં સુખ આપવાની શક્તિ ધરાવે છે અને વિષયસુખ તો ક્ષણિક સુખ આપે છે. દુનિયામાં એવો મૂર્ખ કોણ હશે કે અનંતુ સુખ મુકીને ક્ષણિક સુખની લાલસા રાખે ?

હે પિતા તુલ્ય રાજવી ! તું પ્રતિજ્ઞા કર કે જીવન ભર કદી પણ પરસ્ત્રી સામે જોઈશ પણ નહિં તેનાથી તારી લક્ષ્મી વધશે. જશ અને જય મળશે સર્વત્ર તું પૂજાઈશ.

ત્યારબાદ બનેલી તમામ હકીક્ત સર્વ સભાજનો સમક્ષ કહી સંભળાવી અને પોતે કેવી યુક્તિ કરી પોતાના શીલની રક્ષા કરી તે પણ જણાવી. તે દરમ્યાન પેલા સોમભૂતિ બ્રાહ્મણ ઘેર જઈને તેના પતિએ મોકલાવેલ પત્ર તથા આભુષણો લાવી આપ્યા.

આમ આ આખા પ્રકરણમાં સર્વ પાપનું મૂળ સોમભૂતિ બ્રાહ્મણ છે એમ સમજી રાજાએ તેને દેશનિકાલ કર્યો. શીલવતીનું ખૂબ જ સન્માન કર્યું અને વરઘોડો કાઢી વાજતે ગાજતે તેના ઘેર મોકલી.

ત્યારબાદ કેટલાક સમયે સમુદ્રદત્ત ઘણું દ્રવ્ય કમાઈને પાછો આવ્યો. ત્યારે નગરમાં અનેક માણસો પાસેથી તેની પત્નિ શીલવતીના વખાણ સાંભળ્યાં.તે ખૂબજ આનંદ પામ્યો.

હવે એક દિવસ એવું બન્યું કે **શ્રીશીલ** નામના એક મહાજ્ઞાની ગુરૂ ભગવંત ત્યાં પધાર્યા, દેવો, ઇંદ્ર અને રાજા મહારાજાઓ તેમના વાહનમાં બેસીને દર્શન કરવા આવ્યાં તે વખતે શીલવતી અને તેનો પતિ સમુદ્રદત્ત પણ આવ્યાં. ગુરૂદેવના દર્શન કરી તેમની વાણી સાંભળવા બેઠાં.

ગુરૂદેવે તેમને ઉપદેશ શરૂ કર્યો હે મહાનુભાવો ! અનાદિ કાળથી અનેક ભવોમાં ભટક્તાં ભટક્તાં આજે તમે મનુષ્ય જન્મ પામ્યા છો. જે દેવોને પણ દુર્લભ છે. પુણ્ય ઉપાર્જન કરવા માટે માત્ર માનવ જન્મ જ ઉપયોગી છે. બીજા અન્ય જન્મોમાં પુણ્ય ઉપાર્જન કરી શકાતું નથી. આવો મહામુલો માનવ જન્મ મલ્યા છતાં મૂર્ખાઓ વિષય રંગમાં મોહ પામી આવેલી સોનેરી તક ગુમાવે છે.

શ્રી જૈનશાસનમાં તેમજ અન્ય દર્શન કારોએ બ્રહ્મચર્ય વ્રતને મહત્ત્વ ગણ્યું છે...અન્ય વ્રત પણ શીયલ વિના શોભતા નથી, શીયલ વ્રત ધારણ કરનાર અન્ય વ્રતોને સાંગોપાંગ શુદ્ધ રીતે પાલન કરે છે. શ્રી જિનેશ્વર ભગવંતો એ કહ્યું છે કે શીયલના પ્રભાવે દુર્ગતિ જતાં જીવો અટકી જાય અને દેવલોક પરંપરાએ મોક્ષને મેળવે છે.

**વ્રત પચ્ચક્ખાણ વિના જુઓ, નવનારદ જેહ રે**

એક જ શીયળતણે બળે, ગયા મુગતે તેહ રે! નવ નારદ સંયમ-વ્રતાદિ ન લેવા છતાં મહત્વ પૂર્ણ શીયલ વ્રતના કારણે સંસાર મુક્ત બની મોક્ષના ભોક્તા બને છે.... શીયલના પ્રભાવે તાવ–રોગ શોકાદિ મટે, સર્પ ફૂલની માળા, જંગલ મંગલ બને છે. **નારી તારી શકિત** નારી કહેતાં સોળ સતીઓ કે જેના પવિત્ર શુભ નામો પૂ. સાધુ સાધ્વીજી, વ્રતધારી શ્રાવક શ્રાવિકા પ્રાતઃ કાલે હંમેશા સ્મરે છે. જેના સ્મરણ માત્રથી કાર્ય સિદ્ધિ થાય એવી સતી શીરોમણી નારીઓ શ્રી જિન શાસનમાં જોવા જાણવા અનુભવવા મળે છે, સતીસ્ત્રીઓના આદર્શ, સતી સીતા દ્રૌપદી, મયણાં દેવી વિગેરે સતી નારીઓના જીવન આદર્શ જગતના જીવો વાંચે, વિચારે સમજે તો જગત ભયંકર પાપોથી બચી જાય, અનાચારી મટી સદાચારી બને તેમ પાપથી મુક્ત બની ધર્મી બન્યા સિવાય રહે નહિં...

શ્રી બાર વ્રતની પૂજામાં શ્રી શુભ વિજય મહારાજા દર્શાવે છે કે.

**'એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો'**

ત્રિકાળજ્ઞાની, દેવાધિદેવ પરમાત્માની પૂજા કરીને વિધિપૂર્વક પ્રભુ સન્મુખ, ગુરુના વરદમુખે આ ચતુર્થ વ્રત સ્વીકારવું જોઇએ. શ્રાવકોએ છેવટે સ્વદારા સંતોષ વ્રત પાળવું જ જોઇએ,

સંતોષઃ સ્વદારેષુ, ત્યાગશ્ચાપરયોષિતામ
ગૃહસ્થાનાં પ્રથયતિ, ચતુર્થં તદણુ વ્રતમ્ ॥

સ્વપત્નિ સિવાય મનુષ્ય, દેવ, તિર્યંચ તેમ અન્ય પરિણીત, વિધવાસ્ત્રીઓનો પણ ત્યાગ કરવો જ જોઇએ, સ્વપત્નિ સિવાય અન્યને બેન, દીકરી, માતા તુલ્ય માનવી જ જોઇએ. સ્વપત્નિ સિવાય અન્ય નારીને તમો દેવી સદૃશ માનો. તેનામાં મોહીત ન થતાં તેને તમો ઉપકારી માનો ક્યારે પણ વિકૃતિ નહિં થાય. માટે તો કહ્યું છે કે

યઃ સ્વદારેષુ સંતુષ્ટઃ, પરદારાપરાંમુખઃ ।
સ ગૃહી બ્રહ્મચારીત્વા, યતિકલ્પઃ પ્રકલ્પતે ॥

જે મનુષ્ય પોતાની વિવાહિત સ્ત્રીમાં સંતુષ્ટ થઈ પરસ્ત્રીથી વિમુખ રહે છે. તે ગૃહસ્થ છતાં પણ બ્રહ્મચારીપણાથી યતિસમાન કહેવાય છે.

પરસ્ત્રી માતા સમાન ગણે છે તે નરમાંથી નારાયણ બની જાય છે. જ્ઞાનીઓએ તો જણાવ્યું છે કે વર્તમાન સમયના મોહદશાને ઉપજાવે તેવાં કપડાં સ્ત્રીઓએ પરીધાન ન કરવાં જોઇએ. પોતાના નિમિત્તે કોઈ પણ પુરૂષ પાપ ન બાંધે, દુષ્ટ વિચારો ન કરે. તે રીતે સ્ત્રી જાતિએ રહેવાની જરૂર છે. માટે તો બ્રહ્મવ્રતને સમુદ્રની ઉપમા આપી છે. બીજા વ્રતોને નદીની ઉપમા આપી છે. સમુદ્ર

તરી જાય તે નદી શીઘ્ર પણે તરી શકે છે, માટે બ્રહ્મ વ્રત એ જગમાં દીવો છે.

જ્ઞાનાદિ સર્વધર્માણાં, જિવિતં શીલમેવ ચે ।
રક્ષન્તિ પ્રાણિનસ્તેષાં, કીર્તિમાપ્તિ ન વિષ્ટપે ॥

જ્ઞાનાદિ સર્વ ધર્મનું જીવિત શીલ છે. શીલની રક્ષા કરનાર ત્રણે જગતની કીર્તિ મેળવે છે. અન્ય દર્શન શાસ્ત્રમાં પણ જણાવ્યું છે કે,

જે એક રાત્રિ પણ બ્રહ્મચારી રહ્યો હોય તેને જે ગતિ મળે તે ગતિ હજારો યજ્ઞોથી પણ મેળવી શકાતી નથી.

શીલનો ભંગ થવાથી અન્ય વ્રતોનો સ્હેજે ભંગ થઇ જાય માટે દુઃશીલપણું ત્યાગી દેવું જોઇએ.

અમરાઃ કિંકરાયતે, સિદ્ધયઃ સહસં ગતાઃ ।
સમિપસ્થાયિની સંપત, શીલાલંકાર શાલિનાં ॥

શીલરૂપ અલંકારને ધારણ કરનાર પાસે દેવતાઓ સેવક થઇને રહે છે. સિદ્ધિઓ સમર્પિત થાય છે. સંપત્તિ તો સેવક થઇને હંમેશા સાથે જ રહે છે.

વિષસ્ય વિષયાણાં ચ, પશ્યતાં મહદંતરં ।
ઉપભુક્તં વિષં હંતિ, વિષયાઃ સ્મરણાદપિ ॥

વિષ અને વિષય એ બે વચ્ચે મોટું અંતર છે વિષ તો ખાવાથી મારે છે. પણ વિષય તો સ્મરણ માત્રથી મારે છે. માટે જ નારીનું પરમ આભૂષણ જો કોઈ હોય તો શીયલ જ છે. પૂજામાં જણાવે છે કે કામની ક્રીડા–અભિલાષા તે ચોથા વ્રતને પીડા રૂપ છે. પંચાશક નામના ગ્રંથમાં દુર્ગંધા બાલિકા (સ્ત્રી)ને તેમજ નાસિકા વિનાની

સ્ત્રીને પણ રાગવડે જોવાનું નિષેધ્યું છે. પરનારીથી રક્ષણ મેળવવા માટે અથવા બ્રહ્મચર્ય વ્રતને સારી રીતે પાળવા માટે ભાવિકોને જ્ઞાનીઓએ નવ વાડ કહી છે. વાડ જેમ ખેતરનું રક્ષણ કરે તેમ આ નવવાડો શીયળનું રક્ષણ કરે (૧) સ્ત્રી, પશુ કે નપુંસકવાળી જગ્યાએ ન રહેવું. (૨) સ્ત્રીની કથા વિષય દિકની વાત ન કરવી. (૩) સ્ત્રી જે આસને બેઠી હોય તે આસને બે ઘડી ન બેસવું (૪) સ્ત્રીનાં અંગો પાંગ નીરખવાં નહિં. (૫) સ્ત્રી પુરૂષ જ્યાં ભીંતને આંતરે સૂતા હોય ત્યા ન સૂવું. (૬) પૂર્વે કરેલી કામક્રીડા ન કરવી. (૭) અતિ સ્નિગ્ધ આહાર ન કરવો (૮) પ્રમાણથી વધારે ન ખાવું (૯) શરીરની વિભૂષા શોભા ન કરવી.

કૃષ્ણ મહારાજા અને ચેડારાજાએ કન્યાદાન (પોતાની પુત્રીનું પણ) આપવાનો ત્યાગ કર્યો હતો.

રાવણની બહેન અને ખરદૂષણ વિદ્યાધરની સ્ત્રીએ વિકારવશ થઇને રામની પ્રાર્થના કરી હતી. પણ તેના પાસમાં...રૂપમાં રામ ન ફસાણા કારણ કે 'રામ ત્યાં કામ નહિં, કામ ત્યાં રામ નહિ' રાવણ ભૂલ્યો, તો રણમાં રોળાણો મરણ પામ્યો. ત્યારે સતી સીતા એ કષ્ટ પડવાં છતાં શીયળનું રક્ષણ કર્યું તો મહાસતી કહેવાઇ અગ્નિ પણ પાણી બની ગયું...ભૂત કાળમાં તો પુરૂષો નારીનું રક્ષણ કરતા હતા... અબલા રક્ષણીય જ છે.

દા.ત. રામ જંગલમાં વિચરતા હતાં. તે માટે તો આજે બાળકો ગાય છે, 'આગળ ચાલે રાજારામ, પાછળ ચાલે લક્ષ્મણજી, વચ્ચે ચાલે સીતા દેવી બોલો રામચન્દ્રકી જય'

સ્વામી તથા દિયરથી સતી સીતાનું રક્ષણ થતું. સતી સીતા પણ પતિના પગલે પગલે પડછાયે ચાલે. આજે આ વર્તમાન જમાનામાં પગલાની વાત તો દૂર રહી પણ એક બીજાની સાથે, આંગળી પકડીને ચાલે; જાણે એક બીજાથી ભાગી ન જાય તે માટે. આ પાશ્ચાત્ય ભૂમિની અસર પ્રભાવે આવેલા મહાન પુરૂષોના આદર્શ ભૂલી જાય છે. જે સદાચાર શીલ વ્રતની શાસ્ત્રકારો મહત્તા સમજાવે છે કે.

જો દેઇ કણયકોડી, અહવા કારે ઈ કણય જિન ભવનં ।
તસ્સ ન તત્તીયં પુન્નં, જત્તીયં બંભવયે ધરએ ।।

દાનેશ્વરી દાનમાં કરોડો સૌનેયા આપે, કંચનનું જિનાલય કરાવે તેના કરતાં વધારે પુણ્ય બ્રહ્મચર્ય ધારણ કરનારને બંધાય છે. જે વ્રતના પ્રતાપે સદ્‌ગતિના બારણાં ઉઘડે છે. ત્યારે ચતુર્થ વ્રતનો ભંગ કરનાર મનુષ્ય નરકે જાય અને વૈતરણી નદીમાં પ્રવેશ કરવો પડે. ઇન્દ્ર જેવા ઇન્દ્રો પણ વિરતિધરને મસ્તક નમાવે છે. ત્યારે આ વ્રતથી ભ્રષ્ટ થનાર આગામી ભવે વિષ કન્યા, રંડાપો, બાળ વિધવાપણું અને અંધપણું પામે છે. આ વ્રતના અનુયાયી પાલનહાર પાપને પખાળ્યા સિવાય રહેતા નથી. દેવો પણ મનોકામના પૂર્ણ કરે છે. તેથી આ વ્રત કલ્પવૃક્ષ છે. જગતમાં યશ કીર્તિ આપનાર છે. તે માટે ભૂતકાળની વાત વિચારો...

કચ્છ દેશમાં ભદ્રેશ્વર તીર્થની ભૂમિમાં અર્હદ્દાસ શેઠ, અર્હદ્દાસી શેઠાણી તેમની કુક્ષિએ વિજય નામનો પુત્ર પ્રાપ્ત થયો. પૂર્વ ભવના શુભસંસ્કારોના પ્રતાપે મુનિ

ભગવંત પાસેથી શુક્લપક્ષ સંપૂર્ણ પણે બ્રહ્મચર્યથી પાળવો. બીજી બાજુ ધનાવહ શ્રેષ્ઠિની ધનશ્રી ભાર્યાની કુક્ષિની વિષે પ્રાપ્ત થયેલ વિજયાએ પૂ. ગુરૂ ભગવંતની પાસે પ્રતિજ્ઞા કરી કે કૃષ્ણપક્ષ બ્રહ્મચર્યથી શોભાવવો. બંન્નેના લગ્ન થાય છે.

સોહાગની પ્રથમ રાત્રીના વિષે વિજય વિજયાને કહે છે કે મારે શુકલપક્ષમાં નિયમ છે. ત્રણ દિન બાકી છે.... આ શુભશાબ્દિક વિચારો સાંભળી હર્ષપૂર્વક વિજયા કહે સ્વામિનાથ ..મારું અહોભાગ્ય છે કે આપ જેવા સ્વામીની છત્રછાયામાં પૂર્ણ બ્રહ્મવ્રત પાળી શકીશ પરંતુ આપને અન્યનારી સાથે લગ્ન કરવું હોય તો ખુશીથી કરજો. બન્ને નર-નારી તલવારની ધાર કરતાં કઠિન તે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. મહાન પુણ્યાત્મા ચતુર્થ વ્રત ધારીની મહત્તા કેવી અદ્‌ભુત છે હવે બને છે એવું કે ચંપાનગરીમાં પૂ. વિમળ કેવળી વિપુલ સમુદાય સાથે પધાર્યા છે. ત્યાં શ્રમણોપાસક શ્રી જિનદાસ કેવળી ભગવંતને વંદન કરી વિનવે છે કે મારે ૮૪ હજાર સાધુ ભગવંતની આહારાદિથી ભક્તિ કરવી છે મને લાભમળે તેવું જણાવો.

કેવળી ભગવંત કહે કે તેટલા સાધુ મહારાજ હાલ અહીં આ સ્થાને નથી. પરંતુ દૈવ યોગે ૮૪ હજાર સાધુ એક સ્થાને મળી જાય તો પણ તેમના નિમિત્તે બનાવેલ આહાર દોષિત કહેવાય. માટે ૮૪ હજાર સાધુને ગોચરી વહોરાવીને જે લાભ થાય તેટલો જ લાભ ભદ્રેશ્વરમાં પનોતા મહાન્ ભવ્યાત્મા ચતુર્થ વ્રત ધારી વિજય શેઠ વિજયા-શેઠાણીની ભક્તિ કરવાથી તેટલોજ લાભ મળશે...

મન-વચન-કાયાપૂર્વક અણી શુદ્ધ અંશ માત્રપણ દોષવિનાનુ ચતુર્થ વ્રતને પાળી રહેનારા એવા તે **વિજય શેઠ, વિજયા શેઠાણી સદાકાળ જયવંતા રહો.**

તે શ્રાદ્ધ જિનદાસે શુભ સમયે કચ્છ ભદ્રેશ્વરની ધરતીને સ્પર્શી પુનિત પવિત્ર આત્માના દર્શન કરી આનંદ અનુભવ્યો. કેવળ મુખેથી સાંભળેલી વાત જ્યારે વિજય શેઠના માતા પિતાએ જાણી ત્યારે તેઓને અનહદ આનંદની સાથે નિકટના મોક્ષગામી સ્વપુત્ર તથા પુત્રવધુના દર્શન કરી પવિત્ર બન્યા....તેમના ગુણોની પ્રશંસા કેવળી ભગવંતે કરી જાણી તે વિચારોમાં સંસારથી વિરક્ત બની દીક્ષા સ્વીકારી મોક્ષ માર્ગને પામ્યા અને અજર અમરપદ પામ્યા.

ધર્મીને અધર્મ કંઇજ કરી શક્તો નથી... ધર્મ, સત્તા આગળ કર્મસત્તા માંયકાંગલી બનીને રહે છે. સૂર્ય પાસે આગીયાની કંઈ તાકાત ખરી તેમ શીલવ્રત વાળા મહા ભાગ્યવંતા ભાગ્યશાળીઓને વર્તમાન ઝેરી જમાના વાદની વાત કંઈ અસર ન કરે... બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનાર નાટક, સીનેમા, ટી. વી. ચલચિત્રો ન જોવે. કદાચ તે વ્રતીની કોઈ પરીક્ષા કરે તો પણ નાપાસ ન જ થાય..

સ્ત્રીઓના રૂપની પાછળ, સ્મિતની પાછળ, થનગનતા યૌવનની પાછળ, તેની અવનવી ચાલપાછળ, તેના પ્રત્યેક કાર્યો પાછળ, લટુ બનનારનો તોટો નથી. પરંતુ તેનો તિરસ્કાર કરનાર તો જવલ્લે જ મળશે. સદાચારમાં મસ્ત રહેનારને ચલિત કરવાની દેવની કે ઇન્દ્રાણીની કે અપ્સરાની પણ તાકાત નથી. તે મહાવ્રતધારી તો વિચારે કે સ્ત્રીના

શરીરમાં લલચાવા જેવું કંઇ જ નથી, પવિત્ર વ્યક્તિએ અપવિત્ર અશુચિમય પદાર્થવાળી વ્યક્તિમાં મોહ પામવું એ અજ્ઞાન છે. અશુચિના ઢગલાથી જે વિરામ નથી પામતા તે રાવણની જેમ ભાન ભૂલી નામને બગાડે છે. જે વિરામ પામે છે તે વાસ્તવિક રામની જેમ જગતમાં નામ રાખે છે...જ્યારે કામણગારી નારી ધર્મસત્તાને, પ્રકૃતિને આધીન રહેનારા, તથા વિકૃતિથી દૂર થનારા આત્માને પજવવા ઇચ્છે છે ત્યારે તે આત્મા આત્મગત ભાવનાને આત્મામાં પડેલા ગુણોને શોધી શોધીને વિકૃત્તિ કહેતાં પુદ્ગલ પ્રત્યે ન આકર્ષાતાં સ્વ આત્મા પ્રત્યે દોરાય છે. નારી જ્યારે વિકૃતિમાં જાય છે. ત્યારે તે અપ્સરા કરતાં બમણી તાકાતથી અભિનયાદિ કરી જાતજાતના લટકા ચેનચાળા કરી અન્યને અનાચારના પંથે લઇ જાય છે. પણ જ્યારે પ્રકૃતિમાં નારી જાય છે ત્યારે અનાચારીને પણ સદાચારી બનાવે છે. પરમાત્માની ઉપાસનાના પ્રભાવે વિકૃતિ જાય પ્રકૃતિ આવે. વિકૃતિ તોડો–પ્રકૃતિ મેળવો.

અધ્યાત્મસારમાં યોગાધિકારમાં ૬૦મા શ્લોકમાં જણાવે છે કે.

**ઉપાસના ભાગવતી, સર્વેભ્યોઽપિ ગરીયસી,**
**મહાપાપ ક્ષય કરી, તથા ચોક્ત પરૈરપિ**

ઇતર દર્શનવાળા પણ ભાગવતી (પરમાત્મા)ની ઉપાસનાને શ્રેષ્ઠ માને છે, મહાપાપને સંહારનારી છે, પાપના વિચારોને તોડનારી છે માટે જ કહેવાય છે કે ઉપાસના ત્યાં વાસના નથી. જ્યાં વાસના છે ત્યાં ઉપાસના

નથી પુણ્ય શાળી આત્મા કદાપિ વાસનામાં રસવૃત્તિ ધરાવતા નથી જ્યારે વિકૃત્તિવાળા યાને પાપ પ્રવૃત્તિવાળા તેથી ધરાતા નથી. અંતે દુર્ગતિના ભાજન બને છે.

ચતુર્થ વ્રતધારી બ્રહ્મચારી આત્માઓ જ્ઞાનીના સહવાસમાં આવી શ્રેષ્ઠ વ્રતમાં છાંટા ન ઉડે તે માટે ગાઢ પુરુષાર્થ કરે.

કુન્દાન્યસ્થનિ દશનાન, મુખં શ્લેષ્મ ગૃહં વિધુમ્
માંસ ગ્રન્થી કુચૌ કુમ્ભૌ, હેમ્નો વેત્તિમમત્વવાન્

ન્યાય વિશારદ પ.પૂ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. સા. અધ્યાત્મસારમાં મમતાધિકારના ૧૪ મા શ્લોકમાં જણાવે છે કે સંસારના લોલુપી જીવો હાડકાંના દાંતને પુષ્પ જેવા, શ્લેષ્મના ઘર એવા મુખને ચન્દ્ર જેવું માંસના પિંડથી યુક્ત સ્તનોને સોનાના કુંભ માને છે. પરંતુ જ્ઞાનીજનો ક્રમે કરીને એને હાડકાંનો માળો, રોગનું ઘર અને માંસનો પિંડ માને છે. યૌવન અવસ્થા, નિરવ એકાંત તેમ સાનુકુળ ભોગ સામગ્રી હોવા છતાં શીલવ્રતવાળા ભાગ્યવંતા ઉદાસીનભાવે પ્રવર્તતા હોય છે. ભોગમાં ઉદાસીનતા પરમ બનાવે છે.

સતીત્વ અથવા શીલરક્ષા એ સ્ત્રી જાતિનો મુખ્ય અને સર્વશ્રેષ્ઠ ગુણ છે. શાસ્ત્રોમાં તે સંબંધે ઘણું ઘણું વિવેચન કરવામાં આવ્યું છે. સ્ત્રીના બીજા ગુણો ભલે તેજસ્વી નક્ષત્રોની જેમ ચમકયા કરે પણ સૂર્ય વિના જેમ અંધારી રાત્રિનો અંધકાર ઓગળતો નથી તેમ એક સતીત્વ વગર બીજા ગુણો કંઈ પ્રકાશમાં આવી શક્તા નથીઃ શીલ જ સ્ત્રી–જાતિને ગૌરવશાળી તેમજ આદરણીય બનાવી મૂકે છે.

જે જે સ્ત્રીઓએ કસોટીના સમયે પોતાના શીલનું રક્ષણ કર્યું છે, તેમના સ્તુતિગાન આજે હજારો વરસ વીતવા છતાં આપણે ગાઈએ છીએ. જે જે સતી સ્ત્રીઓએ ભયંકર આફતના વખતમાં પણ પોતાના પતિનો સંગાત નથી છોડયો, ક્ષણિક વૈભવથી નથી લોભાઈ એને ઉદ્દેશી નાસ્તિક મનુષ્ય પણ પ્રણામ કરે છે. જે જે સતી સ્ત્રીઓએ એક માત્ર શીલરક્ષાની ખાતર પોતાના પ્રાણની આહૂતિઓ આપી છે, તેમનાં જીવનચરિત્રોથી પણ પોતાને ભાગ્યશાળી માને છે. સતીત્વ એક એવું રત્ન છે કે જેની કિંમત કોઈ આંકી શકયું નથી. એ રત્નના પ્રકાશ પાસે બીજા પ્રકાશ નિસ્તેજ બની જાય છે. શીલરક્ષાના એક જ સદ્‌ગુણથી સ્ત્રી-જાતિ અમર નામના મેળવે છે સતીત્વ એ નારી જીવનનો મૂળ પાયો છે. એ પાયા ઉપર જ બીજા સદ્‌ગુણો મહેલની જેમ ખડા રહે છે. સતીઓનાં પવિત્ર નામોનું સ્મરણ આજે પણ આપણે કરીએ છીએ કે:-

इच्चाइ महासइओ, जयंति अकलंकसीलकलियाओ ॥
अज्ज वि वज्जइ जासिं. जसपडहो तिहुणेअ सयले ॥

એટલે કે સુલસા, ચંદનબાળા આદિ સતીઓ જેમણે પોતાના શિયલ નિર્મળ રાખ્યા તેમનો યશરૂપી પડહ આજે પણ ત્રણે ભુવનને વિષે વાગી રહ્યો છે. સુલસાની પરીક્ષા કરવા હરિણેગમેષી દેવે સાધુનું રૂપ લીધું અને સુલસાની ધીરજ ખૂટી જાય તેવું કર્યું, છતાં સુલસાએ પોતાની દ્રઢતા ન મૂકી. છતાં સુલસા નિર્વિકાર રહી. ભગવાન મહાવીરે એને પરમ શ્રાવિકા માની, ધર્મલાભ કહેવડાવ્યા.

હતા. સતી નારીનું આ સૌભાગ્ય કાંઇ જેવું તેવું ન ગણાય. ચંદનબાળા રાજકુંવરી હતી, કૌશાંબીની બજારમાં એ વેચાઈ, એના પગમાં બેડીઓ પડી, એના મસ્તકે મુંડન થયું છતાં એ પોતાના શીલથી ના ડગી, મદનરેખાને એના પોતાના જેઠે ઘણી ઘણી રીતે હેરાન કરી, મદનરેખાના પતિનું ખૂન કરવામા આવ્યું, એ વિકટ અરણ્યમાં એકલી રઝળી, છતાં પોતાનું શિયલ ન છોડયું. નર્મદાસુંદરી વેશ્યાના આવાસમાં આવી ચડવા છતાં પોતાના શિયલને અખંડિત રાખી શકી. સુભદ્રા, પોતાના પતિની શંકાનો ભોગ બની, પણ જ્યારે સુભદ્રાએ પોતાના શિયલને પ્રભાવે નગરીના દરવાજા ઉઘડાવ્યા ત્યારે સૌને ખાત્રી થઇ કે સુભદ્રા સતી શિરોમણિ હતી. સતીધર્મની વ્યાખ્યા કરતાં. ઉપદેશરત્નાકરમાં એક સ્થળે કહ્યું છે કેઃ—

**या शीलभंगसामग्रीसंभवे निश्चला मतिः ।**
**सा सती स्वपतौ रक्तेतराः संति गृहे गृहे ॥**

શીલનો ભંગ થવાની સામગ્રીનો સંભવ છતાં પણ જેની બુદ્ધિ નિશ્ચળ રહે, પોતાના પતિને વિષે જ અનુરક્ત રહે તે સ્ત્રી સતી કહેવાય. બાકી તો બીજી સ્ત્રીઓ ઘેર ઘેર છે. એ પછી એના અનુસંધાનમાં સતી શીલવતીની કથા આપવામાં આવી છે. સતી શીલવતીને લોભાવવા, સતીધર્મની પરીક્ષા કરવા મહારાજાએ પોતે ઘણી ઘણી યુક્તિઓ કરી પણ એ યુકિતની જાળમાં મહારાજા, મંત્રી, સેનાપતિ ને કોટવાળ ફસાઇ પડયા. મહારાજા અને તેમના મંત્રીઓ

વિગેરે હાસ્યાસ્પદ બન્યા. સતી શીલવતીએ મહારાજાની લાલચોને લાત મારી પોતાની પવિત્રતા જગજાહેર કરી. લલચાવનારા સંયોગોમાં કોઈ પણ સ્ત્રી ફસાયા વિના ન રહે, એમ જે મનાતું હતું તે માન્યતા શીલવતીએ ખોટી પાડી. સ્ત્રી-જાતિમાં પણ પર્વત જેવી અચળતા હોય છે, અને તે પોતાના સતીત્વના તેજથી અશકયને શકય બનાવી શકે છે, એ વાત શીલવતીએ પૂરવાર કરી આપી. સ્ત્રી-જાતિ ઘણી નિર્બળ હોય છે. સ્ત્રી-જાતિને ફસાવવા સારૂં અમુક પ્રકારના અનુકૂળ સંયોગો બસ છે; એમ જે કહેવામાં આવે છે તે કેટલું બધું નિર્મૂળ ભ્રામક છે, તે આ સતીઓએ પોતાના જીવનચરિત્રોથી સિદ્ધ કર્યું છે.

સ્ત્રી ભલે બીજી રીતે પુરૂષથી નબળી હોય પણ જો તે દૃઢ નિશ્ચયવાળી હોય. પતિને વિષે આસ્થાવાળી હોય તો મનુષ્ય તો શું પણ દેવો પણ એમને ચલિત કરી શકે નહીં. ગમે એવા કપરા સંજોગોમાં પણ અબળા પોતાની વિશુદ્ધિને ઝાંખપ લાગવા ન દે. પ્રાચીન તેમજ અર્વાચીન સતીઓના જીવનનો એ એક અમૂલ્ય બોધપાઠ છે.

શીલરક્ષાને અંગે સ્ત્રીઓએ જે સાહસ ખેડયા છે, જે રીતે પોતાના દેહને અગ્નિને અર્પી દીધાં છે તે જોતાં સ્ત્રી એક મહાશક્તિ જ છે.

સતીત્વ એ જ ગૃહસ્થાધર્મનો આધારસ્તંભ છે. જે પોતાના પતિને વિષે સંપૂર્ણ શ્રદ્ધા કરાવે છે, દુઃખ કે શોકના અવસરોમાં પતિની પડખે ઉભી રહે છે. દુષ્ટ પુરૂષોનાં છળપ્રપંચને પોતાની શક્તિના બળે ભેદી નાંખે છે,

તે જીવનમાં મોટી કમાણી કરી જાય છે. શીલના રક્ષણમાં બીજા અનેક સદ્ગુણોનું પાલન આવી જાય છે. પ્રાણના સર્વસ્વના ભોગે પણ સતીત્વની રક્ષા કરજો. નિષ્કલંક સતીત્વ છેદાયેલા અંગોને પણ પાછા પોતાને સ્થાને સ્થાપે છે. સતી કલાવતીના સંબંધમાં કહેવામાં આવે છે કેઃ—

छेद्रात् पुनः प्ररोहंति, ये साधारणशाखीनां ।
तद्वच्छीन्नानि चांगानि, प्रादुर्याति सुशीलत: ॥

જેમ અનંતકાય વનસ્પતિને છેદવાથી પાછી ફરીને ઉગે છે તેમ ઉત્તમ શીલથી છેદાયલાં અંગો પણ પાછાં ઉત્પન્ન થાય છે.

કલાવતીના વિષયમાં એના પતિને જ શંકા ઉપજી હતી, તેથી તેણે કલાવતીના બન્ને કાંડા કપાવી નાખ્યાં હતાં. આખરે તે શંકા ખોટી હતી તેમ સમજાયું. કલાવતીએ પોતાની પવિત્રતાનાં પ્રભાવે ફરી હાથનાં કાંડા મેળવ્યાં. શંકાશીલ પતિએ અંતે ઘણો પશ્ચાતાપ કર્યો. શીયલનો એ પ્રભાવ છે. શૂળીમાંથી સિંહાસન ઉપજાવવાની શક્તિ શીયલમાં જ છે.

એવા એ મહાપ્રભાવિક બ્રહ્મચર્યના પાલન માટે દ્રઢ મનોબળ જોઇએ. મનોબળથી જ બ્રહ્મચર્ય પાળી શકાય છે. બ્રહ્મ એ શક્તિનો અખૂટ ભંડાર છે. વાસના ઉપર વિજય મેળવનાર બ્રહ્મવ્રતનું સરળતાથી પાલન કરી શકે છે. પેટની ભૂખ ઉપર વિજય કદાચ ન પણ મેળવી શકાય પણ માનવી ધારે તો વાસનાની ભૂખ ઉપર વિજય મેળવી શકે છે. સંડાસમાં જેમ કીડા ખદખદે તેમ આજે તો મોટા ભાગે

લગભગ આ વિષમ સમયમાં દુનિયામાં વાસનાના કીડા ખદ બદે છે. આજે કેટલાક ઇંડા જેવી અભક્ષ્ય વસ્તુઓમાં વિટામીન ડી–અને સીની શોધ ચલાવે છે. પણ તે મોટી ભ્રમણા છે. સાચું વિટામીન બ્રહ્મચર્યમાં જ છે. માનવી સંયમી બને તો તેને બીજા વિટામીનની જરૂર નથી.

બ્રહ્મચર્ય એ શરીરનો રાજા છે. રાજા નબળો પડે એટલે અનેક રોગો ઘર ઘાલી જાય છે. મનુષ્યો તુચ્છ પદાર્થોની રક્ષા કરે છે. પણ મહાકિંમતી એવા શીયલની રક્ષા કરતાં નથી. તેના રક્ષણથી–પાલનથી મનુષ્ય માત્ર તેજસ્વી. શૂરવીર, ધર્મવીર બની જગતમા પૂજાય છે. બ્રહ્મના પાલન સિવાય આત્મ સ્વરૂપમાં રમણતા આવવી અશકય છે, તેના પાલન અર્થે સાત્વિક ખોરાકની તેમ સારી સોબતની ગાઢ જરૂર છે. સીને સૃષ્ટિ. સહશિક્ષણના કારણે આ મહાન વ્રત પામવું અશકય થઇ ગયું છે. શીયળ વિનાના સૌન્દર્યની પણ કંઈ કિંમત નથી.

**શીયળની સજઝાય** (રાગ–આશાવરી)

મહિમા અપરંપાર, શીયલનો મહિમા અપરંપાર,
બ્રહ્મચર્ય વ્રતધાર પ્રાણી, મહિમા અપરંપાર શીયલનો–૧
મદનરાજની માયાભારી, પલમાં કરે વિકાર,
જેણે જીત્યો એ દુશ્મનને, જાયે તરી સંસાર શીયલનો–૨
વિજય શેઠને વિજયાનારી, યૌવન વય ધરનાર.
બ્રહ્મચર્ય વ્રત આચરી જેણે, સફલ કર્યો અવતાર શીયલનો–૩
સીતા સુભદ્રા ચંદનબાલા, શીયલવંત નાર,
એ સતીઓના અનુપમ ગુણને, ગાયે સહુનરમાર શીયલનો–૪

વિષય વમળમાં જે જનફસીયા, ભૂલ્યા સત્ય વિચાર,
જ્ઞાની પણ અજ્ઞાની બનીયા, આખર થયા ખુવાર શીયલને।-૫
મુંજ અને મહાબળીયે। રાવણ, લંકાને। સરદાર.
પરસ્ત્રીમાં કામાંધબની, રોડાયારણ મોઝાર શીયલને।-૬
સૌવર્ણ વર્ણી જે કાયામાં, શું રાખે છે પ્યાર,
મુરખ વિચારી જોતું આખર, એ છે નરકાગાર શીયલને।-૭
ઘરડાં છતાં ઘોડે ચડવાને, જે થાયે તૈયાર,
એવા નીચ લંપટ કામીને।, ધીકધીકધીક અવતાર શીયલને।-૮
બની પૂજારી વાસના કેરા, ભૂલે પ્રભુને। પ્યાર,
પશુપક્ષી સમજીવન વીતાવે, થાયે ભૂમિપર ભાર શીયલને।-૯
શાસન સમ્રાટ **નેમિસૂરી, વિજ્ઞાનસૂરી** હિતકાર,
વાચક **કસ્તુર** ગુરુને પ્રીત, પ્રણુમીવાર હજાર શીયલને।-૧૦
ચન્દ્રકાંત કપુરચંદ કાજે, રચના કીધી સાર,
ચોમાસું રહીને વલસાડ, **યશોભદ્ર** અણગાર શીયલને।-૧૧

જિનેશ્વર દેવોએ પણ મદિરાના નામે પહેલે। ભેદ સમજાવ્યે। છે કે તેના સેવનથી માનવી મડદા જેવે। બની જાય છે. અને તેનું તમામ ચૈતન્ય નાશ પામે છે. બીજો ભેદ વિષયોને। સમજાવ્યે। છે કે જેના ફંદામાં ફસાયા પછી માનવી આંધળે। બની જાય છે. છતી આંખોએ શાસ્ત્રો કે તત્વજ્ઞાન તેને લાધતા નથી. આ તેમની કરૂણતા છે.

ત્રીજો ભેદ કષાયે। છે તેમાં ફસાયેલ જીવોને સંસારના સુખો મોહ-માયા-લોભ અને ક્રોધમાં ફસાવી જીવન બરબાદ કરે છે. જીવનમાં કદી શાંતિ મળતી નથી તેથી પ્રભુ યાદ કરવાને। સમય મલતે। નથી. ચોથે। ભેદ છે. નિદ્રા જે

માનવીને અન્ય કોઈ કામ કરવા દેતો નથી. તેને ધર્મ શું છે કે અધર્મ શું છે તે વિચારવાનો અવકાશજ મલતો નથી અને નિરર્થક માનવ-ભવ ગુમાવે છે.

આમ વિકથાના ચાર ભેદો છે અને પાંચમો છે પ્રમાદ- જે માનવીના ચિત્તની સ્થિરતાનો નાશ કરે છે. આ પાંચ ભેદ બહુ ભયંકર છે. માટે સમજો. વિચારો અને મનુષ્ય ભવનો લાભ લેતાં શીખી જાવ.

જીવન ક્ષણભંગુર છે. કાલની કોઈને ખબર નથી. મારા તારાની મમતા છોડી દો. આવેલી તકનો ઉપયોગ કરી લો. ફરી ફરીને ઉત્તમોત્તમ તક મળતી નથી. સંસાર નાશ-વંત છે. ત્યારપછી નગરજનોએ યથાશક્તિ વ્રત નિયમો સ્વીકારી વંદન કરી નગરમાં ગયા. ત્યારે શીલવતીએ વંદન કરી ગુરૂ મહારાજને પૂછ્યું કે હે ગુરૂદેવ ! રાજા-મંત્રી વગેરે મારા પ્રત્યે રાગી કેમ થયા ?

ત્યારે ગુરૂદેવ બોલ્યા હે ભાગ્યશાળી ! આ બધા પૂર્વ-જન્મના કારણેજ બન્યું છે. કર્મજ બળવાન છે. તે વિષે તારી પૂર્વજન્મની વાત સાંભળ.

આ જંબુદ્વીપમાં ઐરવત ક્ષેત્રમાં દ્યુતિલક નામે એક મોટું નગર હતું. તે નગરમાં કુબેર ભંડારી જેવો મહા-ધનાઢ્ય શિવભૂતિ નામે એક શેઠ હતાં. તેમને મહાશ્રી નામે પત્નિ હતી. તેમને સિંહનામે પુત્ર અને ચંદ્ર લેખા નામે પુત્રી હતાં. સમય જતાં બંન્ને યૌવન અવસ્થાને પ્રાપ્ત

થયાં. શિવભૂતિએ સિંહના લગ્ન શાહુકારની પુત્રી દેવશ્રી સાથે કર્યા દેવશ્રી અત્યંત મનોહર મુખમુદ્રાવાળી અને લાવણ્યવંતી હતી.

શિવભૂતિને દેવધરનામે મોટોભાઈ હતો. એક વખત વેપાર ધંધાના કામકાજ અંગે તેને કનકપુર જવાનું થયું. ત્યાં નસીબ જોગે નંદ નામના એક શેઠ સાથે મિત્રતા થઇ. જેથી તેને નંદશેઠને ઘેર અવારનવાર જવાનું બનતું. નંદશેઠને યુવાન પુત્ર હતો તે ખૂબજ દેખાવડો ગુણવાન અને હોંશિયાર હતો. તેથી દેવધરે તેના ભાઈની પુત્રી ચંદ્રલેખાનો તેની સાથે વિવાહ કર્યો.

બીજી બાજુ શિવભૂતિનો પુત્ર સિંહ વેપાર માટે ચંપાનગરી ગયો હતો. અહીં એક શેઠના પુત્ર નામે સૂરદેવ સાથે દોસ્તી થઇ. તે ખૂબજ દેખાવડો અને વ્યવહાર કુશળ હતો. તેને વિચાર્યું કે આ મિત્ર ચંદ્રલેખા માટે ખૂબજ યોગ્ય છે તેથી તેણે બહેનનો વિવાહ કર્યો.

ચંદ્રલેખાની માતા મહાશ્રી પોતાના પિયર ગયેલી. ત્યાં તેની બાળપણની બહેનપણીનો પુત્ર ગુણચંદ્ર જોયો. તે તેને ગમી ગયો તેથી તેણે ચંદ્રલેખાનું સગપણ ત્યાં કર્યું. એ દરમ્યાન શિવભૂતિનો જુનો મિત્ર મહેશ્વર દત્ત નામે હતો તે ચંદ્રપુરથી અહીં ઘુતિલક નગરે આવી આવી ચડયો. તેનો પુત્ર શંખદત્ત હતો. તેના વિષે વિગત જાણી અને મનને જચી ગઇ તેથી તેણે ચંદ્રાલેખાનું વેવિશાળ તેની સાથે કર્યું.

હવે જોગાનુજોગ એવું બન્યું કે ચારે જગાએથી

લગ્નનો દિવસ એક જ આવ્યો અને તે મુજબ તેઓએ અહીં કન્યાના પિતાને જાણ કરી. અહીં શિવભૂતિએ વિવાહ મહોત્સવ ચાલુ કરાવી દીધો અને સ્ત્રીઓ મનોહર ગીતો ગાવા લાગી. લગ્નનો દિવસ આવી પહોંચ્યો. ચારે જાન પરિવાર સાથે આવી પહોંચી. ચારજાન જોઈને શિવ ભૂતિ વિચારમાં પડયો કે હવે શું કરવું ! ચારે બાજુ કકળાટ અને કોલાહલ શરૂ થઈ ગયો અને જાનવાળા અંદરોઅંદર લડવા લાગ્યા. આ જાતનો કોલાહલ જોઈ કન્યા ચન્દ્રલેખા બહુ દુઃખી થઈ ગઈ. હવે મારે શું કરવું ! આના કરતાં તો મરવું સારૂં એમ વિચારી તે ઘરમાંથી નાસી ગઈ અને જંગલમાં ગઈ.

મરવાની ઇચ્છા હોવાથી એક ઝાડ સાથે ફાંસો બાંધીને આપઘાત કરવાની તૈયારી કરી ત્યાં તેણે અવાજ સાંભળ્યો 'હે બાલિકા! તું આવું સાહસ કરીશ નહિં. તેણીએ વિચાર કર્યો કે કોણ મને રોકી રહ્યું છે? દૂર જોતાં એક ઝાડ નીચે એક મુનિ મહારાજ બેઠેલાં જોયાં તેથી તેણી બહુ આશ્ચર્ય પામી હૈયામાંથી ગભરાટ અને ચિંતા છોડી મુનિ મહારાજ પાસે ગઈ અને બે હાથ જોડી વંદન કરી ઊભી રહી.

મુનિ મહારાજ બોલ્યાં કે મહાભાગ્યશાળી પુત્રી ? તું આમ ખોટી રીતે આપઘાત કરી જીંદગી ટુંકાવી રહી છે. હે ભોળી ! સંસારમાં સુખ અને દુઃખ દરેક જીવને પોતાના કર્મો અનુસાર આવ્યા જ કરે છે. એનાથી મુંઝાઈ શા માટે જાય છે! મુંઝાઈને આપઘાત કરવાથી કર્મોનો નાશ થતો નથી. માત્ર આ શરીરનો જ નાશ થાય છે.

એટલે તે કર્મો બીજા જન્મમાં આવે છે તદુપરાંત આપઘાત કરવાથી અન્ય કર્મો બંધાય છે અને તે પણ ભોગવવા પડે છે માટે કર્મો સાથે લડવું જોઇએ. શરીર સાથે નહિ. શરીરને શિક્ષા કરવા કરતાં કર્મોનો નાશ કરવાનો વિચાર કર. અને એ કર્મોના નાશ માટે ધર્મનુ શરણું લે. જેથી તું તરી જઇશ.

ચંદ્રલેખા કયો ધર્મ ? ધર્મ એટલે શું ? ત્યારે મુનિરાજે સમજાવ્યું કે હે બાળા ? જૈન ધર્મ જેવો જગતમાં કોઇ ધર્મ નથી. અને તેમાં બતાવેલ સંયમ જેવું કોઈ તપ નથી. માટે સંયમ પાળીને મોક્ષ મેળવવાની ઇચ્છા રાખ તો તારો આ ભવ અને પરભવ બંને સુધરી જશે. તેથી કરીને આ બાળાએ મુનિરાજ પાસે સંયમ સ્વીકારી સાધ્વીજી મહારાજ પાસે રહી સંયમ પાળી ખૂબજ તપ-જપ-કરી અનશન સ્વીકારી શુદ્ધ આરાધના પૂર્વક કાળ કરી મૃત્યુ પામ્યા અને બીજા દેવ લોકમાં અનુપમ કાંતિવાળી દેવી થઇ, ત્યાં આયુષ્ય પુરૂં કરી અહીં શીલવતી તરીકે જન્મ પામી.

બીજી બાજુ ચાર જાન આવેલી તે ચારે વર વિચારવા લાગ્યા કે કન્યા તો ગૂમ થઇ ગઇ છે. અમારે ચારેને પરણ્યા વિના પાછા વળવાનું છે. જેથી સંસારમાં અને સમાજમાં અમે હાસ્યપાત્ર બનીશું. એટલે હવે ખાલી હાથે પાછા જતાં અમને લજ્જા આવે છે એમ વિચારી એ ચારેય જણ વનમાં જઇ તાપસ બની તપ

કરવા લાગ્યા. તપના પરિણામે તેઓ ચારે ત્યાંથી મરીને ભુવનપતિ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયાં. ત્યાં ઘણું ઘણું સુખ ભોગવી અહીં જન્મ પામ્યા. તે પૈકી આ બ્રાહ્મણ કોટવાલ, મંત્રી અને રાજા થયાં. પૂર્વ જન્મોના સંસ્કાર ભૂંસાયા ન હતા. તેથી તેઓ સર્વે તારા પ્રત્યે પ્રીતિવાળા હતા. રાગ અને દ્વેષ અનેક જન્મો સુધી સાથે સાથે આવે છે. અને આ જન્મમાં તારે આ રીતે ભોગવવું પડયું. આમ તને તારા પ્રશ્નનો અને પૂર્વ જન્મની વાતનો સ્પષ્ટ વૃત્તાંત જાણવા મલી જાય છે.

વિશેષમાં ગયા જન્મમાં તું ચિત્રલેખા હતી અને તારો ભાઈ સિંહ હતો. તે આ જન્મમાં તારો પતિ સમુદ્રદત્ત છે કેમકે આ સંસારનું નાટક ચિત્ર વિચિત્ર રૂપે છે. આ જન્મમાં પતિ-પુત્ર-ભાઈ કે પિતા-માતા હોય તે બીજા જન્મમાં બીજા સ્વરૂપે હોઈ શકે. જેથી કોઈને ખબર પણ પડતી નથી. આ સમજી સાંભળીને શીલવતી પ્રતિબોધ પામી. સંસાર પ્રત્યે અભાવ જાગ્યો. વિષયો વિષ જેવા લાગ્યા. તેથી તેણીએ મુનિરાજ પાસે વિનંતિ કરી ચારિત્ર્યનો ભાવ દર્શાવ્યો. ત્યારે મુનિ મહારાજે શીલવતી તથા અન્ય સર્વેને દિક્ષા આપી ધર્મનો મર્મ સમજાવ્યો. ચારિત્ર્ય ખાંડાની ધાર સમુ છે. શીલવતી અને સર્વેએ ઉત્તમ પ્રકારની આરાધના કરી આકરી તપશ્ચર્યા કરી અને ઉત્તમ સંયમ પાળી મૃત્યુ પામી દેવલોક ગયા, ત્યાંથી ચ્યવી પૃથ્વી ઉપર જન્મ પામી મોક્ષે જશે.

× × ×

## ૧૩. ધમ્મિલનો વિપુલ-સંસાર

હે ભવ્ય લોકો ? જેવી રીતે શીલવ્રત પાળી શીલવતી સતી તરીકે જગતમાં પ્રસિદ્ધ થઈ તેમ તમે સૌ જીવો તેણીના જેમ નિર્મળ ચારિત્ર્ય અને શીલવ્રત પાળી પુણ્ય ઉપાર્જન કરી અનંતુ સુખ પામો. સંસાર અસાર છે. જીવન ક્ષણભંગુર છે. વાસના વિષ સમાન છે. ધર્મ અમૃત સમાન છે. જે સારું તે તમારું, તરવું ગમે તો તરો અને ડૂબવું ગમે તો ડૂબો.

આમ શીલવતીની વાત સાંભળી ત્યાર પછી.

કમલા બોલી હે માતા ! શીલવતી મહાસતી થઈ તેમ બીજી સ્ત્રીઓ પણ શીલથી આત્માને કાબુમાં રાખી શકે છે. વળી મારે એક વિનંતિ કરવાની છે કે મને નહિં ગમતા એવા ધમ્મિલનું નામ મારી પાસે લેશો નહીં, તેમજ તેનું મુખ પણ જોવું નહિ.

આ માતા પુત્રીની બધીજ વાત ધમ્મિલ સાંભળતો હોવા છતાં સમય અને સંજોગો જોતાં મૌન રહી રથ ચલાવવામાં જ ધ્યાન રાખતો હતો. વનમાં ઘણો રસ્તો કાપી આગળ જઈ રહ્યો હતો. એવામાં તેણે ઘોડાના હણહણાટ તેમજ વાજિંત્રોના અવાજ તથા શંખનાદ અને માનવીઓના અવાજ સાંભળ્યાં. તેથી બરાબર ધ્યાન દઈને જોતાં દૂર દૂર અનેક ધજાપતાકાઓનો સમૂહ જોવામાં આવ્યો.

ધમ્મિલે વિચાર્યું કે અગાઉની લડાઈ વખતે આ

ચોરીના પરિવાર પૈકી મેં ઘણા માણસોને માર્યા હતા એટલે કદાચ તેનું વેર લેવા આવી રહ્યા હોય એવી શક્યતા છે. ગમે તે હોય. થઇ પડશે. ખોટી ચિંતા શા માટે કરું ? આ કોલાહલ અને અવાજો સાંભળી કમલા અને વિમલા કલ્પાંતપૂર્વક રડવા લાગ્યા. હવે આપણું શું થશે ? ત્યારે ધમ્મિલે તેમને આશ્વાસન આપ્યુ કે હું જીવતો છું ત્યાં સુધી તમારો વાળ પણ વાંકો કરવાની કોઇની તાકાત નથી માટે ચિંતા કરવાનું કે રડવાનું કોઇ કારણ નથી.

એવામાં સામે આવેલ સૈન્યના આગેવાનોએ તેમના હથિયાર હેઠાં મૂકી દીધાં અને તેમના સેનાપતિ જેવો દેખાતો. માણસ હસતો હસતો ધમ્મિલની સામે આવવા લાગ્યો.

ધમ્મિલ વિચારવા લાગ્યો કે આ કોણ હશે ? અને કેમ આવતો હશે ? આવનાર માણસ બે હાથ જોડીને નમન કરી રહ્યો હતો. અને બોલ્યો, હે બહાદુર નવજવાન ! સામે દેખાય છે તે અંજનાચલ નામે પર્વત છે. તેમાં ઘણા ભીલો રહે છે. તેમનો રાજા અજીતસેન નામે છે.

ચોરોનો સેનાપતિ અર્જુન નામે હતો. તે મહાબળવાન અને ક્રૂર માણસ હતો. જે અજિતસેનનો મોટામાં મોટો દુશ્મન હતો. તેને મારવા માટે અજિતસેન અસમર્થ હતો, આપે એ અર્જુનને હરાવી મારી નાંખ્યો છે. એવી વાત અમે જાણી ખૂબજ ખુશ થયા છીએ અને તમારા પ્રત્યે એક ભાઈ કે મિત્ર જેટલો પ્રેમ થયો છે. જેથી તમારું સન્માન કરવા તે પોતાના પરિવાર સાથે અહીં સામૈયું કરવા આવેલ છે.

તેથી ધમ્મિલ રાજી થયો. રથમાંથી ઉતરી નિર્ભય પણે સામે ગયો. ત્યાં અજિતસેન પણ ઘોડા ઉપરથી ઉતરી પ્રેમથી તેને ભેટી પડયો અને બોલ્યો હે મહારથિ ! આ અર્જુનને તેં માર્યો છે તે ખરેખર મહાન કાર્ય કર્યું છે. કેસરિસિંહને ભગાડયો. દ્રષ્ટિવિષ સર્પને દમ્યો. આવા તારા કાર્યોથી અમે ખુશ થયા છીએ. અને તારી બહાદુરીના કાર્યોની પ્રશંસા કરીએ છીએ.

સિપાઇઓની મોટી ફોજ ભેગી મળીને ન કરી શકે એવું કાર્ય તેં એકલે હાથે અર્જુનને મારીને કર્યું છે. જેથી હવે અમે સૌ નિરાંતની ઊંઘ લઈ શકીએ છીએ. હવે અમારી વિનંતિ છે કે આપ અમારી પલ્લીમાં પધારી પાવન કરો અને અમારા લોકોને આપનું દર્શન કરવા દો. આથી ધમ્મિલ તે રથ લઇને પલ્લી તરફ ગયો.

તેના માનમાં પલ્લિપતિએ મહોત્સવ કર્યો. તેમને ઉતારા માટે સારી વ્યવસ્થા કરી આપી અને જમાવા માટે સુંદર ભોજન તૈયાર કરાવી પ્રેમપૂર્વક જમાડયા. અજિત-સેન ધમ્મિલની ખૂબ સારી સંભાળ રાખતો. નવા નવા વસ્ત્રો અને આભુષણોથી સત્કારતો. આમ અહીં આનંદમાં દિવસો પસાર થવા લાગ્યા. આ બધું જોઇને વિમલા તો ધમ્મિલના ખૂબ ખૂબ વખાણ કરતી પરંતુ કમલાને તે ગમતું જ નહિં.

અહીં પલ્લીમાં થોડાં દિવસ રહી અજિતસેનની રજા લઇ ધમ્મિલ ચંપાનગરી તરફ રવાના થયો. થોડા દિવસમાં તેઓ સૌ ચંપાનગરી પાસે આવી પહોંચ્યા ત્યારે તે રથ

નગરથી થોડે દૂર ઊભો રાખીને તે વિમલાને કહેવા લાગ્યો હે માતાજી! હું નગરમાં જાઉં છું. ત્યાં રહેવાની તથા ખાવા-પીવાની બધીજ વ્યવસ્થા કરીને હું પાછો આવું ત્યાં સુધી તમો અહીં શાંતિથી રહેજો.

વિમલા કહે ભલે, પરંતુ આ નગરી ઠગલોકો માટે જાણીતી છે. માટે તું ક્યાંક ઠગાઈ જાય. તો તારો પત્તો મેળવવો અમારા માટે મુશ્કેલ બને, તેથી અમને મનમાં થોડી ચિંતા રહે છે.

ધમ્મિલ હસતાં હસતાં બોલ્યો કે હે માતાજી! હજુ તમે મને બરાબર ઓળખતાં નથી. આપણો પરિચય ટુંકો છે. પરંતુ આપ એટલું સમજી લેજો કે ધમ્મિલને ઠગવો એ કોઈ સહેલું કાર્ય નથી. દુનિયાભરને હું ઠગીને આવું તેવો છું. એમ કહીને તે ચંપાનગરીમાં ગયો. રસ્તામાં ચંદ્રા નામની નદી જોઇ. નદીમાં ભરપુર પાણી હતું. હજારો કમળોથી શોભતું હતું. કમળ ઉપર અનેક ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા. સૂર્યોદય થયેલો હોવાથી પાણીમાં તેના પ્રતિબિંબ અને પ્રકાશથી સર્વત્ર સુશોભિત દેખાતું હતું.

તે જોઇને ધમ્મિલ તેમાં સ્નાન કરવા ઊતર્યો. જળમાં હાથીની પેઠે મદોન્મત્ત બની જળક્રીડા કરી રહ્યો હતો. મોટા મોટા કમળો સંપૂર્ણ ખીલી રહ્યા હતાં. તેના મોટા કોમળ પત્રો પણ શોભી રહ્યાં હતાં, ધમ્મિલ ક્રીડા કરતાં કમલપત્રો તોડી તેમાં નખ દ્વારા સુંદર કોતરણી કરી તરતા મૂકતો. આમ અનેક પત્રો ઉપર આકર્ષક કોતરણી કરતો જતો હતો. બનવા કાળ એવું બન્યું કે આગળના ભાગમાં રાજ-

કુમાર તેના મિત્ર પરિવાર સાથે આ જ નદીમાં ક્રીડા કરી કરી રહ્યો હતો. ધમ્મિલ કોતરેલા કમલ પત્રો તરતા મૂકેલા તે તેનાં હાથમાં આવતાં ગયાં. તે જોઈ ને કુમારને આશ્ચર્ય થયું અને વિચાર્યું કે નદીના ઉપરવાસમાં ખરેખર કોઈ મહાન કલાકાર મનુષ્ય હોવો જોઇએ. તેનું આ અતિસુંદર કાર્ય છે. તેથી તે કલાકારને માનપૂર્વક બોલાવી લાવવા બે માણસોને ઝડપથી શોધવા મોકલ્યાં. તે માણસો શોધતાં શોધતાં ધમ્મિલ હતો ત્યાં આવી પહોંચ્યા અને સત્ય હકીકત પૂછવા લાગ્યા હે ભાઈ આગળના ભાગમાં અમે કમલપત્રોમાં નખથી કરેલી કોતરણી અમે જોઇ છે. શું તે આપે કરી હતી ?

ધમ્મિલે કહ્યું હા ભાઇ ! એમાં શું મેં કોઈ ગુનો કર્યો છે? ત્યારે તે માણસે જણાવ્યું હે કલાના ભંડાર અમારા રાજકુમાર સાહેબે તમારી કલા જોઇ ખુશ થયા છે અને તમને મલવાની તેમની ઇચ્છાથી અમને તેડી લાવવા મોકલ્યા છે માટે હે મહાનુભાવ ! અમારી સાથે ચાલો. આ સાંભળી ધમ્મિલ ખુશ થઇ ગયો અને તેમની સાથે ગયો. ત્યાં નગરના રાજા કપિલના પુત્રને મલ્યો. રાજ-કુમાર ધમ્મિલને પ્રેમપૂર્વક ભેટ્યો, અને તેની ખબરઅંતર પૂછી અને કલાનું સન્માન કર્યું. અને પૂછ્યું કે ભાઈ તું ક્યાંથી આવે છે ? તારો પરિવાર કયાં છે ?

ધમ્મિલે કહ્યું હે રાજપુત્ર ? હું કુશાગ્રનગરથી આવું છું. મારો પરિવાર નગર બહાર એક રથમાં બેઠેલ છે. રાજપુત્રે તેમને માટે રહેઠાણની વ્યવસ્થા કરવા માણસોને

મોકલ્યાં અને પોતે ધમ્મિલ સાથે હાથી ઉપર બેસી સામે આવતો જોઈ વિમલા રાજી રાજી થઈ અને કમલાને કહેવા લાગી કે આ ધમ્મિલ ખરેખર બહુ ભાગ્યશાલી અને પરાક્રમી છે.

ત્યારે માતાની વાતો સાંભળી કમલા દુઃખી થતી મોં બગાડીને બોલી હે માતા! તું ખરેખર મૂર્ખ છે. તું જેના વખાણ કરે છે તે ધમ્મિલ પ્રત્યે મને રાગ થયો નથી અને થવાનો પણ નથી. તે મારા મનનો માનેલો પ્રિયતમ નથી જ. તેને ઉંચે આસને બેઠેલો જોઇ તું તેના પ્રત્યે માનની દૃષ્ટિથી નિહાળે છે પરંતુ મને તેની કોઇજ અસર નહિં થાય. પર્વતના શિખર ઉપર રહેલું થોરનું ઝાડ કદી કલ્પવૃક્ષ બની શકતું નથી એટલે તારી વાત મને માન્ય નથી.

થોડીવારમાં ધમ્મિલ અને રાજપુત્રે ત્યાં આવીને તેમને નગરમાં લઈ ગયા. રાજપુત્ર તેમને ધામધુમ પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો અને એક મોટા સુંદર મકાનમાં ઉતારો આપી તેમને ખાવાપીવાની ઉત્તમોત્તમ પ્રકારની સુખ સગવડતા કરી આપી. ધમ્મિલ સાથે મિત્રતા કરી હંમેશા તેને પોતાની સાથે લઇને જ ફરતો. તે દરમ્યાન ધમ્મિલની કલાકુશળતાથી સંતોષ પામતો.

રાજકુમાર અને ધમ્મિલની મિત્રતા ખૂબજ ગાઢી થઈ ગઈ અને તેથી રાજકુમારના અન્યમિત્ર વર્ગ પણ ધમ્મિલ સાથે મિત્રો બની ગયાં. નગરના લોકો પણ તેમની મિત્રતા જોતાં. આમ ધીરે ધીરે આખા નગરના લોકોનો પ્રેમ સંપાદન કર્યો. પરંતુ પોતાની સાથે રહેતાં લોકો કમલા તથા વિમલાને રાજી કરી શકયો નહિ.

કોઇક માણસે રાજકુમારને કહ્યું કે તમારા આ મિત્ર ધમ્મિલની સાથે રહેતી કમલા તેમની પત્નિ હોય તેમ લાગતું નથી. તેમનો વહેવાર ભિન્ન ભિન્ન પ્રકારનો જણાય છે. તેથી રાજકુમારે તે વાતની ખાતરી કરવા માટે બધા મિત્રોને પોતપોતાની પત્નિ સાથે અમુક દિવસે બગીચામાં ગોઠવેલી ઉજાણીમાં હાજર રહેવું એવો હુકમ કર્યો.

ધમ્મિલ સમજી ગયો કે ચોક્કસ આ પ્રયાસ મારી પરીક્ષા કરવા કોઇએ રાજકુમારને વાત કહીને ઉશ્કેરેલ હશે જ, તેથીજ બધા મિત્રોને પોતપોતાની પત્નિ સાથે હાજર રહેવા જણાવેલ છે હવે મારે શું કરવું ? હું કમલાને સાથે લઇને જઇ શકીશ નહિ અને મારી બધી વાત જાહેર થઈ જશે. જેથી મારી બેઇજ્જતી થવા સંભવ છે. એથી એ ઉદાસ થઇને ઘેર આવી એક બાજુએ માથે હાથ દઇને બેઠો આ જોઇને વિમલા તેની પાસે આવી તેની ઉદાસીનતાનું કારણ પૂછવા લાગી.

ધમ્મિલ કહે હે માતાજી ! મારા માથે ધર્મસંકટ આવી પડયું છે. કમલા સાથેનો મારો વહેવાર અમુક લોકો જાણી ગયા લાગે છે અને તેમણે તે વાત રાજ-કુમારને કહી હશે જેથી તે વાતની ખાતરી કરવા માટે રાજકુમારે ઉજાણી ગોઠવી દરેક મિત્ર પત્નિ સાથે હાજર રહેવાની આજ્ઞા કરી છે. હવે મારે શું કરવું. ભયંકર મુંઝ-વણ આવી પડી છે. કમલા કોઈ રીતે માને તેમ લાગતું નથી. અને જો આ કમલા દ્વેષ રાખીને મારી સાથે આવશે નહિ તો હું સર્વ લોકોમાં હાસ્યને પાત્ર થઈશ. માટે હે

માતા ! તને હું હાથ જોડું છું કે તમે ગમે તે રીતે તેણીને સમજાવો કે પ્રીતિ વગર પણ મારી સાથે આવે તો મારું સંકટ ટળે. વિમલા કહે તું ચિંતા કરીશ નહિ હું કમલાને સમજાવું છું ઈશ્વરની ઈચ્છા હશે તો કમલા માની જશે.

ત્યાંથી વિમલા કમલા પાસે ગઈ અને સમજાવવા લાગી, હે પુત્રી ! રાજકુમારનો હુકમ છે કે ધમ્મિલે સ્ત્રી સાથે સવારે બગીચામાં આવવું એટલે મને કે કમને પણ તારે સવારે તેની સાથે બગીચામાં જવાનું છે. ખોટી હઠ ના કરીશ, ખોટો ગુસ્સો પણ ના કરીશ સવારે પતિની સાથે જજે અને કદાચ જો આ પતિ તને ગમતો ન હોય તો ત્યાં બીજા અનેક નવજુવાનો આવનાર છે તેમાંથી પસંદ કરી તારી ઈચ્છામુજબ ગમે તેને પસંદ કરી લેજે પરંતુ એટલું ધ્યાનમાં રાખજે કે સ્વચ્છંદીપણું કદી સુખ નહિં આપે હવે તારે શું કરવું એ તારે જોવાનું છે.

આ માટે એક દૃષ્ટાંત સાંભળવા જેવું છે કે સ્વચ્છંદતાનું કેવું પરિણામ આવે છે ! તે છે વસુદત્તા અને અરિદમનનું દૃષ્ટાંત. કમલા કહે હે માતા ! કઈ વસુદત્તા અને કયો અરિદમન રાજા ? તેની વાત મને કહી સંભળાવો.

## વસુદત્તાનું દૃષ્ટાંત

અવંતિ નામે એક મોટું નગર હતું. તેમાં ધનદત્ત નામે એક મહાધનવાન સાર્થવાહ રહેતો હતો. તેને ધન શ્રી નામે પત્નિ હતી. તેમજ તેમને ધનવસુ અને વસુદત્તા નામે પુત્ર પુત્રી હતાં.

કૌશાંબી નગરીથી વેપાર રોજગાર નિમિત્ત ત્યાં

અંવતિમાં આવેલ ધનદેવ સાથે તેમને મિત્રતા થઈ. તેથી સાર્થવાહે પોતાની પુત્રી વસુદત્તા તેમની સાથે પરણાવી. ભાગ્યબળે અને વેપારની આવડતથી ધનદેવે ઘણું ધન ઉપાર્જન કર્યું. પછી તે વસુદત્તાને લઇ પોતાના નગરે ગયો. ત્યાં જઇ પોતાના માતાપિતાની સેવા કરતાં કરતાં અને વસુદત્તા સાથે સંસાર સુખ ભોગવતાં દિવસો પસાર કરવા લાગ્યો. સમય જતાં વસુદત્તાથી બે પુત્રો થયાં.

સમય જતાં વસુદત્તા ત્રીજી વખત ગર્ભવતી થઇ. તે દરમ્યાન ધનદેવ ધન કમાવા દેશાવર ગયો. પતિની ગેરહાજરીમાં પત્નિ સાસુ સસરા સાથે કમને પણ રહેતી નથી. એક વખત અવંતિથી ઉજ્જૈની તરફ કોઈ સંઘ જતો હતો. તે જાણી વસુદત્તાએ સાસુ સસરાને ઉજ્જૈની જઈ પોતાના માતપિતાને મળવાની ઈચ્છા જણાવી પરંતુ તેના સાસુ સસરાએ કહ્યું કે હે પુત્રી! જ્યાં સુધી તારો પતિ અહીં આવે નહિ ત્યાં સુધી ના જાય તો સારૂં? આ સ્થિતિમાં તારે જવું સલાહ ભર્યું નથી. અને અવંતી ઘણે દૂર છે તેમજ આ સંઘમા કોઇ ઓળખીતું પણ નથી.

આમ સાસુ સસરાની રજા મલી નહિં. તેથી તેણી મનમાં ધુંધવાતી વડીલોની આજ્ઞા લોપીને પોતાના બે બાળકોને લઇને ચાલી નીકળી, સાસુ સસરાએ વિચાર્યું કે આ બાઇ કોઇનું માનવાની નથી. તેથી તેઓ મૌન રહ્યા

વસુદત્તા પુત્રોને લઇને નગર બહાર પહોંચી ત્યારે સંઘ તો રવાના થઇ ગયેલો હતો. હવે પાછા આવવામાં તેને નાનમ લાગી એટલે પાછી ફરી નહિ. પછી સંઘ જે

માર્ગે ગયો હતો તે માર્ગે ચાલવા લાગી પણ સંઘની ભેગી થઈ શકી નહિં. અને આગળ જતાં બે માર્ગ આવતા તે ખોટા માર્ગે ચડી ગઈ.

આ બાજુ ધનદેવની દેશાવરથી તે જ દિવસે પધાર્યા તેણે પોતાની પ્રિય પત્નિ ને જોઈ નહિં તેથી પોતાની માતાને પૂછયું ત્યારે માતાએ કહ્યું કે હે પુત્ર ! તારી પત્નિને અમે ઘણું સમજાવી. રોકી પણ સ્વચ્છંદી વભાવ વાળી વસુદત્તા આજે જ ઉજ્જયિની જતાં સંઘમાં ગઈ છે અને સાથે બન્ને પુત્રોને પણ લઈ ગઈ છે.

આ સાંભળી ધનદેવ તેણીના અવિચારી અને સ્વ-ચ્છંદી કાર્યની અવગણના કરતો તેણીની પાછળ પાછળ ગયો. મનમાં વિચારે છે કે આવા રસ્તે-બાળકો સાથે તેણી એકલી શી રીતે જઈ શકશે ? એમ વિચારી ખૂબજ ઝડપથી તેમના પગલાં જોતો જોતો તેમની પાછળ ગયો. ઘણે દૂર જતાં દૂરથી પત્નિ તથા પુત્રોને જતાં જોયાં. તેથી તેમની પાછળ દોડતો ગયો અને તેમને મલ્યો. પોતાની પત્નિને મળ્યો. બાળકોને રમાડયાં અને સાથે લાવેલું ભોજન સૌ ભેગાં બેસી જમ્યાં. આ સમયે સૂર્યાસ્ત થવા લાગ્યો હતો. તેથી રાત્રિએ ત્યાં જ રસ્તામાં ધૂળમાં રહી જવાનો નિર્ણય કર્યો. ધૂળને ગાદલું સમજી સૌ સૂઈ ગયાં. વસુદત્તાને સ્વામી મલ્યાનો અપૂર્વ આનંદ હતો એટલે આ સ્થળ પણ તેણીને રાજમહેલ જેવું લાગતું.

રાત્રિ દરમ્યાન વસુદત્તાએ જંગલમાં જ પુત્રનો જન્મ આપ્યો. ધનદેવે ઝાડની ડાળીઓ-પાંદડા-વેલા વગેરે લાવીને

તેણીને વાયુના ઉપદ્રવથી રક્ષણ કર્યું. નવિન પ્રસવના ગંધે વનમાં રહેતો વાઘ ત્યાં આવી ચડયો. અને ધનદેવને ફાડી ખાધો. પોતાના પતિને વાઘે મારી નાંખ્યો તે જોઈ વસુદત્તા બેભાન થઈ ગઈ. તે દરમ્યાન નવજાત બાળકને ધાવણ નહિં મલવાથી તે મરણ પામ્યો. સવારમાં તેણીને ભાન આવ્યું ત્યારે વિલાપ કરવા લાગી. હે સ્વામીનાથ! મને જંગલમાં એકલી રઝળતી મૂકીને કયાં ગયા? ઘણી રોક્કળ કરી. હે વાઘ! મારા પતિને બદલે મને કેમ ન મારી નાંખી? અરેરે! મેં મારા સાસુ-સસરાની શિખામણ માની હોત તો અમારી આ દશા ન થાત! હું કેવી પાપણી! મને આ શું સૂઝયું!

અંતે થાકીને-હારીને બન્ને પુત્રોને લઈ ચાલી નીકળી. આગળ જતાં એક મોટી નદી આવી. ઉપવાસમાં વરસાદ થયેલો હોઈ નદી ભરપૂર હતી અને પ્રવાહ જોરદાર હતો. એટલે એક બાળકને સમજાવી નદી કિનારે બેસાડી બીજા બાળકને લઈ નદી ઉતરવા લાગી. નદીમાં મોટો પથ્થર અથડાતાં તેનું બાળક હાથમાંથી પડી ગયું અને પાણીમાં ડુબી ગયું. શારીરિક શક્તિ ક્ષીણ હતી. સુવાવડી બાઈ હતી. માંડ પરાણે ઊભી થઈ કલ્પાંત કરતી હતી. તે દરમ્યાન બીજો પુત્ર નદી કિનારે હતો તે પણ લપસીને પાણીના પૂરમાં તણાઈ ગયો. તેણી ગભરાઈને મુઢ બની જતાં પાણીમાં તણાવા લાગી આગળ જતાં કોઈ ઝાડનું ડાળું હાથ આવી જતાં તે પકડી લીધું. અને તણાતી કોઈ કિનારે આવી બચી ગઈ.

તે વખતે ભીલોનું એક ટોળું ત્યાં ઊભું હતું. તેમણે બાઇને બચાવી લીધી અને દવા ઔષધ કરી ભાનમાં લાવ્યાં. સિંહગુહા નામની પલ્લીમાં તેણીને રાખી. ત્યારબાદ તેઓ પોતાના સેનાપતિને ખુશ કરવા ભેટ તરીકે આપી. અત્યંત સ્વરૂપવાન વસુદત્તાને તે નાયકે સ્વીકારી અને પોતાના અંતઃપુરમાં મોકલી પટ્ટરાણી પદે સ્થાપી. અન્ય રાણીઓ આ નવી શોકયને જોઇ બળવા લાગી. અહીં પલ્લીપતિ સાથે વસુદત્તા સંસાર સુખ ભોગવી રહી. સમય જતાં તેણીએ પુત્રનો જન્મ આપ્યો.

સામાન્ય રીતે પુત્ર પિતા જેવો અને પુત્રી માતા જેવી હોય છે જ્યારે વસુદત્તાનો પુત્ર અત્યંત સ્વરૂપવાન હતો તેથી અન્ય સ્ત્રીઓ ઇર્ષાને કારણે ગમે તેમ બોલવા લાગી. અને તેણીના પતિને ખોટી રીતે ભરમાવીને કહ્યું. આ પુત્ર પિતાના જેવો નથી એટલે અમને લાગે છે કે નવી રાણી સ્વચ્છંદી અને ચારિત્ર્ય વિનાની હોવાથી તેની આકૃતિ બિહામણી હતી. મોટી આંખો-લાંબા હોઠ-કાળી કાયા જે પુત્રમાં છે. તેમાંનું તેનામાં કાંઈ જ ન હતું.

આ સાંભળી પલ્લીપતી પણ માની બેઠા કે આ બાળક મારું નથી અને તેથી ગુસ્સામાં આવી તલવારથી બાળકનું મસ્તક કાપી નાંખ્યું અને વસુદત્તાને દોરડાથી ઝાડ સાથે બાંધી દીધી. સૌ ત્યાંથી ચાલ્યા ગયાં. તેણી રડતી રડતી પસ્તાવો કરવા લાગી. અરેરે ! હું કેવી પાપીણી કે માતા પિતા તુલ્ય સાસુ સસરાની આજ્ઞા માની નહી. જેથી પતિ અને

પુત્રો ગુમાવી બેઠી. ચારિત્ર્ય ગુમાવ્યું અને નરકગતિ પામી. અરેરે! હવે મારું શું થશે? આ નિર્જન પ્રદેશમાં કોણ બચાવશે? આમ રડતી-કકળતી-કલ્પાંત કરતી ચાર દિવસ બાંધેલી હાલતમાં રહી'

નસીબ જોગે કોઈ સંઘ ઉજ્જયિની તરફ જઈ રહ્યો હતો તે ત્યાંથી નીકળ્યો. તે બપોરના સમયે નજીકમાં જ મુકામ કર્યો. પાણી શોધતાં કેટલાંક માણસો ત્યાં થઈને નીકળ્યાં. તેમણે વસુદત્તાને જોઈ અને દયા આવવાથી દોરડાં છોડીને છૂટી કરી. સાથે લાવીને સંઘપતિને સોંપી.

સંઘપતિએ પૂછપરછ કરતાં બધી જ વિગત કહી સંભળાવી. સંઘપતિને દયા આવી. તેમણે નવાં સારાં કપડાં આપ્યાં અને ભૂખી હતી તેથી જમાડી અને શાન્ત્વન આપ્યું. તું અમને પોતાના માનજે. અમે તારા માતપિતા સમા છીએ. અમારી સાથે તને ઉજ્જયિની લઈ જઈશું. માટે હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ત્યારબાદ તે સૌની સાથે ચાલતી ચાલતી ઉજ્જયિની તરફ જવા લાગી.

રસ્તામાં સંઘની સાથે સુવ્રતા નામના સાધ્વી મહારાજ અને તેમની ઘણી શિષ્યાઓ હતી. તેઓ સૌ જીવત સ્વામીને વંદન કરવા જતી હતી તેમની સાથે ગઈ. વસુદત્તાએ સાધ્વીઓને વંદન કરી તેમનો પરિચય કેળવ્યો. તેમની પાસેથી ધર્મ સાંભળ્યો.

આ સંસાર દુઃખથી ભરેલો જ છે. પૂર્વ જન્મના કર્મોને કારણે આ જન્મમાં પિતા-પુત્ર-માતા-પત્નિ રૂપે સૌ જન્મે છે. લેણદેણ પૂરી થતાં સૌ પોત પોતાના રસ્તે

પડે છે. ૠણાનુબંધ કર્મો સૌને ભોગવવાં પડે છે. જન્મ જરા અને મરણનો ડર હંમેશા સતાવતો રહે છે. નામ તેનો નાશ તો અવશ્ય છે જ. જન્મે તે મરણ પામે જ છે. આ સંસાર તરવા માટે ધર્મની ઉત્તમ આરાધના કરવી જોઈએ અને એ માટે સંયમ માર્ગે જવું એ જ મહત્ત્વનું છે આ સાંભળી વસુદત્તા બોધ પામી સુવ્રતા સાધ્વી પાસે દિક્ષા લીધી. અને વિહાર કરતાં કરતાં તે ઉજ્જયિની પહોંચી. ઉજ્જયિનીમાં માતા-પિતાને મલી. બનેલ તમામ હકીકત કહી. જેથી તેઓ પણ ધર્મ પ્રત્યે રાગી થયાં. આ રીતે વસુદત્તાનું ચરિત્ર સાંભળી કયો મૂર્ખ માણસ માબાપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા તૈયાર થાય ! તેમ તું સ્વચ્છંદી બનીશ તો તારે તેનું ફળ પણ ભોગવવું પડશે. વડીલોની આજ્ઞા તમારા હિતમાંજ હોય છે. પરંતુ તે સમયે જુવાનીના તોરમાં તમે સમજી શકતા નથી અને પરિણામે ખૂબ સહન કરવાનું આવી પડે છે. માટે સ્વચ્છંદીપણું ત્યાગીને ધમ્મિલકુમારને સ્વીકારી લે.

વિમલા કહે હે પુત્રી ! તારા મગજમાં શું છે તેની મને સમજ પડતી નથી. તારી જીદ ખરેખર નકામી છે. અત્યંત દુરાગ્રહ કરવાથી પસ્તાવાનો વખત આવે છે. કંઈક સમજ, મોટાનું કહ્યું માન તો સુખી થઈશ. આ ધમ્મિલ કેટલા ગુણો વાળો છે તે તારી નજર સમક્ષ જોયું છે. અનુભવ્યું છે છતાં આવું અલ્લડપણું તું કેમ છોડતી નથી.

ધમ્મિલમાં અનેક ગુણો છે. લક્ષ્મી છે, રૂપ છે શૌર્ય છે. બુદ્ધિ છે. કલા છે અને એવા બીજા અનેક ગુણો છે.

શોધવા જતાં આવો વર મળવો મુશ્કેલ છે. જ્યારે આ સામેથી આવીને મલ્યો છે. તેની તને કિંમત નથી. આનાથી વધુ સારો વર તને ક્યાં મળવાનો હતો ? હવે તેના પ્રત્યેનો તારો અણગમો તે જાણશે તો તને છોડીને કોઇ બીજી સ્ત્રી પરણશે ત્યારેજ તારું અભિમાન ઊતરી જશે. આવા સર્વગુણ સંપન્ન આદમીને તો એક કહેતાં અનેક સ્ત્રીઓ મળી રહે છે.

આવા વિમલાના શબ્દો સાંભળીને કમલાના હૃદયમાં તેણીનો અણગમો ઓછો થયો અને સમજી કે ખરેખર વિમલા કહે છે. તે સાચી વાત છે અને તેનો સ્વીકાર કરવો એ મારા પોતાનાજ હિતમાં છે. તેથી તરત જ તે બોલી હે માતા તારી વાત ખરેખર મને ગળે ઊતરી છે. હું મારું હિત સમજી શકી છું. અત્યાર સુધી મેં તારા કહ્યા મુજબજ કર્યું છે અને હવેથી તું જેમ કહીશ એમ કરવા તૈયાર છું. તારી આજ્ઞા શિરો માન્ય છે.

આ સાંભળી વિમલા રાજી રાજી થઇ ગઈ અને પ્રેમથી કમલાને ભેટી આનંદ વ્યક્ત કર્યો ત્યારબાદ બંન્ને શાંતિ પૂર્વક સુઇ ગયા. હયાનો બોજ હળવો થયેલ તેથી રાત્રિ ક્યાં પસાર થઇ ગઈ તેની પણ ખબર પડી નહિં સવારે વહેલાં ઊઠીને વિમલાએ ધમ્મિલને કહ્યું કે કમલા તારી સાથે આવશે. ધમ્મિલ પણ ખુશખુશાલ થઈ ગયો.

સુંદર વસ્ત્રો સુવર્ણના અલંકારો અને આભુષણો પહેરી બને તયાર થઇ ગયાં અને રથમાં બેસી રાજકુમારે બોલાવેલા બગીચામાં ગયાં. ત્યાં બીજા અનેક કુમારો પોત-

પોતાની સ્ત્રીઓ સાથે આવેલાં હતાં થોડીવારમાં રાજકુમાર અનેક નોકર ચાકરના સમુહ સાથે હાથી ઉપર બેસીને આવી પહોંચ્યો.

રાજકુમારે અનેક મિત્રો સહીત ખૂબ આનંદ પૂર્વક ક્રીડા કરી પછી અગાઉથી બનાવેલા મંડપમાં સર્વે મિત્રો પરિવાર સાથે આવ્યાં સૌને ખૂબજ પ્રેમભાવથી આગ્રહ પૂર્વક જમાડયા, જમણની મિઠાશ સાથે સાથે રાજકુમારનો પ્રેમભાવ જોઇ સૌ પ્રભાવીત થયાં. ફરતાં ફરતાં ધમ્મિલને ખૂબ સૂરત અને સુગ્ધ સ્નેહવાળી સ્ત્રી સાથે જોઇને વિસ્મય પામ્યો. નિંદક ચુગલી ખોરોએ ધમ્મિલ વિષે સને જે વાત કરેલી તે તો તદ્દન ખોટી ઠરી. અહીં તો પતિ પત્નિ વચ્ચે સારસ સારસી જેવો પ્રેમ દેખાય છે. ભોજન પતી ગયા બાદ બધી સ્ત્રીઓ ભેગી મળી રાસ-ગરબા ગાવા લાગી, ધમ્મિલે પણ કમલાને ગરબામાં સામેલ કરી.

અત્યારે સર્વત્ર આનંદનું જ વાતાવરણ છવાઇ રહ્યું હતું. કમલા મનમાં વિચારી રહી છે કે હું કેવી અભાગણી છું કે આવા ઉત્તમ કલાવાન અને બુદ્ધિમાન ધમ્મિલને સમજી શકી નહિં અને તેને ગમે તેમ ન બોલવાનું બોલી તેનો તિરસ્કાર કર્યો. અજ્ઞાની એવી હું જ્ઞાની ધમ્મિલને ન ઓળખી શકી જેથી આજસુધી મેં તેઓશ્રીનું અપમાન કર્યું. ખરેખર ગંભીર શૂરવીર ધૈર્યતાદિ ગુણોથી શોભતા પરાક્રમી ધમ્મિલને મારા અંતરના પ્રણામ પૂર્વક સ્વીકારી મહાન ગણું છું. **ધમ્મિલને ભાવથી મારા વંદન.**

ખરેખર તે તો મહાન છે! તેણે મારી ભૂલો કે સ્વચ્છંદી પણા સામે ન જોતાં મારો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો.

રસ્તામાં અનેક આપત્તિઓમાં તેણે બહાદુરી પૂર્વક અમારૂં રક્ષણ કર્યું છે. તેમ છતાં મેં તેની કોઇ કદર પણ ના કરી. મને શું સુઝયું તેની મને સમજ પડતી નથી. મેં ચિંતામણી રત્નને પત્થર સમજી લીધો હતો. આમ છતાં તે કેટલો મહાન દિલનો મર્દ છે કે બધું જ ભૂલી જઇને મને પ્રેમથી અપનાવી છે.

હવે કમલાના હૈયામાં ધમ્મિલ પ્રત્યે પ્રેમનો ઊભરો આવ્યો અને જાત જાતના કટાક્ષો કરી નયનબાણુથી ઘાયલ કરવા લાગી. બધાં મિત્રો પોતપોતાના ઘેર ગયાં ત્યારે ધમ્મિલ પણ કમલા અને વિમલાને લઇ ઘેર ગયો.

સંધ્યા સમયે દિપકને સાક્ષીમાં રાખી કમલાએ ધમ્મિલકુમાર સાથે આનંદપૂર્વક લગ્ન કર્યા અને બંન્ને વિલાસભુવનમાં ગયાં. તેઓ ત્યાં મન-વચન અને કાયાથી પરસ્પર આનંદ પામ્યા. રાત્રિ કયાં પસાર થઇ ગઇ. તેની ખબર જ પડી નહિં. આમ બંન્ને ભોગ-વિલાસમાં અને આનંદ-વિનોદમાં દિવસો પસાર કરવા લાગ્યા

એક વખત એવું બન્યું કે ભૂલથી કમલા શબ્દ બોલવાને બદલે વસંતતિલકા બોલાઇ ગયું આ સાંભળી કમલા એકદમ ગુસ્સે થઈ ગઈ. વિજળી પડી હોય એવું દુઃખ પામી. તેના હયામાં પતિ પ્રત્યે જે પ્રેમ રાગ હતો તેમાં ભંગાણ પડયું. ક્રોધથી તેનું શરીર કંપવા લાગ્યું.

તે બોલી હે ધૂર્ત ! તારી પોલ તારી જીભે જ પકડાઇ ગઇ છે. તું મારા પ્રત્યે જે પ્રેમ દાખવે છે તે તદ્દન બનાવટી છે. અત્યાર સુધી હું મૂર્ખ તે સમજી શકી નહોતી

પણ આજે સાચી વાતની ખબર પડી ગઈ છે કે તારા હૃદયમાં હું નથી પણ કોઇ અન્ય વસંતતિલકાજ વસી છે. મને જે ખોટો પ્રેમ દેખાડે છે તે હવે સમજ પડી ગઇ છે.

લોકો સ્ત્રીઓની ખોટી નિંદા કરે છે. ખરેખર નિંદવા લાયક તો પુરૂષો જ હોય છે. હૃદયમાં એકને રાખે અને બાહ્ય પ્રેમ બીજી સાથે રાખે છે. પોતાની કામ-વાસના પૂર્ણ કરવાના હેતુથી તેઓ સ્ત્રીઓને રમકડું સમજીને તેની સાથે મન ફાવે તેવો વ્યવહાર કરે છે! માટે હે લુચ્ચા? તું અહીંથી નીકળ. મારે ને તારે શું લેવા દેવા છે? એમ કહી ગુસ્સામાં આવી પગથી લાત ફટકારી.

આ સમાજમાં મોટા મોટા મર્દ બહાદુર પુરૂષો મોટા અધિકારીઓ બહાર એવો રૂઆબ દાખવે છે કે સૌ તેમનાથી થથરે છે જયારે તેઓ પોતાના ઘરમાં પત્નિ પાસે મીયાંની મિંદડી બની જાય છે અને પત્નિ જેમ નચાવે તેમ નાચે છે.

બેફામ પણ બોલતી કમલા અને પાટુ મારતી કમલાને સમજાવવા ધમ્મિલ મનાવે છે. ક્ષમા માંગે છે. પણ વાઘણ જેવી કમલા શાંત પડતીજ નથી. ઉલટાંની તિરસ્કારે છે. આથી કંટાળીને ધમ્મિલ પસ્તાવો કરે છે કે મેં કેવી ભૂલ કરી! અહીં મારે વસંતતિલકાને યાદ કરવાની શી જરૂર હતી? છેવટે કંટાળીને ધમ્મિલ ઘરની બહાર નીકળી ગયો. ચાલતાં ચાલતાં રાજમાર્ગ ઉપર કોઇ નાગદેવતાનું મંદિર જોયું ત્યાં ગયો. નાગદેવને વંદન કરી. એક બાજુ જઇને બેઠો અને સ્ત્રીના આચરણ વિષે વિચાર કરે છે.

એવામાં રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરનો અવાજ સાંભળ્યો. રૂપ રૂપના અંબાર સમી કોઈ કન્યા સખીઓનાં ઝુમખા સાથે આવી પહોંચી. મંદિરમાં જઇ હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી હે નાગદેવ! તમે મને અત્યંત સુંદર વર આપો. હે દેવ? મારા ઉપર કૃપા કરો. મારી પૂજાથી જો આપ પ્રસન્ન થયા હો તો મને ઉત્તમ મનોહર રૂપવંતો દેદિપ્યમાન પતિ આપો. મારી મનોકામના પૂર્ણ કરો.

આ કન્યાને જોઇને જેના હૈયામાં પરણવાના અધૂરા કોડ છે તેવો ધમ્મિલ બોલ્યો હે કલ્યાણી? તારી તમામ મનો કામના સિદ્ધ થશે. તને ઇચ્છાવર મલશે અને તું સુખી થશે. આ અવાજ ક્યાંથી આવ્યો તે જોવા તે કન્યાએ પાછું વાળીને જોયું ધમ્મિલ સામે તેની નજર ટકાઇ અને પ્રથમ નજરે જ બંન્ને પ્રેમમાં પડયાં. કન્યાએ શરમાતાં શરમાતાં પૂછયું કે હે વીર પુરૂષ? આપ કોણ છો અને ક્યાંથી આવો છો? ત્યારે ધમ્મિલે જવાબ આપ્યો કે હે રૂપસુંદરી! હું કુશાગ્રનગરથી આવું છું અને મારૂં નામ ધમ્મિલ છે પણ તું કોણ છે એ વાત તો કર!

કન્યા કહે-હે આર્ય? આ નગરમાં અત્યંત સમૃદ્ધિવાળા નાગવસુ નામે મારાપિતા સાર્થવાહ છે તેમને નાગશ્રી નામે પત્નિ છે અને તેમની હું નાગદત્તા નામે પુત્રી છું. નાગદેવને પૂજીને હું ઇચ્છાવરની માગણી કરતી હતી. તેથી દેવે પ્રસન્ન થઇ મને તું સ્વામી તરીકે આપેલ છે. જે મારું અહોભાગ્ય છે. એમ કહીને તે નાગદત્તા ઘેર ગઇ પણ ધમ્મિલના વિરહમાં બળતી રહી. પછી આ વૃત્તાંત તેણીની

બહેનપણીઓ મારફતે તેણીના માતાપિતાએ જાણ્યો. તેઓ ખુશી થયાં અને ખૂબજ ધામધુમથી નાગદત્તાને ધમ્મિલ સાથે પરણાવી.

તે નગરના રાજાને ત્યાં એક પુત્રી હતી તેનું નામ કપિલા હતું. કપિલા અને નાગદત્તાને બાળપણથી ગાઢ મિત્રતા હતી. તે નાગદત્તાના લગ્નમાં આવી હતી અને ધમ્મિલ વિષેની ઘણી ઘણી વાતો પણ સાંભળી. તેથી રાજકુમારી મનોમન બોલી ઉઠી કે 'મારા સ્વામી તે જ બને.' એમ મનથી નક્કી કરી પોતાના માતાપિતા પાસે ગઈ અને સ્વયંવરની વાત કરી. રાજાએ સ્વયંવર રચાવ્યો. મોટો મંડપ બંધાવ્યો અને તેમાં સુશોભિત અનેક ખુરશીઓ મૂકાવી બ્રાહ્મણ અને શેઠ શાહુકારોના પુત્રોને આમંત્રણ દીધાં. તેમાં ધમ્મિલ પણ આવીને બેઠા હતાં.

અનંત રૂપની ખાણ સરખી કપિલા પાલખીમાં બેસીને ત્યાં આવી. સખીઓના હાથમાં વરમાળા પકડાવીને એક પછી એક ઉમેદવારને જોતી ધમ્મિલ પાસે આવી. અને સખીઓના હાથમાંથી વરમાળા લઈને ધમ્મિલને પહેરાવી પછી રાજાએ સગાંસંબંધી અને અનેક નગરજનોની સાક્ષીમાં મનોહર વિવાહ મહોત્સવ કર્યો. રવિસેન ધમ્મિલ સાળા બનેવી બન્યા, બન્ને રાજી થયા.

રાજાએ પુત્રી-જમાઈને રહેવા માટે એક આલિશાન બંગલો કાઢી આપ્યો. ત્યાં નાગદત્તા અને કપિલા સાથે ભોગ-સુખ ભોગવતો ધમ્મિલ દિવસો પસાર કરવા લાગ્યો.

કોઈ કોઈવાર હાથી ઉપર બેસીને નગરની શોભા જોવા માટે કપિલાને સાથે લઈને ફરતો હતો.

આ બાજુ ધમ્મિલના ગયા પછી કમલા ચોધાર આંસુએ રડવા લાગી. પસ્તાવો કરવા લાગી. અરેરે ? હું કેવી પાપણી ? મને આ શું સૂઝ્યું ? મેં મારા પતિદેવનું અપમાન કર્યું. મેં તેમનો તિરસ્કાર કર્યો ! મેં હાથે કરીને મારા પગ ઉપર કુહાડો માર્યો છે. જેને માથું આપું તો પણ ઓછું પડે એ પતિને પગથી લાત મારી. મેં મારી જાતે જ મેં અમૃતનો કુંભ ઢોળી નાંખ્યો. ચિંતામણી રત્નને ફેંકી દીધું. હવે શું કરું ? આમ રોતી કકળતી ચિંતામાં અને દુઃખમાં દહાડા કાઢવા લાગી. હાથના કર્યા હૈયે વાગ્યા છે હવે કોને કહેવા જાઉં ! આમ દુઃખમાં ખાવું-પીવું પણ ભૂલાઈ ગયું.

એક દિવસ ધમ્મિલ કપિલાને સાથે લઇ હાથી ઉપર બેસી ફરવા નીકળ્યો. નોકરો માથે છત્ર ધરે છે. આગળ પાછળ રાજના સેવકો ચાલી રહ્યા છે. અતિસુંદર આભુષણો અને અલંકારોથી ધમ્મિલ શોભી રહ્યો હતો. તે કમલાના મકાન નજીક આવ્યો. તે જાણીને કમલા સુંદર વસ્ત્રો પહેરી ઝારી હાથમાં લઇ સામે આવી. પતિને પ્રદક્ષિણા દઈને હસતે મોંઢે પૂજા કરી. બે હાથ જોડી પ્રણામ કર્યા. આથી ધમ્મિલ ખુશ થયો અને તેણીનો હાથ ઝાલી પોતાની પાસે હાથી ઉપર બેસાડી અને રાજભુવનમાં ગયો. ત્યાં ત્રણે સ્ત્રીઓ સાથે મલી. અને તેઓ વચ્ચે મૈત્રી બંધાઈ. આમ ત્રણ ત્રણ સ્ત્રીઓ ભોગવતા તે દિવસો પસાર કરી રહ્યો.

એક દિવસ રાજા દરબાર ભરીને બેઠો હતો. તેવામાં કોઈક માણસ આવીને એક અતિ સુંદર તેજીલો ઘોડો ભેટ આપ્યો. તેણે કહ્યું કે હરણ જેવો ગતિવાળો આ ઘોડો દોડે છે. ત્યારે પવનવેગે ઊડે છે. રાજાને પોતાને ઘોડેસ્વારીમાં બહુ અનુભવ ન હતો તેથી વિચાર્યું કે પરીક્ષા કરવા જતાં મારી બીનઆવડત છતી થઈ જશે તેથી પેલા માણસે જે વાત કરી તે સ્વીકારી લીધી.

મોટે ભાગે વૃદ્ધો પોતાનાં અનુભવથી વાત તરતજ સમજી જાય છે. એટલે કોઈ અન્ય મારફતે તેની પરીક્ષા કરવી જોઇએ. એમ માની તે ઘોડા ઉપર પલાણ નાંખ્યું. અને રાજાની આજ્ઞા લઇને ધમ્મિલ તૈયાર થઈ ગયો. મુસાફરનો વેશ ધારણ કર્યો અને પુષ્પોથી વાળને અને પગની એડી અડકાડતાંજ પવન વેગે ઉડવા લાગ્યો અને જોત જોતામાં તો સૌની દૃષ્ટિથી અંતર્ધ્યાન થઈ ગયો.

બીજા કોઇ જાનવરની તાકાત નહોતી કે જે તેની પાછળ દોડીને તેને આંબી શકે એટલે સૌ તે દિશામાં ઘણો વખત જોતાં ઊભા રહ્યા. છેવટે સૌ છૂટા પડયા.

આ બાજુ આ ઘોડો ધમ્મિલને એક નિર્જન જંગલમાં લઈ ગયો અને થાકીને નદીકિનારે જઈ ઊભો રહ્યો. તેથી ધમ્મિલ ત્યાં ઉતર્યો. પલાણ ઉતારી લીધું અને નવીન સુંદર ભૂમિ ઉપર ફેરવવા લાગ્યો. એમ ફરતાં ફરતાં તેણે એક વૃક્ષની સાથે લટકતી સોનાની મુઠ ઉપર હીરા જડીત તલવાર જોઇ. તેને આશ્ચર્ય થયું કે આવી તલવાર અહીં

ક્યાંથી આવી હશે ? કોણે લટકાવી હશે. તે તો તરતજ ત્યાં ગયો અને તલવાર લઈ લીધી.

તલવાર હાથમાં લીધી અને તરતજ મ્યાનમાંથી બહાર કાઢી તો સૂર્યના પ્રકાશમાં તે ચળકી રહી હતી. તેની ધાર કેવી છે તે જોવા નજીકના વાંસોની ઝાડી ઉપર ચલાવી જોઈ. એકજ ઘાથી તેણે સાઠ વાંસ કાપી નાંખ્યા. હાથની તાકાત અને તલવારની ધાર બન્ને ઉત્તમ પ્રકારના હોય પછી શું બાકી રહે !

આ જોઇને તે તલવારની ધારના વખાણ કરતો ઝાડીમાં આજુબાજુ ઘુમવા લાગ્યો. તેવામાં વાંસની ઝાડીની બીજી બાજુ એક માથું અને ધડ જુદા થઇને પડેલાં જોયાં. વળી તે કુંડની વચ્ચે એક બળતો અગ્નિકુંડ પણ જોવામાં આવ્યો. અહો ! આ કોઈ માણસ અહીં તપ કરી રહ્યો હશે ! અને મેં અજાણ પણે તલવારથી વાંસની સાથે તેને પણ મારી નાંખ્યો ! અરેરે ! મેં પાપીએ આ નિરપરાધી માણસને મારી નાંખીને ભયંકર પાપ કર્યું છે. મેં મારી જાતને મગર-સર્પ અને ગીધની તુલનામાં મૂકી છે.

શસ્ત્રની ધારની પરીક્ષા કરવા મેં આવું ઘોર પાપ કર્મ કર્યું. શું નિરપરાધીનો વધ થાય ખરો ? અરિહંત દેવે કહ્યું છે કે ગૃહસ્થીઓને આ અનર્થ દંડને નિષેધ્યો છે. તે તદ્દન યોગ્ય જ છે. આથી તો મારા લમણે એક હત્યાનો ભાર ચોંટી ગયો જ ગણાય. આમ ધમ્મિલ જીવને ઠપકો આપે છે. આમ પોતાના અજાણપણે કરેલા કાર્યની નિંદા કરી રહ્યો હતો. તે શુન્યમનસ્ક થઇને આમતેમ

આંટા મારી રહ્યો હતો તેવામાં તેણે એક વાવ જોઈ. તે વાવ ખૂબજ ઉંડી હતી અને તેનું પાણી અમૃત જેવા સ્વાદવાળું હતું. વળી પાણી ખૂબજ સ્વચ્છ અને કંચન જેવું હતું. તળીએ પડેલી વસ્તુ સ્પષ્ટ જોઈ શકાતી હતી. આવું નિર્મળ પાણી જોઈ આનંદ થયો.

તે વખતે પેલે કિનારે એક ખીલેલા કમળ જેવા મુખવાળી આકર્ષક નયનો વાળી સ્વર્ગની કોઈ પરી આવીને બેઠી હોય તેવી અનુપમ અને હસમુખી કોઇ કન્યાને બેઠેલી જોઈ. ધમ્મિલ વિચારે છે કે આ કોઇ જલ દેવી હશે કે વનદેવી હશે ? આવું સૌંદર્ય અને અનુપમ દેહ સૌષ્ઠવ વાળી આ કન્યા કોણ હશે ? અને તે વળી આવા જંગલમાં અને એકલી, ધીરે ધીરે ધમ્મિલ તેણીની પાસે ગયો અને ખૂબજ પ્રેમ પૂર્વક પૂછ્યું હે દેવી ? આપ કોણ છો ? અને અહીં ક્યાંથી આવ્યા છે ? અને કેમ બેઠાં છો ?

ત્યારે તે કન્યા બોલી હે સજ્જન ! હું કોણ છું અને ક્યાંથી આવી છું તે વિષે વાત કરું છું. આમ કહી તે ખૂબજ આનંદથી હસતી અને મધ જેવી મીઠી વાણીથી બોલી આ ભરતક્ષેત્રમાં અતિશ્વેત કાંતિવાળો વતાઢ્ય પર્વત છે. તેમાં શંખપુર નામે એક મનોહર અને વિશાળ નગર છે. તે નગરના મહેલો ઉપર ફરફરતી ધજાઓ લોકોને આનંદ આપે છે. નગરના લોકો દયાળુ અને ધર્મિષ્ઠ છે. તેમનો પુરૂષાનંદ નામે રાજા છે.

એ રાજા મહા-બલી અને પરાક્રમી છે. દુશ્મનો તેમના નામથી થર થર કંપે છે. ચારે દિશામાં તેની હાક

વાગે છે. તે રાજાને શ્યામલા નામે એક રાણી હતી. તેમને પરિવારમાં કામોન્મત્ત નામે એકનો એક પુત્ર, અને વિદ્યુન્મતી તથા વિદ્યુલ્લતા નામે બે પુત્રીઓ હતી. સૌ સુખમાં દિવસો પસાર કરતાં હતાં. રાજાને પોતાના પરિવાર પ્રત્યે ખૂબ મમતા હતી.

એક દિવસ તે નગરની બહાર ઉદ્યાનમાં આકાશગામી તથા મુનિજનોમાં શ્રેષ્ઠ પ્રિય થઈ પડેલા એવા ધર્મઘોષ મુનિરાજ પધાર્યા. મુનિરાજના દર્શન કરી પાવન થવા લોકોના ટોળે ટોળા ઉમટયાં તે જોઇને મુનિને વંદન કરવાની ભાવનાવાળો તે રાજા પોતાના સકળ પરિવાર સાથે ત્યાં આવ્યો. મુનિરાજને વંદન કરી મુનિ મહારાજની ધર્મ દેશના સાંભળવા બેઠો.

હે મહાનુભાવો ! આ જીવ અનાદિ કાળથી અનેક ભવોમાં ભટકી અથડાઇને આજે અહીં આવ્યો છે. પુણ્યોદયે તમે માનવી તરીકે જનમ્યા છો. આ જીવ કદી તૃપ્ત થતો નથી. ખાઇ ખાઇને કદી કોઈ વાતની તૃપ્ત થતી જ નથી.

जन्म-जरा मरण भयैरभिद्रुते
व्याधि वेदना ग्रस्ते ।
जिनवर वचना दन्यदत्र
नास्ति शरणं क्वचिल्लोके ॥

ભગવાન ઉમાસ્વાતિ 'પ્રશમરતિ' ગ્રંથમાં અશરણ ભાવનાનું વર્ણન કરતાં ફરમાવે છે કે, જન્મ, જરા અને મૃત્યુના ભયથી ઘેરાયેલા અને વ્યાધિને વેદનાથી ગ્રસ્ત બનેલા સંસારમાં જીવને જિન વચન અથવા જિન ધર્મ

સિવાય અન્ય કોઈ શરણ રૂપ નથી. જન્મ, જરા અને મૃત્યુ એ ત્રણે ત્રણ દુઃખના મુખ્ય હેતુ છે તેમાં પણ જન્મનું દુઃખ એજ દુઃખની પરંપરાનું મુખ્ય કારણ છે.

## દુઃખનું મૂળ જન્મ

આપણે બધા જન્મ્યા તેથી તો આ બધી જંજાળ ઊભી થઇને ? મહાવીર ભગવાનનો આત્મા કે મોક્ષને પામેલા અનંત આત્માઓ હવે ફરી કોઈ કાળે પણ જન્મ ધારણ કરવાના નથી. તેથી તેઓ આમાંની દુઃખની કોઇ પરંપરાને પામવાના નથી. દુઃખ રૂપી વૃક્ષનું મૂળ જો કોઈ હોય તો તે માત્ર જન્મ છે જન્મ લેનારને જરા– ઘડપણ પણ આવે, અને છેલ્લે મૃત્યુ પણ આવે છે. પરંતુ અજન્મા થયેલાઓને આમાનું કોઈજ દુઃખ આવતું નથી. તમે બધા આ મનુષ્ય ભવમાં એવો પ્રયત્ન કરો કે અજન્મા થઇ જવાય પરંતુ અફસોસની વાત એ કે, મોટા ભાગના જીવો દુઃખના મૂળ સ્વરૂપથી જ અજ્ઞાન છે.

તમે બધા શેમાં દુઃખ માની બેઠા છો. એ સમજવા જેવી વાત છે. ઓચિંતા પસા ચાલ્યા જાય તેમાં સંસારીઓ દુઃખ માનતા હોય છે. શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થઇ જાય, એકના એક પુત્રનો વિયોગ થાય, તેમાં સંસારીઓ તીવ્ર દુઃખ અનુભવતા હોય છે, અને તેમાંથી છૂટવા માટે સંસારી આકાશ પાતાળ એક કરતા હોય છે. જ્યારે મહાપુરુષો ફરમાવે છે કે, એ બધાં દુઃખો દુઃખ રૂપી વિષવૃક્ષનાં ડાળાંને પાંદડાં રૂપે છે.

જન્મના દુઃખમાંથીજ આ બધા દુઃખોની પરંપરા

સર્જાય છે માટે પ્રયત્ન કરવોજ હોય તો જન્મના દુઃખ-માંથી જ છૂટકારો કરો ? એમ કરો તો એકી સાથે બધા દુઃખમાંથી છૂટી જવાય. જન્મ્યા ન હોત તો આ બધા દુઃખો શેમાંથી ઊભાં થાત ? માટે દુઃખનું મૂળ જન્મ છે અને જન્મનું મૂળ કર્મ છે. કર્મનુ મૂળ રાગને દ્વેષ છે. રાગ અને દ્વેષ ને મૂળમાંથી ઉખેડીનાખો, તો દુઃખ માત્રની જડ ઉખડી જાય.

**સાચી સનાથતા**

સંસાર જેમ જન્મ, જરા અને મૃત્યુથી ઘેરાયેલો છે. તેમ વ્યાધિ અને વેદનાથી પણ ગ્રસાયેલો છે. રાહુ ચંદ્રને ગ્રસી જાય તેમજ જગત આખું વ્યાધિ અને વેદનાથી ગ્રસા-યેલું છે. એવા જગતમાં જીવને જિનધર્મનું જ માત્ર શરણ છે. બાકી જગત આખું અશરણ છે ભલભલા ચક્ર-વર્તીઓ અને માંધાતાઓને પણ અંતે કોઇનું શરણ નથી, ગમે એવા બળવાન માંધાતાઓ હોય પણ મૃત્યુના સમયે તો તેવાઓની પણ નિર્બળતા પુરવાર થવાનીજ છે.

સનતકુમાર ચક્રવતી'ને ઓચિંતા સોળે સોળ મહા-ભયંકર વ્યાધિ શરીરમાં ફાટી નીકળે છે. વ્યાધિગ્રસ્ત બનેલા ચક્રીને આખા સંસાર પર વૈરાગ્ય આવે છે. અને પંચ-મુષ્ટિ લોચ કરીને પ્રવજ્યા અંગીકાર કરે છે. મુનિ થયા પછી વિહાર કરે છે. ત્યારે તેમનું આખું અંતેઉર અને પ્રધાનમંડળ વગેરે દીક્ષિત બનેલા સનતકુમાર મહર્ષિને પાછા વાળવા માટે છ છ મહિના સુધી તેમની પાછળ પરિ ભ્રમણ કરે છે. છતાં સનતકુમાર મહર્ષિ પાછું વાળીને જુવે પણ શેના ? તેમને યથાર્થ જ્ઞાન થયેલું છે કે મારી પાછળ ફરનારામાંથી મને કોઇ શરણરૂપ નથી.

જુઓ, સનતકુમાર મહર્ષિની વૈરાગ્ય ભાવના, ચક્રવતીના વૈભવનું વર્ણન તો તમે ઘણીયે વાર સાંભળ્યું હશે. 'અજિતશાંતિસ્તવ'માં 'कुरु जणवय हत्थिणाउर' ની ગાથામાં ચક્રવતીના લગભગ બધા વૈભવનું વર્ણન આવી જાય છે. આવા વૈભવવાળા સનતકુમાર ચક્રવતી ધર્મનું શરણ અંગીકાર કરે છે.

'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,
અનાથ એકાંત સનાથ થશે,
એના વિના કોઇ ન બાહ્યસહારો,"

સર્વજ્ઞ પ્રભુએ કહેલો ધર્મજ સુશરણ રૂપ છે, માટે હે ભવ્ય! મનમાં અપૂર્વ વીર્યોલ્લાસ આણીને સર્વજ્ઞે કહેલા ધર્મનું તું આરાધન કર. એકાંતે અનાથ એવો તારો આત્મા ધર્મના યોગે સનાથ બનશે ધર્મ પામ્યા વગરનો આત્મા એકાંતે અનાથ છે, જેમ ત્રણ દિવસના ભૂખ્યા સિંહના પંજામાં સપડાયેલા હરણને જંગલમાં કોઈનું શરણ નથી તેમ ગમે તેવાં તમારા પડખાં મજબૂત હોય પણ અંતે કોઈ શરણરૂપ નથી, ધર્મથીજ આત્મા સનાથ બને છે.

'તમે એમ નહીં માનતા કે જેની પાસે લાખો કરોડો રૂપિયા છે, અને જેને ત્યાં મીલો અને કારખાનાં ચાલે છે તે સનાથ છે. તે પણ જો ધર્મને ન પામ્યા હોય તો મોટા અનાથ છે.'

હવે જો તમારી ભાવના થતી હોય કે આ સંસાર રૂપી સાગરને ઓળંગી મોક્ષ નગરીએ જવું છે તો દાન શીલ તપ અને ભાવનો આશરો લો વિવેક અને વિનય સમજો. અને ધર્મની મહત્તા સમજો. તમને બચાવનાર એક ધર્મ છે. તે સિવાય બધું નકામું.



[ કેવળજ્ઞાની મુનિમહારાજ દેશના આપે છે ]

ફરી ફરીને આવો અવસર નહિં મળે, માનવ ભવ અમુલ્ય છે એની એક એક ક્ષણનો ઉપયોગ કરો. નકામી ન જવા દો, આવો ધર્મ અને આ વીતરાગ પ્રભુનું સુંદર શાસન મલ્યું છે. સંસાર છોડી સાધુ ન બની શકો તો પણ શ્રાવક ધર્મનું પાલન કરો. આમ કહી મુનિમહારાજે પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ જ્ઞાની એવા મુનિને રાણીએ પૂછયું કે પ્રભુ ! આપ તો ત્રિકાળજ્ઞાની છો. મારી આ બે પુત્રીઓનો સ્વામી કોણ થનાર છે. એ આપ જણાવો.

મુનિ કહે હે પુત્રી (રાણી) ! એ જાણવું એટલે હાથે કરીને ચિંતા વહોરવા જેવું થશે. જે માણસ તારા આ એકના એક પુત્રને મારશે તે માણસ તારી બન્ને પુત્રીઓનો સ્વામી થશે. આ સાંભળી તે ગુસ્સો અકળામણ અને સંતોષ માની પોતાને ઘેર ગઈ. તે રાજકુમાર કામોન્મત્ત પોતાની બન્ને બહેનો વિદ્યુન્મતી અને વિદ્યલ્લતા લઈને અહીં આવી વિદ્યા સાધવા માટે આ નદીના કિનારે મોટો મહેલ બંધાવીને રહે છે. જુઓ સામેજ દેખાય છે તે મહેલ છે.

તે મહેલમાં રાજાના વંશમાં ઉત્પન્ન થયેલી અત્યંત સ્વરૂપવાન મંત્રીઓની શેઠ શાહુકારની વિદ્યાધરોની એવી સોળ કન્યાઓને સુમેળ પૂર્વક રાખી છે. તેમાં શ્રીચંદ્રા શ્રી ગાંધારી શ્રીસોમા વિચક્ષણા–શ્યેના–વિજયા–સેના શ્રીદેવી–સુમંગલા–સોમમિત્રા મિત્રવતી–શ્રીમતી–યશોમતી–સુમિત્રા–વસુમિત્રા અને મિત્રસેના એ મુજબ એ બધી કન્યાઓના નામ છે. તેમ એ વિદ્યાધર અહીંજ નદી કિનારે વાંસની ઝાડીમાં ધૂમ્રપાનમાં આસક્ત બનીને વિદ્યાની સાધના કરી રહ્યો છે. આ તપથી તેની સાધના પૂર્ણ થયા બાદ તે અમો સોળેને પરણવાનો છે, હું જે વાત કહી રહી છું તે મારી કલ્પનાથી બોલતી નથી પરંતુ તે હકીકત સત્ય છે એટલે જ કહું છું.

આ સાંભળી ધમ્મિલ વિચાર કરવા લાગ્યો કે વાંસની

ઝાડીમાં ગુપ્ત પણે જે તપ કરી રહ્યો હતો તેને અજાણતા મેં મારી નાંખ્યો છે તે આ વિદ્યાધર લાગે છે. અરેરે! હું કેવો પાપી છું આવી સ્ત્રીઓના આશ્રય સમા વિધાધરને મેં મારીને તેઓના વિશ્રામરૂપી વડલો મેં ઉજાડી નાંખ્યો. જ્યારે આ સ્ત્રીઓ તે વાત જાણશે ત્યારે એમની કેવી હાલત થશે? અને કેવો કારમો કલ્પાંત કરશે? એ વિચારે જ હું ધ્રુજી ઊઠું છું.

આમ વિચાર કરતો કરતો ગભરાતો દુઃખી થતો ધમ્મિલ ખૂબ ધીમેથી બોલ્યો હે ભદ્રે! એ વિદ્યાધરનું અજાણતા મારા હાથે મૃત્યુ થયું છે. મને એને અંગે ખૂબ જ દુઃખ થાય છે. ખરેખર હું પાપી છું. આ વાત કહેતા મારી જીભ પણ ઉપડતી નહતી પરંતુ જણાવ્યા વગર બીજો ઉપાય ન હતો.

તે સાંભળી તે કન્યા ખૂબજ શોકાતુર બની ગઈ. ગદ્‌ગદ કંઠે બોલી કે જે બનવાનું છે તે બનીને જ રહે છે. તું તો માત્ર નિમિત્તરૂપ બન્યો છે. ભવિતવ્યતા બળવાન છે.

ધમ્મિલ કહે હે બાલા! તું હવે નકામો અફસોસ કરે છે. કાર્યની સિદ્ધિ તો દૈવાધીન છે. તેમાં શોક કરવો તેનો કોઇ અર્થ નથી. નસીબમાં લખ્યું હોય તે પ્રમાણે ભોગવવું જ પડે છે. વિધિના લેખમાં કોઈ મેખ મારી શકતું નથી.

ત્યારે તે કન્યા બોલી હે સાહસવીર! હે નવયુવાન મને તો હવે એ વાતનું સહેજ પણ દુઃખ નથી. કેમકે જ્ઞાની મુનિરાજે અગાઉ કહેલું જ હતું શું એમની વાત

ખોટી પડે ખરી ? કદાપિ નહિં જુઓ હવે હું મહેલમાં જાઉં છું. ત્યાં જઈને તારું વૃત્તાંત તે વિદ્યાધરની બંન્ને બહેનોને તથા અન્ય કુમારીકાઓને જણાવું છું. જ્ઞાની મુનિએ કહેલી હકીકત સત્ય બની છે એમ માની તેઓ બન્ને બહેનો તને સ્વામી તરીકે સ્વીકારવા તયાર થશે તો આ મહેલના શિખર ઉપર લાલ ધજા ફરકાવીશ અને જો કદાચ ઇચ્છા નહિં હોય તો સફેદ ધજા ફરકાવીશ. તે ધજા જોવા ખાતર તું અહીં બેસી રહેજે. મહેલની ઉપર ધમ્મિલની નજરે સફેદ ધજા જોવામાં આવી.

ધમ્મિલ સમજ્યો કે વિદ્યાધરની બે બહેનો પોતાના ભાઈને હણનાર પ્રત્યે નારાજ થયેલી લાગે છે તેથી તે ત્યાંથી છૂપાતો છુપાતો ત્યાંથી પલાયન થઈ ગયો. અને ભાગતો ભાગતો તે કોઇ ગામડામાં જઇ પહોંચ્યો. તે ગામને ફરતા પર્વતોની હારમાળા હતી તેથી દિવસ મોડો ઉગતો અને રાત્રિ વહેલી શરૂ થઈ જતી.

તે ગામમાં ચંપાનગરીના રાજા કપિલદેવનો નાનો ભાઇ રિસાઈને ભાગી આવેલ તેવો વસુદત્ત નામે અહીં રાજા હતો. તેની પુત્રી પદ્માવતી યુવાવસ્થામાં પણ કુષ્ટ રોગથી પીડાતી હતી. અનેક ઉપચારો કરવા છતાં આરામ થતો ન હતો.

ધમ્મિલે તે ગામમાં પ્રવેશ કરતી વખતે કોઇક સ્ત્રી શૂલરોગથી પીડાતી જોઇ. તેની પાસ જઇને તેના રોગ વિષે વિગત જાણી. ધમ્મિલે તેને જરૂરી ઔષધિ મંગાવી દવા તૈયાર કરી આપી અને તેથી તે બાઈનો રોગ મટી

ગયો. આથી સૌ તેને ધન્યવાદ આપવા લાગ્યા. આ વાત રાજા પાસે પહોંચી આથી રાજાએ તેને ખૂબજ માન આપી મહેલે બોલાવ્યો. અને પોતાની પુત્રીના રોગ વિષે વાત કરી અને પુત્રીને બતાવી.

ધમ્મિલે કહ્યું કે આ કુંવરીનો રોગ ચોક્કસ મટાડી દઈશ. તમે કોઈ હવે ચિંતા કરશો નહિં. અને શુભ દિવસે તેની દવા શરૂ કરી અને ધીરે ધીરે તેણીનો રોગ મટવા માંડયો અને થોડાકજ દિવસોમાં તે કુંવરી તદ્દન સાજી નરવી બની ગઇ. તેણીનો તમામ રોગ ચાલ્યો ગયો આથી રાજા બહુ રાજી થયો અને સ્નેહપૂર્વક તે કન્યા તેની સાથે પરણાવી.

એક દિવસ વસુદત્ત રાજા બોલ્યો કે દુનિયામાં એવો કોઈ માણસ મારા ધ્યાનમાં નથી કે જે મને મારા ભાઈ કરીલદેવ સાથે સુલેહ સંપ કરાવી શકે. પ્રિતીનો ભંગ કરાવનાર તો ઘણા મળે છે, પ્રિતી કરાવનાર પણ મળી શકે છે. પરંતુ તૂટેલી પ્રિતીને જોડી આપનાર તો જવલ્લેજ મળે. જગતમાં એવા વીરલા તો ભાગ્યેજ મળી આવે છે.

આકાશમાં અનેક ગ્રહો છે. ગુરૂ છે શુક્ર છે. અને બીજા અનેક છે પરંતુ બુધ અને ચંદ્ર વચ્ચે કે શનિ અને સૂર્ય વચ્ચે સંધી કરાવનાર કોઈ નથી માટે હે ઉત્તમ પુરૂષ ! ધમ્મિલ ! મારું કાર્ય તારા સિવાય અન્ય કોઈ કરવાને સમર્થ નથી.

ધમ્મિલ કહે હે રાજા ! આપ આજ્ઞા આપો જેથી તમારૂં કાર્ય નિર્વિઘ્ને પતાવી દઉં. આથી રાજાના આદેશ મુજબ

ધમ્મિલ ચંપાનગરીએ ગયો. રસ્તો ઘણો લાંબો હતો એટલે તે ખૂબજ થાકી ગયેલ હતો. જેવો તે નગરમાં દાખલ થયો ત્યાં ભયથી દોડાદોડ કરતાં લોકોને જોયાં સૌ પોતાની જાતનું રક્ષણ કરતા હતા.

ધમ્મિલ વિચારમાં પડયો કે આમ લોકો બેબાકળા બની નાશભાગ કેમ કરી રહ્યા હશે ? શું ભયંકર આગ લાગી હશે કે કોઇ અન્ય રાજાનું લશ્કર ચઢી આવ્યું હશે ! તેથી તેણે એક નગરજનને ઊભો રાખી પૂછયું કે ભાઈ! શું થાય છે ? આમ ભાગંભાગ કેમ ચાલે છે ? ત્યારે તે માણસ ભાગતાં ભાગતાં બોલ્યો કે રાજાનો પટ્ટ હસ્તી ગાંડો મદોન્મત્ત થઇને હાથીશાળામાંથી સાંકળ તોડીને ભાગ્યો છે અને શહેરમાં કેટલાંય મકાનો તોડી પાડયાં અને ઝાડ તોડી પાડયાં અને હાહાકાર વર્તાવી દીધો છે; લોકો પોતાનો જીવ બચાવવા ભાગી રહ્યા છે.

તે સાંભળી ધમ્મિલ નિર્ભય રીતે નગરમાં જવા લાગ્યો અનેક માણસો તેને રોકે છે પણ ધમ્મિલ તો ચાલ્યો જ જાય છે. આગળ જતાં એક જગાએ મોટો મંડપ બાંધેલો જોયો. અનેક સ્ત્રી પુરૂષોનો સમુહ તેમાં એકઠો થયેલ હતો. તેથી ત્યાં પૂછયું કે અહીં લોકો કેમ એકઠા થયાં છે ? કોઇએ કહ્યું કે ભાઇ ! અહીં ઇન્દ્રદત્ત નામે સાર્થપતિના પુત્ર સાગરદત્તના લગ્ન છે. અત્યંત સ્વરૂપવાન અને કુળવાન આઠ કન્યા સાથે લગ્ન છે તેમના નામ કુમુદા કુમુદનંદા ધનશ્રી વસુમતી પદ્મશ્રી વિમલા નંદા અને દેવકી અનુક્રમે છે. એકી સાથે આઠ કન્યા પરણવા સાગરદત્ત જાન લઇને તેમજ વિશાળ પરિવાર સાથે આવેલ છે. તેથી તેનો આ સમુહ છે.

આમ હજુ તો ધમ્મિલ વાતો કરતો હતો. ત્યાં જ પેલો મદોન્મત્ત હાથી ગર્જના કરતો આવી પહોંચ્યો તેના ડરથી વરરાજા અને તેના સ્વજનો તો જીવ બચાવવા ભાગી ગયાં. નાસતી વખતે પાછું વાળીને કન્યા સામે જોવા પણ ઊભો ન રહ્યો. સંસારમાં સહુને જીવ વહાલો છે. હાથી તો દોડતો સામો આવી ઉભો રહ્યો છે. કોઇ આધાર કે આસરા વગરની કન્યાઓ ગભરાઈ ગઇ હવે તો સામેજ કાળ દેખાયો.

હાથી તે કન્યાઓ તરફ વળ્યો એટલે રોકકળ અને રાડારાડ થઈ ગઇ. અરે ઓ મદોન્મત્ત ગજરાજ ! આ નિર્દોષ અને નિર્બળ કન્યાઓને મારવા જતાં તને શરમ આવતી નથી ? હિંમત હોય તાકાત હોય તો મારી સામે આવ-ત્યારે તારી તાકાતનું માપ નીકળશે.

આથી હાથી ગુસ્સે થઇને ધમ્મિલ તરફ ફર્યો, ધમ્મિલ તો કળાકુશળ હતો હાથીને થકવતાં આવડતું હતું એટલે શરૂઆતમાં તો ડાબી બાજુથી ફેર કુંદડી ફેરવ્યો આમ ઘણા સમય સુધી બંન્ને વચ્ચે હરિફાઈ ચાલી પછી હાથી ખૂબજ થાકી ગયો. કુદડી ફરવાની ગતિ મંદ પડી ત્યારે લાગ જોઇને ધમ્મિલ છલંગ મારી હાથીની ઉપર આરૂઢ થયો અને અંકુશ વડે હાથીના કુંભ સ્થળ ઉપર અનેક પ્રહારો કર્યા હાથી ગરીબ ગાય જેવો થઈ ગયો. લોકો તેના પરાક્રમ ઉપર આફ્રીન થઈ ગયાં પછી હાથીને લઈ ગજશાળામાં બાંધી દીધો.

લોકો ધમ્મિલના એ મોઢે વખાણ કરવા લાગ્યા. આ

હકીકત જાણી રાજા પણ ખુશ થયો. ત્યારે ધમ્મિલે રાજા પાસે જઈ પ્રણામ કર્યાં. અને રાજા તરત જ ઓળખી ગયા કે આ તો જમાઈરાજ છે. તેથી ઊભા થઈને બાથમાં લઈ ભેટી પડયા.

રાજા બોલ્યા હે પુત્ર ? ઘોડી તને લઈને ઊડયો ત્યારથી આજસુધી બનેલી હકીકત મને જણાવ, ધમ્મિલે તે મુજબ અથથી ઇતિ સુધીની તમામ વાત કરી અને રાજા તો અત્યંત આનંદ પામ્યો અને કહ્યું કે જો તારા જેવો સમર્થ માણસ અહીં હોય તો અમારે કોઈ પ્રકારની ચિંતા રહે નહિં, આમ રાજાએ ખૂબ સન્માન આપ્યું. ત્યારબાદ તે મહેલે ગયો અને પોતાની ત્રણે સ્ત્રીઓને મળ્યો. વાત કરી સર્વત્ર આનંદ રેલાવ્યો. વસમા વિયોગ પછી આજે મધુર મિલન હતું. સુખ દુઃખની વાતોમાં સમય વહી રહ્યો.

આ બાજુ એવું બન્યું કે પેલી આઠ કન્યાઓ સાથે સાગરદત્તના લગ્ન થવાના હતા ત્યાં હાથી જતો રહ્યા પછી સાગરદત્ત પોતાના પરિવારને લઈ હોંશે હોંશે પરણવા આવ્યો. અને લગ્નની વિધિ વગેરે તૈયાર કરવા લાગ્યો. તે સમયે આઠે કન્યાઓએ તેને કહ્યું કે હે સ્વાર્થી ! બીકણ અમને મોતના મુખમાં મુકીને જીવ બચાવવા ભાગી નીકળ્યો હતો. તે સમયે પાછું વળીને જોવાની પણ તયારી ન હતી અને હવે કયા મોઢે પરણવા આવ્યો છે ! શરમ આવતી નથી ! ભલે તું પુરૂષ છે પણ ખરેખર જોતાં તો સ્ત્રીઓ કરતાં પણ નપાવટ છે, તારા જેવા બીકણ બાયલા પુરૂષ સાથે અમે લગ્ન કરવા માંગતા નથી.

અરે ! ઇશ્વરનો માન પાડ કે ખરા વખતે આ હાથી આવી ચડયો અને તારા જેવાનું માપ નીકળી શકયું. મંગળફેરા ફર્યા હોતે તો અમારું જીવન બરબાદ થવાનું હતું. તારા જેવા સ્વાર્થી અને કાયર સાથે અમારે પરણવું નથી પણ જેણે જાનના જોખમે અમારું રક્ષણ કર્યું. છે એવા વીર પુરૂષને અમે પરણીશું.

આ વાત રાજદ્વારે ગઈ. રાજાએ બંને પક્ષને સાંભળ્યા પછી કન્યાઓને તેમની ઇચ્છા મુજબ પરણવાની મંજુરી આપી. અને રાજાએ ખૂબજ ધામધુમ પૂર્વક આઠે કન્યાઓ સાથે ધમ્મિલને પરણાવ્યો આઠે સ્ત્રીઓ આવો વર મેળવીને હર્ષ પામી. અને ધમ્મિલ અહીં અગિઆર અગિયાર સ્ત્રીઓના સમુદાય સાથે સુખ ભોગવી રહ્યો.

રાજા ધમ્મિલને ખૂબજ ચાહતો હતો. સમય જોઈને તેણે રાજાને સમજાવી ભાઇ ભાઇ વચ્ચેનો ઝઘડો પતાવી કપિલદેવ અને વસુદત્તને ભેગાં કર્યા. જે કોઈથી બની શકે તેમ ન હતું તે તેણે સાહેલાઇથી કર્યું. અને વસુદત્તે પોતાની પુત્રીને સ્વામીના સાન્નિધ્યમાં મોકલી દીધી.

હવે એક દિવસ ધમ્મિલ શાંતિથી ખુરસીમાં બેઠો હતો તેવામાં વીજળીના ઝબકારા માફક કોઈ સ્ત્રીને આકાશમાંથી ઊતરતી જોઇ. હજુ તે વિચાર કરે છે તે પહેલાં તો તેની સમક્ષ આવી ઊભી રહી, અને બનાવટી ગુસ્સો કરી બોલી હે ધમ્મિલ? તેં નિરપરાધી અને ધ્યાનમાં મૌન રહેલા મારા ભાઇને માર્યો છે, તે શું તારા જેવા પરોપકારી અને દયાવાન માટે યોગ્ય કહેવાય! વળી મારું અને

મારી બહેનનું અને બીજી કન્યાઓનું મન હરીને તું નાસી ગયો તે શું તને શોભે છે! આમ કરી અમને સતાવવાથી તને શું ફાયદો થાય છે.

ધમ્મિલ કહે હે દેવી! તું કહે છે તે વાત સોળે સોળ આની સાચી છે. પરંતુ અજાણતા થઇ ગયેલ પાપ માટે વારંવાર મેણા મારવા એ વ્યાજબી નથી. હું તો ખાલી તલવારની ધાર જોવા માટે વાંસના ઝુંડને કાપતો હતો. તે સમયે તેમાં તારો ભાઈ હશે એવી મને ક્યાંથી ખબર હોય? શું હું જાણી જોઇને આવું કરૂં ખરો? અજાણતાંજ આ બધુ બની ગયું છે. હવે પસ્તાવો કરવાથી શું વળે?

વળી તમારા બધાનાં મન હરવા બદલ મેં જરૂર અપરાધ કર્યો છે: તો હવે એ અપરાધની જે શિક્ષા કરવી હોય તે કરો. હું હસતે મોઢે સહન કરી લઇશ. આથી વિશેષ શું કહું! આ સાંભળી તે વિદ્યાધરી પ્રસન્ન થઇ ગઇ અને બોલી ચિત્રસેનાએ તમારુ વૃત્તાંત અમને કહ્યું હતું. ભાઇનો વધ થવાથી અમને દુઃખ અને ગુસ્સો જરૂર થયો તો હતો જ પરંતુ મુનિ મહારાજની વાણી યાદ આવી જતાં તે દુઃખ અને ગુસ્સો ઊતરી ગયો છે.

અમે તમને બોલાવવા મહેલની સીડી ઉપર ચડી ધજા ફરકાવવાં હતી પરંતુ ઉત્સાહના અતિરેકમાં ધજાનો રંગ જોયા વિનાજ ચડાવી દીધી અને અમે સૌ કાગના ડોળે તારી રાહ જોઇ બેસી રહ્યાં, કન્યાઓ અંદરોઅંદર વાતો કરવા લાગી કે આટલો સમય ગયો છતાં તે કેમ

કે અમારી ભૂલ થઈ છે. એકને બદલે બીજી ધજા ચડાવી છે તેથી તમે અહીંથી ચાલ્યા ગયા હશો. ત્યાર પછી હું તમને શોધવા આવી ઘણા ગામ બાગ બગીચા આશ્રમ વગેરે સ્થળોએ તપાસ કરી પણ તમારો પત્તો ન મળ્યો. અમે સૌ નિરાશ થઈ ગયાં.

તમે જાણો છો કે સ્નેહ તજવો અતિ મુશ્કેલ છે. તેથી અમે તમારી તપાસ ચાલુ જ રાખી હતી. એવામાં આજે અચાનક મારી દૃષ્ટિએ તમારા દર્શન થયાં, મારા તૃષાતુર થયેલા નયનોને શાંતિ મલી. હવે હું મારી બહેન અને સોળે કન્યાઓ આપની જ છે એમ સમજજો. એમ કહી તે આકાશ માર્ગે અદૃશ્ય થઈ ગઈ, અને થોડીવારમાં જ તમામ બહેનપણીઓ સાથે તે પાછી આવીને હસતી હસતી ઊભી રહી. ત્યારબાદ ઇંદ્રાણીના રૂપને ભુલાવી દે એવી એ તમામ કન્યાઓ સાથે તે પરણ્યો.

કામી માણસો સ્ત્રીઓથી તૃપ્ત થતાં નથી તે મુજબ રતિ સરખી અનેક સ્ત્રીઓના નિરંતર ભોગથી ઉલ્લાસમાન રહેવા લાગ્યો. આનંદ–વિનોદમાં દિવસો પસાર કરવા લાગ્યા. એક દિવસ બધી સ્ત્રીઓ ભેગી થઈને વાતો કરી આનંદ પામતી બેઠી હતી ત્યારે ધમ્મિલે હસતાં હસતાં સૌને જાણ કરી કે કમલાએ તો મને લાત મારી કાઢી મૂક્યો હતો મારા પ્રત્યે ખૂબજ નારાજ થઇ ગઇ હતી.

ત્યારબાદ એક દિવસ વાતમાંથી વાત નીકળતા વિદ્યુન્મતીએ કમલાને કહ્યું કે બહેન ? પોતાના પતિને લાત

મારવી એ શું યોગ્ય કહેવાય? પતિ ગમે તેવો હોય, ગરીબ હોય કદરૂપો હોય. વ્યસની હોય કે ક્રોધી હોય પણ પતિને પરમેશ્વર માનીને તેની પૂજા કરવી જોઈએ. પોતે માનીતી રાણી હોય અને પતિની પૂરેપૂરી મહેરબાની હોય અને પતિની અવગણના કરાય જ નહિં. જેવી રીતે ડાહ્યો માણસ પેટ ભરીને જમ્યો હોય તોયે અન્નને પગની નીચે કચરતો નથી.

આપણે ગમે તેટલા ગુસ્સે થઈએ પણ પહેલાં આપણું સ્થાન વિષે વિચાર કરવો જોઈએ. પ્રજા ગમે તેટલી ગુસ્સે થાય પરંતુ રાજાને મારી શકતી નથી તેવી જ રીતે પત્નિએ પતિને લાત મરાય જ નહિ, ત્યારે મોં મચકોડી કમલા બોલી હે બહેન ? સ્ત્રીનો વાંક કાઢવો બહુ સહેલું છે. પરંતુ જરા લાંબો વિચાર કરે તો સમજ પડે કે રતિરંગ સમયે સ્ત્રીની પાસે તેની શોકયનું નામ લેવું એ શું ઊચીત છે?

શોકયનું નામ લેવું એટલે વગર હથિયારે મારવું અથવા તો વગર અગ્નિએ બાળવાનું કામ છે, તને ખબર હશે કે શોકયને મોંઢેથી તો બહેન જરૂર કહીએ છીએ પરંતુ હ્રદયથી તે સારી લાગતી નથી. ગમતી હોતી નથી શોક રૂપી કાંટો હોય એવી સ્થિતિમાં કોઇ પણ સ્ત્રીને જીવવું પણ ગમતું નથી. વિદ્યુન્મતી બોલી અરે મોટી બ્હેન ! પુરૂષ હંમેશા માલિક જ કહેવાય એટલે જે પગે તે લાત મારી હતી તે પગ ખરેખર શિક્ષાને પાત્ર ગણાય.

ત્યારે બૂમો પાડીને અન્ય સર્વ સ્ત્રીઓને બોલાવી કમલા કહેવા લાગી કે આ મારા પગની પૂજા કરો. કારણ કે જો આ પગથી પતિને લાત મારી ન હોત તો તમને બધાંને આવો પતિ મળત પણ નહિ એ તો વિચારો? આવા પરમ ઉપકારી પગને મારવો જોઈએ કે તેની પૂજા કરવી જોઇએ! મારું કહેવું માનો તો આ પગની પૂજા કરવી જોઇએ, જેના કારણે આપણું ભલું થયું હોય તે પરમ ઉપકારી કહેવાય અને એ પરમ ઉપકારીની તો પૂજા જ થવી ઘટે.

ત્યારબાદ એકદા વિદ્યન્મતીએ ધમ્મિલને કહ્યું હે નાથ! આપણે માત્ર શરીરથી જ જુદાજુદા છીયે હૃદયથી એકજ છીએ. માટે આપની જીભ ઉપર સદાય જેનું નામ રહે છે તે વસંતતિલકા કોણ છે અને ક્યાં રહે છે તેની તમામ હકીક્ત અમને કહો જેથી અમોને પણ આનંદ થાય. ત્યારે ધમ્મિલ બનાવટી રોષ કરીને બોલ્યો હે પ્રિય જોતી નથી કે આ કમલા અહીં તારી સામે જ ઊભી છે, તેની વાત મારા મુખે આ સાંભળી શકશે નહિ એક વાર તો લાત ખાધી છે હવે ફરી વાર તેનું પુનરાવર્તન મારે કરાવવું નથી. ત્યારે કમલા બોલી હે દેવ! મારી થયેલી ભુલને વારંવાર મને કહીને શા માટે દુઃખી કરો છો? તમે સુખેથી તમારી વસંત તિલકાનું વૃત્તાંત સર્વને કહો મને કોઇ જાતથી વાંધો નથી. હું પણ સાંભળવા આતુર છું,

આથી સઘળી સ્ત્રીઓ ભેગી કરીને ધમ્મિલે વસંત

તિલકાની હકીકત કહેવા માંડી. કુશાગ્રપુર નામનું નગર છે તેમાં ગણિકાઓમાં સૌથી શ્રેષ્ઠ ગણિકા નામે છે, અત્યંત મનોહર સૌંદર્યવાન અને લાગણીશીલ છે, વર્ષો સુધી હું તેણીના ઘેર રહ્યો છું, એટલે હું તેનો સ્વભાવ બરાબર જાણું છું, જેનો મેં કદી અભ્યાસ કર્યો ન હતો જેને મેં દીઠા ન હતા કે સાંભળ્યા પણ ન હતા તેવા કામદેવ વિષેના ભાવો અને કલા શિખવનાર એ મારી પ્રથમ ગુરૂ છે. ભલે તે ગણિકા રહી પરંતુ ખરા હૃદયથી ચાહતી અને પ્યાર દેખાડતી મારા કારણે એણે ઘણું સહન કર્યું છે જેથી હજુ પણ હું તે વસંતતિલકાને ચાહું છું.

વિદ્યુન્મતી કહે હે દેવ ? જો આપની આજ્ઞા હોય અને ઇચ્છા હોય તો મને રજા આપો તો તેની ભાળ મેળવી ખબર લઇ આવું. આથી ધમ્મિલ કહે પહેલાં કમલાની રજા લઇ લે, નહિંતર તેણી બહુ જ ગુસ્સે થઈ જશે. તેથી તેણી કમલા પાસે રજા માંગી કમલા. બોલી સ્વામીની આજ્ઞા મલી ગઈ પછી હું કોણ માત્ર ? મને શા માટે હલકી પાડો છો !

રજા મલતાં વિદ્યુન્મતી તો તરતજ આકાશ માર્ગે ઉપડી ગઈ અને તેણીના સમાચાર લઇને પાછી પણ આવી ગઈ અને સર્વની હાજરીમાંજ બોલી હે સ્વામી ! પુરૂષ સ્વરૂપે હું વસંતતિલકાના ઘરમાં ગઇ, મેલાઘેલા કપડાં પહેરેલ દયાજનક હાલતમાં તે એક ખૂણામાં પડી હતી. નહતા સારા આભુષણો કે નહોતા કોઇ અલંકારો પહેરેલ.

મુખેથી માત્ર ધમ્મિલનું નામ ઉચ્ચારતી હતી. મેં તેણીની પાસે જઈને ક્ષેમકુશળ સમાચાર પૂછયાં પરંતુ મને પુરૂષ વેષમાં જોઈને તે કાંઈ જ બોલી નહિં. જેથી મેં મારું સ્ત્રી સ્વરૂપ ધારણ કર્યું અને તેની પાસે જઈને બોલી હે બહેન ધમ્મિલે જ મને અહીં મોકલી છે એટલે હું તારા ખબર અંતર પૂછવા આવી છું. આમ સાંભળતાજ તેણી અત્યંત હર્ષ પામી અને પૂછવા લાગીકે હે બહેન? મારો હૈયાના હાર સરખો ધમ્મિલ કયાં છે ? તેનો કેટલો પરિવાર છે? તેઓ શું કરે છે! શરીરે તો સાજા નહવા છે ને!

હું તો રાત–દિવસ એમનીજ માળા જપી રહી છું એમના ગયા પછી મેં કોઈ પુરૂષનો સ્પર્શ પણ કર્યો નથી. એકજ ટાઈમ જમું છું અને એક સંથારીયામાં સુઈ રહું છું. મારા સ્વામીના આજે સમાચાર મળતાં મને અપાર હર્ષ થયો છે. તેમજ તમારા વારંવાર સમાચાર પૂછતી હતી. મેં કહ્યું કે ધમ્મિલકુમાર હાલમાં ચંપાનગરીમાં રહે છે. બધી રીતે સુખી છે મહાઋદ્ધિવાળા છે. અનેક સ્ત્રીઓ પરણ્યાં છે અને ભોગ–સુખ ભોગવે છે. તે સાંભળીને તેનું મ્હોં અને હૈયું આનંદથી નાચી રહ્યું અને મને કહ્યું કે મારા સ્વામી નાથને આટલો સંદેશો જરૂર પહોંચાડજે કે વસંતતિલકા તમારી પાસે બીજું કાંઈજ માંગતી નથી. પણ માત્ર એટલી જ વિનંતિ કરે છે કે મને હૈયામાંથી ઊતારી નાંખશો નહિં.

આજે આપ આટલા ઊંચા શિખરે બિરાજો છો તે જાણીને આનંદ થાય છે. પરંતુ મારા કોઇ પૂર્વજન્મના પાપને કારણે મારે તમારી જુદાઇ ભોગવવી પડે છે. અને આશા છે કે એક દિવસ તો જરૂર આવશે જ્યારે અમારો વિયોગ પાછો ફરી સંયોગ કરાવશે. ત્યારબાદ વિધુન્મતી પાછીઆવી.

વિદ્યુન્મતીએ આવીને વસંતતિલકાના સમાચાર આપ્યાં તેણીની લાગણી પ્રેમ અને વિરહ વેદનાની વાત કરી તેથી ધમ્મિલના હ્રદયમાં તેણીને મલવાની તાલાવેલી જાગી. તેના મોં ઉપરના ભાવ જોઇને વિદ્યુન્મતીએ પૂછ્યું કે હે નાથ ! આપ તેણીને મલવા જોવાની અભિલાષા રાખો છો એવું સ્પષ્ટ મને દેખાય છે. ધમ્મિલે કહ્યું સાચી વાત છે. તેણીથી છુટા પડયાને ઘણા વર્ષો ગઇ ગયાં છતાં કદી ભૂલ્યો નથી.

તરતજ વિદ્યાધરી વિદ્યુન્મતીએ એક મોટું વિમાન તૈયાર કરાવ્યું સર્વ સ્ત્રીઓ સાથે ધમ્મિલ તેમાં બેઠો અને થોડીજ વારમાં તેઓ સૌ કુશાગ્રપુર આવી પહોંચ્યા. પછી વિમાનમાંથી નીચે ઊતરી વિમાનને ઊંચે આકાશમાં સ્થિર કર્યું અને સૌ વસંતતિલકા પાસે ગયાં. ઓચિંતા જ ધમ્મિલ પરિવાર સાથે આવી પહોંચતા સર્વત્ર આનંદ છવાયો.

નગરના રાજા અમિત્રદમનને ખબર પડી કે નગરશેઠનો પુત્ર ધમ્મિલ અનેક સ્ત્રીઓના પરિવાર સાથે આવ્યો છે તેથી રાજાએ તેમને ખૂબ માન-પાન સાથે ધામ-ધુમથી પ્રવેશ મહોત્સવ કરાવ્યો વળી રાજાએ તેનું ઘર અઢળક સંપત્તિ અને સમૃદ્ધિથી ભરપુર કરીને પાછું સોપ્યું.

લોકો વાતો કરે છે અહો! જીવતો નર ભદ્રા પામે તે આનું નામ. ગણિકાના રવાડે ચડીને માબાપ ઘર અને સંપત્તિનો નાશ કરનાર જ આ પુત્ર છે. આજે બાપથી સવાયો થઇને નગરમાં ઉન્નત શિરે ફરી શકે છે રાજા પણ તેનો સત્કાર કરે છે. નગરજનો તેની સામે આશ્ચર્યથી થી જોઈ રહે છે. અહો! શું એના પુણ્ય! પુણ્યેન સર્વં લભ્યતે !

તે વખતે વિરહમાં તરફડી રહેલી યશોમતીને લઇને તેણીના પિતા ધનવસુ આવી અને આનંદ વ્યક્ત કર્યો અને પુત્રી સોંપી.

---


## પૂ. મુનિપ્રવરશ્રી એ સંપાદન કરેલા પ્રકાશનો

×૧. કલ્પસૂત્ર-ભાષાંતર (બે આવૃત્તિ)
×૨. ઉપદેશ માલા ભાષાંતર
×૩. પેથડકુમાર
×૪. હસ્ત જ્યોતિષ શકુનશાસ્ત્ર
×૫. પૃથ્વીચન્દ્ર ગુણસાગર
૬. ભક્તામર આવૃત્તિ-૪ (નવસ્મરણ પૂજન સહિત)
૭. કર્મની કરુણ કહાણી યાને ભીમસેન (આવૃત્તિ બે)
×૮. કથા રત્ન મંજુષા
×૯. અભયકુમાર
×૧૦. પ્રદ્યુમ્નકુમાર

ભાવિ પ્રકાશનો=મહાપ્રભાવિક ઉવસગ્ગહરં તથા વૈરાગ્ય કલ્પલત્તા

× નિશાનીવાળા ઉપલબ્ધ નથી.

## ૧૪ સંયમના પંથે ચરિત્રનાયક

નગરના અઢારે કોમના માણસો તેને મળવા આવ્યા. તે દરેકને દાન અને માન આપી સંતુષ્ઠ કર્યા અને તેમના દેવામાંથી મુક્ત બનતો ગયો. પછી પિતાની ગુમાવેલી આબરૂ ફરી પાછી મેળવી પિતાનું ઘર પાછું મેળવ્યું. અને નગરમાં તેની વાહ વાહ બોલાવા લાગી. અનેક સ્થળોએ મોટાં દાન કર્યા. અને એક મોટું વૈભવશાળી અસંખ્યા ઓરડાવાળો મોટો મહેલ ખરીદ્યો હજારો દાસ દાસદાસીઓ ત્યાં ચાકરીએ રહ્યાં.

એક દિવસ દિવાનખાનામાં મોટાં સોનાના બાજોઠ ઊપર ધમ્મિલ બેઠાં હતાં ત્યારે વસંતતિલકા ત્યાં આવીને બોલી હે સ્વામીનાથ, આજે આપણાં બારણાંમાં મેં આપને બીજા વેષમાં જોયા હતા. આમ કેમ કર્યું ? ત્યારે ધમ્મિલ મનમાં વિચારમાં પડયો હતો છતાં હસતાં હસતાં બોલ્યો કે તને મનોરંજન કરવા માટેજ એમ કરેલું.

તેના ગયા પછી ધમ્મિલ વિચારવા લાગ્યો કે મેં બીજો કોઇ વેશ કર્યો નથી કે બહાર ગયો પણ નથી તેમ છતાં આ વસતંતિલકા આમ કેમ કહેતી હશે ? જરૂર કોઈ બીજો પુરૂષ અહીં આવ્યો હોવો જોઇએ અને કોઈ ગુપ્ત વિદ્યાનો જાણકાર હશે તેથી અદ્રષ્ય પણે અહીં આવતો જતો હશે, તે સિવાય મારા હોવા છતાં આ ઘરમાં રહેવાની કોઇની તાકાત નથી. મારે ગમે તે રીતે એને મારવો જ જોઇએ.

એમ વિચારી તેનો ઉપાય શોધી કાઢી ઘરની અંદર અને બહાર બધીજ જગાએ સિઘોરનો ભૂકો પાવડર પથરાવી દીધો અને સિંહસમાન બળવાન ધમ્મિલ ખુલ્લી તલવાર હાથમાં રાખી સંતાઇને ઊભો રહ્યો. એવામાં અદ્રષ્ય વિદ્યાધર ત્યાં આવ્યો સિઘોરના પાવડરમાં પડેલ પગલાંની હાર જોઇને ધીરવીર ધમ્મિલે હાથ ચાલાકી વાપરીને તલવારનો ઘા કર્યો. વિદ્યાધરના બે કકડા થઇ ગયા પરલોકનાપંથે ગયો. ત્યારબાદ ધમ્મિલે તેને ભૂમિમાં દાટી દીધો.

વિદ્યાધરને મારવાથી ધમ્મિલના હૃદયમાં કંઇક ડરની શંકા ઉત્પન્ન થઇ. આનું વૈર લેવા જરૂર કોઇક આવશે જ, તેથી ધમ્મિલ બહુ ચેતીને ચાલતો. એક દિવસ પોતાના બગીચામાં અશોકવૃક્ષની છાયામાં બેઠો હતો. ત્યાં કોઇ સ્ત્રીને બગીચામાં ફરતી જોઇ. અત્યંત સ્વરૂપવાન સુંદર અને નમણી દેહલતા નાજુક બદન જોઇ તેણી તરફ આકર્ષાઇને ત્યાં ગયો. અને પૂછયું કે તું કોણ છે ? અહીં કેમ આવી છે ? તારે કોનું કામ છે ? ત્યારે તે સ્ત્રી બોલી હે ભાગ્યશાળી ! સાંભળ વૈતાઢય પર્વતની દક્ષિણે અશોકપુર નામે નગર છે. તેમાં મેઘસેન નામે રાજા છે અને શશિપ્રભા નામે રાણી છે. તેમને મેઘજવ નામે પુત્ર અને મેઘમાલા નામે પુત્રી છે તેમાંની હું મેઘમાલા પોતે છું. પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જાણ્યું હતું કે મેઘજવને મારનાર વ્યક્તિ આ મેઘમાલાનો પતિ થશે. અને આ રાજ્યલક્ષ્મી બીજાના હાથમાં જશે.

આ સાંભળી મારી માતા શશિપ્રભાનું અંતર બળવા

લાગ્યું. ત્યારપછી અમે બંન્ને ભાઇ-બ્હેન સુખ શાંતિથી રહેતા હતાં. આજથી ત્રણ દિવસ પહેલાં મારો ભાઈ હું કુશાગ્રપુર જાઉં છું. એમ કહીને ગયો છે. જે હજુ સુધી પાછો આવ્યો નથી. તેથી તેને શોધવા હું અહીં ફરી રહી છું લોકોના મુખેથી મેં સાંભળ્યું છે કે તમોએ મારા ભાઇનો વધ કર્યો છે. તેથી ખુબજ ગુસ્સે થઇને હું અહીં આવી છું. મારા ભાઇને મારનારને સીધો કરવા માટે આવી છું પરંતુ તમને જોઇને મારો ગુસ્સો ઓગળી ગયો છે અને તમારા પ્રેમમાં પડી ગઈ છું. માટે આપ મને સ્વીકારો અને મને પ્રેમવર્ષામાં સ્નાન કરાવો આથી ધમ્મિલે ત્યાંજ ગાંધર્વવિવાહ કરી મેઘમાલાને સ્વીકારી આ રીતે કુલ બત્રીસ કન્યાઓ સાથે પરણ્યો. અને નિરંતર ભોગ ભોગવવા લાગ્યો. આમ ભોગમયસંસાર વહી જતો હતો.

કેટલાક સમય પછી કમલાએ પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ પદ્મનાભ રાખ્યું. ધીમે ધીમે પુત્ર મોટો થવા લાગ્યો. સારા વિદ્વાન શિક્ષક પાસે યોગ્ય વિદ્યાભ્યાસ કરાવ્યો પછી પિતની સાથે રહીને વેપાર અને વ્યવહારમાં કુશળ બનાવ્યો. આમ કરતાં કરતાં તે ઉંમર લાયક થયો. અને ઘરનો બોજો ઊપાડી શકે એવી રીતે તૈયાર થઈ ગયો.

કેટલાંક દિવસો પછી ચાર જ્ઞાન ધરાવનાર ધર્મરૂચિ નામે એક મુનિરાજ નગર બહાર ઉદ્યાનમાં પધાર્યા. તેમની સાથે તેમના શિષ્યોનો મોટો પરીવાર પણ હતો મહા તપસ્વી અને જ્ઞાની મુનિઓથી શોભતા હતા નગરના રાજા વિશાલ પ્રજા પૂર્વક મુનિરાજના દર્શન કરવા ગયાં. તે પહેલાં રાજચિન્હો

બહાર મૂકીને ગયાં. આખું નગર ત્યાં ઊમટ્યું હતું. આ જોઈને ધમ્મિલ પણ પોતાના સકળ પરિવાર સાથે દર્શન કરવા ગયો. મુનિને બેહાથ જોડી વંદન કરી પ્રદક્ષિણા કરી અને દેશના સાંભળવા બેઠો.

મુનિ મહારાજ બોલ્યાં હે સજ્જનો ! આ સંસાર અસાર અને મલીનતાથી ભરેલો છે. જિનેશ્વર ભગવંતોએ કહેલો ધર્મ તો ભાગ્યવંતોને જ મલી શકે છે. એવા ધર્મને પામી પ્રમાદ સેવશો નહિં. ધર્મના જાણકારોએ પ્રમાદને પાંચ રૂપે સમજાવ્યો છે. તે કષાય, વિષય, મદ્ય, નિદ્રા અને વિકથા અને કષાયને ચાર પ્રકારે બતાવ્યો છે તે ક્રોધ, માન માયા અને લોભ. માટે હે ભવ્યાત્મા ! ક્રોધનો ત્યાગ કરો ક્રોધ તમારા પુણ્યનો નાશ કરે છે. એવીજ રીત માન-માયા અને લોભ માનવીને અધોગતિએ લઈ જાય છે. વિષયો પાંચ છે તેના રસ-ગંધ-સ્પર્શ-રૂપ અને શબ્દ એટલા પ્રકાર છે. એ પાંચે વિષયો માનવીને હણી નાંખે છે. માટે તમે વિષયોથી છૂટો, વિષયો વિષમ વિષ સમા છે એવી જ રીતે મદ્ય, નિદ્રા અને વિકથા માનવીને અધઃપતનમાં લાવી જબરી પછડાટ ખવડાવે છે. અને એ પાંચે પ્રમાદો- શુરા અને વિદ્વાનોના ધર્મરૂપી રત્ન પડાવી લે છે. જીવનમાં ધર્મજ સર્વસ્વ છે.

હે મહાનુભાવો ! કાંઈક સમજો, પ્રમાદને છોડો, આળસ છાંડો અને ધર્મની આરાધના કરો, દુર્ગતિનો ભય તો સામે જ ખડો છે. તેનાથી બચવા સમજ પૂર્વક પ્રયત્ન

આજથીજ અને અત્યારથીજ શરૂ કરો. આવો સુંદર અવ-સર ફરી ફરીને નહિં મલે. માનવ જીવન અમુલ્ય છે. અને દેવોને પણ દુર્લભ છે, દેવો મોક્ષમાં જઇ શક્તા નથી. મોક્ષ મેળવવા તેમને મનુષ્ય જન્મ લેવો જ પડે છે અને મનુષ્ય ભવમાં તપ-જપ અને સારી આરાધના ધર્મ કર-વાથીજ મોક્ષ મેળવે છે. તમને તો અનાયાસે મનુષ્યજન્મ મલ્યો છે. તેનો ઉત્તમ ઉપયોગ કરીને જીવન સફળ કરો.

મુનિ મહારાજની આવી હ્રદય સ્પર્શી વાણી સાંભળી નગરજનો બહુજ આનંદીત અને પ્રભાવીત થયાં. અનેક લોકોએ ગુરૂમહારાજ પાસે વ્રતો લીધા. સર્વ નગરજનો ગયા બાદ ધર્મિલે મુનિમહારાજ પાસે આવી નમ્રતાથી પૂછયું કે-હે પ્રભુ! મારી સંપદાના ક્ષય અને વૃદ્ધિનું કારણ મને કહેશો? ત્યારે મુનિ હસ્યા અને બોલ્યા આ તારું પૂર્વજન્મનું ફળ છે.

આ ભરતક્ષેત્રમાં ભૃગુકચ્છ નામે એક મોટું નગર છે. તેની બાજુમાં નર્મદા નદી વહી છે. તે નગરમાં એક મહાધન નામનો માણસ રહેતો હતો તેના સમગ્ર કુટુંબી-ઓમાં તે વડીલ ગણાતો મહાન મિથ્યાત્વી હતો. જીવનમાં કદી ધર્મ કર્યો નહતો અને ધર્મનું એક વાકય પણ સાંભળ્યું ન હતું. જૈનધર્મનો એક શબ્દ તેના કાને પડયો ન હતો. ધર્મ શું છે. તે પણ સમજતો ન હતો. અત્યંત મિથ્યાદ્રષ્ટિ વાળો હતો. જીવનમાં દયા કે હિંસાનો તફાવત સમજતો ન હતો. તેની પત્નિ પણ પાપોથી મલીન હતી. પરંતુ તેમનો પુત્ર નામે સુનંદ હતો તે જન્મથીજ અને સ્વભા-વથીજ ઉત્તમ ચારિત્રવાળો હતો.

એક દિવસ એવું બન્યું કે મહાધનને ઘેર કેટલાંક મિત્રો આવ્યા. તેમની ભક્તિપૂર્વક ભોજન સત્કાર કરવા વિચાર્યું. ઘણા વખતે ઘેર આવેલા મિત્રોની ઊંચા પ્રકારની આગતા સ્વાગતા કરી. તેમના માટે ભોજનમાં જરૂરી માંસ ખરીદવા એક મહેમાનને સાથે સુનંદને બજારમાં મોકલ્યો. તે કસાઇ વાડામાં ગયો પણ માંસ વેચાઈ ગયેલું હતું. બીજું માંસ સારું ન હોવાથી તેઓને માંસ મલ્યું નહિં. આથી તેઓ મચ્છી બજારમાં ગયાં. ત્યાં મરેલાં માછલાં મલી શકયાં નહિં તેથી પેલા મહેમાને જીવતાં મત્સ્ય સુનંદે અનિચ્છા દર્શાવવા છતાં ખરીદ્યા. તે લઇને ઘર તરફ વળતાં એક જળાશય પાસે આવ્યા ત્યારે માછલાં સુનંદના હાથમાં આપી ઊભો રાખ્યો અને કહ્યું કે હું થોડી વારમાં આવું છું એમ કહી તે દેહચિંતા માટે ગયો.

સુનંદ જળાશયના કિનારે ઉભો ઊભો જળમાં જોઈ રહ્યો હતો તેના હાથમાંના માછલાં પાણી વગર તરફડી રહ્યાં હતાં તેથી તેના દિલમાં દયા આવી ગઇ એટલે તે માછલાંને સરોવરમાં છૂટા મુકી દીધા. માછલાં જીવ બચી જતાં પાણીમાં સડસડાટ ભાગી ગયા.

સુનંદ બાળક હોવાં છતાં વિચારે છે કે આ બધાં માણસો કેવા છે? આ માછલાંઓએ શું બગાડયું છે? શું એમનામાં જીવ નથી! પોતાના સ્વાર્થ ખાતર આવા અબોલ જીવોની હત્યા કઇ રીતે વ્યાજબી કહી શકાય? અધમ માણસો શિયાળામાં ઠંડીની અસર દૂર કરવા તાપણા સળગાવે છે. પોતાના આત્માના ક્ષણિક સુખ માટે હજારો

નિર્દોષ જીવોની હત્યા કરે છે. સંસારમાં રહી અનેક સુખો ભોગવી ચૂકેલા માણસો જ્યારે મોતની અણીએ પહોંચ્યા હોય છે છતાં તેના જીવન માટે કેટલાય પ્રાણીઓને જીવતા રહેંસી નાખવામાં આવે છે તે શું ધર્મ છે? ખરેખર આ જગત દયા વગરનું છે. મને સમજ નથી પડતી કે જે લોકો પાપ કાર્ય કરવાની પ્રેરણા આપે છે અને નરકમાં જવાનો રસ્તો બતાવે છે તેને સમાજમાં મિત્ર કહીએ છીએ તો પછી દુશ્મન કોને કહેવા? આ મિત્રો જ ખરેખરા દુશ્મનો કહેવાય પણ સંસારમાં ઉલટી ગંગા વહી રહી છે. સુનંદે મત્સ્યોને જળમાં છોડી દીધા અને તેમની ક્રિડા જોતો ઊભો છે. તેવામાં પેલો મહેમાન આવ્યો અને પૂછ્યું કે તને હાથમાં આપેલાં માછલાં ક્યાં ગયા? ત્યારે તેણે જવાબ આપ્યો કે તે મારા હાથમાં જીવ બચાવવા તરફડી રહ્યાં હતાં તેથી મેં તેમને આ જળાશય માં છોડી દીધાં. તેથી તે ગુસ્સે થઈ ગયો અને બોલ્યો. અરે મૂર્ખ! નાદાન! તારી છોકરમતમાં તેં શું કર્યું તેનું ભાન છે? સાવ બુદ્ધિ વગરનો પાકયો છે! ક્યાં તારા માતા પિતા કે વડવાઓ અને ક્યાં તું? તેં જે વગર વિચારે કામ કર્યું છે તેનું ફળ તારે ભોગવવું જ પડશે. આમ ગુસ્સામાં અનેક કડવા શબ્દો અને ગાળો ભાંડી ન કહેવાના શબ્દો કહ્યા અને ઘેર આવી તેના પિતાને સર્વ વાત કહી. તમારા પુત્રમાં કોઇ અક્કલ જ નથી. આથી તેના પિતા તેના ઉપર ખૂબજ ગુસ્સે થયાં અને બોલ્યાં. તેં શા માટે મત્સ્યોને છોડી મૂક્યા! તને ખબર નથ

કે મહેમાનો ઘેર આવ્યા છે અને તેમને માટે ભોજન વ્યવસ્થા કરવાની છે? હવે હું તેમને શું ખવડાવીશ?

ત્યારે સુનંદ બોલ્યો હે પિતાજી? મેં કાંઈજ ખોટું કર્યું નથી. જેવી રીતે તમને તમારો, મને મારો અને મિત્રોને તેમનો જીવ વહાલો હોય છે તેવી રીતે આ મત્સ્યોને પણ તેમનો જીવ વહાલો હોય છે. તેમને મારા હાથમાં તરફડતાં હું જોઈ ન શકયો. તેથી મેં પાણીમાં છોડી મૂકયા. આપ એટલું કેમ સમજતા નથી કે દરેકને પોતાનો જીવ વહાલો હોય છે? આપણે પોતે કે સગાં વહાલા કે મિત્ર પરિવાર સૌ ખાઈ પીને ચાલતા થાય છે પરંતુ જીવહિંસા કરવાથી ઉત્પન્ન થયેલું ભયંકર પાપ તો આપણેજ ભોગવવું પડે છે. તે વખતે ખાનાર કોઈ છોડાવવા આવનાર નથી. કરે તે ભરે આવા શિતળ વચનો સાંભળી તેનો પિતા સમસમી રહ્યો. હૈયામાં દુઃખ અને ખેદવાળો તે બોલ્યો અરે દુષ્ટ! શું આપણે જૈન છીએ? શું દયા એ આપણો ધર્મ છે? આવો ઉત્સવ કરવો પડે તેમાંજ કુલાચાર છે એ બધાં ભેગાં મળીને મિષ્ટ ભોજન કરવું જોઈએ.

અરે ધર્મિષ્ઠ? મૂર્ખ નાદાન? થોડીક તો અક્કલ રાખ, અમારા કૂળમાં તું દિપક નહિ પણ અંગારો પાકયો છે. તારા કાર્યથી મારે નીચું જોવું પડે છે. ઘણા સમયે આવેલા આવા મિત્રોને જમાડવા જોઇએ એવે સમયે તારામાં દયા કયાંથી ફુટી નીકળી? મને બે આબરૂ કર્યો. હું તેમને શું મોં બતાવીશ? એમ કહી નિર્દય પિતાએ

પુત્રને લાકડીથી ખૂબ માર માર્યો અને ઘરની બહાર કાઢી મૂકયો. ઘણા લોકોએ તેને સમજાવ્યો કે ભાઇ! આ તો બાળક છે. તેનામાં શું બુદ્ધિ હોય! છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થવાય, છતાં તેનો ક્રોધ ઘટયો નહિં કે બાળકને પાછો બોલાવ્યો નહિં.

આવી રીતે પિતાએ તિરસ્કાર કરી કાઢી મૂકયો છતાં હૈયામાંથી દયાને છોડી નહિ. અને ત્યાંથી ચાલતો થયો. પોતાના દયાળુ સ્વભાવને કારણે આજીવિકા મેળવી લીધી અને જીવનભર દયા ધર્મ પાળી મોંઘેરો આ માનવ ભવ પ્રાપ્ત કર્યો. દયાધર્મના પ્રતાપે મનુષ્ય થયો.

કોઇ એક પર્વતની ગુફામાં એક પલ્લી છે. ભયંકર પાપાચાર માટે જાણીતી છે. તેમાં ખૂબ જ ક્રોધી અને દયા વિનાનો નિષ્ઠુર હૃદયવાળો મંદર નામે રાજા છે. તેને પતિ જેવા જ સ્વભાવ અને ગુણોવાળી વનમાલા નામે પત્નિ છે સુનંદનો જીવ તેની કુક્ષીએ પુત્ર સ્વરૂપે જન્મ્યો. તેનું નામ હતું સરભ. ધીમે ધીમે મોટો થતો ગયો અને પોતના કુળને યોગ્ય તાલિમ લીધી એ સમય જતાં તે યુવાન થયો. એ દરમ્યાન મંદર એકાએક માંદો પડયો અને જીવ લેણ રોગ લાગુ પડયો, અનેક ઉપાયો કરવાં છતાં તે બચ્યો નહિ અને મરીને નીચ ગતિમાં ગયો. ત્યારબાદ તેના પુત્ર સરભને તેની પાટે સ્થાપન કર્યો. પ્રજાનું પાલન પોષણ કરતો તે સૌને પ્રિય થઇ પડયો.

એક દિવસ પોતાના પરિવાર સાથે હાથમાં શસ્ત્રો લઇને નજીકના કોઇ પર્વત ઉપર ગયો. ત્યાં થોડે દૂર

કેટલાક દુર્બળ પુરૂષોને જમીન ઉપર નજર રાખીને હાથમાં કોઇપણ પ્રકારના હથિયાર વિનાના ચાલ્યા જતાં જોયાં. તે મનમાં વિચારે છે. મારી પલ્લીમાં રહેતા માણસો કરતાં તદ્દન જુદા પ્રકારના જ આ માણસો જણાય છે. અને આ કોણ દેખાય છે? મને લાગે છે કે આ લોકોનું ધન ખોવાઈ ગયું હશે તેથી નીચી નજર રાખીને શોધતાં હશે અને તેની ચિંતામાં દુર્બળ બની ગયા હશે આથી જ ધીમે ધીમે ચાલે છે અને તે ધન મેળવવા કોઈ દેવની બાધા રાખી હશે જેથી માથાના વાળ પણ ઊતારેલા જણાય છે. તેમજ અહીં ભમતાં હોવા છતાં કોઇના હાથમાં કોઇજ પ્રકારનું હથિયાર પણ દેખાતું નથી. જ્યારે મેં પલ્લીમાં હથિયાર વગરનો કોઇ માણસ જોયો નથી. આમ વિચારતાં તે તેઓની પાસે ગયો. ત્યારે તેઓએ ધર્મલાભ કહી આશીર્વાદ આપ્યાં, સરભે પૂછયું કે તમે કોણ છો? અહીં કેમ આવ્યા છો? ત્યારે તેઓ મુખ ઉપર મુહપત્તિ રાખી ખૂબજ પ્રેમજનક મીઠા મધુરા સ્વરે બોલ્યાં.

હે મહાનુભાવ! અમે ધર્મ જાણનારા ધર્મ કરનારા ધર્મનો ઉપદેશ દેનારા અને ધર્મના માર્ગે ચાલનારા જૈન સાધુઓ છીએ, અમને મુનિના નામે જગતમાં સર્વે ઓળખે છે. ત્યાગ માર્ગના આરાધક છીએ.

અમે એક સથવારા સાથે ચાલતાં ચાલતાં વિહાર કરી રહ્યા હતાં પરંતુ અમારી ધીમી ચાલ હોવાથી અમે તે લોકોથી છુટાં પડી ગયા છીયે અને રસ્તાની કોઇ જાણ-કારી ન હોવાથી ભમતાં ભમતાં આ રસ્તે આવી ચડયા

છીએ. જો કે અમે માર્ગ ભૂલી ગયા છીએ પરંતુ આગળ જતાં જરૂર અમારો માર્ગ મળી રહેશે.

સાધુઓને જોઇ તેમની મીઠી વાણી સાંભળી સરભ આનંદ પામ્યો અને પૂછયું હે ધર્મજ્ઞ મુનિ મહારાજ ? આપ લોકો કયો ધર્મ પાળો છો ? અને તેનો સાર શું છે ? મુનિ બોલ્યા હે વત્સ ? તું ખરેખર સરળ પ્રકૃતિ વાળો છે જેથી ધર્મ વિષે જાણવાની રૂચી થાય છે. હવે હું તને ટુંકમાં ધર્મ સમજાવું.

માનવી માત્રને પોતાનો જીવ વહાલો હોય છે તેથી પ્રાણીમાત્ર પર દયા રાખવી. કોઈપણ પ્રાણીને દુઃખ થાય એવું કદી કરવું નહિં. અન્યાયી અને પાપી રાજાનો, છળ કપટ કરે તેવા મિત્રોનો, પાયા વિનાના મકાનનો અને જે ધર્મમાં દયા ન હોય તેવા ધર્મનો ત્યાગ કરવો જોઇએ, નિર્દોષ પ્રાણી કે પક્ષીઓનો વધ કરીને માનવી ભયંકર પાપ કર્મ કરે છે અને પોતાની જાતે પોતાની સુગતિનો ભંગ કરે છે.

જેવી રીતે મસ્તક વિનાનું શરીર, સ્તંભ વિનાનું ઘર, યૌવનધન વિનાનું રૂપ, વાડ વિનાનું ખેતર, સેનાપતિ વિનાનું સૈન્ય, પુત્ર વિનાનો પરિવાર, સ્મરણ વિના શાસ્ત્ર, જ્ઞાન વિનાનું ચારિત્ર્ય અને કમાણી વિનાનું ધન કદી શોભતું નથી કે ટકતું નથી તેવી જ રીતે દયા વગરનો ધર્મ પણ શોભતો નથી, મોટા હાથીથી માંડીને સુક્ષ્મ કુંતવા સુધીના તમામ જીવોનું રક્ષણ કરવું તેજ ખરો ધર્મ સમજાવ્યો. દયા સમજાવી અને પુણ્યના માર્ગે ચડાવ્યો તેથી તે ખુશ થયો અને મુનિ મહારાજને માર્ગે ચડાવ્યા

અને પલ્લીની હદ સુધી મૂકી આવ્યો. આમ પરસ્પર બંન્નેએ પોતાની ફરજ બજાવી.

હવે એક દિવસ સરભ પલ્લીપતિ ઘણા ભીલોની ટોળી અને હથિયારો લઈ કોઈક સ્થળે ધાડ પાડવા નીકળ્યો કારણકે તેઓની આજીવિકા માટેનું આ એકજ હથિયાર રૂપ હતું. એટલે સર્વ ભીલોને તેમાં રસ હતો. ચાલતા ચાલતા દૂર નીકળી ગયાં. સૂર્યાસ્ત થાય પછી જ અંધારૂ થાય તેની રાહ જોઈ વનમાં છૂપાઈ રહ્યાં. એવામાં સરભને સાધુ મુનિઓએ આપેલ ઉપદેશના શબ્દો યાદ આવ્યાં કે પરને પીડા જાણતા કે અજાણતાં પણ ન આપવી અને આ હું શું કરી રહ્યો છું ? પરપીડામાં પ્રવૃત્ત થયો છું. ખરેખર ધિક્કાર છે મને ?

નિર્દોષ માણસોને મારવાથી તેમનું, ધન હરવાથી, ગાયોને તેમના નાના વાછરડાંઓનો વિયોગ કરાવવાથી મારી પણ તેવીજ સ્થિતિ થવાની છે. અરેરે ? આ હરણો માટે કુદરતી ઘાસ મળી રહે છે. સર્પો વાયુથી પેટ ભરે છે. માત્ર માણસને પેટ ભરવા માટે પાપ કરવા પડે છે. આ અભાગી પેટ જ એવું છે કે જે કદી ભરાતું નથી અને એને ખાતર અનેક પાપ કરવા પડે છે.

મારી દૃષ્ટિએ ભૂખે મરવું સારું, જંગલમાં રહેવું પડે તો પણ સારું પરંતુ અધર્મથી કે પાપથી મેળવેલી લક્ષ્મી માણસને અધ :પતન કરાવે છે. મારી પાસે આ હથિયારો છે. તે મારા હાથો વડે જીવહિંસા જ કરાવશે પાપની કમાણી કરાવશે માટે મારે એવા હથિયારો ન જોઈએ એમ

વિચારી હથિયારો ત્યાં મુકીને એકલો જ ચાલી નીકળ્યો. ઘરમાંથી કોઈની રજા લેવા પણ રહ્યો નહિ અને કોઈ એક જગાએ જઈને સદાચારી જીવન ગાળવા લાગ્યો. ધર્મ અને ધર્મધ્યાન અને ધ્યાનના સંસ્કારો હૈયામાં હતા તેવી રીતે જીવન પૂર્ણ કર્યું અને સમાધિપૂર્વક મરણ પામીને કુશાગ્ર પુરમાં સુરેન્દ્રદત્તના કુળમાં ધમ્મિલ તરીકે તું જન્મ પામ્યો.

હે ભવ્યાત્માઓ ! જન્મની સાથે મૃત્યુ સંકળાયેલુ જ છે. મરે તે નહિં કે જે ન જન્મે, તે માટે તો જ્ઞાની ઓએ અજન્મા બનવા પુરુષાર્થ કરવાનો કહ્યો છે. જે સર્વથા કર્મરહિત થઈને મરે તે કદાપિ જન્મે જ નહિ જન્મની સાથે જેમ મરણ સંકળાયેલું છે તેમ મરણની સાથે મોક્ષ સંકળાયેલો છે. પણ તેમાં તફાવત ઘણો છે કે જન્મે તે બધા જ મરે એ નિશ્ચિંત છે. જ્યારે જે મૃત્યુ પામે તે મોક્ષને પામે જ એવું નહિં. મરીને જન્મ લેનારા ઘણા પણ મરીને મોક્ષમાં જનારા ઘણાંજ ઓછા.

આ વિષમ કાળમાં આ ક્ષેત્રોમાંથી મરીને મોક્ષ ન મેળવી શકાય એ જ્ઞાનીની વાત સ્વીકાર્ય છે પણ સાથે સાથે સાથે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની શુદ્ધ આરાધના કરી લેવાય તો મોક્ષ નજીક પહોંચી શકાય કે જેથી મોક્ષ આપણી નજીકમાં જ બની જાય.

સમ્યગ્ દર્શનાદિની અમોઘ આરાધનામાં લીન બનીને મૃત્યુને પણ સુધારી સદ્ગતિનો ભાજન બની પરંપરાએ મોક્ષને પામે છે. માટે આ જીવનમાં સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની એવી શુદ્ધ આરાધના કરૂં અને મારે મોક્ષે

જ જવું છે. એ જેનું રટણ વારંવાર છે તે ભવિ આત્માઓ નિકટના મોક્ષ ગામી પણ બની શકે છે. ધમ્મિલકુમાર શુદ્ધ ભાવના પૂર્વક દીક્ષાના સંયમ માર્ગના રસિક બનેલા વિચારે છે કે મારે દીક્ષા લેવી જ છે. કર્મ નિર્જરા કરવી એ મોક્ષ ગામી માટે અનિવાર્ય છે. તે માટે માસ-ક્ષમણાદિ તીવ્ર તપશ્ચર્યા, શુદ્ધ સંયમ, દસવિધયતિ ધર્મ, પાંચસમિતિ ત્રણગુપ્તિ, અષ્ટપ્રવચનમાતાને સમર્પિત બની સ્વ જીવનને સાધી લઉં. આવી ભાવનામાં આત્મગતભાવમાં ધમ્મિલકુમાર રમી રહ્યો છે.

જૈન કુલ માત્ર રત્નત્રયીની ખાણ કહેવાય. તે ખાણ માંથી પત્થરાદિ બહુ જ ઓછા હોય પણ રત્નત્રયાદિના આરાધકો તે ખાણમાંથી જોવા મળે, જૈનકુલમાં જન્મેલ જન્મને સુધારવા માટે દીક્ષા સિવાય બીજો કોઇ વિકલ્પ સંકલ્પ કરે જ નહિ. આ જૈન કુલ એ આત્માનું એવરેસ્ટ જે મોક્ષ સુધી પહોંચાડવા માટે બાહેંધરી આપે છે માટે સુજ્ઞ જનોએ આ જૈન કુલમાં જન્મીને મોક્ષ પ્રાપ્તિ માટેનો જ ગાઢ પુરૂષાર્થ કરવો જોઇએ......

જીવન તો જન્મ મૃત્યુ જરા અને રોગ એવા અનેક પ્રકારના ડરથી ભરેલું જીવન છે. દુઃખથી ડરે છે તે માનવ નહિ પણ વાનર છે, પાંપથી ડરે તે માનવ છે. ચાર ગતિ રુપ સંસારથી ડરે તે જ નારાયણ યાને મોક્ષ પામી શકે.

ધમ્મિલકુમાર વિચારતાં વિચારે છે કે આગામી ભવ સુધારવો એ મારા હાથમાં છે. અમૂલ્ય સમય ચાલ્યો જાય છે– જીવન ક્ષણે ક્ષણે ઘટતું જાય છે–જીવન પુરૂં થતાં

પહેલાં સંયમ સ્વીકારી કર્મનિર્જરા માટે ગાઢપુરુષાર્થ કરવો જરૂરી છે. જ્ઞાનીઓએ જણાવ્યું છે કે

એક દિવસંપિ જીવો, પવજ્જમુવાગઓ અન્નુનમણો
જઇ વિ ન પાવઇ મોકખં, અવસ્સં વેમાણિઓ હોઉ ।।

અનન્ય મનપૂર્વક એક દિવસ પણ પ્રવજ્યાને પામેલો જીવ જો મોક્ષ ન પામે તો અવશ્ય વૈમાનિક દેવ થાય છે. તો મારે મારા બાકી રહેલા જીવનને સંયમમાં પસાર કરવું છે– (જૈનમાત્રનો આજ વિચાર હોય કે મરવું તો સાધુના કપડામાં) માટે તો લોકોક્તિમાં કહ્યું કે "ધનુષ્યમાંથી છૂટેલું તીર...મુખમાંથી બોલાયેલ શબ્દ...અને વહી ગયેલો સમય કદાપિ પાછા મળતા નથી. તેમ ઉદ્‌ભવેલા સારા વિચારો વારંવાર પાછા આવતા નથી.

પાપીઓના સહવાસમાં કદી વસવું નહિં, સત્યના વિચારથી કદી પાછું હઠવું નહિં । ધમ્મિલકુમાર ભોગ-વિલાસમાં મગ્ન હોવા છતાં હવે તો ઉદાસીનભાવે સંસારમાં રહેતો રાજગાદી રાજ્ય શાસન ચલાવતો રહે છે તેમને મહાન્ કવિઓની કોઈ કડી યાદ આવતાં વિચારે છે કે :

સોનેરી આ જીવનની, કિંમતી ઘડી પળ જાય છે.
દિન ઉગે ને દિન આથમે, આયુષ્ય ઘટતું જાય છે.
લાખો અહીં ચાલ્યા ગયા, લાખો પણ ચાલ્યા જશે
માટી તણી આ જીંદગી, માટીમાં મલી જશે...
જે જે દિસે છે નજરમાં, ક્ષણમાં બધુંય ક્ષય હશે.
આંખો મીંચાતા આખરે, બધું માટીમાં મલી જશે.

કાળ મને લઈ જાય અથવા કાળ મારો કોળીયો કરી જાય તે પહેલાં હુંજ ખૂબ સાવધાન થઇ મારા જીવનને સફલ બનાવું તે માટે મારે આ ભોગ વિલાસ રાજયપાટ પાપમય જીંદગી છોડી દેવાની જરૂર છે વૈરાગી બનેલા ધમ્મિલ કુમારનો આત્મા જાગ્યો. જાગ્રત બનેલા આત્મા પુરુષાર્થ કરે છે તો તેના માટે મોક્ષ તદ્દન નજીકમાં છે.

વિભેષિ યદિ સંસારાત્ મોક્ષપ્રાપ્તિં ચકાંક્ષસિ
તદેન્દ્રિયજયં કર્તું, સ્ફોરય સ્ફાર પૌરુષમ્

હે આત્મા તું સંસારથી ડરે છે, મોક્ષ પ્રાપ્તિની તારી જો ઝંખના, તાલાવેલી છે. તો ઇન્દ્રિયોને જીતવા માટે પરાક્રમ ફોરવ, પાચે ઇન્દ્રિયોને જીતવા તું સાવધાની રાખ (વર્તમાન બેટસમેનો લોક મુખે પ્રશંસા સાંભળવા કદાચ મેચ જીતે, કોઈ રમ્મતમાં જીતે, પૈસાથી, વૈભવથી, જીતે પણ ઇન્દ્રિયોથી જીતે છે તે મહાન ગણાય)

જેણે ઘરમાં ભયંકર સર્પ, અગ્નિ, વૈતાલ, ભૂતાદિ જોયાં તેને તે ઘરમાં રહેવું ગમતું નથી. તેમ જે ભવ્યાત્માએ આ સંસારને ઓળખી લીધો. કે સંસાર વિષમય છે. જેનું મન સંસારથી વિરક્ત થયું તે આત્મા સંસારમાં ક્ષણવાર પણ રહી શક્તો નથી. ધમ્મિલ કુમારના રૂંવાડે રૂંવાડે, અણુએ અણુએ જ્ઞાનદશા પ્રાપ્ત થયેલ છે કે મારે ન જોઇએ જન્મ કે ન જોઇએ મરણ, મારે તો ફક્ત મોક્ષ જ જોઇએ તે માટે રત્નત્રયીની આરાધના કરવી છે.

તેમાં ચારિત્ર એ પરમ ધન છે. ભોગના ત્યાગ વિના યોગી બની શકાતું નથી માટે મોક્ષાર્થીના હૈયામાં હોય કે

દીક્ષા એટલે જૈન જીવનનો લ્હાવો,
દીક્ષા એટલે જૈન માત્રની મહત્ત્વાકાંક્ષા.
દીક્ષા એટલે જૈન કુલનો જીવન મંત્ર,
જૈનનું ઘર એટલે દીક્ષાનું ધામ',

હે ધમ્મિલ ! પૂર્વ જન્મમાં તેં જીવદયાનું પુણ્ય કર્યું. તેથી તારો ક્ષીણ થયેલો વૈભવ પાછો મજબુત થયો. વિનય અને વિવેક સમજતો ધમ્મિલ ગુરૂના મુખેથી તેના પૂર્વ જન્મની કથા સાંભળીને તે યાદ કરવા લાગ્યો.

તેને સમજાયું કે ભોગો રોગનું ઘર છે, લક્ષ્મી ચંચળ છે આજે છે અને કાલે નથી, સ્ત્રી કે સગાંસંબંધી સર્વે સ્વાર્થના સગાં છે મર્યા પછી કોઇ કોઇનું કોઇ નથી, પૂર્વ જન્મના ઋણાનુંબંધના કર્મોને કારણે આ જન્મમાં ભેગાં મળીને પછી બીજા જન્મમાં કોણ કયાં જાય છે તેની કોઇને ખબર પણ પડતી નથી. જીવન ક્ષણભંગુર છે. આમ સમજી સંસાર ઉપરથી મન ઉઠાવી લીધું અને ધર્મમાં જોડી વિચાર કરતો રહ્યો.

જેમ કામી માણસ હલકી દુરાચારી સ્ત્રી પણ જોતો નથી. માત્ર વાસના પૂર્ણ કરવાનું સાધન માને છે તેમ સંસારમાં મોહ એટલો બધો થઇ જાય છે કે જન્મ જરા વ્યાધિ કે મૃત્યુ નક્કી હોવા છતાં દેખાતું નથી. જેમ ભસ્મક નામના રોગવાળો માણસ ગમે તેટલા પ્રકારના

અને ગમે તેટલા પ્રમાણમાં ભોજન ખાય છતાં તેને કદી સંતોષ થતો જ નથી. ગમે ત્યારે કહો તો ભૂખ્યો જ ભૂખ્યો હોય છે, તેવી રીતે સંસારમાં ઉપરા ઉપરી ભોગ સુખ ભોગવવા છતાં કદી તૃપ્તિ થતી જ નથી. ડાહ્યા માણસો ઘણા કલેશોવાળા વૈષયિક સુખને સ્વીકારતા નથી.

જીવન પર્યંત ખોટું બોલીને છળકપટ કરીને ચોરીને ઝગડીને કે ખૂના મરકી કરીને ગમે તેટલું ધન ભેગું કરો પણ તે ધન તમારું થતું નથી. મૃત્યુ સમયે એ બધું અહીં જ પડી રહે છે અને પારકું જ બને છે તો પછી દયા દાન પુન્યના કામોમાં કેમ વાપરવું નહિ? જે આવતાં જન્મમાં પણ ફળ આપે છે?

સંસારમાં મૂર્ખ માનવી મારું મારું કરીને મરી જાય છે પણ સમજતો નથી કે આમાં કાંઇ તારું નથી. જે સ્ત્રીઓને તેના રૂપમાં પ્રેમમાં પાગલ બનીને પોતાના શરીર કરતાં પણ તારા મરણ વખતે સ્વાર્થ સાધવામાં જ પડી હોય છે. તું મરે કે નહિં તેની એમને કોઇ ચિંતા હોતી નથી.

જે પુત્રોને અધિક વ્હાલથી પ્રેમથી ખવડાવી પીવડાવી ભણાવી ગણાવી પરણાવી તેમનું પોષણ કરે છે તે પણ તારા નથી. અંત સમયે સ્મશાનમાં ચિતામાં લાકડાં પધરાવી પાછા ફરે છે અને તારી ઉપાર્જન કરેલી લક્ષ્મી વગેરેને ભોગવે છે. જે શરીરને સારું ખવડાવી પીવડાવી આવજત કરી છે. ચામડીએ તેલ વગેરે માલિસ કરી સાચવ્યું

છે. વાળને વળ ચડાવી સુંદર બનાવ્યા છે તે બધું જ ક્ષણ ભંગુર છે. ઘડપણ આવવાનુંજ છે અને એ આવતાં બધુંજ નષ્ટ થઇ જાય છે.

મળ્યો આ દેહ માનવનો, ભૂલ્યો કલ્યાણ કાયાનું,
મૂવા વખતે થઈ સમજણ, પછી પસ્તાય તો પણ શું?

આવું બધું સમજીને વિચારીને વૈરાગ્યના ભાવો દિલમાં રાખતો તે ધમ્મિલ ગુરૂ મહારાજ પાસે ગયો. તેમના ચરણમાં નમીને દિક્ષાની માંગણી કરી અને યોગ્ય સમય જોઈને ગુરૂ મહારાજે મહોત્સવ પૂર્વક તેને દિક્ષા આપી.



ચરિત્રનાયક દીક્ષા સ્વીકારવા વરઘોડાપૂર્વક જાય છે.

ત્યારબાદ સાધુના તમામ આચાર જાણી લીધા. અને ગુરુ સાથે એક ગામથી બીજા ગામે વિહાર કરતાં કરતાં અગિયાર અંગોનો પણ અભ્યાસ પૂરો કર્યો. વળી ભણેલાં શાસ્ત્રોના સૂત્રોના અર્થ પણ મોંઢે કરી નાંખ્યા.

ઘણા વર્ષો સુધી અનેક સ્ત્રીઓ સાથે ભોગવેલ સાંસારિક સુખનો ત્યાગ કર્યો. જેમ સાપ કાંચળી છોડીને ઊભો રહેતો નથી. ભાગી જ જાય છે તેમ તે સાંસારિક સુખોને યાદ પણ કરતો નથી. બત્રીસ બત્રીસ સ્ત્રીઓ હોવા છતાં કોઈને પણ યાદ કરતો નથી. નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડ ખૂબ જ દૃઢ અને મજબુત રીતે બાંધી દીધી હતી જેથી કોઈ પણ સ્રીના કટાક્ષ બાણની તેના ઉપર કોઈ અસર થઇ નહિં.

સાધુપણું ખુબ જ શુદ્ધ રીતે–અડગ રીતે પાળતા - ટાઢ તડકો અને વરસાદ વિગેરે કષ્ટો ઉપસર્ગોને સમભાવ થી સહન કરે છે. કર્મનિર્જરા માટે દુઃખ ભોગવતા મનમાં કલેશ થતો નથી, ભૂતકાળના મહાપુરૂષોને યાદ કરીને સાધુ જીવનનાં સુવાસ પામી; ગામેગામ વિહાર કરી લોકોને ઉપદેશ આપતાં ધર્મ સમજાવતા. અને ધર્મ કાર્યની પ્રેરણા કરતાં સુંદર રીતે સંયમ પાળી રહ્યાં. અને ઠેર ઠેર વિહાર કરતાં પોતાનો અંતઃકાળ નજીક આવી ગયો જાણીને અનશન ગ્રહણ કરી. ત્રીસ દિવસ ઉત્તમ ધ્યાનમાં રહી અચ્યુત નામના દેવલોકમાં ગયા. પૂર્વભવમાં આદરેલી દયા આભવમાં પામેલ દયા ધર્મના પ્રભાવે સંયમી બન્યા. તે દેવલોકમાં તે બાવીસ સાગરોપમનું સુખ ભર્યું આયુ-ષ્ય ભોગવી મહા–વિદેહ ક્ષેત્રમાં જન્મ પામશે. ઉત્તમકુળમાં જન્મી દીક્ષા લઇ આકરી તપશ્ચર્યા કરી - પાપને બાળી - અજરઅમર બની મોક્ષમાં જશે.

ઉભયલોકને સુધારવા માટે જીવદયાનું પૂર્ણ પાલન કરો, કરાવો અને તેના માટે યોગ્ય કાર્યવાહી કુમારપાલ રાજાની માફક કરો – આત્મિક ધર્મને પામી શાશ્વતા સુખને પામો....

વિક્રમાદિત્ય રાજાના શાસનમાં આશરે ૧૪૬૨ ના વર્ષમાં મનને વિષે મનોહર, આત્મિક ગુણોને પ્રગટાવનારું, જન્મ–પાપથી મુક્ત કરાવી અજન્મા બનાવનાર એવું, આ ચરિત્રને સમજાવનારા, બતાવનારા, મહાન્ ઉપકારી, શાસ્ત્ર સિદ્ધાંત પારગામી શ્રી જયશેખર સૂરીશ્વરજી મહારાજાની શ્રેષ્ઠ કૃતિ આબાલ વૃદ્ધને ભોગ્ય બની રહે અને યાવચ્ચન્દ્ર દિવાકરૌ ગ્રંથની અલૌકિકતા રહે, જગતના જીવો હેય ઉપાદેય સમજી હેયને છોડીને ઉપાદેયને અનુસરે ? અને મોક્ષમાર્ગને પામી આત્મ કલ્યાણ સાધે....

---

## સુવિચાર

તે મનુષ્ય મહાન છે, જે આત્માના આનંદથી તૃપ્ત હોવાને લીધે બીજુ કંઇ ઇચ્છતો નથી. અને જો ઇચ્છે છે તો અન્ય જીવોનું પણ સાચું સુખજ ઇચ્છે છે. આવો આત્માનો આનંદ આત્મજ્ઞાન દ્વારા સંપન્ન થાય છે. તે આત્મજ્ઞાનનું મુખ્ય સાધન પાત્રતા પ્રાપ્ત કરી સંત પુરુષો પાસેથી સત્ય તત્ત્વનો બોધ પામવો તે છે. અને પ્રાપ્ત થયેલા બોધ પ્રમાણે પોતાના જીવનને એક નવીન, દિવ્ય સુંદર અને સ્વાધીન ઢાંચામાં ઢાળવા માટે સતત પુરુષાર્થ-

મય રહેવું તે છે. જીવનમુક્ત થઈ, પરમાનંદ અનુભવી જન્મ-મરણથી રહિત થઇ જાય છે.

આત્મ દ્રવ્ય મૂળ સ્વભાવે શુદ્ધ છે. આત્માના ગુણો પણ શુદ્ધ છે. પર્યાય એ દ્રવ્યનો અવસ્થારૂપ એક અંશ છે, પર્યાય મહાસમર્થશાળી છે, પર્યાયથી આત્મા ઓળખાય છે. પર્યાયની શુદ્ધિ એ આત્મ સ્વરૂપને પ્રગટ કરે છે અને પર્યાયની અશુદ્ધિ આત્માને આવરણ કરે છે. સમયે સમયે પળે પળે પર્યાય રૂપાંતર થયા કરે છે. જેની એક પળ સ્વાધીન તેનું જીવન સ્વાધીન. જીવન સ્વાધીન તેનો મોક્ષ સ્વાધીન છે.

**જય હો શ્રી જિનશાસનનો**
**જય હો શ્રી જય શેખરસૂરીશ્વરજીનો**
**જય હો સમુદ્રદત્ત અને સુભદ્રાનો,**
**જય હો ધમ્મિલકુમારનો**
**જયવંતુ રહે ધર્મી-ધમ્મિલકુમાર**
**વઃ સ્મ પાતુ**

卐

ધર્મીએ ધર્મને ક્યારે પણ ન ભૂલવો–કે જેથી આત્મા વિકૃત્તિમાં જાય નહિ.

આત્મા એ આત્મગત ગુણો મેળવવા એ જ ખરી આત્માની પ્રકૃત્તિ છે. સંસાર–સંસારના સાધન તેના ઉપરનો રાગ એ વિકૃત્તિ છે...માટે જ આત્માર્થીએ આત્માને આત્માવડે આત્મામાં રહેલા આત્મગત ગુણો જોવા એ અનિવાર્ય છે......

તારક પરમ ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.
ના
ચરણોમાં કોટિ કોટિ વંદન

મુનિ ચન્દ્રગુપ્ત વિ.

શ્રી જૈન નગર જૈન સંઘ

આવરણ : પપુ પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન ૨૩૦૬૩